❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ❖

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્ગુરુભ્યો નમઃ

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન

# લઘુવૃત્તિ વિવરણ

ભાગ - ૩

(અધ્યાય-૨, પાદ-૨-૩-૪)

❖ પ્રેરક ❖

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

❖ સંપાદન કર્તા ❖

**મયૂરકળાશ્રીજી**

❖ પ્રકાશક ❖

શ્રી લાભકંચન - લાવણ્ય આરાધના ભુવન,

પાલડી, અમદાવાદ-૭.

❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ❖

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્‌ગુરુભ્યો નમઃ

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત
# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન
# લઘુવૃત્તિ વિવરણ

ભાગ - ૩

(અધ્યાય-૨, પાદ-૨-૩-૪)

❖ પ્રેરક ❖

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

❖ સંપાદન કર્તા ❖

પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબના
સમુદાયના પ.પૂ. આચાર્યદેવશ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી
મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વી
શ્રી કંચનશ્રીજી મ.સા.ના શિષ્યા વિદૂષી સાધ્વી
શ્રી લાવણ્યશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા

**મયૂરકળાશ્રીજી**

❖ પ્રકાશક ❖

શ્રી લાભકંચન - લાવણ્ય આરાધના ભુવન,
પાલડી, અમદાવાદ-૭.

# ❖ સિદ્ધહેમશબ્દાનુશાસન ❖


આવૃત્તિ - પહેલી | વિ.સં. ૨૦૫૭
નકલ - ૫૦૦ | જેઠ-સુદ-પુનમ

મૂલ્ય :- ૫૩-૦૦ રૂપિયા

: પ્રાપ્તિસ્થાન :

૧. **શ્રી લાભકંચન લાવણ્ય આરાધના ભુવન**
૦૦૩, સૃષ્ટિ એપાર્ટમેન્ટ
નવા શારદામંદિર રોડ
સંજીવની હોસ્પીટલ પાસે
પાલડી, અમદાવાદ-૭.

૨. **પં. ભાવેશકુમાર રવીન્દ્રભાઈ દોશી**
સૂરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી
અમદાવાદ-૩૮૦૦૦૧.

૩. **છબીલદાસ કેસરીચંદ સંઘવી**
૩૦૫, શત્રુંજય એપાર્ટમેન્ટ
કાજીનું મેદાન, ગોપીપુરા
સુરત-૩૯૫૦૦૧.

: સૌજન્ય :

| રૂ. | ભાગ્યશાળીઓના નામ |
| --- | --- |
| ૧૯૫૦૦-૦૦ | લાભ-કંચન-લાવણ્ય આરાધના ભવન જ્ઞાન ખાતા તરફથી |
| ૫૦૦૦-૦૦ | શ્રી મોહનલાલ સાંકળચંદ (હ. ચન્દ્રકાન્તાબેન, ભાનુબેન, ઉષાબેન) |
| ૧૦૦૦-૦૦ | શ્રી હસુમતીબેન પુનમચંદ શાહ (હ. મુકેશભાઈ, મયૂરભાઈ) |
| ૧૦૦૦-૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |

: ટાઈપ સેટિંગ :

**શ્વેતા કમ્પ્યુટર**
સાબરમતી, અમદાવાદ.
ફોન : ૭૫૧૭૪૦૩

(૧)

♦ ॐ અર્હમ્ નમઃ ♦

# પ્રાક્કથન...

કોઈપણ ગ્રન્થ, મહાગ્રન્થ, પુસ્તક કે પુસ્તિકાઓ અંગે પ્રસ્તાવના - પ્રાક્કથન લખવાની પરંપરા ચાલુ છે. અને તે અતિઆવશ્યક છે. કારણ કે દરેક પુસ્તકનાં કે ગ્રન્થનાં સામાન્ય કે વિશેષ ઉદ્દેશ - રહસ્ય અને તેની રૂપરેખા જણાવનાર નાની કે મોટી પ્રસ્તાવના હોય તો જ વાંચક વાંચે એટલે તેની ગ્રન્થ વાંચવાની શ્રદ્ધા પ્રગટ થાય છે.

**સંયમપર્યાયવૃદ્ધ, અનુભવવૃદ્ધ અને વયોવૃદ્ધ પ.પૂ. લાવણ્યશ્રીજી મ.સા.ના** શિષ્યા-પ્રશિષ્યાઓ **પ.પૂ. મયૂરકળાશ્રીજી, પ.પૂ. કૈરવયશાશ્રીજી, પ.પૂ. દિવ્યલોચનાશ્રીજી, પ.પૂ. સતત પ્રયત્નશીલ પ્રશાન્તયશાશ્રીજી** તથા **પ.પૂ. અર્પિતયશાશ્રીજી મ. સાહેબો** વ્યાકરણ વિષય ક્લિષ્ટ હોવા છતાં અતિ ખંતપૂર્વક, સતત પ્રયત્નશીલ રહીને આનંદપૂર્વક અનાયાસે અધ્યયન થઈ જતું હોય તેવી રીતે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચન્દ્રસૂરિરચિત સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણનો અભ્યાસ કરતાં હતાં. એમનો આ આનંદ-ઉત્સાહ અને ખંત દશ્યમાન થતાં અધ્યાપન કરાવતાં મારા પણ આનંદ અને ઉત્સાહ વૃદ્ધિ પામતાં હતાં. તેઓશ્રીને આ મહાગ્રન્થનું સામાન્ય અભ્યાસીઓ પણ સરળતાપૂર્વક અનાયાસ અધ્યયન કરી શકે તેવું કંઈક વિવરણ જેવું બને અને મુદ્રિત થાય તેવો ભાવ ચાલુ અભ્યાસમાં હું વારંવાર જણાવતો હતો.

તેઓશ્રીએ ખૂબ ખૂબ આનંદ અને ઉત્સાહપૂર્વક આ વાતને પૂર્ણ ભાવપૂર્વક વધાવી લીધી, અને તે દષ્ટિને સામે રાખી અધ્યયન અધ્યાપનમાં સતત પ્રયત્નશીલ રહી પ.પૂ. કૈરવયશાશ્રીજી અને પ.પૂ. પ્રશાન્તયશાશ્રીજીએ લખવાનું શરૂ કર્યું. તેમાં પ.પૂ. મયૂરકળાશ્રીજી મ. ની અને મારી સતત પ્રેરણા મળતી રહી.

સંધિ, ષટ્લિંગ, કારક અને સમાસરૂપ અઢી અધ્યાયરૂપ ચતુષ્ટકવૃત્તિનો પ્રારંભ કર્યો. **પ્રથમ ભાગ** - સિ.હે.શ. લઘુવૃત્તિ વિવરણમાં સંજ્ઞાપ્રકરણ ૧-૧, સ્વરસન્ધિ ૧-૨ અને વ્યંજનસન્ધિ ૧-૩ મુદ્રિત રૂપે વિ.સં. ૨૦૫૩ માં બહાર પાડવામાં આવેલ. **દ્વિતીય ભાગ** - સિ.હે.શ. લઘુવૃત્તિ વિવરણમાં ૧-૪ અને ૨-૧ ષટ્લિંગ - દરેક શબ્દોનાં દરેક જાતનાં

'રાજ્યસત્તાઓ જશે, રાજકાયદાઓ જશે, સંપત્તિ-વૈભવ અને વિલાસોનો વિલય થશે. અરે !!! આગળ વધીને કહીએ તો સર્વવિનાશી સાધનોનો વિનાશ થશે. પણ સાહિત્ય અને તેના ઉપર નિર્ભર સંસ્કૃતિ તો અમર થઈ જશે. સાહિત્ય અને સંસ્કૃતિઓ જો પરાયા હશે તો આટલા સમૃદ્ધિશાળી મને તેમજ ગુજરાતને કલંકિત કરશે પણ જો તે મહાગુર્જરેશ્વર રાજવી તરફથી મહાગુજરાતના જ મહાવિદ્વાનોનાં હસ્તે સર્જન થએલાં હશે તો તે દેશને, ગુર્જરાધિપતિને અને વિદ્વાનોને એમ ત્રણેયને મહાન યશસ્વી અને ગૌરવવંત બનાવશે.

ગુર્જરેશ્વરની આ મહત્વકાંક્ષાએ શ્રીમાન્ કલિકાલસર્વજ્ઞ ભગવાનને પ્રોત્સાહિત કર્યા. ગુર્જરેશ્વરની તે પ્રેરણાએ પ્રભુશ્રી હેમચન્દ્રસૂરિજીના રોમરોમમાં રચનાત્મક રસ ઉત્પન્ન કર્યો. અહીંથી સિદ્ધહેમચંદ્ર વ્યાકરણનાં અક્ષર દેહ ધારણ કરવાનાં પગરણ મંડાયા.

આ કાર્યમાં મહારાજા સિદ્ધરાજે જેટલી જોઈએ તેટલી સાધન સામગ્રી પૂરી પાડવાનો નિશ્ચય કર્યો.

પ.પૂ. હેમચંદ્રસૂરિ ભગવંતના સમયમાં જેટલા પ્રસિદ્ધ વ્યાકરણો હતાં. તે જે જે ભંડારોમાં હતાં ત્યાંથી મંગાવી તપાસી લીધા, અને દરેકમાંથી સત્ય શોધવા સાથે ભાષાની દષ્ટિએ કેટલી ત્રુટિઓ છે તેનું માર્જન કર્યું તેમજ અભ્યાસની દૃષ્ટિએ આ બધા વ્યાકરણો કરતાં કઈ રીતે સરળ અને સંપૂર્ણ સુબોધ થઈ શકે તેને લગતો ચોક્કસ નિશ્ચય કરી માત્ર એક જ વર્ષમાં નવીન વ્યાકરણનું સાંગોપાંગ સર્જન કર્યું. જે વ્યાકરણ મૂળસૂત્રો, લઘુવૃત્તિ, બૃહદ્વૃત્તિ, લઘુન્યાસ અને બૃહન્યાસ આદિ સહિત સવાલાખ શ્લોક પ્રમાણ શુદ્ધ, સરળ અને સાંગોપાંગ આ વ્યાકરણ બનવાથી ગુજરાતનાં અન્ય સાંપ્રદાયિક વિદ્વાનો ત્રુટિ અને ક્લિષ્ટતાવાળા પોતાના વ્યાકરણોની લોકોથી થતી ઉપેક્ષા અને અસ્વીકાર જોઈને ઝંખવાણા પડ્યા અને ચંદ્રરાહુનાં ન્યાયે તે મહાન અને નિર્દોષ વ્યાકરણની તેવા પ્રકારની નિંદા કરવા લાગ્યા કે જે નિંદા રાજાને કર્ણગોચર થઈ. રાજાએ શંકિત હૃદયે આ વાત કલિકાલસર્વજ્ઞ ભગવંતને જણાવી. તેઓશ્રીએ તેનો ઉકેલ આપ્યો કે આપણું વ્યાકરણ તેમજ બીજા તમામ વ્યાકરણો એકઠાં કરી સર્વની કસોટી ખાતર પાણીના કુંડમાં તરતાં મૂકો. એમાં જે નિર્દોશ હશે તે તરશે અને દુષિત હશે તે ડુબી જશે.

મહારાજ સિદ્ધરાજે કલિકાલસર્વજ્ઞ ભગવંતના સર્વપક્ષીય આ ન્યાયને વધાવી લીધો અને તમામ વ્યાકરણોને એકઠાં કર્યા. મંત્રીઓ, નગરજનો, સાક્ષરો આદિ તમામ જનસમક્ષ વ્યાકરણો પાણીના કુંડમાં તરતાં મૂકાયાં. "**सत्यमेव विजयते**" એ ન્યાયે નિર્દોષ, શુદ્ધ અને સાંગોપાંગ એક જ કલિકાલસર્વજ્ઞ ભગવંતનું જ વ્યાકરણ તર્યું અને બીજા બધાં વ્યાકરણ જળશરણ બની ગયા.

મંત્રીઓ સહિત મહારાજા સિદ્ધરાજ આદિ ગુણગ્રાહી સર્વજનના મુખમાંથી પ.પૂ. કલિકાલસર્વજ્ઞ ભગવંત પ્રત્યે જયજયારવ શબ્દો સરી પડ્યા.

કસોટીના એરણ ઉપર ચઢેલા આ વ્યાકરણ ઉપર મહારાજા સિદ્ધરાજને અપાર બહુમાન થવાથી સુવર્ણાક્ષરે લખાવી ભવ્ય દબદબાભર્યો વરઘોડો ચડાવી બાદશાહી બહુમાન કરવામાં આવ્યું. મહારાજા સિદ્ધરાજ આ હેમચંદ્રાચાર્યની કૃતિને માથે મૂકીને બાળકની જેમ નાચ્યા અને પઠન-પાઠનનો ફેલાવો પોતાના આખાય રાજયમાં વિસ્તારવા અનેક લહિયાઓ બેસાડી પ્રતો તૈયાર કરાવી ભારતનાં મુખ્ય-મુખ્ય નગરો અને ગામોમાં મોકલી. ગુજરાતનાં અને ભારતનાં હજારો મહાવિદ્યાલયોમાં અધ્યયન-અધ્યાપનનો આરંભ કરાવી દીધો.

તેમાં સિદ્ધરાજ અને પ.પૂ. હેમચંદ્રસૂરિજીનું નામ અંતર્ગત રીતે આવ્યું અને સુવર્ણપરે કસોટીમાંથી પાર ઉતરેલ હોવાથી આ વ્યાકરણનું નામ "સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનમ્" રાખવામાં આવ્યું છે.

પૂર્વાચાર્યોના આવા ગ્રન્થોને પ્રકાશમાં લાવવા તનતોડ મહેનત કરી પૂર્વાચાર્યોની આવી કૃતિઓને ન્યાય અપાવનાર પૂજયશ્રીઓની જેટલી અનુમોદના કરીએ તે સ્થાને છે.

પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતોએ આવા વ્યાકરણ ગ્રન્થોને પઠન-પાઠનમાં લેવાનું રાખવા ખાસ અંતરની વિનંતી છે.

પૂ. મુનિ ભગવંતો અને અગ્રગણ્ય શ્રાવક વર્ગે આવા ગ્રન્થોના ફેલાવા માટે અપૂર્વ યોજના કરવી જરૂરી છે. પરીક્ષાઓ, તેને લગતાં ઈનામો વગેરેની તેમજ તેને લગતી વિદ્યાશાળાઓ - પાઠશાળાઓ વિગેરે ઊભા કરવા કે જે સ્થાનમાં રોજ રોજ અધ્યયન - અધ્યાપન પૂર્ણરીતે જીવંત અને જાગૃત જોવા મળતાં આંતરિક ખૂબ ખૂબ આનંદ અનુભવાય.

વિગ્રહપૂર્વક સંપૂર્ણ રૂપો સાથે વિ.સં. ૨૦૫૬ માં બહાર પડ્યો. ત્યારપછી સિ.હે.શ. લઘુવૃત્તિ વિવરણ ભાગ - ૩ જેમાં કારક વિભક્તિ પ્રકરણ ૨-૨ **णत्व-षत्व** ૨-૩ અને સ્ત્રીલિંગ પ્રકરણ ૨-૪ બહાર પાડવાનું હતું પણ *કારક પ્રકરણનું લખાણ લંબાઈ જતાં* તેને ભવિષ્ય પર છોડીને સિં.હે.શ. લઘુવૃત્તિ વિવરણ ભાગ-૪ ૩-૧ અને ૩-૨ જેમાં સમાસનાં વિવિધ વિગ્રહો, અર્થો, સમાસ કરનાર સૂત્રો, પૂર્વપદ, ઉત્તરપદ વિગેરે વિસ્તારથી ૧૨ ખાનાના કોઠા સહિત વિવરણ વિ.સં. - ૨૦૫૬ માં બહાર પડ્યો. અને ત્યાર પછી અત્યારે જેની પ્રસ્તાવના લખી રહ્યો છું. તે ભાગ - ૩ રૂપે અભ્યાસ કરનારનાં અને વ્યાકરણ વિષયક ચિંતકના કરકમલમાં મૂકવા ભાગ્યશાળી બન્યો છું.

આ વ્યાકરણની ઉત્તમતા અને ઉત્થાન માટે સંક્ષેપમાં પણ કંઈક જણાવવું જરૂરી માનું છું.

વિ.સં. ૧૯૯૩ નો સમય હતો. ગૂર્જરેશ્વર મહારાજ સિદ્ધરાજ માલવરાજનો વિજય મેળવી નગરમાં પધારતાં નાગરિકો, ભાયાતો, સામંતો, સરદારો, સેનાપતિઓ, સાહિત્યકારો અને કલાકારો સર્વ કોઈ ચરાચરનાં આશીર્વાદ ઝીલતો કંઈક રોમાંચ અનુભવી રહ્યો હતો.

તે વિચારતો હતો... ગુજરાતમાં વૈભવ છે, વૈભવ ભોગવવાનાં વિલાસસ્થાનો છે, સંપત્તિઓની સરિતાઓ છે, લક્ષ્મીનાં લતાકુંજો છે, વિદ્યા છે, વિદ્યાનાં સ્થાનો છે, સારા અભ્યાસીઓ છે, વિદ્યાભ્યાસ કરાવનારા સારા વિદ્વાનો પણ છે, ધર્મ છે, ધર્મપ્રાપ્તિનાં સાધનો છે, ધર્મિઓ છે, ધર્મ ધુરન્ધર ધર્મોપદેશકો છે. અરે !!! એથીએ આગળ વધીને કહીએ તો એવી કઈ વસ્તુ છે કે જે પાટણમાં ઉપલબ્ધ ન હોય !!! બધું જ છે.

રાજકીય દષ્ટિએ ગુજરાતના સર્વશ્રેષ્ઠત્વની જેમ સાંસ્કૃતિક રીતે ભારતનું સર્વશ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવા માટે અહર્નિશ તેનું મન અતિત્વરિત બન્યું રહેતું હતું. તે માલવદેશના વિજયથી કે ગુજરાતની અણમોલ ઋદ્ધિથી પર્યાપ્ત ન હતો. તેને ન હતી પ્રદેશભૂખ કે ન હતી ઋદ્ધિભૂખ, તેને તો ગુજરાતનું ચક્રવર્તિત્વ પ્રાપ્ત કરવું હતું અને પાટણને માનવસમૃદ્ધ બનાવવું હતું.

વિજયની પ્રશંસા દરેક સાહિત્યકારો મુક્તકંઠે પોતપોતાની કલામાં ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ સન્મુખ કરી રહ્યા હતાં તે અરસામાં જેને

સમાજના આભૂષણ રૂપ યાને ભારતનાં અદ્વિતીય સરસ્વતીપ્રિય જવાહર પ.પૂ. *કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજીએ* પણ ગુર્જરેશ્વરનાં વિજયની પ્રશંસાનો શ્લોક કહ્યો તેનો ભાવ આ પ્રમાણે છે.

હે કામધેનુ !!! તું તારા ગોમયરસ (દૂધ)થી પૃથ્વીને સિંચ ! હે રત્નાકરો !!! તમે મોતીના સાથીઓ પૂરો ! હે ચન્દ્રમા !!! તું પૂર્ણ કળશરૂપ બની જા ! હે દિગ્ગજો !!! તમે સૂંઢ સીધી કરી કલ્પવૃક્ષનાં પત્રો લઈ તોરણો રચો ! કારણ કે ખરેખર સિદ્ધરાજ પૃથ્વીને જીતીને આવી રહ્યા છે.

આ શ્લોક સાંભળીને અન્ય કવિઓ ઝંખવાણા પડી ગયા જ્યારે મહારાજા સિદ્ધરાજ પોતાના મનોરથની પૂર્ણતાની આગાહી સમજી અત્યંત ઉલ્લસિત થયા તે દરમ્યાન મહારાજા ભોજના ભંડારમાંથી મળી આવેલ મહારાજા ભોજ વિરચિત "સરસ્વતી-કંઠાભરણ" નામનું વ્યાકરણ તેમનાં જોવામાં આવ્યું. મહારાજા સિદ્ધરાજ એક રાત્રે ભિક્ષુકના વેશે નગરચર્યા જોવા નીકળ્યા તે વખતે બહારથી આવેલા સરસ્વતી કુટુંબની દાસી સાથેનાં સંસ્કૃત ભાષાના સંવાદથી અવાક્ થઈ ગયા જેથી તેમને થયું. કે નવીન પ્રકારનાં ભાષાના સર્જનથી સારાય વિશ્વને ગુજરાતે એક સાંસ્કૃતિક ભેટ ધરવી જોઈએ કે જેનું "યાવચ્ચંદ્રદિવાકરૌ" પ્રભુત્વ હોય એવી સાંસ્કૃતિક ઉપહારના નિર્માતા તરીકે સંપૂર્ણ યોગ્યતાવાળું દર્શન તેમને કલિકાલસર્વજ્ઞ ભગવાનમાં જ દેખાયું એટલે ગુર્જરેશ્વર મહારાજે લલાટે બે હાથની અંજલિ કરવા પૂર્વક પોતાના અભિપ્રાયને નીચેના શ્લોકથી વ્યક્ત કર્યો....

**"यशो मम तव ख्यातिः पुण्यं च मुनिनायक ! ।**
**विश्वलोकोपकारा कुरु व्याकरणं नवम् ॥"**

**હે મુનિગણનાયક (હેમચન્દ્રસૂરિજી) !! વિશ્વભરનાં લોકોનાં ઉપકાર માટે નૂતન વ્યાકરણની રચના કરો કે જેથી મને યશ મળશે અને આપશ્રીને ખ્યાતિની સાથે પુણ્યનો મહાન લાભ થશે.**

આજે મારો દેશ પરાયા શબ્દશાસ્ત્ર ઉપર જીવે છે. પરાયા વ્યુત્પત્તિશાસ્ત્ર ઉપર ગાજે છે. એવા પરાયા સાહિત્યની શૃંખલાઓને છેદી-ભેદીને મારો દેશ નવીન સૃષ્ટિના સ્વતંત્ર સાહિત્યથી જ જીવે અને જગતમાં ગાજે તેવું આપણે કરવું જોઈએ કારણ કે રાજ જશે. રાજવીઓ જશે,

અંતે આવા અત્યુત્તમ ગ્રન્થોનું વધુને વધુ પઠન-પાઠન થતું રહે એવી શાસનના દરેક વ્યક્તિ પોતાની ફરજ સમજી તે કાર્યને દરેક શક્ય પ્રયત્ને વેગવંત બનાવે એવી આશા સાથે વિરમું છું.

ઉપરોક્ત લખાણમાં કાંઈપણ અજ્ઞાનવશ ક્ષતિઓ રહી હશે તેને ક્ષમા માંગવા પૂર્વક વિદ્વાનોને સુધારી લેવા વિનંતિ છે.

લિ.

**છબીલદાસ કેસરીચંદ સંઘવી.**
શ્રીઅભયસાગરજી જ્ઞાનપીઠ
૩૦૫ / શત્રુંજય એપાર્ટમેન્ટ,
ગોપીપૂરા, કાજીનું મેદાન, સૂરત

વિ.સં. ૨૦૫૭ વૈ.શુ. ૩
અક્ષયતૃતીયા
તા. ૨૬-૪-૨૦૦૧ / ગુરુવાર

◆ ॐ अर्हम् नमः ◆

# પ્રસ્તાવના

કરોડો શ્લોકપ્રમાણ પ્રતિભાસંપન્ન સાહિત્યનું નવનિર્માણ કરનાર, પ્રાત:સ્મરણીય પરમ પૂજનીય કલિકાલસર્વજ્ઞ ભગવંત આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્ય મ.સા.નું સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણ ખૂબ અદ્ભૂત અને અજોડ ગ્રન્થ છે. આ ગ્રન્થનું અધ્યયન-અધ્યાપન આપણા શ્રી સંઘમાં વધતું રહ્યું છે. ઘણાં બધા સાધુ ભગવંતો-સાધ્વીજી ભગવંતો તેનું અધ્યયન કરી રહ્યા છે. તેમાં **પ.પૂ. નીતિસૂરીશ્વરજી** મ.સા.નાં સમુદાયના **પ.પૂ. આચાર્યદેવશ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી** મ.સા.નાં આજ્ઞાવર્તિની **પ.પૂ. વિદુષી સાધ્વીજીશ્રી લાવણ્યશ્રીજી** મ.સા.નાં શિષ્યાઓએ થોડાંક વર્ષો પહેલાં સૂરતમાં પંડિતવર્ય શ્રી છબીલભાઈ કે. સંઘવીની પાસે પ્રસ્તુત ગ્રન્થનો અભ્યાસ કર્યો. પંડિતવર્ય છબીલભાઈ પણ સિદ્ધહેમશબ્દાનુશાસન ગ્રન્થ પર સારી માસ્ટરી ધરાવે છે. તેઓશ્રીની શુભપ્રેરણાથી સાધ્વીજી ભગંવતોને સ્વ-પર હિતાર્થે લઘુવૃત્તિ-વિવરણ કરવાની આત્મપ્રેરણા થઈ અને વિવરણનું કાર્ય પ્રારંભાયું. તેમાં ક્યારેક પ્રશ્ન ઊભા થાય ત્યારે પંડિતશ્રી પ્રત્યક્ષ કે પરોક્ષરીતે પત્રોદ્વારા સ્પષ્ટીકરણ આપતાં રહ્યા છે જેથી સાધ્વીજી ભગવંતોના આનંદમાં વૃદ્ધિ થતી રહી....

જોકે ભણવું એ જુદી વસ્તુ છે, ભણાવવું એ જુદી વસ્તુ છે અને લખવું વિવરણ કરવું એ પણ જુદી વસ્તુ છે છતાં સાધ્વીજી ભગવંતોએ વિવરણનું કામ ચાલુ કર્યું. કામ ઉત્સાહપૂર્વક આગળ વધ્યું. પ્રથમ અધ્યાયના ૧-૨-૩ પાદનું સંધિપ્રકરણ લઘુવૃત્તિ વિવરણ ભાગ-૧ રૂપે વિ.સં. ૨૦૫૩ માં પૂર્ણ કર્યું. ત્યારબાદ ૧-૪, ૨-૧ એમ બે પાદનું ષડ્લિંગ પ્રકરણ લઘુવૃત્તિ વિવરણ ભાગ-૨ રૂપે વિ.સં. ૨૦૫૬ માં પૂર્ણ કર્યું. જ્યારે પહેલો-બીજો ભાગ એક પછી એક પ્રગટ થતાં અનેક વ્યક્તિ તરફથી તેને મળેલો આવકાર અને એની નકલો માટે થતી માંગણી જ એની ઉપયોગિતાની સાક્ષી પૂરે છે. ત્યારબાદ ૨-૨, ૨-૩, ૨-૪ એમ ત્રણ પાદનું કારક પ્રકરણ,**णत्व-षत्व** પ્રકરણ અને સ્ત્રીત્વ પ્રકરણનાં કાર્યમાં વિહારાદિ અનેક કારણોસર વિલંબ થતાં વચમાં જ ૩-૧, ૩-૨ એમ બે પાદનું સમાસના સુંદર અને સ્પષ્ટ કોષ્ટક પૂર્વકનું સમાસ પ્રકરણનું કાર્ય જલ્દી પૂર્ણ થઈ જવાથી લઘુવૃત્તિ વિવરણ ભાગ-૪ રૂપે વિ.સં. ૨૦૫૬ માં જ ફક્ત

છ મહિનાના ગાળા દરમ્યાન પૂર્ણ થયું. જે આજે એક અભ્યાસુવર્ગને અતિ ઉપયોગી બન્યા છે ત્રીજા ભાગ માટેની માંગ પણ અવાર-નવાર પત્રો દ્વારા આવતી રહી. જે આજે અભ્યાસુવર્ગની સમક્ષ પ્રગટ કરી રહ્યા છીએ. આ ત્રીજા ભાગમાં કારક પ્રકરણનું કામ **પ.પૂ. કૈરવયશાશ્રીજી મ.સા.** ખંતપૂર્વક કર્યું છે. પં. રતિભાઈ ચીમનલાલ દોશી પાસે જઈને ચીવટથી વાંચ્યું અને પંડિત રતિભાઈએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી સુંદર માર્ગદર્શન આપ્યું છે જે અવિસ્મરણીય બની રહેશે. સાથે સાથે **णत्व-षत्व** પ્રકરણ તથા સ્ત્રીલિંગ પ્રકરણ અનેકકાર્યમાં વ્યસ્ત હોવા છતાં સમયનો ભોગ આપી **પ.પૂ. મયૂરકળાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. પ્રશાંતયશાશ્રીજી મ.સા.** પણ ખૂબ મહેનતથી કરેલ છે.

આમાં પદાર્થોને સરળ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. ભણનારને ખૂબ ઉપયોગી થશે. ગ્રન્થનું અધ્યયન સુગમરીતે કરી શકશે.

આ ગ્રન્થના જૂદી જૂદી રીતે અનેક પ્રકાશનો અને વિવેચનો પ્રકાશિત થયેલાં છે. તેમાં સાધ્વીજી ભગવંતોનો વિવરણનો આ પ્રયત્ન પણ અતિપ્રશંસનીય અને અનુમોદનીય છે.

પ્રાંતે ત્રણે સાધ્વીજી ભગવંતોએ આ ચાર ભાગ રૂપે વિવરણ કરવા દ્વારા સિદ્ધહેમશબ્દાનુશાસનના અઢી અધ્યાય-૧૦ પાદનું વિવરણ પૂર્ણ કરીને સુંદર શ્રુતભક્તિ કરી છે. પ્રેસમેટર, પ્રુફરીડીંગ વિગેરે દરેક કાર્ય જાતે જ કર્યું છે. શાસનદેવતા આપશ્રીને શ્રુતસેવા કરવાની સવિશેષ શક્તિ આપે એજ અભ્યર્થના !!!

આ પુસ્તકના છાપકામ વગેરે દરેક કાર્યો **શ્રી સુદેશભાઈએ** તેમની કુશળતાથી, તીવ્ર બુદ્ધિપૂર્વક, ખૂબ સુંદરરીતે અને અત્યંત લાગણીથી કરી આપ્યું છે. તે બદલ તેમની પણ ખૂબ ખૂબ અનુમોદના !!!.

**પંડિત ભાવેશભાઈ રવીન્દ્રભાઈ દોશી.**
શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા
અમદાવાદ-૧૩. ફોન નં. : ૭૪૩૮૬૨૯.

॥ अर्हम् ॥

# द्वितीयाध्यायस्य द्वितीयः पादः

નામને લગતી વિભક્તિઓ ક્યાં કઈ વાપરવી ? તે બતાવનારું કારક પ્રકરણ .

કારકનું લક્ષણસૂત્ર —

## क्रियाहेतुः कारकम् २-२-१

**અર્થ** :- ક્રિયાનાં નિમિત્તભૂત અને ક્રિયાના આશ્રયભૂત હોય તે (કર્તા વિગેરે) ની કારક સંજ્ઞા થાય છે.

**સૂત્રસમાસ** :- क्रियते इति क्रिया । क्रियायाः हेतुः इति क्रियाहेतुः । (ષષ્ઠીત.) करोति इति कारकम् ।

**વિવેચન** :- **કારક છ પ્રકારે છે.** (૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન (૬) અધિકરણ... સંબંધની કારક સંજ્ઞા થતી નથી.

- **સંજ્ઞાવાચક નામ બે પ્રકારે છે.** સાન્વર્થ અને નિરન્વર્થ નામ.

  अन्वर्थ = अनुगतः अर्थः यस्य तत् अन्वर्थम् । અહીં कारकम् એ સાન્વર્થ સંજ્ઞા છે. करोति इति कारकम् = જે ક્રિયાને કરે છે તેને કારક કહેવાય છે. એટલે કે જે ક્રિયાનો આશ્રય બને છે તેની કારક સંજ્ઞા થાય છે. એ પ્રમાણે અન્વર્થ સંજ્ઞાના આશ્રયથી જ ટીકામાં સ્પષ્ટ કર્યું કે કર્તા વિગેરે જે ક્રિયાનો હેતુ અને ક્રિયાનો આધાર છે તેની કારક સંજ્ઞા થાય છે.

  માત્ર કાંઈક આવીને ક્રિયાના નિમિત્ત રૂપ બની જાય તેટલા માત્રથી તે નિમિત્ત જો ક્રિયાના આધારભૂત ન હોય તો તેને કારક સંજ્ઞા થતી નથી. દા. ત. कुम्भकारः घटं करोति । અહીં ઘડાને કરનાર કુંભાર છે. એટલે ઘટ કરવા રૂપ ક્રિયાનો આશ્રય कुम्भकार બને છે. તે જ રીતે ઘટમાં પણ કરવું ક્રિયા છે. તેથી કર્તા અને કર્મ બંનેને કારક સંજ્ઞા થાય. પરંતુ ઘટ કરવામાં ગધેડો માટી લાવવાની ક્રિયા કરે છે તેથી તે ક્રિયાનો હેતુ તો છે છતાં તેને કારક સંજ્ઞા થતી નથી. કારણકે ઘટ કરવા રૂપ ક્રિયાનો આશ્રય ગધેડો બનતો નથી. આથી જ ક્રિયાના હેતુ અને ક્રિયાના આશ્રયરૂપ કર્તા વિગેરેની કારક સંજ્ઞા

થાય છે. પણ માત્ર ક્રિયા હેતુ હોય તેને કારક સંજ્ઞા થતી નથી.

कारकम् એ સંજ્ઞા નિર્દેશ છે. क्रियाहेतुः એ સંજ્ઞી નિર્દેશ છે.

कारकम् એ સ્વભાવથી જ નપુંસકલિંગ છે.

**પ્રશ્ન** :- આ સૂત્રને બદલે 'क्रियाया: कारकम्' = ક્રિયાના આશ્રયભૂત જે હોય તેને કારક સંજ્ઞા થાય. એટલુ જ સૂત્ર લખ્યું હોત તો ચાલત. ગૌરવ શા માટે કર્યું ?

**જવાબ** :- જો આવું સૂત્ર બનાવ્યું હોત તો માત્ર કર્તા જ આવત. એટલે કર્તાની જ કારક સંજ્ઞા થાત અન્યની કારક સંજ્ઞા ન થાત. કારણ કે 'गौणमुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः' । ગૌણ અને મુખ્યમાંથી મુખ્યમાં કાર્ય થાય છે. અહીં પણ આટલું જ સૂત્ર કરવાથી કારક છ હોવા છતાં એકલાં કર્તાને જ કારક સંજ્ઞા લાગુ પડત. માટે હેતુ મૂકીને જણાવ્યું કે કર્તા સિવાયના બીજા જે ઉપયોગી થતાં હોય તેઓને પણ કારક સંજ્ઞા થાય.

- **ક્રિયા ત્રણ પ્રકારની છે.**

(૧) **સ્વાશ્રિત ક્રિયા –** જે ક્રિયા કર્તાનો (પોતાનો) આશ્રય કરીને રહેલી હોય તે. દા. ત. चैत्रः आस्ते । અહીં બેસવાની ક્રિયા સ્વયં ચૈત્રમાં જ છે. अहं खादामि । અહીં ખાવાની ક્રિયા હું જ કરું છું.

(૨) **પરાશ્રિત ક્રિયા –** જે ક્રિયા અન્યનો આશ્રય કરીને રહેલી હોય તે. દા. ત. पटं करोति । घटं करोति । ઇત્યાદિ... અહીં પટ ને કરવામાં તંતુ, મશીન વિગેરે અન્ય (પર) પદાર્થો કારણભૂત છે. તેના વગર પટ રૂપ કાર્ય થઇ શકતું નથી. તેમજ ઘટ કરવારૂપ ક્રિયામાં માટી-ચક્ર-દંડ વિગેરે પદાર્થો કારણભૂત છે. કારણકે તે પદાર્થો વગર ઘટ થઇ શકતો નથી. માટે પટ-ઘટ બંનેમાં પરાશ્રિત ક્રિયા કહેવાય.

(૩) **ઉભયાશ્રિત ક્રિયા –** જે ક્રિયા ઉભયનો આશ્રય કરીને રહેલી હોય તે. દા. ત. तौ अन्योन्यमाश्लिष्यतः=તે બે પરસ્પર ભેટે છે. અહીં બે વ્યક્તિને આશ્રયીને ભેટવાની ક્રિયા છે. માટે ઉભયાશ્રિત ક્રિયા છે. જો બેમાંથી એક પણ વ્યક્તિ ન હોત તો ભેટવાની ક્રિયા ન થાત.

- द्रव्याणां सामर्थ्यं कारकम् । કારક એ દ્રવ્યની વિશિષ્ટ શક્તિ છે.

સંબંધ (ષષ્ઠી) ને કારક કહેવાતું નથી. કારણકે સંબંધ ક્યારેય ક્રિયાનું

નિમિત્ત બનતો નથી. વ્યાપાર વગરનો હેતુ તે કારક કહેવાય નહીં.

**કર્તાનું લક્ષણ સૂત્ર —**

## स्वतन्त्रः कर्ता २-२-२

**અર્થ :-** स्व = પોતે, तन्त्र = મુખ્ય. ક્રિયાની સિદ્ધિમાં પ્રધાનપણે જે વિવક્ષા કરાય. (પોતાની જ પ્રધાનતા હોય.) તે કર્તા કહેવાય.

**વિવેચન :-** કારકની અન્વર્થ સંજ્ઞા હોવાથી જે ક્રિયાના આશ્રયભૂત છે તેની તેની કારક સંજ્ઞા થશે. કુલ છ કારકોમાં પ્રધાનતાની વિવક્ષા કરવી હોય તો કર્તા કારક જ પ્રધાન બનશે. કારણકે કર્તા બધા કારકને બદલી શકે છે. કર્મને-કરણને-કોઈને પણ બદલી શકે પરન્તુ કર્તા સિવાયના અન્ય કારકો કર્તાને બદલી શકતા નથી તેથી કર્તા વગર બાકીના બધા જ કારકો પરાધીન છે. માટે સૂત્રમાં કર્તાને સ્વતન્ત્ર કહ્યો છે. દા. ત. मैत्रेण कृतः । અહીં मैत्र શબ્દને તૃતીયા વિભક્તિ કરી છે. કારણ કે मैत्र એ કર્તા છે. કર્તાને हेतुकर्तृ... ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થાય છે.

- **કોઈપણ નામના બે અર્થ છે. નામાર્થ અને કારકાર્થ**

  **કારકાર્થ –** चैत्रः ग्रामं गच्छति =ચૈત્ર ગામ જાય છે.

  અહીં ક્રિયાપદ દ્વારા કર્તા કારકનો અર્થ કહેવાઈ ગયો. તેથી चैत्र નો કર્તા રૂપ કારક અર્થ કહેવાઈ જવાથી કર્તા અર્થ કહેવા માટે તૃતીયા વિભક્તિની જરુર નથી. પરન્તુ નામાર્થ બાકી રહે છે. તેથી નામાર્થ કહેવા માટે नाम्नः प्रथमैक... ૨-૨-૩૧ થી चैत्रः ને પ્રથમા વિભક્તિ થાય છે. (૨-૨-૩૧ સૂત્રમાં વિશેષ સમજુતી જુવો.)

- કર્તાને હંમેશા તૃતીયા વિભક્તિ આવે પરન્તુ ઉક્ત કર્તાને પ્રથમા વિભક્તિ થાય છે.

  કર્મને હંમેશા દ્વિતીયા વિભક્તિ આવે પરન્તુ ઉક્ત કર્મને પ્રથમા વિભક્તિ થાય છે.

  એવી રીતે જે કોઈ પણ કારક ઉક્ત થાય તો 'उक्तार्थानामप्रयोगः ।' અન્ય પ્રત્યયો વિગેરે વડે જેઓનો અર્થ કહેવાઈ ગયો હોય તે उक्त કહેવાય. તેઓને દ્વિતીયા વિગેરે વિભક્તિઓનો પ્રયોગ થતો નથી. એ ન્યાયથી દ્વિતીયા વિગેરે વિભક્તિના સ્થાને उक्ते कारके प्रथमा स्यात् । એ ઉક્તિથી

૨-૨-૩૧ થી પ્રથમા વિભક્તિ થાય છે.

**કર્મનું લક્ષણ સૂત્ર —**

## कर्तुर्व्याप्यं कर्म २-२-३

**અર્થ** :- व्याप्य = વિશેષે પ્રાપ્ત કરવા ઈચ્છાય તે.

ક્રિયા દ્વારા કર્તા જેને વિશેષે પ્રાપ્ત કરવાને ઈચ્છે છે તેને વ્યાપ્ય સંજ્ઞા અર્થાત્ કર્મસંજ્ઞા થાય છે.

**વિવેચન** :- व्याप्य - कर्म એ બંને પર્યાયવાચી શબ્દ છે.

**પ્રશ્ન** :- અહીં કર્મણિનો અર્થ કેમ કર્યો ?

**જવાબ** :- विशेषेण आप्तुम् इष्यते इति व्याप्यम् ।

व्याप्य શબ્દમાં वि + आप् ધાતુને કર્મમાં કૃત્ય પ્રત્યયનો य પ્રત્યય લાગ્યો છે. તેથી કર્મણિ હોવાથી તેનો અર્થ કર્યો છે તેમાં કર્તા ઉક્ત થતો નથી માટે કર્તાને (ટીકામાં) તૃતીયા વિભક્તિ કરેલ છે. (સૂત્રમાં कर्तृ ને ષષ્ઠી વિભક્તિ કરી છે કારણકે કૃદન્તના કર્તાને ષષ્ઠી વિભક્તિ થાય છે.)

**કર્મ ત્રણ પ્રકારે છે.**

(૧) **निर्वर्त्य** – यदसज्जायते जन्मना वा प्रकाश्यते तद् निर्वर्त्यम् । કાંઈક નવું બનતું હોય એટલે કે જે અસત્ હોય અને પ્રગટ થાય તેને અથવા જેની જન્મથી ઉત્પત્તિ થાય તેને નિર્વર્ત્ય કર્મ કહેવાય છે.

દા. ત. कटं करोति = સાદડી હતી નહીં પણ નવી તૈયાર કરી.

पुत्रं प्रसूते = પુત્રનો જન્મ થાય છે. (જન્મ દ્વારા ઉત્પત્તિ)

(૨) **विकार्य** – प्रकृत्युच्छेदेन गुणान्तराधानेन वा यद् विकृतिमापाद्यते तद् विकार्यम् = પ્રકૃતિના (મૂળ પદાર્થના) વિનાશથી અથવા અન્ય ગુણને ધારણ કરવાથી જે વિકૃતિને પમાડાય તે વિકાર્ય કહેવાય.

દા. ત. काष्ठं दहति = લાકડું બળે છે. એટલે કે લાકડાનો નાશ અને રાખની ઉત્પત્તિ થઇ તે વિકૃતિ.

काण्डं लुनाति = ડાળને કાપે છે. અહીં ડાળ લઘુતા રૂપ અન્ય ગુણને ધારણ કરવા સ્વરૂપ વિકૃતિ પામે છે. તેથી વિકાર્ય કર્મ કહેવાય.

(૩) **प्राप्य** – यत्र तु क्रियाकृतो विशेषो नास्ति तत् प्राप्यम् । ક્રિયા દ્વારા

જ્યાં કોઇ વિશેષતા પ્રાપ્ત થતી નથી તેને પ્રાપ્ય (પ્રાપ્ત કરવા યોગ્ય) કર્મ કહેવાય. દા. ત. ग्रामं गच्छति । અહીં કર્તાની ગમન ક્રિયા દ્વારા ગ્રામ રૂપ કર્મમાં વિશેષતા પ્રાપ્ત થતી નથી. અને તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. માટે પ્રાપ્ય કર્મ કહેવાય.

- **વળી કર્મ બે પ્રકારે છે. પ્રધાન અને ગૌણ.**

(૧) **પ્રધાન** – यदर्थं क्रियाऽऽरभ्यते तत्प्रधानं कर्म = જેને માટે ક્રિયાનો આરંભ કરાય તે મુખ્ય કર્મ કહેવાય છે. દા. ત. गां दोग्धि पयः । અહીં पयस् માટે દોહવાની ક્રિયાનો આરંભ કરાય છે. માટે पयस् એ મુખ્ય કર્મ અને गौ એ ગૌણ કર્મ છે.

(૨) ગૌણ – मुख्यकर्मणः सिद्धये तु क्रियया यदन्यत् व्याप्यते तद् गौणं कर्म= મુખ્યકર્મની સિદ્ધિને માટે ક્રિયા દ્વારા જે બીજાની સાથે સંબંધ કરાય તે ગૌણ કર્મ. દા. ત. गोपो धेनुं ग्रामं नयति–આમાં મુખ્ય કર્મ धेनु છે. અને ગૌણકર્મ ग्राम છે. ગાયને લઇ જવાની ક્રિયા કરવા દ્વારા ग्राम સાથે સંબંધ કરાય છે.

**દ્વિકર્મક ધાતુ —**

नी-हृ-वहि-कृषो ण्यन्ता दुहि-ब्रू-पृच्छि-भिक्षि-चि-रुधि शास्वर्थाः। पचि-याचि-दण्डि-कृ-ग्रह-मथि-जिप्रमुखा द्विकर्माणः॥

આ કારિકામાં બતાવેલ ધાતુઓ દ્વિકર્મક છે.

તેમાં दुह्-ब्रू-प्रच्छ्-भिक्ष्-चि-रुध् અને शास् ધાતુના જેવા અર્થવાળા ધાતુઓ પણ દ્વિકર્મક છે.

દા. ત. अजां नयति ग्रामम् = બકરીને ગામમાં લઇ જાય છે.

गां दोग्धि पयः = ગાયનું દુધ દોવે છે.

આ બંને વાક્યમાં अजा અને पयस् મુખ્ય કર્મ છે. ग्राम અને गौ ગૌણ કર્મ છે.

**ધાતુને વિષે ગૌણ અને મુખ્ય કર્મનું નિરૂપણ -**

न्यादीनां कर्मणो मुख्यं प्रत्ययो वक्ति कर्मजः ।<br>
नीयते गौर्द्विजैर्ग्रामं, भारो ग्राममथोह्यते ॥<br>
गौणं कर्म दुह्यादीनां प्रत्ययो वक्ति कर्मजः ।

गौः पयो दुह्यतेऽनेन, शिष्योऽर्थं गुरुणोच्यते ॥

કર્મણિ પ્રયોગનાં પ્રત્યયથી नी, हृ, कृष् અને वह् ધાતુનું મુખ્ય કર્મ ઉક્ત થાય છે. તેથી મુખ્ય કર્મને કર્મણિમાં પ્રથમા વિભક્તિ થાય છે. દા. ત. नीयते गौर्द्विजैर्ग्रामम् = બ્રાહ્મણો વડે ગાય ગામમાં લઇ જવાય છે. અને दुह् વિગેરે ધાતુનું ગૌણ કર્મ ઉક્ત થાય છે. તેથી ગૌણ કર્મને પ્રથમા વિભક્તિ થાય છે. દા. ત. गौः पयो दुह्यतेऽनेन = આનાવડે ગાયનું દુધ દોહાય છે.

- अणिग् અવસ્થાનો કર્તા णिग् (પ્રેરક) અવસ્થામાં कर्तुर्व्याप्यंकर्म ૨-૨-૩ થી કર્મ બની જાય છે. પરંતુ બધે સ્થાને કર્મ બનાવવું નથી. તેથી હવે अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં ક્યાં કર્મ કરવું ? ક્યાં વિકલ્પે કરવું ? અથવા ક્યા કર્તાને કર્તા તરીકે રાખવો તે બતાવતા સૂત્રો.

## वाऽकर्मणामणिक्कर्ता णौ ૨-૨-૪

**અર્થ** :- જ્યાં કર્મની વિવક્ષા નથી કરી એવાં ધાતુઓનો अणिग् અવસ્થાનો જે કર્તા તે णिग् અવસ્થામાં વિકલ્પે કર્મસંજ્ઞક થાય છે.

**સૂત્રસમાસ** :- न णिग् अणिग् । (નઞ્ ત.) अणिग् अवस्थायां यः कर्ता सः- अणिक्कर्ता.

**વિવેચન** :- अणिग् – चैत्रः पचति = ચૈત્ર રાંધે છે.

णिग् – सः चैत्रं पाचयति । અથવા सः चैत्रेण पाचयति = તે ચૈત્ર પાસે રંધાવે છે. અહીં કર્મસંજ્ઞા વિકલ્પે થઇ તેથી પક્ષે ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ.

**અવિવક્ષિત કર્મ** – કર્મ આવી શકતું હોવા છતાં જેની વિવક્ષા ન કરી હોય તે. ઉદાહરણમાં पच् ધાતુ સકર્મક છે પરંતુ ओदन વિગેરે કર્મની વિવક્ષા નહીં કરી હોવાથી અવિવક્ષિત કર્મ કહેવાય.

**પ્રશ્ન** :- णिग् માં ग् ઇત્ શા માટે છે ?

**જવાબ** :- 'णिज् बहुलं'... ૩-૪-૪૨ સૂત્રમાંના णिच् થી જુદો પાડવા માટે ग् ઇત્ છે. णिच् નામને લાગે છે. તેમજ ईगितः ૩-૩-૯૫ થી ફળવાન્ કર્તામાં ધાતુ આત્મનેપદ થાય તે જણાવવા માટે ग् ઇત્ છે.

**પ્રશ્ન** :- સૂત્રમાં अकर्मक ધાતુ લેવાનાં જણાવ્યા છે તો અવિવક્ષિત કર્મક ટીકામાં કેવી રીતે ગ્રહણ કર્યું ?

**જવાબ** :- ૨-૨-૫ સૂત્રમાં નિત્ય અકર્મક ધાતુનું ઉપાદાન (ગ્રહણ) કરેલ હોવાથી અહીં અવિવક્ષિત કર્મક ધાતુનું ગ્રહણ કરેલ છે. એમ નક્કી થાય છે. अत्र 'तु अविवक्षितकर्मणामेव ग्रहणं नित्याकर्मणाम् उत्तरसूत्रे उपादानात् ।'

- **અકર્મક ધાતુ** -

लज्जा-सत्ता-स्थिति-जागरणं वृद्धि-क्षय-भय-जीवित-मरणम् ।
शयन क्रिया रुचि दिव्यर्था धातव एते कर्म विमुक्ताः ॥

## गति-बोधाऽऽहारार्थ-शब्दकर्म-नित्याऽकर्मणामनी-खाद्यदि-ह्वा-शब्दाय-क्रन्दाम् २-२-५

**અર્થ** :- नी-खाद्-अद्-ह्वे-शब्दाय-क्रन्द् આટલાં ધાતુને વર્જીને ગત્યર્થક-બોધાર્થક-આહારાર્થક-શબ્દકર્મક-નિત્યઅકર્મક ધાતુનાં अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા થાય છે.

**સૂત્રસમાસ** :- गतिश्च बोधश्च आहारश्च इति गतिबोधाहाराः । (ઇ. દ્વ.)

गतिबोधाहाराः अर्थः येषां ते- गतिबोधाहारार्थाः । (બહુ.)

शब्दः कर्म येषां ते- शब्दकर्माणः । (બહુ.)

नित्यं न विद्यते कर्म येषां ते- नित्याकर्माणः । (નઞ્ બહુ.)

**गतिबोधाहारार्थाश्च शब्दकर्माणश्च नित्याकर्माणश्च इति गतिबोधाहारार्थ-शब्दकर्मनित्याकर्माणः, तेषाम् । (ઇ. દ્વ.)**

**नीश्च खादिश्चादिश्च ह्वा च शब्दायश्च क्रन्दश्च इति नीखाद्यदिह्वाशब्दायक्रन्दाः । (ઇ. દ્વ.)**

न विद्यन्ते नीखाद्यदिह्वाशब्दायक्रन्दाः येषां ते-अनीखाद्यदिह्वाशब्दायक्रन्दाः, तेषाम् । (નઞ્ બહુ.)

**વિવેચન** :- (૧) **ગત્યર્થક ધાતુ** - અન્યદેશની પ્રાપ્તિ, ગમનક્રિયા વિ. અર્થવાળા ધાતુને ગત્યર્થક કહેવાય છે. દા. ત. अणिग् - चैत्रो ग्रामं गच्छति= ચૈત્ર ગામમાં જાય છે. णिग् - चैत्रं ग्रामं गमयति मैत्रः = મૈત્ર ચૈત્રને ગામ

મોકલે છે.

(૨) **બોધાર્થક** - સામાન્યથી કે વિશેષથી બોધ થવો એવા અર્થવાળા ધાતુ. દા. ત. अणिग् - शिष्यो धर्मं बोधति =શિષ્ય ધર્મને સમજે છે.
णिग् - गुरुः शिष्यं धर्मं बोधयति =ગુરુ શિષ્યને ધર્મ સમજાવે છે.

(૩) **આહારાર્થ** - આહાર કરવો એ અર્થમાં... દા. ત. अणिग् - बटुः ओदनं भुङ्क्ते = બાળક ભાત ખાય છે. णिग् - माता बटुम् ओदनं भोजयति = માતા બાળકને ભાત ખવરાવે છે.

(૪) **શબ્દકર્મક** - જે ધાતુનો અર્થ શબ્દ પૂર્વકનો થતો હોય તેવા ધાતુ. આ ધાતુ બે પ્રકારે છે. (૧) શબ્દ ક્રિયાવાળા (૨) શબ્દકર્મવાળા.

(૧) **શબ્દક્રિયાવાળા** - શબ્દરૂપ ક્રિયા છે જેને એટલે કે જે ક્રિયા કરતાં અવાજ નીકળતો હોય તે ધાતુઓ. દા. ત. स रौति = તે રડે છે. અહીં રડવાની ક્રિયા અવાજ વાળી છે.

अणिग् - मैत्रो द्रव्यं जल्पति = મૈત્ર 'દ્રવ્ય' એ પ્રમાણે બોલે છે.
णिग् - चैत्रो मैत्रं द्रव्यं जल्पयति = ચૈત્ર મૈત્રને 'દ્રવ્ય' એ પ્રમાણે બોલાવે છે.

(૨) **શબ્દકર્મવાળા** - શબ્દ છે કર્મ જેને એવા ધાતુઓ.

દા. ત. अणिग् - बटुः वेदम् अधीते = બાળક વેદને ભણે છે.
णिग् - गुरुर्बटुं वेदम् अध्यापयति = ગુરુ બાળકને વેદ ભણાવે છે.
अधि + इ ધાતુ આત્મનેપદી છે. પ્રેરક કરીએ તો 'ई-गितः' ૩-૩-૯૫ થી ઉભયપદી થાત. છતાં એકલો પરસ્મૈપદ જ કર્યો છે તે **'चल्याहारार्थेङ्-बुध'**... ૩-૩-૧૦૮ થી णिग् અવસ્થામાં માત્ર પરસ્મૈપદ જ થાય છે.

(૫) **નિત્યઅકર્મક** - જેને પ્રથમથી જ કર્મ ન હોય, કર્મ આવી જ ન શકે તેવા ધાતુઓ નિત્ય અકર્મક કહેવાય છે.

દા. ત. अणिग् - मैत्रः शेते = મૈત્ર સુઇ જાય છે.
णिग् - माता मैत्रं शाययति = માતા મૈત્રને સુવાડે છે.

- **गत्यर्थादीनामिति किम्** ?

अणिग् - चैत्रः ओदनं पचति = ચૈત્ર ભાત રાંધે છે.

णिग् - मैत्रो चैत्रेण ओदनं पाचयति = મૈત્ર ચૈત્ર પાસે ભાત રંધાવે છે. અહીં ગત્યર્થક વિ. સૂત્રમાં કહેલ અર્થવાળો ધાતુ નથી તેથી अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા ન થઇ. તેથી हेतु-कर्तृ करणे... ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે.

- **न्यादि वर्जनं किम् ?** ① नी - ગત્યર્થક છે. ② खाद् અને अद् આહારાર્થક છે. ③ हृवे, शब्दाय અને क्रन्द् - શબ્દકર્મક છે. આટલા ધાતુઓના अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મ થવાની પ્રાપ્તિ હતી પરંતુ સૂત્રમાં તેનું વર્જન કરેલું હોવાથી કર્તાની કર્મસંજ્ઞા થઈ નહીં પણ કર્તાની કર્તાસંજ્ઞા જ રહી. તેથી ૨-૨-૪૪ થી તૃતીયાવિભક્તિ થઈ.

૧. **अणिग्** – चैत्रो भारं नयति = ચૈત્ર ભાર લઈ જાય છે.

**णिग्** – मैत्रश्चैत्रेण भारं नाययति = મૈત્ર ચૈત્ર પાસે ભાર લેવડાવે છે.

૨. **अणिग्** – मैत्रोऽपूपं खादति = મૈત્ર પુડલો ખાય છે.

**णिग्** – चैत्रो मैत्रेण अपूपं खादयति = ચૈત્ર મૈત્રને પુડલો ખવરાવે છે.

૩. **अणिग्** – सुतः ओदनम् अत्ति = પુત્ર ભાત ખાય છે.

**णिग्** – जननी सुतेन ओदनम् आदयति = માતા પુત્રને ભાત ખવરાવે છે.

૪. **अणिग्** – मैत्रश्चैत्रं ह्वयते = મૈત્ર ચૈત્રને બોલાવે છે.

**णिग्** – देवदत्तो मैत्रेण चैत्रं ह्वाययति = દેવદત્ત મૈત્ર પાસે ચૈત્રને બોલાવરાવે છે.

૫. **अणिग्** – मैत्रो बटुं शब्दायते = મૈત્ર બટુ શબ્દ બોલે છે.

**णिग् – चैत्रो मैत्रेण बटुं शब्दाययति = ચૈત્ર મૈત્રપાસે બટુ શબ્દ બોલાવે છે.**

૬. **अणिग्** – चैत्रो मैत्रं क्रन्दति = ચૈત્ર મૈત્રને બોલાવે છે. રડાવે

**णिग्** – बटुः चैत्रेण मैत्रं क्रन्दयति = બટુ ચૈત્ર દ્વારા મૈત્રને બોલાવરાવે છે. રોવરાવે

## भक्षेर्हिंसायाम् ૨-૨-૬

**અર્થ :-** હિંસાના વિષયમાં भक्ष् ધાતુનાં अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા થાય છે.

**વિવેચન :- अणिग्** – बलीवर्दाः सस्यं भक्षयन्ति = બળદો ઘાસ ખાય છે.

**णिग्** – मैत्रो बलीवर्दान् सस्यं भक्षयति = મૈત્ર બળદોને ઘાસ ખવરાવે છે. અહીં હિંસાર્થક भक्ष् ધાતુ હોવાથી अणिग् કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા આ સૂત્રથી થઈ છે.

**हिंसायामिति किम् ?**

**अणिग्** – शिशुः पिण्डीं भक्षयति = બાળક ખજૂર ખાય છે.

**णिग्** – जननी शिशुना पिण्डीं भक्षयति = માતા બાળકને ખજૂર ખવરાવે છે. (અહીં ખજુરમાંથી ઠળિયો કાઢી નાંખ્યા પછીની અચિત્ત ખજૂર જાણવી.)

અહીં આહારાર્થક भक्ष् ધાતુ છે. પરંતુ હિંસાના વિષયમાં નથી. તેથી अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા થઈ નહીં.

**પ્રશ્ન :-** આ સૂત્ર શા માટે રચ્યું ? અથવા एवકાર ટીકામાં શા માટે ?

**જવાબ :-** પૂર્વ સૂત્રથી સિદ્ધ હતું છતાં આ સૂત્રની રચના કરી તે નિયમને માટે છે. 'सिद्धे सति आरम्भो नियमार्थः ।' एवકારથી નિયમ એ કર્યો કે હિંસાના વિષયમાં જ भक्ष् ધાતુનાં अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા થાય છે. માટે ઉપરનાં સૂત્રથી હિંસાભિન્ન આહારાર્થમાં भक्ष् ધાતુને કર્મસંજ્ઞા નહીં થાય.

**પ્રશ્ન :-** હિંસા = પ્રાણોનો નાશ કરવો તે હિંસા કહેવાય છે, અને તે તો સચેતન એવા પ્રાણીમાં જ સંભવે અચેતન એવા सस्य માં કેવી રીતે ઘટે ? તેમાં તો પ્રાણ છે નહીં ?

**જવાબ :-** सस्य એ વનસ્પતિ છે જે જે વૃદ્ધિ પામે તે તે જીવ કહેવાય. વનસ્પતિ વૃદ્ધિ પામે છે માટે વનસ્પતિ એ જીવ છે. તેનાં આયુષ્ય-ઇન્દ્રિય-બળ-પ્રાણ - શ્વાસોશ્વાસ કે રસ-મળની પરિણતિ સ્વરૂપ બધી વસ્તુ ઘટે છે. તેમાં પ્રાણ છે માટે તેને ખવરાવવાથી હિંસા થાય જ છે.

## वहेः प्रवेयः ૨-૨-૭

**અર્થ :-** वह् ધાતુનો अणिग् અવસ્થાનો પ્રવેયરૂપ કર્તા હોય તો તેને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા થાય છે. प्रवेय = નિત્ય ભાર વહન કરનાર પ્રાણી વિ.

**વિવેચન :- अणिग्** –बलीवर्दा भारं वहन्ति = બળદો ભારને વહન કરે છે.

**णिग्** – मैत्रो बलीवर्दान् भारं वाहयति = મૈત્ર બળદો પાસે ભાર વહન કરાવે છે.

- **प्रवेय इति किम् ?**

  **अणिग्** – मैत्रो भारं वहति = મૈત્ર ભાર લઈ જાય છે.

  **णिग्** – चैत्रो मैत्रेण भारं वाहयति = ચૈત્ર મૈત્ર પાસે ભાર લેવરાવે છે.

  અહીં મૈત્ર એ પ્રવેયકર્તા નથી. તેથી अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા ન થઈ.

- वह् ધાતુ 'પ્રાપ્તિ અને પ્રાપણ' અર્થમાં ગત્યર્થક અને 'વહેવું' અર્થમાં નિત્યઅકર્મક હોવાનાં કારણે ૨-૨-૫ થી તેમજ કર્મની વિવક્ષા ન કરીએ ત્યારે અવિવક્ષિત કર્મક હોવાથી ૨-૨-૪ થી તે ધાતુના अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા વિકલ્પે પ્રાપ્ત થવાની હતી પરંતુ આ સૂત્રથી નિયમ થયો કે પ્રવેય રૂપ કર્તા હોય તો જ अणिग् અવસ્થાના કર્તાને णिग् અવસ્થામાં કર્મસંજ્ઞા થાય છે. પ્રવેય ભિન્ન કર્તાને કર્મસંજ્ઞા હવે ૨-૨-૫ સૂત્રથી પણ નહીં થાય.

  **પ્રવેય** = બોજાવાળાં ગાડાં વિગેરેમાં ચાબુક વિગેરેનાં ભયથી જેનો કાર્યમાં ઉપયોગ કરાય. એવાં ભાર વહન કરવાનાં સ્વભાવવાળાં બળદો વિગેરે ને પ્રવેય કહેવાય.

  **પ્રાપ્તિ** = એક સ્થાનથી બીજા સ્થાનને પ્રાપ્ત કરવું. દા.ત. नदी वहति । અહીં નદી સ્વયં એક સ્થાનેથી વહેતી બીજા સ્થાનને પ્રાપ્ત કરે છે. માટે અહીં वह् ધાતુ પ્રાપ્તિ અર્થમાં છે.

  **પ્રાપણ** = એક સ્થાનથી બીજા સ્થાનને પ્રાપ્ત કરાવવું. આ અર્થથી वह् ધાતુ ગત્યર્થકમાં આવી શકે છે. દા.ત. भारं वहति । અહીં ભાર ને એક સ્થાનેથી બીજા સ્થાનમાં લઈ જવાની ક્રિયા બીજી વ્યક્તિને કરવી પડે છે. ભાર સ્વયં ત્યાં જઈ શકતો નથી. માટે તે પ્રાપણ અર્થમાં वह् ધાતુ કહેવાય.

## हृ-क्रोर्नवा ૨-૨-૮

અર્થ :- हृ અને कृ ધાતુના अणिग् અવસ્થાનાં કર્તાને णिग् અવસ્થામાં કર્મ સંજ્ઞા વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** हा च का च इति ह्रकरौ, तयोः । (ઈત.દ્વ.)

**વિવેચન :- अणिग्** – गुरुर्देशं विहरति = ગુરૂ દેશમાં વિહાર કરે છે.

**णिग्** – स गुरुं गुरुणा वा देशं विहारयति = તે ગુરૂ પાસે દેશમાં વિહાર કરાવે છે.

**अणिग्** – बालः ओदनम् आहरति = બાળક ભાત ખાય છે.

**णिग्** – माता बालम् बालेन वा ओदनम् आहारयति = માતા બાળકને ભાત ખવરાવે છે.

**अणिग्** – चैत्रः कटं करोति = ચૈત્ર સાદડી કરે છે.

**णिग्** – मैत्रश्चैत्रं चैत्रेण वा कटं कारयति = મૈત્ર ચૈત્ર પાસે સાદડી કરાવે છે.

**પ્રશ્ન :-** कृ ધાતુ પહેલા, પાંચમાં અને નવમાં ગણનો છે પરન્તુ અહીં हृ ધાતુ ૧ લા ગણનો હોવાથી તેના સાહચર્યથી कृ ધાતુ પણ ૧ લાં ગણનો જ લેવો જોઈએ. પરન્તુ પ્રયોગમાં ૮ માં ગણના રૂપો બતાવ્યા છે. આવો વિરોધાભાસ કેમ ?

જવાબ :- कृग् तनादेरुः ૩-૪-૮૩ સૂત્રમાં तनादि ધાતુને उ પ્રત્યયનું વિધાન છે. છતાં कृग् ધાતુ અલગ લખ્યો છે. હવે જો कृग् ને ૮ માં ગણનો ત્યાં ગણ્યો હોય તો तनादि માં સમાવેશ થઈ જાત છતાં અલગ વિધાન કર્યું છે તે જ બતાવે છે કે कृ ધાતુ भ्वादि (૧ લાં ગણં) નો છે. અને कृ ધાતુને उ પ્રત્યય લાગ્યો છે. માટે પાંચમાં ગણનો અને નવમાં ગણનો ધાતુ હવે આવશે નહીં.

- **प्राप्ताप्राप्त विभाषा –** हृ ધાતુ ગત્યર્થક અને આહારાર્થકમાં હોય ત્યારે, कृ ધાતુ વલ્ગનાદિમાં નિત્ય અકર્મક અને શબ્દકર્મક હોય ત્યારે ૨-૨-૫ થી કર્મસંજ્ઞા પ્રાપ્ત થવાની હતી અને हृ ધાતુ જયારે स्तेयादि માં વર્તતો હોય ત્યારે અને कृ ધાતુ સકર્મક થાય ત્યારે ધાતુના કર્તાને કર્મસંજ્ઞાની પ્રાપ્તિ હતી નહીં તે બંનેને વિકલ્પે કર્મસંજ્ઞક કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

  विभाषा = વિકલ્પે.

## दृश्यभिवदोरात्मने ૨-૨-૯

**અર્થ :-** दृश् ધાતુ, अभि+वद् ધાતુનો આત્મનેપદનાં વિષયમાં अणिग् અવસ્થાનો

કર્તા णिग् અવસ્થામાં કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** दृशिश्च अभिवद् च इति दृश्यभिवदौ, तयोः । (ઈત.દ્વ.)

**વિવેચન :- अणिग्** – भृत्याः राजानं पश्यन्ति = નોકરો રાજાને જુવે છે.

**णिग्** – दर्शयते राजा भृत्यान् भृत्यैर्वा = રાજા નોકરો પાસે (પોતાના) દર્શન કરાવે છે. (રાજા એવી રીતે ઊભો રહે છે કે નોકરોથી દર્શન થઈ જ જાય.)

- **'दर्शयते राजा भृत्यान् ।'** અહીં अणिग् અવસ્થાનું કર્મ તે જ પ્રેરકભેદમાં णिग् અવસ્થામાં કર્તા થયો છે. જ્યારે કર્મ પોતે જ કર્તા બને છે ત્યારે अणिक्कर्म... ૩-૩-૮૮ થી સ્મૃતિ અર્થ સિવાયના ધાતુને કર્તરિ પ્રયોગમાં આત્મનેપદ થાય છે.

**अणिग्** – शिष्यो गुरुम् अभिवदति = શિષ્ય ગુરૂનું અભિવાદન કરે છે.

**णिग्** – अभिवादयते गुरुः शिष्यं शिष्येण वा = ગુરૂ શિષ્ય પાસે અભિવાદન કરાવે છે.

અહીં નોકરોને તથા શિષ્યને પ્રેરક ભેદમાં કર્મસંજ્ઞા વિકલ્પે થવાથી કર્મ થયું ત્યારે कर्मणि ૨-૨-૪૦ થી દ્વિતીયા થઈ. વિકલ્પ પક્ષે हेतु-कर्तृकरणे... ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થઈ.

- **आत्मन इति किम् ?**

**अणिग्** – पश्यति रूपतर्कः रुपम् = રૂપતર્ક (બહુરૂપી) રૂપને જુવે છે.

**णिग्** – चैत्रो दर्शयति रुपतर्कं रुपम् = ચૈત્ર રૂપતર્કને રૂપ બતાવે છે.

અહીં णिग् અવસ્થામાં दृश् ધાતુને આત્મનેપદની પ્રાપ્તિ ન હોવાથી अणिग् અવસ્થામાં વિકલ્પે કર્મસંજ્ઞા થઈ નથી પરંતુ ૨-૨-૫ થી નિત્ય કર્મસંજ્ઞા થઈ છે.

- दृश् ધાતુ = જોવું (જોવું, એજ બોધ છે.) અર્થમાં બોધાર્થક હોવાથી અને अभि+वद् ધાતુ સ્તુતિ કરવી અર્થમાં શબ્દકર્મક હોવાથી ૨-૨-૫ થી કર્મસંજ્ઞા નિત્ય થતી હતી. તેમજ दृश् ધાતુને તપાસવું, જાણવું વિ. અર્થમાં તેમજ अभि+वद् ધાતુને પ્રણામ કરવો અર્થમાં પ્રાપ્તિ જ ન હતી. તે બધાંને અહીં વિકલ્પે કર્મ સંજ્ઞા કરી.

કર્મની કર્મસંજ્ઞા વિકલ્પે —

## नाथः ૨-૨-૧૦

**અર્થ** :- આત્મનેપદનાં વિષયભૂત 'नाथ्' ધાતુના વ્યાપ્યને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે.

**વિવેચન** :- सर्पिर्नाथते । पक्षे सर्पिषो नाथते = ઘી મને થાઓ. (એમ તે ઇચ્છા કરે છે.)

અહીં 'आशिषि नाथः' ૩-૩-૩૬ થી नाथ् ધાતુને આત્મનેપદ થયું. અને આ સૂત્રથી આત્મનેપદના વિષયમાં नाथ् ધાતુનાં વ્યાપ્ય (सर्पिष्) ને કર્મસંજ્ઞા થાય તેથી कर्मणि ૨-૨-૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ. કર્મસંજ્ઞા ન થાય ત્યારે પક્ષે शेषे ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ થાય છે.

- **आत्मन इत्येव** - पुत्रमुपनाथति पाठाय = પુત્રને પાઠ માટે ઠપકો આપે છે. અહીં આશિષ્ અર્થ ન હોવાથી नाथ् ધાતુને આત્મનેપદ નથી થયું. તેથી नाथ् ધાતુનાં વ્યાપ્ય 'पुत्र' ને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે નથી થઇ. પરંતુ ૨-૨-૩ થી નિત્ય કર્મસંજ્ઞા જ થઇ છે.

- જો नाथ् ધાતુનાં अणिग् નાં કર્તાને णिग् માં કર્મસંજ્ઞા વિકલ્પે કરવી હોત તો ઉપરના સૂત્ર ભેગું જ લખી દેત. પરંતુ "अणिक्कर्ता णौ" इति निवृत्यर्थम् । એ પ્રમાણે અનુવૃત્તિ અટકાવવા માટે સૂત્ર જુદું કર્યું છે. તેથી હવે આત્મનેપદના વિષયવાળા नाथ् ધાતુનું કર્મ વિકલ્પે કર્મસંજ્ઞક થશે.

**પ્રશ્ન** :- नाथ् ધાતુ આત્મનેપદનાં વિષયવાળો ક્યારે બને ?

**જવાબ** :- જ્યારે આશીર્વાદ અર્થ ગમ્યમાન હોય ત્યારે જ नाथ् ધાતુ ૩-૩-૩૬ થી આત્મનેપદનાં વિષયવાળો બને છે. અન્ય અર્થમાં પરસ્મૈપદ જ થાય.

**પ્રશ્ન** :- જો ૩-૩-૩૬ થી આશીર્વાદ અર્થમાં જ नाथ् ધાતુ આત્મનેપદ થાય છે. અન્યત્ર ન થાય. તો ધાતુપાઠમાં नाथृङ् માં ङ् ઇત્ વ્યર્થ પડે છે.

**જવાબ** :- વાત સાચી છે છતાં પણ 'नाथृङ् याचने' એ પ્રમાણે ધાતુપાઠ કર્યો છે તે જણાવે છે કે ભલે આશીર્વાદ સિવાયના બીજા અર્થમાં नाथ् ધાતુ પરસ્મૈપદમાં વપરાય પણ જ્યારે કૃદન્ત કરીએ ત્યારે તો આત્મનેપદનાં જ પ્રત્યયો લગાડવાં છે. તેથી ધાતુપાઠમાં ङ् ઇત્ સાર્થક છે.

- 'नाथः' સૂત્રથી માંડીને उपसर्गाद्दिवः ૨-૨-૧૭ સુધી કર્મની વિકલ્પે કર્મ સંજ્ઞા કરી તેથી ૧૦ થી ૧૭ સૂત્રમાં આવતા ધાતુઓ માટે નિયમ કર્યો કે કારક ભલે વિવક્ષાધીન હોય છતાં પણ આટલાં સૂત્રોમાં આવતા ધાતુઓનાં માત્ર કર્મ કારકની જ વિકલ્પે કર્મ સંજ્ઞા થશે. એ સિવાયના બીજા કારકોની વિકલ્પે કારક સંજ્ઞા 'विवक्षातः कारकाणि' એ ન્યાયથી પણ નહીં થાય.

- नाथः સૂત્રથી માંડીને ૧૭ સૂત્ર સુધીનાં સૂત્રોમાં કર્મની વિકલ્પે કર્મ સંજ્ઞા કરીને વિકલ્પ પક્ષમાં ષષ્ઠી કરી તે ષષ્ઠી સિદ્ધ જ હતી. કારણ કે 'विवक्षातः कारकाणि' એ ન્યાયને આધારે કારકો વિવક્ષાધીન છે. એટલે કર્મની વિવક્ષા કરીએ ત્યારે દ્વિતીયા થશે. અને કર્મની વિવક્ષા ન કરીએ ત્યારે ષષ્ઠી થાય. એ રીતે ષષ્ઠી સિદ્ધ જ હતી છતાં પણ સૂત્રો કરીને ષષ્ઠી કરવાનો પ્રયત્ન કર્યો છે તેથી તેને 'યત્નજ ષષ્ઠી' કહેવાય છે. આમ કરવાનો ઉદ્દેશ એ છે કે સમાસમાં 'षष्ठ्ययत्नाच्छेषे' એ સૂત્રમાં 'યત્નજ ષષ્ઠી' થઇ હોય તેનો સમાસ કરવાનો નિષેધ કર્યો છે. તે 'યત્નજ ષષ્ઠી' નું ફળ છે. દા. ત. सर्पिषो नाथितम् માં सर्पिर्नाथितम् સમાસ થવાની પ્રાપ્તિ હોવા છતાં 'યત્નજ ષષ્ઠી' હોવાથી સમાસ ન થયો.

## स्मृत्यर्थदयेशः ૨-૨-૧૧

**અર્થ :-** સ્મૃતિ અર્થવાળા ધાતુનાં તેમજ दय् અને ईश् ધાતુનાં વ્યાપ્યને વિકલ્પે કર્મ સંજ્ઞા થાય છે.

**સૂત્રસમાસ :-** स्मृतिः अर्थः येषां ते-स्मृत्यर्थाः । (બહુ.) स्मृत्यर्थाश्च दयश्च ईट् च (ईश् ધાતુ) एतेषां समाहारः-स्मृत्यर्थदयेट्, तस्य । (સમા. દ્વ.)

**વિવેચન :-** ૧. मातरं स्मरति, मातुः स्मरति = માતાને યાદ કરે છે. અહીં સ્મૃતિ અર્થવાળા स्मृ ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સંજ્ઞા થઇ છે.

૨. माता स्मर्यते, मातुः स्मर्यते = માતા સ્મરણ કરાય છે. અહીં પણ સ્મૃતિ અર્થવાળા स्मृ ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સંજ્ઞા થઇ છે. અહીં કર્મણિ વાક્ય છે. કર્મ ઉક્ત થવાથી ૨-૨-૩૧ થી કર્મને પ્રથમા થઇ છે.

૩. सर्पिर्दयते, सर्पिषो दयते = તે ઘીને ચાહે છે. અહીં दय् ધાતુના વ્યાપ્ય सर्पिष् ને વિકલ્પે કર્મ સંજ્ઞા થઇ છે.

૪. लोकानीष्टे, लोकानामीष्टे = તે લોકો પર શાસન કરે છે. અહીં ईश् ધાતુના વ્યાપ્ય लोक ને વિકલ્પે કર્મ સંજ્ઞા થઇ છે.

- આ સૂત્ર નિયમ કરે છે કે આટલા ધાતુના કર્મ કારકની જ વિકલ્પે કર્મસંજ્ઞા થાય. પરન્તુ અન્ય કારકોની વિકલ્પે ષષ્ઠી થતી નથી. દા. ત. આ ધાતુનાં કરણકારકની વિકલ્પે કરણકારક સંજ્ઞા થાય નહીં. 'तेन स्मृतम्' માં કરણ કારક છે. ત્યાં પક્ષે ષષ્ઠી નહીં થાય.

પ્રયત્ન પૂર્વક ષષ્ઠી વિભક્તિ થઇ હોય તેવાં ષષ્ઠ્યન્ત નામોનો અન્ય નામ સાથે षष्ठ्ययत्नाच्छेषे ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુ. સમાસ થાય નહીં. અહીં 'मातुः स्मृतम्' એ પ્રયોગમાં 'मातरम्' કર્મ કારકની આ સૂત્ર વડે વિકલ્પે કર્મ સંજ્ઞા થવાથી ષષ્ઠી કરવા માટે પ્રયત્ન કરેલો કહેવાય. તેથી 'मातृस्मृतम्' આવો સમાસ નહીં થાય. આ સૂત્ર ન હોત તો સમાસ કરવાનો પ્રસંગ આવત.

## कृगः प्रतियत्ने २-२-१२

**અર્થ :-** પ્રતિયત્ન = ફરીથી પ્રયત્ન. પ્રતિયત્ન અર્થમાં વર્તતા कृग् ધાતુનાં વ્યાપ્યને કર્મ સંજ્ઞા વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** पुनः यत्नः इति प्रतियत्नः, तस्मिन् ।

**વિવેચન :-** एधोदकस्य - एधोदकं वा उपस्कुरुते । एधाश्च उदकानि च एतेषां समाहारः इति एधोदकम् = લાકડાં અને પાણીને સંસ્કારિત કરે છે. અહીં પ્રતિયત્ન અર્થમાં उप પૂર્વક कृ ધાતુને उपाद् भूषा समवाय... ૪-૪-૯૨ થી स्सट् આગમ થયો છે. પ્રતિયત્ન અર્થવાળાં कृग् ધાતુના વ્યાપ્ય एधोदक ને વિકલ્પે કર્મસંજ્ઞા આ સૂત્રથી થઇ છે. તેથી કર્મસંજ્ઞા થાય ત્યારે कर्मणि ૨-૨-૪૦ થી દ્વિતીયા વિભક્તિ અને કર્મસંજ્ઞા ન થાય ત્યારે 'शेषे' ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ થાય છે.

- પ્રાપ્ત સ્વરૂપ પદાર્થમાં વિશેષ ગુણાધાન કરવા માટે અને તેનું રક્ષણ કરવા માટે જે પ્રયત્ન કરાય તેને પ્રતિયત્ન કહેવાય.

## रुजाऽर्थस्याऽज्वरि-सन्तापेर्भावे कर्तरि २-२-१३

**અર્થ :-** रुजा = પીડા. પીડા અર્થવાળા ધાતુનું ભાવવાચક નામ કર્તારૂપે થયું

હોય તો ज्वर् અને सन्ताप् ધાતુને વર્જીને પીડા અર્થવાળા ધાતુના વ્યાપ્યને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** रुजा अर्थः यस्य सः-रुजाऽर्थः, तस्य । (બહુ.)

ज्वरिश्च सन्तापिश्च एतयोः समाहारः- ज्वरिसन्तापि । (સમા. દ્વ.)

न ज्वरिसन्तापि इति अज्वरिसन्तापि, तस्य । (નञ् તત્પુ.)

'अज्वरिसन्तापि' સમા. દ્વ. નપુ. એ. વ. છે. હવે तस्य કરી ષષ્ઠી કરીએ તો 'अज्वरिसन्तापिनः' થવું જોઈએ. અને જો ઈત. દ્વ. કર્યો હોત તો પ્ર. દ્વિવચન પુંલ્લિંગમાં 'अज्वरिसन्तापी' અને ષષ્ઠી દ્વિવચન 'अज्वरिसन्ताप्योः' થાય. પણ સમા. દ્વ. કરી 'अज्वरिसन्तापेः' કર્યું છે તે અલૌકિક સમાસ છે. લાઘવ માટે આ પ્રમાણે ઘણાં સૂત્રમાં કરેલ છે. અથવા તો 'सूत्रत्वात् समाहारः । '

चौरं चौरस्य वा रुजति रोगः = રોગ ચોરને પીડે છે. અહીં रुज् ધાતુ પીડાર્થક છે. અને તેનો કર્તા 'रोग' તે ભાવવાચક घञ् પ્રત્યયાન્ત છે. તેથી તેના વ્યાપ્ય 'चौर' ને આ સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે. તેથી જ્યારે કર્મસંજ્ઞા થઈ ત્યારે कर्मणि ૨-૨-૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઈ અને કર્મસંજ્ઞા ન થાય ત્યારે शेषे ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઈ.

- **अज्वरिसन्तापेरिति किम्** ? आद्यूनं ज्वरयति सन्तापयति वा = એકલપેટાને જ્વર પીડે છે. સંતાપે છે. અહીં ज्वर् અને सन्ताप् ધાતુનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી તેના વ્યાપ્યને વિકલ્પે કર્મસંજ્ઞા થતી નથી. પરંતુ कर्तुर्व्याप्यं कर्म ૨-૨-૩ થી કર્મસંજ્ઞા નિત્ય પ્રાપ્ત થાય છે.
- **भाव इति किम्** ? मैत्रं रुजति श्लेष्मा – કફ મૈત્રને પીડે છે. અહીં रुज् ધાતુનો કર્તા 'श्लेष्मा' ભાવવાચક પ્રત્યયાન્ત નથી તેથી આ સૂત્રથી વિકલ્પે કર્મસંજ્ઞા ન થઈ. પણ ૨-૨-૩ લાગી નિત્ય કર્મસંજ્ઞા થઈ.

## जास-नाट-क्राथ-पिषो हिंसायाम् ૨-૨-૧૪

**અર્થ :-** હિંસા અર્થવાળા जास्, नाट्, क्राथ्, અને पिष् ધાતુનાં વ્યાપ્યને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** जासश्च नाटश्च क्राथश्च पिष् च एतेषां समाहारः, तस्य । (સમા. દ્વ.)

**વિવેચન :-** चौरस्य चौरं वा उज्जासयति → ચોરને મારે છે, પીડા કરે છે.

चौरस्य चौरं वा उन्नाटयति → ચોરને મારે છે - વધ કરે છે.

चौरस्य चौरं वा उत्क्राथयति → ચોરને મારે છે - પીડા કરે છે.

चौरस्य चौरं वा पिनष्टि = ચોરને પીષે છે.

- **हिंसायामिति किम्** ? चौरं बन्धनाज्जासयति → ચોરને બંધનથી છોડાવે છે. અહીં હિંસા અર્થ નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન :-** આ સૂત્રમાં हिंसायाम् કેમ લખ્યું ? કારણકે ઉપરના સૂત્રથી रुजा (પીડા) અર્થ એ હિંસાનો જ ભેદ છે. તેથી અનુવૃત્તિ અહીં આવત ?

**જવાબ :-** આ સૂત્રમાં 'हिंसायाम्' ન લખ્યું હોત તો પીડાર્થક ધાતુની સાથે નિમિત્ત સપ્તમી તરીકે भावे कर्तरि ની પણ અનુવૃત્તિ આવત. પણ અહીં ભાવકર્તા હોય તો જ તેના વ્યાપ્યને વિકલ્પે કર્મસંજ્ઞા થાય એવું જ માત્ર નથી લેવું. ભાવકર્તા ભિન્ન અન્યકર્તાના વ્યાપ્યને પણ વિકલ્પે કર્મસંજ્ઞા કરવી છે.

**પ્રશ્ન :-** ધાતુપાઠમાં તો जस्-नट्-क्रथ् એ પ્રમાણે છે. તો અહીં जास्-नाट्-क्राथ् એ પ્રમાણે ઉપાન્ત્યમાં આકારનો નિર્દેશ શા માટે કરેલ છે ?

**જવાબ :-** ण्यन्त એવાં जास् વિ. ધાતુને જ ગ્રહણ કરવા છે માટે ઉપાન્ત્યમાં આકારનો નિર્દેશ કરેલ છે.

**પ્રશ્ન :-** જો ण्यन्त જ ગ્રહણ કરવાં છે તો जासि-नाटि-क्राथि એ પ્રમાણે સૂત્રમાં ગ્રહણ કેમ ન કર્યું ?

**જવાબ :-** जास् વિ. નાં પ્રયોગમાં જયાં આકાર જણાતો હોય ત્યાં જ આ સૂત્ર લાગે છે. અન્યત્ર નહીં. માટે હવે दस्युम् उदजीजसत् વિ. માં આ સૂત્ર નહીં લાગે.

## नि-प्रेभ्यो घ्नः ૨-૨-૧૫

**અર્થ :-** સમસ્ત (निप्र), વ્યસ્ત (नि અને प्र) અને વિપર્યસ્ત (प्रनि) એવાં नि અને प्र થી પર રહેલાં હિંસા અર્થવાળાં हन् ધાતુના વ્યાપ્યને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** नियश्च प्राश्च इति निप्राः, तेभ्यः (ઇત. દ્વ.)

**વિવેચન** :- **चौरस्य** चौरं वा निप्रहन्ति = ચોરને મારે છે. અહીં હિંસા અર્થવાળો निप्र પૂર્વક हन् ધાતુ છે. તેથી આ સૂત્રથી વિકલ્પે કર્મસંજ્ઞા થઈ છે.

- **हिंसायामित्येव** – रागादीन् निहन्ति = રાગાદિને હણે છે.

  અહીં હિંસા અર્થ નથી. સૂત્રમાં 'प्राणव्यपरोपणं हिंसा' એવો જ અર્થ લેવો છે. જ્યારે ઉદાહરણમાં કોઈ વ્યક્તિને હણવી એવો અર્થ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન** :- સૂત્રમાં બ.વ. શા માટે ?

**જવાબ** :- समस्त, व्यस्त અને विपर्यस्त ત્રણેય પ્રકારે 'नि' અને 'प्र' નો પ્રયોગ કરવા માટે અને અન્ય ઉપસર્ગ પૂર્વક नि અને प्र નો પ્રયોગ થયો હોય તો આ સૂત્રથી વિકલ્પે કર્મસંજ્ઞા નથી થતી તે જણાવવા માટે સૂત્રમાં બ.વ. છે.

દા.ત. **समस्त** - चौरस्य निप्रहन्ति, चौरं निप्रहन्ति ।

**व्यस्त** – चौरस्य चौरं वा निहन्ति, चौरस्य चौरं वा प्रहन्ति ।

**विपर्यस्त** – चौरस्य प्रणिहन्ति, चौरं प्रणिहन्ति ।

**અન્ય ઉપસર્ગપૂર્વક** – चौरं विप्रहन्ति । चौरं विनिहन्ति । અહીં આ સૂત્ર ન લાગતાં कर्तुर्व्याप्यं कर्म ૨-૨-૩ થી નિત્ય કર્મસંજ્ઞા થઈ છે.

## विनिमेय-द्यूतपणं पणव्यवहोः ૨-૨-૧૬

**અર્થ** :- विनिमेय = ખરીદવા યોગ્ય અથવા લેવા યોગ્ય વસ્તુ. **द्यूतपण** = જુગારમાં જીતવા યોગ્ય હોય તે વસ્તુ. पण् અને वि + अव + हृ ધાતુનાં વ્યાપ્ય એવાં विनिमेय અને द्यूतपण ને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ** :- विनिमेयश्च द्यूतपणश्च एतयोः समाहारः इति तत् । (સમા.દ્વ.)

पणश्च व्यवहाच इति पणव्यवहारौ तयोः, (ઇત.દ્વ.)

**વિવેચન** :- शतस्य शतं वा पणायति = સોની લેવડ દેવડ કરે છે. અથવા જુગાર રમે છે.

दशानां दश वा व्यवहरति = દશનો જુગાર રમે છે અથવા લેવડ દેવડ કરે છે.

અહીં पण् અને व्यवहृ ધાતુનાં વ્યાપ્ય અનુક્રમે शत અને दश ને આ સૂત્રથી વિકલ્પે કર્મસંજ્ઞા થઈ.

- **विनिमेय द्यूतपणमिति किम् ?** साधून् पणायति – સાધુઓની સ્તુતિ કરે છે. અહીં પण् એ સ્તુતિ કરવા અર્થમાં છે. માટે તેના વ્યાપ્યને આ સૂત્ર ન લાગ્યું.

**'प्रकृतिग्रहणे स्वार्थिकप्रत्ययान्तानाम् अपि ग्रहणम् ।'** – પ્રકૃતિના ગ્રહણમાં સ્વાર્થિક પ્રત્યયાન્ત પણ ગ્રહણ થાય છે. આ ન્યાયથી पण् ધાતુ आय સ્વાર્થિક પ્રત્યયાન્ત ગ્રહણ કરવો.

આ ન્યાય આત્મનેપદ વિષયમાં અનિત્ય છે. જેમકે **कमेर्णिङ्** ૩-૪-૨ સૂત્રમાં कम् એ આત્મનેપદ છે. णिङ् એ સ્વાર્થિક પ્રત્યય છે. ङ् ઈત્ નું ફળ આત્મનેપદ કરવું તે છે. હવે कम् ધાતુ આત્મનેપદ હોવા છતાં णिङ् માં ङ् ફરીથી કર્યો છે. તે જ જણાવે છે કે સ્વાર્થિક પ્રત્યય લાગતાં આત્મનેપદ વિષયમાં ઉપર્યુક્ત ન્યાય અનિત્ય બને છે. અને कम् ધાતુના રૂપોમાં પ્રત્યય લગાડ્યાં પછી પણ આત્મનેપદ કરવું છે તેથી ङ् કર્યો છે. હવે **इङितः कर्तरि** ૩-૩-૨૨ થી આત્મનેપદ થશે. (અહીં આટલું પ્રાસંગિક લીધું છે. સૂત્રમાં તેની જરૂર નથી.).

સૂત્રમાં વચનભેદ છે તે યથાસંખ્યની નિવૃત્તિ માટે છે બંને અર્થ બંને ધાતુમાં ગ્રહણ કરવાં માટે છે.

## उपसर्गाद् दिवः २-२-१७

**અર્થ :-** ઉપસર્ગથી પર રહેલાં दिव् ધાતુનાં વ્યાપ્ય એવાં વિનિમેય અને દ્યૂતપણ ને કર્મસંજ્ઞા વિકલ્પે થાય છે.

**વિવેચન :-** **शतस्य शतं वा प्रदीव्यति ।** – અહીં प्र પૂર્વક दिव् ધાતુનાં વિનિમેય અને દ્યૂતપણ અર્થવાળા વ્યાપ્યને કર્મસંજ્ઞા વિકલ્પે થઈ.

- **उपसर्गादीति किम् ?** **शतस्य दीव्यति ।** – અહીં प्र ઉપસર્ગપૂર્વક दिव् ધાતુ નથી માટે આ સૂત્ર ન લાગ્યું. અને ૨-૨-૩ થી કર્મસંજ્ઞા પ્રાપ્ત હતી તેનો નીચેના સૂત્રથી નિષેધ કર્યો. તેથી ષષ્ઠી વિભક્તિ થઈ છે.

**કર્મની કર્મસંજ્ઞાનો નિષેધ –**

## न २-२-१८

**અર્થ :-** ઉપસર્ગ રહિત दिव् ધાતુનાં વ્યાપ્ય એવાં વિનિમેય અને દ્યૂતપણને કર્મસંજ્ઞા થતી નથી.

**વિવેચન :-** शतस्य दीव्यति । અહીં ઉપસર્ગ રહિત दिव् ધાતુ છે. તેથી તેમાં વ્યાપ્યભૂત વિનિમેય અને દ્યૂતપણને કર્મસંજ્ઞાનો આ સૂત્રે નિષેધ કર્યો.

**અન્ય કારકને કર્મસંજ્ઞા –**

## करणं च २-२-१९

**અર્થ :-** दिव् ધાતુનાં કરણને કર્મસંજ્ઞા અને કરણસંજ્ઞા (યુગપત્) થાય છે.

**વિવેચન :- કરણની કર્મ સંજ્ઞાનું ફળ –** अक्षान् दीव्यति = પાસાવડે રમે છે.

**કરણની કરણ સંજ્ઞાનું ફળ –** अक्षैर्दीव्यति = પાસાવડે રમે છે.

આ બંને ઉદાહરણમાં યુગપત્ કર્મકરણ સંજ્ઞા હોવા છતાં તેનું ફળ એકીસાથે બતાવી શકાતું નથી. માટે આ બંને ઉદાહરણ ભિન્ન ભિન્ન બતાવ્યા છે. પણ કર્મકરણ યુગપત્ સંજ્ઞા થાય તેવું ફળ ઉદાહરણમાં બતાવવું છે. માટે પ્રેરક વાક્ય જણાવે છે.

**કરણની કર્મકરણસંજ્ઞાનું ફળ –** अक्षैर्देवयते मैत्रश्चैत्रेण ।

**મૂળભેદ –** चैत्रः अक्षैर्दीव्यति । અહીં કર્મ-કરણ સંજ્ઞા બંને એકસાથે બતાવવા માટે अक्षैः પ્રયોગમાં કરણ તરીકે તૃતીયા વિભક્તિ થઈ. અને કર્મ તરીકે જે વખતે કરણ છે તેજ વખતે તે કર્મ પણ છે એમ માનીને ધાતુ સકર્મક ગણ્યો. दिव् ધાતુ નિત્ય અકર્મક હોવાથી મૂળભેદના કર્તાને णिगन्त માં ૨-૨-૫ થી કર્મસંજ્ઞા થવાની હતી તે કર્મસંજ્ઞા અહીં ધાતુ સકર્મક થવાથી ન થઈ. અને કર્તા તરીકે તૃતીયા વિભક્તિ થઈ તેમજ પ્રેરકભેદના કર્તા તરીકે મૈત્ર આવ્યો. એટલે આખો પ્રયોગ मैत्रः चैत्रेण अक्षैः देवयते = મૈત્ર ચૈત્રને પાસાથી રમાડે છે.

**પ્રશ્ન :-** करणं च એ સૂત્રમાં च થી કર્મ લીધું છે. એવું નથી પણ કર્મની અનુવૃત્તિ આવે છે. ત્યારે च થી શું લીધું ?

**જવાબ :-** च થી કર્મ અને કરણ બંનેનો સમુચ્ચય કર્યો છે. હવે જો કર્મ અને કરણનો સમુચ્ચય કરીને બે સંજ્ઞા અલગ-અલગ રાખવી હોત તો 'करणं वा' એ પ્રમાણે સૂત્ર કરત. પણ એમ નહીં કરતા च કર્યો છે એ એકી સાથે કર્મ અને કરણ થાય એ વાતને સૂચવે છે.

**પ્રશ્ન :-** એક જ સંજ્ઞામાં બે સંજ્ઞાનો વ્યવહાર કેવી રીતે થાય ?

જવાબ :- 'प्रतिकार्यं संज्ञा भिद्यन्ते ।' ભિન્ન ભિન્ન કાર્ય માટે ભિન્ન ભિન્ન સંજ્ઞા કરાય છે. દા.ત. સ્ત્રીમાં માતૃત્વ-પત્નીત્વ વગેરે અનેક ધર્મો એકી સાથે રહેલાં છે તેમ જ પુરુષમાં પુત્રત્વ-પિતૃત્વ-પતિત્વ વગેરે અનેક ધર્મો એકસાથે રહેલાં છે. છતાં પ્રધાનતા કોઈ એક દૃષ્ટિએ રહે છે.

તેમ અહીં કરણસંજ્ઞાની પ્રધાનતા માનીને તૃતીયા વિભક્તિ થઈ. તેમજ કર્મ સંજ્ઞાની પ્રધાનતા હોવાથી માત્ર ધાતુ સકર્મક થયો તેટલો વ્યવહાર થશે.

- दिव् નાં કરણને કર્મસંજ્ઞા કરીએ તો નીચે પ્રમાણેનાં પ્રયોગો થાય.

**માત્ર કર્મ તરીકે રાખીએ તો થતા પ્રયોગો –**

દ્વિતીયા (કર્તરિ) – मैत्रोऽक्षान् दीव्यति । આ પ્રયોગમાં કરણની કર્મસંજ્ઞા થઈ અને કરણની કર્મસંજ્ઞા થવાથી કર્મ તરીકે કર્તરિ પ્રયોગમાં દ્વિતીયા વિભક્તિ થઈ. (અહીં કરણ સંજ્ઞા હોવા છતાં તેનું ફળ બતાવી શકાતું નથી.)

अनट् – अक्षाणां देवनम् । – આ પ્રયોગમાં કૃદન્તનાં કર્મ તરીકે ષષ્ઠી થઈ.

આત્મનેપદ (કર્મણિ) – अक्षाः दीव्यन्ते । આ પ્રયોગમાં કર્મણિ તરીકે પ્રથમા થઈ.

**तव्य – अक्षा देवितव्याः ।**

**खल् – अक्षाः सुदेवाः ।**

**अण् – अक्षदेवः ।**

**क्त – अक्षा द्यूताश्चैत्रेण ।**

**હવે તેને કરણ તરીકે રાખીએ તો થતાં પ્રયોગો –**

કર્તરિ – अक्षैर्दीव्यति । કરણ તરીકે તૃતીયા વિભક્તિ થઈ.

अनट् – अक्षैर्देवनम् ।

ભાવે – अक्षैर्दीव्यते ।

तव्य – अक्षैर्देवितव्यम् ।

खल् – अक्षैः सुदेवं मैत्रेण ।

अण् – अक्षैर्द्यूतं चैत्रेण ।

क्त – अक्षा देवनाः ।

**હવે કર્મકરણ તરીકે રાખીએ તો –**

કર્મકરણ તરીકે રાખીએ તો अक्षैः देवयते मैत्रश्चैत्रेण । તેમાં કર્મકરણ તરીકે તૃતીયા વિભક્તિ થઈ. કર્મ તરીકે ધાતુ નિત્ય અકર્મક ન થવાથી મૂળભેદના કર્તાને પ્રેરકભેદમાં ૨-૨-૫ થી કર્મસંજ્ઞા ન થઈ. પ્રાણિકર્તાવાળો હોવા છતાં अक्षैः માં કર્મ પડેલું છે. માટે ધાતુ સકર્મક થવાથી ૩-૩-૧૦૭ થી પરસ્મૈપદ ન થયું.

**અધિકરણની કર્મસંજ્ઞા –**

## अधेः शीङ्-स्थाऽऽस आधारः  २-२-२०

**અર્થ :-** अधि ઉપસર્ગથી યુક્ત शीङ्-स्था અને आस् ધાતુનો આધાર એ કર્મસંજ્ઞારૂપે થાય છે.

**સૂત્રસમાસ :-** शीङ् च स्थाच आस् च एतेषां समाहारः इति तस्य । (સમા. દ્વ.)

**વિવેચન :-** ग्रामम् अधिशेते – ગામમાં સુવે છે.

ग्रामम् अधितिष्ठति = ગામમાં ઉભો રહે છે.

ग्रामम् अध्यास्ते = ગામમાં બેસે છે.

અહીં ત્રણેય વાક્યમાં આધાર અર્થમાં સપ્તમી વિભક્તિ થવાની હતી. પરન્તુ આ સૂત્રથી આધારવાચક ग्राम ને કર્મસંજ્ઞા થઈ તેથી कर्मणि ૨-૨-૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

**આધારની વિકલ્પે કર્મ સંજ્ઞા**

## उपान्वध्याङ्वसः  २-२-२१

**અર્થ :-** उप-अनु-अधि અને आङ् ઉપસર્ગથી પર રહેલાં वस् ધાતુનો આધાર એ કર્મસંજ્ઞા રૂપે થાય છે.

**સૂત્રસમાસ :-** उपश्च अनुश्च अधिश्च आङ् च एतेषां समाहारः । (સમા. દ્વ.)

અહીં उप વિ. ઉપસર્ગોને શબ્દ તરીકે માનીને (સત્ત્વમાં વર્તતાં હોવાથી) વિભક્તિનો લોપ નથી કર્યો જો असत्त्व માં વર્તતા હોત તો चादयोऽसत्त्वे

થી અવ્યય સંજ્ઞા થાત. તેથી વિભક્તિનો લોપ अव्ययस्य સૂત્રથી થઈ જાત. અન્ય સૂત્રોમાં પણ એ પ્રમાણે સમજવું.

**વિવેચન :-** ग्रामम् उपवसति । ग्रामम् अनुवसति । ग्राममधिवसति ।

ग्राममावसति = ગામમાં રહે છે.

- 'अदाद्यनदाद्योरनदादेरेव ग्रहणम् ।' જો ધાતુ अदादि (બીજોગણ) અને अनदादि (બીજા ગણ સિવાયના) બંને ગણમાં હોય તો अनदादि નું જ ગ્રહણ કરવું. આ ન્યાયથી અહીં वस् ૧ લાં ગણનો લેવો.

  अनु+वस् ના સાહચર્યથી उप+वस् ધાતુમાં નિવાસ અર્થને જ ગ્રહણ કરવો અન્ય અર્થ ન લેવો.

## वाऽभिनिविशः २-२-२२

**અર્થ :-** अभि+नि+विश् ધાતુનો આધાર એ વિકલ્પે કર્મસંજ્ઞક થાય છે.

**સૂત્રસમાસ :-** अभिपूर्वः निः इति अभिनिः । अभिनेः परो विट्-अभिनिविट्, तस्य।

**વિવેચન :-** કર્મ – ग्राममभिनिविशते = ગામમાં પ્રવેશ કરે છે.

આધાર – कल्याणे अभिनिविशते = કલ્યાણમાં પ્રવેશ કરે છે.

- સૂત્રમાં वा લખેલ છે તે સામાન્યથી વિકલ્પવાળો નથી પરન્તુ વ્યવસ્થિત વિભાષાવાળો છે. તેથી અમુક પ્રયોગમાં આધાર તે આધાર જ રહે છે. અને કેટલાંક પ્રયોગમાં આધાર તે કર્મ થાય છે. अभि+नि+विश् નાં આધારને ક્યારેક કર્મસંજ્ઞા થાય તો ક્યારેક આધાર સંજ્ઞા રહેશે. માટે તે જણાવવા કર્મ અને આધાર બંનેના ઉદાહરણ આપ્યાં છે.

## कालाध्व-भाव-देशं वाऽकर्म चाऽकर्मणाम् २-२-२३

**અર્થ :-** અકર્મક ધાતુના યોગમાં કાળ, માર્ગ, ભાવ (ક્રિયા), દેશવાચક આધાર એ કર્મસંજ્ઞક વિકલ્પે થાય છે. અને ચકારથી કર્મ અકર્મ સંજ્ઞા યુગપત્ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** कालश्च अध्वाच भावश्च देशश्च एतेषां समाहारः,तत् । (સમા.દ્વ.)

न कर्म इति अकर्म । (ન.ત.)

न विद्यते कर्म येषां ते-अकर्मणः,तेषाम् । (બહુ.)

વિવેચન :- કાળરૂપ આધાર –

**કર્મ તરીકે દ્વિતીયા** – मासमास्ते = માસ સુધી બેસે છે.

અહીં मास એ કાળરૂપ આધાર છે. અને અકર્મક એવા आस् ધાતુના યોગમાં છે. માટે मास ને કર્મસંજ્ઞા થઈ.

**વિકલ્પપક્ષે આધારમાં સપ્તમી** – मासे आस्ते = માસ સુધી બેસે છે.

જ્યારે કર્મસંજ્ઞક ન થાય ત્યારે આધારમાં સપ્તમી વિભક્તિ થાય છે.

**च કારથી કર્મ-અકર્મ યુગપત્** – मासमास्यते = માસ સુધી બેસાય છે.

અહીં કર્મસંજ્ઞા માનીને દ્વિતીયા થઈ અને અકર્મક માનીને ભાવે પ્રયોગ થયો માટે કર્મ ઉક્ત ન થયું તેથી પ્રથમા વિભક્તિ ન થઈ. એ પણ વિકલ્પે થાય છે તેથી—

**તેના પણ વિકલ્પપક્ષે** – मासः आस्यते । જ્યારે કર્મ સંજ્ઞા ન થાય ત્યારે य પ્રત્યય ભાવમાં લાગ્યો.

**अध्वा રૂપ આધાર** –

**કર્મ તરીકે દ્વિતીયા** – क्रोशं शेते = કોશ સુધી સુવે છે.

**વિકલ્પ પક્ષે આધારમાં સપ્તમી** – क्रोशे शेते = કોશ સુધી સુવે છે.

**ચકારથી કર્મ-અકર્મ યુગપત્** – क्रोशं शय्यते = કોશ સુધી સુવાય છે.

**તેના પણ વિકલ્પપક્ષે** – क्रोशः शय्यते = કોશ સુધી સુવાય છે.

ભાવ (ક્રિયા)રૂપ આધાર –

**કર્મ તરીકે દ્વિતીયા** – गोदोहमास्ते = ગાય દોહવાના ટાઈમે બેસે છે.

**વિકલ્પ પક્ષે આધારમાં સપ્તમી** – गोदोहे आस्ते = ગાય દોહવાના ટાઈમે બેસે છે.

**च કારથી કર્મ-અકર્મ યુગપત્** – गोदोहमास्यते = ગાય દોહવાના ટાઈમે બેસાય છે.

**તેના પણ વિકલ્પપક્ષે** – गोदोहः आस्यते = ગાય દોહવાના ટાઈમે બેસાય છે.

દેશ રૂપ આધાર –

કર્મ તરીકે દ્વિતીયા – कुरूनास्ते = કુરુ દેશમાં બેસે છે.

**વિકલ્પ પક્ષે આધારમાં સપ્તમી** – कुरूषु आस्ते = કુરુ દેશમાં બેસે છે.

**ચકારથી કર્મ-અકર્મ યુગપત્** – कुरून् आस्यते = કુરુ દેશમાં બેસાય છે.

***તેના પણ વિકલ્પપક્ષે*** – *कुरव: आस्यन्ते* = કુરુ દેશમાં બેસાય છે.

અધ્વ-ભાવ અને દેશ રૂપ આધારમાં પણ સર્વત્ર કાળરૂપ આધાર પ્રમાણે ઘટના કરવી.

- **अकर्मणामिति किम् ?** रात्रावुद्देशोऽधीत: = રાત્રિને વિષે ઉદ્દેશ ભણાયો. અહીં अधि+इ ધાતુ છે. સકર્મક ધાતુના કાળ સ્વરૂપ આધાર એવી રાત્રિ છે. અકર્મક ધાતુ નથી. માટે આ સૂત્રથી વિકલ્પે કર્મ-અકર્મ સંજ્ઞા થતી નથી. તેથી क्रियाश्रय... ૨-૨-૩૦ થી અધિકરણ સંજ્ઞા થઈ. सप्तम्यधिकरणे ૨-૨-૯૫ થી રાત્રિને સપ્તમી વિભક્તિ થઈ છે.

  **કાળ** = મુહૂર્ત, પક્ષ વિગેરે.... **अध्व** = ગન્તવ્ય ક્ષેત્ર, માઈલ વિગેરે....

  **ભાવ** = ક્રિયા...... દેશ = કુરુવિ. , ગામ, નદી, પર્વત વિગેરે....

  અહીં કર્મ અને અકર્મની બંનેની યુગપત્ વિધિ બતાવી છે. એટલે જ્યારે કર્મ તરીકે મનાય ત્યારે કર્મને દ્વિતીયા વિભક્તિ થશે. અને કર્મ તરીકે ન હોય ત્યારે અકર્મ તરીકે થવાથી ભાવે પ્રયોગ થશે. તેથી ભાવમાં य (क्य) પ્રત્યય લાગ્યો છે. દા.ત. मासमास्यते – मासम् માં કર્મસંજ્ઞા માનીને દ્વિતીયા વિભક્તિ થઈ અને मासम् ને અકર્મ સંજ્ઞામાનીને ધાતુ અકર્મક ગણાવાથી ભાવે પ્રયોગ થયો. જો मासम् માં કર્મસંજ્ઞા જ માનત તો કર્મણિ પ્રયોગ જ થાત. ભાવે પ્રયોગ ન થાત.

  અહીં સૂત્રમાં સામાન્યથી અકર્મ લખ્યું છે તેથી ધાતુ નિત્ય અકર્મક હોય તે લેવાં અને અવિવક્ષિતકર્મકને પણ અકર્મક ગણીને લેવાં.

**કરણનું લક્ષણ –**

## साधकतमं करणम् २-२-२४

**અર્થ :-** ક્રિયાની સિદ્ધિમાં જે પ્રકૃષ્ટ ઉપકારક હોય તેને કરણ સંજ્ઞા થાય છે.

**સૂત્રસમાસ :-** साध्नोति इति साधक: । साधयति इति साधक: । બહૂનાં मध्ये प्रकृष्टं साधकं-साधकतमम् ।

**વિવેચન :-** दानेन भोगानाप्नोति = દાનથી ભોગો મેળવે છે. – અહીં ભોગોને

મેળવવામાં દાન પ્રકૃષ્ટ ઉપકારી છે માટે દાનને કરણ સંજ્ઞા થઈ. તેને ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થઈ છે.

સાધકતમ = એક ક્રિયાને સાધનારા અનેક કારણો હોય છે. તે દરેક કરણ સંજ્ઞક ન બને. પરન્તુ ક્રિયાની પૂર્વે તરતમાં જ જે કારકથી કાર્યની સિદ્ધિ થાય તે જ કારક કરણ સંજ્ઞક બને છે માટે સાધકતમ લખેલ છે.ક્યારેક બે કે ત્રણ પણ કરણ બની શકે છે. દા.ત. रथेन पथा दीपेन याति = માર્ગ દ્વારા દીપકથી રથ વડે જાય છે..... આ પ્રયોગમાં સાપેક્ષતાએ એક પણ વિના ચાલી શકે તેમ ન હોવાથી ત્રણે કરણ બને.

**સંપ્રદાનનું લક્ષણ –**

## कर्माभिप्रेयः संप्रदानम् २-२-२५

**અર્થ :-** કર્તા, કર્મ વડે અથવા ક્રિયા વડે જેની સાથે વિશિષ્ટ ઇચ્છાપૂર્વક પ્રકર્ષે સંબંધ જોડે છે તે સંપ્રદાન સંજ્ઞક થાય છે.

**સૂત્રસમાસ :-** अभिप्रेयते इति अभिप्रेयः । कर्मणा अभिप्रेयः इति कर्माभिप्रेयः । (તૃ.ત.) सम्प्रदीयते अस्मै इति संप्रदानम् ।

**વિવેચન :-** देवाय बलिं दत्ते = દેવને બળી આપે છે.

राज्ञे कार्यमाचष्टे = રાજાને કાર્ય કહે છે.

पत्ये शेते = પતિના (સુખને) માટે સુવે છે. (પતિ સાથે મૈથુનની ઇચ્છાથી સુવે છે.)

અહીં કર્તા બળીરૂપ કર્મ વડે દેવની સાથે, કાર્ય રૂપ કર્મ વડે રાજાની સાથે અને શયન રૂપ ક્રિયા વડે પતિની સાથે વિશિષ્ટ સંબંધ જોડે છે. માટે દેવ, राजन् અને पति ને સંપ્રદાન સંજ્ઞા થઈ છે. માટે ચતુર્થી વિભક્તિ થઈ.

- मनोऽभिलाषे संप्रदानं नान्यत्र ।

**કર્મની સંપ્રદાન સંજ્ઞા –**

## स्पृहेर्व्याप्यं वा २-२-२६

**અર્થ :-** स्पृह् ધાતુના વ્યાપ્યને સંપ્રદાન સંજ્ઞા વિકલ્પે થાય છે.

**વિવેચન :-** पुष्पेभ्यः पुष्पाणि वा स्पृहयति = તે પુષ્પોને ઇચ્છે છે.

स्पृह् ધાતુના વ્યાપ્ય पुष्पने સંપ્રદાન સંજ્ઞા થઈ ત્યારે ચતુર્થી થઈ પક્ષે

કર્મસંજ્ઞક થઈ દ્વિતીયા વિભક્તિ થઈ.

## क्रुद्-द्रुहेर्ष्याऽसूयार्थैर्यं प्रति कोपः २-२-२७

**અર્થ :-** ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયા અર્થવાળા ધાતુના યોગમાં કર્તાનો જેના પ્રત્યે કોપ હોય તે વ્યક્તિને સંપ્રદાન સંજ્ઞા થાય છે.

**સૂત્રસમાસ :-** क्रुध् (क्रुत्) च द्रुहश्च ईर्ष्या च असूया च इति क्रुद्-द्रुहेर्ष्याऽसूयाः। (ઇત.દ્વ.) क्रुद्-द्रुहेर्ष्याऽसूयाः अर्थः येषां ते इति क्रुद्-द्रुहेर्ष्याऽसूयार्थाः, तैः। (બહુ.)

**વિવેચન :-** मैत्राय क्रुध्यति = મૈત્રપર ક્રોધ કરે છે.

मैत्राय द्रुह्यति = મૈત્રનો દ્રોહ કરે છે.

मैत्राय ईर्ष्यति = મૈત્રની ઈર્ષ્યા કરે છે.

मैत्राय असूयति = મૈત્રની અસૂયા, (નિંદા) કરે છે.

અહીં કર્તાનો મૈત્ર પ્રત્યે ક્રોધ વિ. છે. તેથી મૈત્ર ને સંપ્રદાન સંજ્ઞા થઈ. ચતુર્થી ૨-૨-૫૩ થી ચતુર્થી વિભક્તિ થઈ.

**ક્રોધ** = સહનશીલતાનો અભાવ.

**દ્રોહ** = કોઈપણ વ્યક્તિનું ખરાબ કરવાની ઈચ્છા.

**ઈર્ષ્યા** = બીજાની ઉન્નતિ જોઈને બળવું. (મનમાં ખરાબ ઈચ્છવું.)

**અસૂયા** = કોઈપણ વ્યક્તિના ગુણોમાં દોષોને જ પ્રગટ કરવાં તે.

**यं प्रति इति किम् ? मनसा क्रुध्यति** = મનથી ક્રોધ કરે છે.

અહીં વ્યક્તિ પ્રત્યે પ્રગટ ક્રોધ નથી માટે આ સૂત્ર લાગતું નથી.

**कोप इति किम् ?** शिष्यस्य कुप्यति विनयार्थम् = શિષ્યનાં અવિનય ઉપર ગુસ્સો છે. શિષ્ય પર ખરેખર ગુસ્સો નથી. વ્યવસ્થા માટે ગુસ્સો કરવો પડે પણ તે વ્યક્તિ ઉપર ક્રોધાદિ ન હોય તો તેને સંપ્રદાન સંજ્ઞા થતી નથી.

**પ્રશ્ન :-** સૂત્રમાં यं प्रति कोपः એટલું જ લખ્યું છે. ક્રોધથી દ્રોહ વગેરે ભિન્ન સ્વભાવવાળાં કહ્યાં છે. તો તે અર્થવાળા ધાતુના યોગમાં માત્ર यं प्रति कोपः એટલું જ વિશેષણ કેમ કર્યું ? यं प्रति द्रोहः વગેરે પણ કરવું જોઈએ.

**જવાબ :-** સાચી વાત છે. પણ ક્રોધ તો કોપરૂપ છે જ પરંતુ દ્રોહ વિગેરે બે પ્રકારે

થાય છે. કોઈને ક્રોધના નિમિત્તથી દ્રોહ વિગેરે થાય. અને કોઈને અન્ય સ્વાર્થ વિગેરેના કારણે દ્રોહ વિગેરે થાય છે. અહીં ક્રોધાદિ નિમિત્તે દ્રોહ વિગેરે કરનાર લેવાના છે. માટે यं प्रति कोपः એ પ્રમાણે સામાન્યથી કહ્યું.

**પ્રશ્ન :-** ક્રોધ વિ. અર્થવાળા એવું કેવી રીતે ગ્રહણ કર્યું ? સૂત્રમાં તો असूया ની સાથે अर्थ શબ્દ જોડ્યો છે.

જવાબ :- 'द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकम् अभिसम्बध्यते ।' દ્વન્દ્વ સમાસને અન્તે જોડેલ (સંભળાતું) પદ પ્રત્યેકની સાથે સંબંધ પામે છે. એ ન્યાયથી ક્રોધ વિગેરે અર્થવાળા પણ ગ્રહણ કરવા.

**કર્મની સંપ્રદાન સંજ્ઞાનો નિષેધ –**

## नोपसर्गात् क्रुद् द्रुहा २-२-२८

**અર્થ :-** ઉપસર્ગ પૂર્વક क्रुद्-द्रुह ધાતુનાં યોગમાં જેના પ્રત્યે ક્રોધ કરવો હોય તેને સંપ્રદાન સંજ્ઞા થતી નથી.

**સૂત્રસમાસ :-** क्रुध् (क्रुत्) च द्रुह् (ध्रुट्) च एतयोः समाहारः, तेन । (સમા.દ્વ.)

**વિવેચન :-** मैत्रमभिक्रुध्यति = મૈત્ર પ્રત્યે ક્રોધ કરે છે.

मैत्रमभिद्रुह्यति = મૈત્રનો દ્રોહ કરે છે.

અહીં વ્યક્તિ પ્રત્યે ક્રોધ-દ્રોહ હોવા છતાં ધાતુ ઉપસર્ગ પૂર્વક છે તેથી સંપ્રદાન સંજ્ઞા ન થઈ.

- **उपसर्गादिति किम्** ? मैत्राय क्रुध्यति-द्रुह्यति અહીં ઉપસર્ગ પૂર્વક ધાતુ ન હોવાથી ઉપરનાં સૂત્રથી મૈત્રને સંપ્રદાન સંજ્ઞા થઈ. ચતુર્થી વિભક્તિ થઈ.
- ઉપસર્ગ પૂર્વક क्रुद्-द्रुह् ધાતુ સકર્મક બને છે. માટે દ્વિતીયા વિભક્તિ થઈ છે. ઉપસર્ગ વિનાના ધાતુ क्रुद्-द्रुह् સ્વભાવથી જ અકર્મક છે.
- સૂત્રમાં બ.વ. તેવાં અર્થવાળા ધાતુને લેવા માટે છે.

**અપાદાનનું લક્ષણ –**

## अपायेऽवधिरपादानम् २-२-२९

**અર્થ :-** છુટા પડવામાં જે મર્યાદાભૂત હોય તેને અપાદાન સંજ્ઞા થાય છે.

**સૂત્રસમાસ :-** अवधानम् अवधिः । अपादीयते यस्मात् तद् अपादानम् ।

**વિવેચન :-** અપાદાન બે પ્રકારે છે. (૧) કાયસંસર્ગ પૂર્વકનો (૨) બુદ્ધિસંસર્ગ પૂર્વકનો જે વિભાગ તેને અપાદાન કહેવાય છે.

૧. वृक्षात् पर्णं पतति = વૃક્ષ પરથી પાંદડું પડે છે. (કાયસંસર્ગ પૂર્વક અપાય)

૨. व्याघ्राद् बिभेति = વાઘથી ભય પામે છે. (બુદ્ધિસંસર્ગપૂર્વકનો અપાય)

૩. अधर्माद् जुगुप्सते = અધર્મથી જુગુપ્સા કરે છે. (બુદ્ધિસંસર્ગપૂર્વકનો અપાય)

૪. अधर्माद् विरमति = અધર્મથી વિરમે છે. (બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય)

૫. धर्मात् प्रमाद्यति = ધર્મથી કંટાળે છે. (બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય)

૬. चौरेभ्यस्त्रायते = ચોરોથી રક્ષણ કરે છે. (બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય)

૭. अध्ययनात् पराजयते = અધ્યયનથી કંટાળે છે. (બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય)

૮. यवेभ्यो गां रक्षति = જવથી ગાયનું રક્ષણ કરે છે. (બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય)

૯. उपाध्यायात् अन्तर्धत्ते = ઉપાધ્યાયથી છુપાઈ જાય છે. (બુદ્ધિ સંસર્ગપૂર્વકનો અપાય)

૧૦. शृङ्गाच्छरो जायते = શિંગડામાંથી બાણ થાય છે. (કાયસંસર્ગ પૂર્વકનો અપાય)

૧૧. हिमवतो गङ्गा प्रभवति = હિમાલયથી ગંગા નીકળે છે. (કાયસંસર્ગ પૂર્વકનો અપાય)

૧૨. वलभ्याः श्री शत्रुञ्जयः षड्योजनानि = વલભીપુરથી શત્રુંજય છ યોજન છે.

૧૩. कार्तिक्या आग्रहायणी मासे = કાર્તિક પુનમથી માગસર પુનમ એક મહિને છે.

૧૪. चैत्रात् मैत्रः पटुः = ચૈત્રથી મૈત્ર હોંશિયાર છે.

૧૫. माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः = મથુરાના લોકો પાટલિપુત્રનાં લોકો કરતાં વધારે શ્રીમંત છે.

- **અપાદાન ત્રણ પ્રકારે છે.**

(૧) **निर्दिष्ट विषयम् –** यत्र धातुना अपायलक्षणो विषयो निर्दिष्टस्तद् = જ્યાં ક્રિયા દ્વારા અપાય લક્ષણવાળો વિષય બતાવે તે દા.ત. ग्रामाद् आगच्छति = ગામથી આવે છે. અહીં આગમન ક્રિયા દ્વારા અપાય લક્ષણરૂપ ग्राम છે. एवम् - वृक्षात् पर्णं पतति । પતન ક્રિયા દ્વારા અપાય લક્ષણરૂપ वृक्ष છે.

(૨) **उपात्त विषयम् –** यत्र तु धात्वन्तराऽर्थाङ्गं स्वार्थं तद् = અન્ય ધાતુનો અર્થ છે વિશેષણ જેનું એવો ધાતુ જ્યાં સ્વીકારાયેલ હોય તે ઉપાત્ત વિષય. દા.ત. कुशूलात् पचति = કોઠીમાંથી રાંધે છે. (કોઠીમાંથી ચોખા લઈને રાંધે છે.) અહીં વાક્યમાં ચોખા લેવાનો નિર્દેશ નથી. પણ पचति દ્વારા કોઠીમાંથી ચોખા લેવાનો અપાય સમજાઈ જાય છે.

(૩) **अपेक्षित क्रियम् –** यत्र तु क्रियावाचिपदं न श्रूयते केवलं क्रिया प्रतीयते तद् = જેમાં ક્રિયાપદ સંભળાતુ નથી પણ ક્રિયા જણાય છે તે. દા.ત. वलभ्याः श्री शत्रुञ्जयः षड् योजनानि = વલભીપુરથી શ્રી શત્રુંજય છ યોજન છે. અહીં એક ગામથી બીજા ગામનું અંતર ક્રિયાપદ ન હોવા છતાં જણાય છે.

**અધિકરણનું લક્ષણ –**

**क्रियाश्रयस्याऽऽधारोऽधिकरणम्  २-२-३०**

**અર્થ :-** ક્રિયાના આશ્રયરૂપ કર્તા અથવા કર્મનો આધાર એ અધિકરણ સંજ્ઞક થાય છે.

**સૂત્રસમાસ :-** आश्रयणम् आश्रयः । क्रियायाः आश्रयः इति क्रियाश्रयः, तस्य । (ષષ્ઠી ત.) अधिक्रियते स्म इति अधिकरणम् ।

**વિવેચન :-** (૧) कटे आस्ते = તે સાદડી પર બેસે છે. અહીં બેસવાની ક્રિયાના આશ્રય રૂપ કર્તાનો આધાર कट છે. તેથી कट ને અધિકરણ સંજ્ઞા થઈ.

(૨) स्थाल्यां तण्डुलान् पचति = તપેલીમાં ચોખાને રાંધે છે. અહીં રાંધવાની ક્રિયાના આશ્રયભૂત तण्डुल રૂપ કર્મનો આધાર स्थाली છે. તો स्थाली ને અધિકરણ સંજ્ઞા થાય છે.

**અધિકરણ ૬ પ્રકારે છે.**

(૧) **वैषयिकम्** – अनन्यत्र भावः विषयः तस्मै प्रभवति वैषयिकम् = જેનો અન્યત્ર સંભવ જ ન હોય તે. દા.ત. दिवि देवाः । नभसि तारकाः । भुवि मनुष्याः । – દેવોનો સ્વર્ગમાં જ વાસ હોય છે. તેઓનો અન્યત્ર સંભવ જ નથી. તેથી દેવો એ સ્વર્ગનો વિષય બન્યો. અને વિષયનાં સ્થાનભૂત સ્વર્ગ તે વૈષયિક અધિકરણ કહેવાય. તેવી જ રીતે તારા આકાશમાં જ હોય છે. મનુષ્યો પૃથ્વી પર જ હોય છે. વિગેરે...

(૨) **औपश्लेषिकम्** – एकदेशमात्रसंयोगः उपश्लेषः तत्र भवम्-औपश्लेषिकम्. દા.ત. कटे आस्ते – કર્તાનો કટ પર બેસવા દ્વારા એક દેશ માત્રનો સંયોગ છે તે ઉપશ્લેષ અને તેનાં આશ્રયભૂત કટ તે ઔપશ્લેષિક અધિકરણ કહેવાય. એવી જ રીતે पर्यङ्के शेते । शाखायां लम्बते । गृहे तिष्ठति । ઇત્યાદિ...

(૩) **अभिव्यापकम्** – यस्य आधेयेन समस्तावयवसंयोगः तद्-अभिव्यापकम्। દા.ત. तिलेषु तैलम् – આધેય સ્વરૂપ જે તેલ તેની સાથે આધારરૂપ તલનાં સમગ્ર અવયવનો સંયોગ રહેલો છે. તેથી તે તલ અભિવ્યાપક અધિકરણ કહેવાય. એવી જ રીતે 'दध्नि सर्पिः । गवि गोत्वम् । तन्तुषु पटः । ઇત્યાદિ...

(૪) **सामीप्यकम्** – यद् आधेयसन्निधिमात्रेण क्रियाहेतुः तत्-सामीप्यकम् । દા.ત. गङ्गायां घोषः । – ગંગા સમીપ ઘોષરૂપ આધેયનું માત્ર રહેવાપણું (સંનિધિ) જ છે. તો પણ તે ગંગા એ ક્રિયાનાં હેતુભૂત બની માટે તે સામીપ્યક અધિકરણ કહેવાય.

(૫) **नैमित्तिकम्** – निमित्तम् एव-नैमित्तिकम् । દા.ત. युद्धे सन्नह्यते । – કર્તાની જે ક્રિયા 'सन्नह्यते' છે તે ક્રિયાનું નિમિત્ત યુદ્ધ છે. એટલે યુદ્ધ એ નૈમિત્તિક અધિકરણ કહેવાય. એવી રીતે छायायाम् आश्वसिति । आतपे क्लाम्यति । ઇત્યાદિ.

(૬) **औपचारिकम्** – उपचारे भवम्-औपचारिकम् । દા.ત. स मे मुष्टिमध्ये तिष्ठति = તે મારી મુઠીની મધ્યમાં રહે છે. અહીં કોઈ વ્યક્તિ મુઠીમાં સમાતી નથી. પણ તે વ્યક્તિ પાસે ધાર્યું કામ કઢાવી શકે છે. તે મુઠીમાં ઉપચાર કર્યો. તો मुष्टिमध्य એ औपचारिक અધિકરણ કહેવાય. એવી જ રીતે अङ्गुल्यग्रे करिशतमास्ते । यो यस्य प्रियः स तस्य हृदये वसति ।

વિભક્તિ પ્રકરણ – પ્રથમા વિભક્તિ

## नाम्नः प्रथमैक-द्वि-बहौ २-२-३१

**અર્થ** :- એ.વ., દ્વિ.વ. અને બ.વ.માં વર્તતા નામથી પર અનુક્રમે सि (स्), औ, जस् (अस्) રૂપ પ્રથમા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ** :- एकश्च द्वौ च बहवश्च एतेषां समाहारः, तस्मिन् । (સમા.દ્વ.)

અહીં પણ લાઘવ કરવાં નપું. સપ્તમી એ.વ. 'बहुनि' ન કરતાં 'बहौ' કર્યું છે.

**વિવેચન** :- डित्थः, गौः, शुक्लः, कारकः, दण्डी ।

કારકો છ પ્રકારે છે. (કારકમાં કોઈને કોઈ સંબંધ હોય જ છે. સંબંધ વિનાનું કાંઈ હોતું જ નથી. એટલે) કોઈપણ જાતના સંબંધમાં જો કારકની વિવક્ષા ન કરીએ તો ત્યાં સંબંધે ષષ્ઠી વિભક્તિ થાય છે.

છએ કારકો અને સંબંધ કોઈપણ પ્રત્યયોથી કહેવાઈ જતાં હોય તો તે માત્ર નામ સ્વરૂપે જ રહે છે. તે નામને આ સૂત્રથી પ્રથમા વિભક્તિ થાય છે.

'षट्सु कारकेषु सम्बन्धे च उक्ते प्रथमा दर्शयति = છએ કારક અને સંબંધ ઉક્ત થયે છતે જે પ્રથમા વિભક્તિ થાય છે તે બતાવાય છે.

(૧) **કર્તા કારક ઉક્ત થતાં થતી પ્રથમા** – जिनो जयति = જીનેશ્વર ભગવંત જય પામે છે. कुम्भकारः घटं करोति = કુંભાર ઘડો કરે છે. અહીં 'जिन' અને 'कुम्भकार' બે કર્તા છે. અને કર્તામાં हेतु कर्तृ करणे... ૨-૨-૪૪ થી તૃતીયા થવાનો સંભવ છે. પણ जयति અને करोति કર્તરિ પ્રયોગમાં શિત્ પ્રત્યયો આવતાં कर्त्तर्यनद्भ्यः शव् ૩-૪-૭૧ થી शव् પ્રત્યય કર્તામાં થાય છે. તેથી शव् દ્વારા કર્તાકારક ઉક્ત થઈ જાય છે. હવે કારકાર્થ કહેવાઈ ગયો પણ નામાર્થ બાકી છે એટલે 'उक्ते कारके प्रथमा स्यात् ।' એ પરિભાષાથી जिन અને कुम्भकार એ બંને નામને હવે આ સૂત્રથી પ્રથમા વિભક્તિ જ થશે. તેવી જ રીતે क्तवतु = कृतवान् પણ કર્તામાં થાય છે. તેથી કર્તા ઉક્ત થતાં પ્રથમા થાય.

(૨) **કર્મ કારક ઉક્ત થતાં થતી પ્રથમા** – जैनेन दया क्रियते (कृतः) = જૈન વડે દયા કરાય છે. कुम्भकारेण घटः क्रियते (कृतः) = કુંભારવડે ઘડો

કરાયો. અહીં दया અને घट એ કર્મ છે તેને કર્મ તરીકે દ્વિતીયા વિભક્તિ થવાની હતી પણ क्रियते માં કર્મણિ પ્રયોગમાં शित् પ્રત્યય આવતાં क्यः शिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય થાય છે. તેનાથી કર્મકારક કહેવાઈ જાય છે. જેથી કર્મને લગતી જે દ્વિતીયા થતી હતી તે ન થતાં માત્ર નામ રહે છે. તેથી તે કર્મને પ્રથમા વિભક્તિ થાય.

(૩) **કરણ કારક ઉક્ત થતાં થતી પ્રથમા** – छिद्यते अनेन (शस्त्रेण) इति छेदनम् = આ (શસ્ત્ર) વડે છેદાય છે. छेदनम् इदं (शस्त्रम्) છેદનારું એવું આ શસ્ત્ર – અહીં શસ્ત્ર શબ્દ કરણ છે. અને કરણ કારકને જણાવવા માટે हेतु-कर्तृ... ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થાય. પરન્તુ 'करणाऽऽधारे' ૫-૩-૧૨૯ સૂત્રથી કરણ અને આધારમાં अनट् પ્રત્યય થાય છે. તેથી કરણ ઉક્ત થઈ જવાથી હવે શસ્ત્રને પ્રથમા વિભક્તિ થાય છે.

(૪) **સંપ્રદાન કારક ઉક્ત થતાં થતી પ્રથમા** – दीयते अस्मै ब्राह्मणाय= બ્રાહ્મણને અપાય છે. दानीयः अयम् ब्राह्मणः = દાન આપવા યોગ્ય આ બ્રાહ્મણ.અહીં બ્રાહ્મણ શબ્દ સંપ્રદાન કારક રૂપ છે. અને સંપ્રદાન કારકને ચતુર્થી વિભક્તિ થાય છે. પરન્તુ बहुलम् ૫-૧-૨ સૂત્રથી સંપ્રદાન અર્થમાં પ્રત્યય થતો હોવાથી अनीय પ્રત્યય દ્વારા સંપ્રદાન ઉક્ત થાય છે. તેથી હવે તેને ચતુર્થી વિભક્તિ ન થતાં પ્રથમા વિભક્તિ જ થાય છે. (दीयते तस्मै दानीयः)

(૫) **અપાદાન કારક ઉક્ત થતાં થતી પ્રથમા** – बिभेति अस्मात् व्याघ्रात् = આ વાઘથી ભય પામે છે. *भयानकः अयम् व्याघ्रः* = ભયાનક એવો આ વાઘ. અહીં વ્યાઘ્ર શબ્દ અપાદાન કારક રૂપે છે. અને તેને અપાદાનનાં અર્થમાં પંચમી વિભક્તિ થાય છે. પરન્તુ भीमादयोऽपादाने ૫-૧-૧૪ સૂત્રથી અપાદાનનાં અર્થમાં अनक પ્રત્યયાન્ત નિપાતન થયેલું છે. માટે भीमः કે भयानकः માં અપાદાન કારક ઉક્ત થઈ જાય છે. તેથી હવે માત્ર નામ જ રહેશે. માટે આ સૂત્રથી પ્રથમા જ થશે.

(૬) **સંબંધ ઉક્ત થતાં થતી પ્રથમા** – (આ કારક નથી.) धनम् अस्ति यस्य = ધન છે જેની પાસે તે. અહીં ધનવાન્ તે સંબંધ છે. તેને ષષ્ઠી થવાની હતી. પરન્તુ तदस्याऽस्ति... ૭-૨-૧ થી જે मतु પ્રત્યય થાય છે. તે સંબંધના અર્થને કહી દે છે. તેથી હવે ષષ્ઠી નહીં થાય. પ્રથમા જ થશે.

धनवान् अयम् = ધનવાળો એવો આ.

(૭) **અધિકરણ કારક ઉક્ત થતાં થતી પ્રથમા –** आस्यते अस्मिन् इति आसनम् = જેના ઉપર બેસાય તે આસન. એ અધિકરણ કારક રૂપ છે. તેને આધારમાં સપ્તમી થવાની હતી. પરન્તુ 'करणाऽऽधारे' ૫-૩-૧૨૯ થી अनट् પ્રત્યય આધાર અર્થમાં થાય છે. તેથી આધાર ઉક્ત થતાં હવે સપ્તમી થશે નહીં પરન્તુ માત્ર નામ રહેવાથી પ્રથમા વિભક્તિ થાય છે.

## आमन्त्र्ये २-२-३२

**અર્થ :-** આમન્ત્ર્ય વિષયમાં એકવચન, દ્વિવચન અને બહુચનમાં વર્તતા ગૌણ નામથી પર પ્રથમા વિભક્તિ થાય છે.

**વિવેચન :-** हे देव !

आमन्त्र्य इति किम् ? राजा भव । અહીં આમન્ત્ર્ય અર્થ નથી. તેથી ઉપરનાં સૂત્રથી પ્રથમા વિભક્તિ થઈ છે.

- राजा भव । ઉદાહરણ મૂકીને જણાવે છે કે જો આ સૂત્ર ન બનાવ્યું હોત તો हे देवदत्त ! राजा भव । આ વાક્યમાં આમન્ત્ર્ય-આમન્ત્રણ ભાવનો સંબંધ હોવાથી 'शेषे' ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઈ જાત. પરન્તુ આ સૂત્ર કર્યું તેથી હવે તે આપત્તિ આવતી નથી.

**દ્વિતીયા વિભક્તિ – ષષ્ઠીનાં અપવાદમાં દ્વિતીયા -**

## गौणात् समया-निकषा-हा-धिगन्तराऽन्तरेणाऽति येन-तेनैर्द्वितीया २-२-३३

**અર્થ :-** समया, निकषा, हा, धिक्, अन्तरा, अन्तरेण, अति, येन, तेन આ અવ્યયોથી યુક્ત એ.વ., દ્વિ.વ. અને બ.વ. માં વર્તતા ગૌણ નામથી અનુક્રમે अम्-औ-शस् રૂપ દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** समया च निकषा च हा च धिक् च अन्तरा च अन्तरेण च अति च येन च तेन च इति समया-निकषा-हा-धिगन्तराऽन्तरेणाऽति-येन-तेनाः, तैः । (ઇત.દ્વ.)

**વિવેચન :-** समया ग्रामम् = ગામની નજીક

निकषा गिरिं नदी = પર્વતની નજીક નદી.

हा मैत्रं व्याधिः = અરે ! (શું) મૈત્રને વ્યાધિ.

धिग् जाल्मम् = લુચ્ચાને ધિક્કાર હો.

अन्तरा निषधं निलं च विदेहाः = નિષધ અને નિલ પર્વતની વચ્ચે વિદેહો છે.

अन्तरेण निषधं निलं च विदेहाः = નિષધ અને નિલ પર્વતની વચ્ચે વિદેહો છે.

अन्तरेण धर्मं सुखं न स्यात् = ધર્મ વિના સુખ થાય નહીં.

अतिवृद्धं कुरून् महद् बलम् = કૌરવોનાં બળને અતિક્રમીને પાંડવોનું ઘણું બળ વૃદ્ધિ પામેલું છે.

येन पश्चिमां गतः = જે બાજુથી પશ્ચિમમાં ગયો.

तेन पश्चिमां नीतः = તે બાજુથી પશ્ચિમમાં લઈ જવાયો.

- આ સૂત્રથી ૨-૨-૧૧૯ સૂત્ર સુધી 'गौणात्' ની અનવૃત્તિ જાય છે.
- येन-तेन લક્ષ્ય-લક્ષણ ભાવને બતાવનારા છે.

**પ્રશ્ન :-** સૂત્રમાં બ.વ. શા માટે છે ?

**જવાબ :-** સૂત્રમાં નિર્દેશ કર્યા સિવાયનાં યાવત્-તાવત્ વિ.નાં ગ્રહણ માટે એટલે તેની સાથે પણ દ્વિતીયા થાય તેવું જણાવવા માટે.

- **ગૌણનામ** – यस्य नाम्नः अख्यातपदेन सामानाधिकरण्यं नास्ति तद् **गौणम्। यस्य तु अस्ति तन्मुख्यम्** = જે નામનું ક્રિયાપદની સાથે સમાનાધિકરણપણું નથી. તે ગૌણ નામ કહેવાય. જે નામનું ક્રિયાપદની સાથે સમાન અધિકરણપણું છે તે મુખ્ય નામ કહેવાય. समया ग्रामम् **नदी। અહીં अस्ति એ ક્રિયાપદ અધ્યાહાર છે. यत्र क्रिया न श्रूयते** तत्रास्तिर्भवन्तीति परः प्रयुज्यते । એ ન્યાયથી જ્યાં ક્રિયાપદ ન હોય ત્યાં अस्ति વિ. ક્રિયાપદ જોડાય છે. અહીં अस्ति ક્રિયાપદનો કર્તા नदी છે એટલે સમાનાધિકરણ नदी નું છે તેથી नदी એ મુખ્ય નામ બને અને ग्राम નું સમાનાધિકરણ પણું નથી માટે તે ગૌણ નામ કહેવાય તેથી ગૌણ નામ ग्राम ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ.

## द्वित्वेऽधोध्युपरिभिः ૨-૨-૩૪

**અર્થ :-** *દ્વિરુક્ત થયેલાં अधस्, अधि અને उपरि થી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા*

વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** अधश्च अधि च उपरि च इति अधोऽध्युपरय:, तै: । (ઇત.દ્વ.)

द्वयो: भाव:-द्वित्वं, तस्मिन् ।

**વિવેચન :-** अधोऽधो ग्रामं ग्रामा: = ગામની નજીકમાં ગામો છે.

अध्यधि ग्रामं ग्रामा: = ગામની નજીકમાં ગામો છે.

उपर्युपरि ग्रामं ग्रामा: = ગામની નજીકમાં ગામો છે.

અહીં सामीप्येऽधोध्युपरि ૭-૪-૭૯ સૂત્રથી સમીપ અર્થમાં દ્વિત્વ થયેલ છે.

- **द्वित्व इति किम् ?** अधो गृहस्य = ઘરની નીચે. અહીં દ્વિરુક્ત થયેલ નથી તેથી આ સૂત્ર ન લાગતાં 'शेषे' ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઈ.

**પ્રશ્ન :-** સૂત્રમાં બ.વ. શા માટે ?

**જવાબ :-** यथासङ्ख्यनिवृत्यर्थम् । નહીંતર यथासङ्ख्यमनुदेश:समानाम् ન્યાયથી अधस् ની સાથે अम् પ્રત્યય अधि ની સાથે औ પ્રત્યય અને उपरि ની સાથે शस् પ્રત્યય એ પ્રમાણે અનુક્રમ થઈ જાત.

- આ ષષ્ઠીનું અપવાદ સૂત્ર છે.

## सर्वोऽभयाऽभि-परिणा-तसा ૨-૨-૩૫

**અર્થ :-** तसन्त એવાં सर्व, उभय, अभि અને परि થી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** सर्वश्च उभयश्च अभिश्च परिश्च एतेषां समाहार: इति सर्वोऽभयाऽभिपरि, तेन । (સમા. દ્વ.)

**વિવેચન :-** सर्वत: परित: वा ग्रामं वनानि = ગામની ચારે બાજુ વનો છે.

उभयत: अभित: वा ग्रामं वनानि = ગામની બંને બાજુ વનો છે.

- આ સૂત્ર शेषे ૨-૨-૮૧ નો અપવાદ છે.

  किमद्व्यादि... ૭-૨-૮૯ થી सर्व અને आद्यादिभ्य: ૭-૨-૮૪ થી उभय ને तस् પ્રત્યય થયો છે.

  पर्यभे: सर्वोभये ૭-૨-૮૩ થી परि અને अभि ને तस् પ્રત્યય થયો છે.

- આ ષષ્ઠીનું અપવાદ સૂત્ર છે.

## लक्षणवीप्स्येत्थम्भूतेष्वभिना २-२-३६

**અર્થ** :- લક્ષણ, વીપ્સ્ય અને ઇત્થમ્ભૂત આ ત્રણ અર્થના વિષયમાં अभि થી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** विशेषेण ईप्स्यते अनेन इति वीप्स्यम् । लक्षणं च वीप्स्यं च इत्थंभूतश्च इति लक्षणवीप्स्येत्थम्भूताः, तेषु । (ઇત. દ્વ.)

**વિવેચન :- લક્ષણ** – लक्ष्यते येन तल्लक्षणं = જેના વડે લક્ષ્યભૂત કરાય તે. દા.ત. 'वृक्षमभि विद्युत्' = વૃક્ષ તરફ વિજળી. અહીં વૃક્ષ વડે લક્ષ્યભૂત વીજળી જણાય છે. તેથી વૃક્ષ એ લક્ષણ કહેવાય. માટે આ સૂત્રથી વૃક્ષ ને દ્વિતીયા વિભક્તિ થઇ.

**વીપ્સ્ય** – विशेषेण आप्तुम् इच्छा इति वीप्सा तत्कर्म वीप्स्यम् = વિશેષે પ્રાપ્ત કરવાની ઇચ્છા તે વીપ્સા અને તેનું કર્મ તે વીપ્સ્ય. 'वृक्षं वृक्षमभिसेकः' = દરેક વૃક્ષને તું સિંચ. અહીં સિંચન ક્રિયા દ્વારા વૃક્ષને પ્રાપ્ત કરવાની ઇચ્છા છે. માટે સિંચન કરવું તે વીપ્સા અને તેનું કર્મ વૃક્ષ તે વીપ્સ્ય કહેવાય. માટે વૃક્ષ ને દ્વિતીયા વિભક્તિ થઇ. અહીં वीप्सायाम् ૭-૪-૮૦ થી વીપ્સાનાં વિષયમાં વીપ્સાના વ્યાપ્યને દ્વિત્વ થાય છે.

**ઇત્થમ્ભૂત** – केनचित् विवक्षितेन विशेषेण भावः इत्थम्भावः तद्विषय **इत्थम्भूतः** = કોઇપણ વિવક્ષિત વિશેષણ વડે જે થવું તે **इत्थम्भाव** અને તેનો વિષય તે **इत्थम्भूत**. દા.ત. **'साधुर्मैत्रो मातरमभि'** = **મૈત્ર** માતા પ્રત્યે સજ્જન છે. અહીં **'साधु'** વિશેષણ વાળો **मैत्र** છે તેથી તે ઇત્થમ્ભાવ. અને તેનો વિષય તેની માતા છે માટે **मातृ** ઇત્થમ્ભૂત છે. તેથી **मातृ** ને **દ્વિતીયા વિભક્તિ થઇ.**

**પ્રશ્ન** :- સૂત્રમાં બહુવચન શા માટે ?

**જવાબ** :- यथासङ्ख्यनिवृत्त्यर्थम् । નહીંતર લક્ષણ વિગેરે ત્રણનો એકવચન, દ્વિવચન અને બહુવચન સાથે અનુક્રમ થઇ જાય.

● અહીં अभिसेकः માં वृत्यन्तोऽसषे ૧-૧-૨૫ સૂત્રથી अभि અને सेक બંને પદસંજ્ઞક થાય છે. અને सेक માં स પદની આદિમાં છે. માટે स् નો ष् થતો નથી.

## भागिनि च प्रतिपर्यनुभिः २-२-३७

**અર્થ :-** સ્વીકાર કરવા યોગ્ય હોય તે ભાગ અને તેનો સ્વામી તે ભાગી. લક્ષણ-વીપ્સ્ય-ઇત્થમ્ભૂત અને ભાગી અર્થના વિષયમાં **प्रति-परि અને अनु** સાથે જોડાયેલ ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** प्रतिश्च परिश्च अनुश्च इति प्रतिपर्यनवः, तैः । (ઇત. દ્વ.)

**વિવેચન :-** (૧) यदत्र मां प्रति मां परि-मामनु स्यात् तद् दीयताम् = અહીં જે મારું છે તે મને આપો. - અહીં ભાગી અર્થમાં પ્રતિ વિગેરેથી યુક્ત अस्मद् છે માટે તેને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઇ છે. (ભાગી = ભાગીદાર.)

(૨) वृक्षं प्रति-परि-अनु वा विद्युत् = વૃક્ષની પાછળ વિજળી. (લક્ષણ.)

(૩) वृक्षं वृक्षं प्रति-परि-अनु वा सेकः = પ્રત્યેક વૃક્ષને તું સીંચ. (વીપ્સ્ય.)

(૪) साधु मैत्रो मातरं प्रति-परि-अनु वा = મૈત્ર માતા પ્રત્યે સારો છે. (ઇત્થમ્ભૂત).

- **एतेष्विति किम् ?** अनुवनस्याऽशनिर्गता = વનની સમીપે વીજળી ગઇ. અહીં લક્ષણ વિગેરે અર્થ નથી. માત્ર પરિસ્થિતિનું વિધાન કર્યું છે માટે આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન :-** સૂત્રમાં બહુવચન શા માટે ?

**જવાબ :-** यथासङ्ख्यनिवृत्यर्थम् । એકવચનમાં प्रति સાથે, દ્વિવચનમાં परि સાથે અને બહુવચનમાં अनु સાથે ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે. કોઇ આવો અર્થ ન કરી લે માટે...

**તૃતીયાના અપવાદમાં દ્વિતીયા –**

## हेतु-सहार्थेऽनुना २-२-३८

**અર્થ :-** હેતુ-જનકહેતુ, સહ-તુલ્યયોગ, વિદ્યમાનતા અને ઉપચારથી તેનો વિષય (ક્ષેત્રપણ સહાર્થ). હેતુ અને સહ અર્થના વિષયમાં **अनु થી** યુક્ત ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** सहस्य अर्थः इति सहार्थः । (ષષ્ઠી ત.)

हेतुश्च सहार्थश्च एतयोः समाहारः इति हेतुसहार्थं, तस्मिन् । (સમા.દ્વ.)

**વિવેચન :-** હેતુ બે પ્રકારે છે. (૧) જ્ઞાપક હેતુ. (૨) જનક હેતુ.

૧. **જ્ઞાપક હેતુ** - કાર્યને જણાવનાર જે હેતુ તે જ્ઞાપક હેતુ કહેવાય. દા.ત. वृक्षं प्रति विद्युत् = વૃક્ષ તરફ વિજળી. અહીં વૃક્ષ દ્વારા વિજળીનું જ્ઞાન થયું એટલે વિજળી રૂપ કાર્યને જણાવનાર વૃક્ષ એ જ્ઞાપક હેતુ કહેવાય.

૨. **જનક હેતુ** - કાર્યને ઉત્પન્ન કરવામાં જે કારણ હોય પણ જેમાં ક્રિયા ન રહેલી હોય તે જનકહેતુ કહેવાય. દા.ત. जिनजन्मोत्सवमन्वागच्छन् सुराः = જીનેશ્વર દેવનાં જન્મોત્સવ નિમિત્તે દેવો આવ્યા. (હેતુ.) અહીં દેવોના આગમનને ઉત્પન્ન કરનાર 'જીનેશ્વર દેવનો જન્મોત્સવ' છે. પરંતુ તેમાં કોઈ ક્રિયા રહી નથી. તેથી તે જનકહેતુ કહેવાય. એટલે अनु થી યુક્ત 'जिनजन्मोत्सव' ને દ્વિતીયા વિભક્તિ થઈ છે.

અહીં સૂત્રમાં જનકહેતુ ગ્રહણ કર્યો છે.

गिरिमन्ववसिता सेना = પર્વત જેટલી સેના. (તુલ્યયોગ.) જેટલો પર્વત લાંબો છે તેટલી સેના લાંબી છે. गिरि એ સહાર્થ અને अनु થી યુક્ત પણ છે. તેથી गिरि ને દ્વિતીયા વિભક્તિ થઈ છે.

**પ્રશ્ન :-** હેતુ બે પ્રકારે છે. જનક અને જ્ઞાપક. તો અહીં જનક હેતુ કેમ લીધો ?

**જવાબ :-** ૨-૨-૩૬/૩૭ સૂત્રથી જ્ઞાપક હેતુને દ્વિતીયા વિભક્તિ સિદ્ધ જ છે. તેથી આ સૂત્રમાં જનક હેતુને જ દ્વિતીયા વિભક્તિ કરી છે.

- **हेतुकर्तृ........** ૨-૨-૪૪ થી થતી તૃતીયા વિભક્તિનો બાધ કરીને આ સૂત્રે *દ્વિતીયા વિભક્તિ કરી છે.*

## उत्कृष्टेऽनूपेन २-२-३९

**અર્થ :-** ઉત્કૃષ્ટ અર્થના વિષયમાં अनु અને उप થી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** अनुश्च उपश्च एतयोः समाहारः इति अनूपं,तेन । (સમા.દ્વ.)

**વિવેચન :-** ૧. अनुसिद्धसेनं कवयः = કવિઓ સિદ્ધસેનની પાછળ છે. (એટલે કે સિદ્ધસેન સર્વ કવિઓમાં ચડિયાતા છે) સર્વત્ર એ પ્રમાણે સમજવું.

૨. उपोमास्वातिं संग्रहीतारः = સર્વ સંગ્રહકારો ઉમાસ્વાતિની પાછળ છે.

एवम् – अनुमल्लवादिनं तार्किकाः । उपजिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः ।

**કર્મકારકને દ્વિતીયા –**

- કર્મકારક સંજ્ઞા જેને પણ થાય તેને **कर्मणि** ૨-૨-૪૦ થી દ્વિતીયા વિભક્તિ થાય અને જ્યારે કર્મકારક સંજ્ઞા ન થાય ત્યારે **शेषे** ૨-૨-૮૧ સૂત્ર ન લગાડતાં દ્વિતીયા વિભક્તિ જ કરવી છે તેના માટે गौणात् .... ૨-૨-૩૩ વિગેરે સૂત્રો લાગશે.

## कर्मणि ૨-૨-૪૦

**અર્થ** :- કર્મના વિષયમાં ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**વિવેચન** :-

૧. कटं करोति = સાદડી કરે છે. અહીં સાદડી હતી નહીં અને નવી ઉત્પન્ન થઈ છે તેથી તે નિર્વર્ત્ય કર્મ કહેવાય.

૨. तण्डूलान् पचति = ચોખા રાંધે છે. અહીં અન્ય ગુણને ધારણ કરવા રૂપ વિકૃતિ છે માટે તે વિકાર્ય કર્મ કહેવાય.

૩. रविं पश्यति = સૂર્યને જુવે છે. અહીં જોવાની ક્રિયા દ્વારા તે સૂર્યને પ્રાપ્ત કરવાને ઈચ્છે છે માટે તે પ્રાપ્ય કર્મ કહેવાય.

૪. अजां नयति ग्रामम् = બકરીને ગામ લઈ જાય છે.

અહીં દ્વિકર્મક ધાતુ છે. ક્રિયાપદ नयति ની સાથે સીધો સંબંધ ધરાવતું अजा એ મુખ્ય કર્મ છે. અને ग्राम એ ગૌણ કર્મ છે.

અહીં સૂત્રમાં કર્મવાચક ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે. તેમ કહ્યું છે. ग्राम ની અપેક્ષાએ अजा પ્રધાન હોવાથી તેને દ્વિતીયા વિભક્તિ ન થાય. પરંતુ ક્રિયાપદની અપેક્ષાએ પ્રધાન કર્મ ભલે अजा હોય પણ પ્રધાન નામ તો અન્ય વ્યક્તિ છે તેમજ अजा અને ग्राम બંનેનું ક્રિયાપદની સાથે સમાનાધિકરણ નથી. તેથી अजा અને ग्राम બંને ગૌણ નામ છે. માટે બંનેને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

૫. गां दोग्धि-पयः = ગાયનું દુધ દોહે છે. (આ પણ દ્વિકર્મક ધાતુ છે)

અહીં ક્રિયાપદની સાથે સીધો સંબંધ पयस् નો છે. માટે તે મુખ્ય કર્મ છે. અને મુખ્ય કર્મની સિદ્ધિ માટે गो ની જરૂર છે. માટે गो એ ગૌણ

કર્મ છે. પરંતુ ક્રિયાપદની સાથે ગો અને પયસ્ બંનેનું અસમાનાધિકરણ છે. માટે બંને ગૌણ નામ છે. તેથી બંને કર્મને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

## क्रियाविशेषणात् ૨-૨-૪૧

**અર્થ :-** ક્રિયાનું જે વિશેષણ વાચક નામ તે ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** विशिष्यते अनेन इति विशेषणं । क्रियायाः विशेषणम् इति क्रियाविशेषणं, तस्मात् ।

**વિવેચન :-** ક્રિયામાં જે વિશેષતા બતાવે તેને ક્રિયા વિશેષણ કહેવાય. ક્રિયા વિશેષણ તે કર્મ ન કહેવાય તેથી તેને દ્વિતીયા વિભક્તિ કરવાની પણ કર્મસંજ્ઞક નહીં માનવાના. કર્મ માનીએ તો જ્યારે કૃદન્તનો પ્રયોગ કર્યો હોય ત્યારે 'કૃદન્તના કર્મને ષષ્ઠી આવે.' માટે તેને ષષ્ઠી કરવી પડે, પણ અહીં તો દ્વિતીયા વિભક્તિ જ આ સૂત્રથી કરવી છે. માટે કર્મ તરીકે ન માનવા. એટલે આ સૂત્ર કર્મસંજ્ઞા માટે નથી દ્વિતીયા વિભક્તિ માટે છે.

- ક્રિયા વિશેષણ એ અવ્યય નથી પણ તેમાં કોઈ ફેરફાર થતો નથી. માટે અવ્યયની વ્યુત્પત્તિ તેમાં ઘટતી હોવાથી અવ્યયવત્ મનાય છે.

(૧) स्तोकं पचति = થોડું રાંધે છે. અહીં રાંધવા રૂપ ક્રિયાનું स्तोक એ વિશેષણ છે માટે स्तोक ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

(૨) सुखं स्थाता = સુખ પૂર્વક ઉભો રહે છે. અહીં ઉભા રહેવાની ક્રિયાનું વિશેષણ सुख છે તેથી सुख ને આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

**પ્રશ્ન :-** પ્રથમાના અધિકારમાં આ સૂત્ર બનાવ્યું હોત તો શું વાંધો હતો ? પ્રથમા વડે પણ સર્વ રૂપો સિદ્ધ થશે.

**જવાબ :-** पुण्यवांस्त्वमथो पचति शोभनं ते भार्या ।– અહીં शोभनं તે દ્વિતીયાન્ત પદ છે. માટે युष्मद् નો ૨-૧-૩૨ સૂત્રથી वस्-नस् આદેશ નહીં થાય. પ્રથમાન્ત પદ હોત તો તે અને વિકલ્પે तव આદેશ પણ થઈ જાત. તેવું ન કરતા ૨-૧-૩૧ થી નિત્ય આદેશ તે જ કરવો છે. માટે આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ કરી છે અને તેથી જ દ્વિતીયાનાં અધિકારમાં આ સૂત્ર કરેલું છે.

**પ્રશ્ન :-** દ્રવ્યનાં રૂપ-ક્રિયા વિગેરે વિશેષણ થઈ શકે કારણકે દ્રવ્યમાં રૂપ-ક્રિયા રહે છે તેવી રીતે ક્રિયામાં ક્રિયા કે ગુણ રહેતા નથી. '**निर्गुणाः गुणाः** क्रिया च इति ।' એ શાસ્ત્ર વચન છે. તો કેવી રીતે ક્રિયાનું વિશેષણ સંભવે ? દા.ત. પાણી શીતલ છે. અહીં પાણીનું શીતલ વિશેષણ છે. પણ શીતલનું વિશેષણ બીજું કોઈ બની શકે નહીં. તેમ ક્રિયાનું વિશેષણ બની શકે નહીં.

**જવાબ :-** તમારી વાત સાચી છે. પરંતુ સજાતીય વિશેષતાની અપેક્ષાએ ઉત્કર્ષપણું દેખાય છે. એક સાથે એક સરખાં ત્રણ ઘટ પડ્યાં હોય તો તે સમયે એકબીજાની અપેક્ષાએ रक्त-रक्ततर-रक्ततम વગેરે શબ્દ પ્રયોગ થઈ શકે છે. તેવી જ રીતે સજાતીય દ્રવ્યની અપેક્ષાએ ક્રિયામાં વિશેષણ રહેલ છે. આમ તો ક્રિયામાં વિશેષણ રહે નહી પરંતુ આ થોડું રાંધે છે. એવું બોલતા અર્થાપત્તિથી જણાય છે કે બીજા વધારે રાંધતા હોવા જોઈએ. માટે રાંધવાની ક્રિયામાં બીજા સજાતીય દ્રવ્યની અપેક્ષાએ થોડું વિશેષણ ઘટી શકે. તેવી રીતે આ ખૂબ જ સરસ રાંધે છે. એવું બોલતા અન્યની રાંધવાની ક્રિયા કરતાં આની સારું રાંધવાની ક્રિયા છે. એટલે પરસ્પરની અપેક્ષાએ એક ક્રિયામાં વિશેષતા રહી. આવી રીતે ક્રિયાનું વિશેષણ બની શકે. અન્યથા યઙન્તનું કાર્ય જ થઈ શકત નહીં. **पचति** = રાંધે છે. पापच्यते = વારંવાર રાંધે છે. તો રાંધવાની ક્રિયામાં વારંવાર રાંધવા સ્વરૂપ ક્રિયા રહી. આ રીતે યઙન્ત પ્રત્યય વિધિ થાય છે. તે જ બતાવે છે કે ક્રિયાનું વિશેષણ સંભવી શકે છે.

**ષષ્ઠી અને સપ્તમીનાં અપવાદમાં દ્વિતીયા –**

## **काला-ऽऽध्वनोर्व्याप्तौ** ૨-૨-૪૨

**અર્થ :-** વ્યાપ્તિ = અત્યન્ત સંયોગ. વ્યાપ્તિ ગમ્યમાન હોતે છતે કાળવાચી અને અધ્વવાચી ગૌણ નામથી દ્વિતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** कालश्च अध्वा च इति **कालाऽऽध्वानौ, तयोः** । (સમા.દ્વ.)

व्यापनम् इति व्याप्तिः, तस्मिन् ।

**વિવેચન :-** (૧) દ્રવ્ય – मासं गुडधानाः = એક મહિના સુધી ગોળધાણા. (આપે છે.)

(૨) ગુણ – मासं कल्याणी = એક મહિના સુધી કલ્યાણથી ભરપુર છે.

(૩) ક્રિયા – मासम् अधीते = એક મહિના સુધી ભણે છે.

આ ત્રણેયમાં मास એ કાળવાચી છે. 'એક મહિના સુધી' એ પ્રમાણે વ્યાપ્તિ છે. માટે અહીં આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

(૧) દ્રવ્ય – क्रोशं गिरि: = એક કોશ સુધી પર્વત છે.

(૨) ગુણ – क्रोशं कुटिला नदी = એક કોશ સુધી નદી વાંકી છે.

(૩) ક્રિયા – क्रोशम् अधीते = એક કોશ સુધી ભણે છે.

આ ત્રણેયમાં क्रोश એ અધ્વવાચી છે. 'એક કોશ સુધી' એ પ્રમાણે દ્રવ્યાદિ સાથે વ્યાપ્તિ છે. માટે આ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

- **व्याप्ताविति किम्** ? मासस्य मासे वा द्व्यहं गुडधाना: ।
  એક માસમાં બે દિવસ ગોળધાણા... અહીં વ્યાપ્તિ નથી પણ બે દિવસ જ છે. તેથી આ સૂત્ર ન લાગ્યું.
  क्रोशस्य क्रोशे वा एकदेशे कुटिला नदी = કોશનાં એક દેશમાં વાંકીચુંકી નદી છે. અહીં પણ વ્યાપ્તિ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.
- વ્યાપ્તિ = स्वसम्बन्धिना द्रव्यगुणक्रियारूपेणात्यन्त संयोग: = સ્વસંબંધિ (કાળ અને માર્ગ)ની સાથે દ્રવ્ય ગુણ અને ક્રિયા રૂપ વડે અખંડ-નિરંતર જે સંયોગ તેને વ્યાપ્તિ કહેવાય છે.
- આ સૂત્રથી થતી દ્વિતીયા વિભક્તિ ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનો બાધ કરનારી છે.

**તૃતીયા વિભક્તિ - દ્વિતીયાનો અપવાદ તૃતીયા –**

## सिद्धौ तृतीया २-२-४३

**અર્થ :-** સિદ્ધિ = ફળ નિષ્પત્તિ અર્થ ગમ્યમાન હોતે છતે કાળ અને અધ્વવાચક ગૌણ નામથી टा-भ्याम्-भिस् સ્વરૂપ તૃતીયા વિભક્તિ અનુક્રમે એકવચન-દ્વિવચન-અને બહુવચનમાં થાય છે.

**વિવેચન :-** (૧) मासेन-मासाभ्यां-मासैर्वाऽऽवश्यकमधीतम् = એક મહિને, બે મહિને અથવા ઘણા મહિને આવશ્યક ભણાયું. અહીં કાળવાચી માસ શબ્દ દ્વારા આવશ્યક ભણવા સ્વરૂપ ફળની નિષ્પત્તિ જણાય છે. માટે

તૃતીયા થઇ..

(૨) क्रोशेन - क्रोशाभ्यां - क्रोशैर्वा प्राभृतमधीतम् = એક ગાઉ, બે ગાઉ અથવા ઘણા ગાઉમાં પ્રાભૃત ભણાયું. અહીં અધ્વવાચી વાક્યમાં પ્રાભૃત ભણવા સ્વરૂપ ફળની નિષ્પત્તિ છે. માટે તૃતીયા થઈ.

- **सिद्धाविति किम् ?** मासमधीत आचारो नानेन गृहीतः = એક મહિના સુધી ભણ્યો પણ આના વડે આચાર ગ્રહણ કરાયો નહીં. અહીં ફળ નિષ્પત્તિ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

कालाध्वनो... ૨-૨-૪૨ થી થતી દ્વિતીયા વિભક્તિનું અપવાદ આ સૂત્ર છે.

**કર્તા અને કરણ કારકને તૃતીયા થાય છે.**

- જેને કર્તા કારક સંજ્ઞા અને કરણ કારક સંજ્ઞા થાય છે તેને તેમજ હેતુને हेतु-कर्तृ... ૨-૨-૪૪ સૂત્ર લાગી તૃતીયાવિભક્તિ થાય છે. પરંતુ જેને કર્તા કારક કે કરણ કારક સંજ્ઞા થતી નથી પરંતુ અન્ય સ્થાને પણ शेषे ૨-૨-૮૧ સૂત્ર ન લગાડતાં તૃતીયા વિભક્તિ જ કરવી છે તેને सिद्धौ तृतीया ૨-૨-૪૩ વિગેરે સૂત્રો લાગે છે.

**ષષ્ઠીનો પણ અપવાદ (ઇત્થમ્ભૂતમાં)**

## हेतु-कर्तृ-करणेत्थम्भूतलक्षणे ૨-૨-૪૪

**અર્થ :-** હેતુ = ફળને સિદ્ધ કરવામાં યોગ્ય હોય તે હેતુ.

ઇત્થમ્ભૂતલક્ષણ = કોઇપણ પ્રકારની વિશેષતાને પ્રાપ્ત કરેલ હોય તે. ઇત્થમ્ભૂત અને તેનું જે ચિહ્ન તે ઇત્થમ્ભૂત લક્ષણ. આ હેતુ કર્તા, કરણ અને ઇત્થમ્ભૂતલક્ષણના વિષયમાં ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** इमं प्रकारं भूतः (आपन्नः)-इत्थम्भूतः ।

इत्थम्भूतः लक्ष्यते येन सः-इत्थम्भूतलक्षणः । (બહુ.)

हेतुश्च कर्ता च करणं च इत्थम्भूतलक्षणञ्च एतेषां समाहारः–हेतु-कर्तृकरणेत्थम्भूतलक्षणं, तस्मिन् । (સમા. દ્વ.)

**વિવેચન :-** ૧ हेतु – धनेन कुलम् = ધનવડે કુળ.

૨ कर्तृ – चैत्रेण कृतम् = ચૈત્ર વડે કરાયું.

૩ करण – दात्रेण लुनाति = દાતરડાવડે કાપે છે.

૪ इत्थम्भूतलक्षण – अपि त्वं कमण्डलुना छात्रमद्राक्षीः ? શું તે કમણ્ડલુથી વિદ્યાર્થીને જોયો ? અહીં कमण्डलु એ ઇત્થમ્ભૂત લક્ષણ છે.

**પ્રશ્ન** :- ૨-૨-૩૬ માં ઇત્થમ્ભૂત છે અને આ સૂત્રમાં પણ ઇત્થમ્ભૂત લક્ષણ છે તેમાં તફાવત શું ?

**જવાબ** :- ૨-૨-૩૬ માં ઇત્થમ્ભૂત એટલે જેના પ્રત્યે વિશિષ્ટ પ્રકારનો ભાવ છે તે ઇત્થમ્ભૂત અને અહીં જેના વડે તેવો ભાવ જણાય છે તે અર્થાત્ ઇત્થમ્ભૂતલક્ષણ લેવાનું છે. 'छात्र' એ ઇત્થમ્ભૂત છે અને 'कमण्डलु' એ ઇત્થમ્ભૂતલક્ષણ છે.

**પ્રશ્ન** :- सर्व कारकेषु कर्ता कारकः मुख्यम् । એ પ્રમાણે કર્તા કારકને જ મુખ્ય કહેવાય છે. કર્તા સિવાયના અન્ય કારક ગૌણ કહેવાય છે. તો આ સૂત્રમાં કર્તા વાચી ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે. એવું શા માટે કહ્યું ?

**જવાબ** :- चैत्रेण कटः कृतः । અહીં ક્રિયાની સિદ્ધિમાં મુખ્યતા चैत्र ની છે. તેથી તે કર્તૃસંજ્ઞક તો થશે જ પરન્તુ 'यस्य नाम्नः आख्यातपदेन सामानाधिकरण्यं नास्ति तद् गौणम्' । એ વચન છે. અહીં ક્રિયાપદની સાથે चैत्र નું સમાનાધિકરણ નથી. તેથી તે ગૌણ નામ કહેવાય છે. એટલે કર્તા તરીકે પ્રધાન હોવા છતાં નામ તરીકે ગૌણ એવાં चैत्र ને આ સૂત્રથી તૃતીયા વિભક્તિ થાય છે. તે યથાર્થ જ છે.

**ઉપપદ તૃતીયા – ૪૫ થી ૪૭**

## सहार्थे ૨-૨-૪૫

**અર્થ** :- સહાર્થમાં – તુલ્યયોગ અને વિદ્યમાનતા અર્થ ગમ્યમાન હોતે છતે ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ** :– सहस्य अर्थः–सहार्थः, तस्मिन् । (ષ. તત્પુ.) सह अर्थः विद्यते यस्मिन् सः–सहार्थः, तस्मिन् । (બહુ.)

**વિવેચન** :- (૧) ક્રિયા – पुत्रेण सह आगतः = પુત્રની સાથે આવ્યો. અહીં ગમન ક્રિયાવડે તુલ્યયોગ છે.

(૨) ગુણ – पुत्रेण सह स्थूलः = પુત્રની સાથે સ્થૂલ. અહીં સ્થૂલ ગુણવડે તુલ્યયોગ.

(૩) દ્રવ્ય – पुत्रेण सह गोमान् = પુત્રની સાથે ગાયવાળો. અહીં ગાય રૂપ દ્રવ્ય વડે તુલ્યયોગ.

(૪) જાતિ – पुत्रेण सह ब्राह्मणः = પુત્રની સાથે બ્રાહ્મણ. અહીં બ્રાહ્મણરૂપ જાતિ વડે તુલ્યયોગ.

- एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भयम् ।
  सहैव दशभिः पुत्रैः भारं वहति गर्दभी ॥

  એક સુપુત્ર સાથે પણ સિંહણ નિર્ભય થઈને સુવે છે. અને દશપુત્રની સાથે પણ ગધેડી ભારને વહન કરે છે.

**પ્રશ્ન** :- વિદ્યમાનતા હોવાથી તુલ્યયોગ આવી જાય છે. તો પછી કેમ પૃથક્ ગ્રહણ કર્યો ?

**જવાબ** :- અહીં सहैव०...પદમાં 'गर्दभी' ની સાથે ૧૦ પુત્રો હોવા છતાં ગધેડી ભારને વહન કરે છે. એવી વિવક્ષા છે. તો વિદ્યમાનતા છે પણ તુલ્યયોગ નથી. કારણકે તુલ્યયોગ ત્યારે જ થાય કે જ્યારે દસ પુત્રો પણ ભારને વહન કરતાં હોય. એટલે તુલ્યયોગ ન હોય અને માત્ર વિદ્યમાનતા જ હોય તો પણ તૃતીયા વિભક્તિ થાય છે. તેવું જણાવવા માટે પૃથક્ ગ્રહણ કર્યો.

## यद्भेदैस्तद्वदाख्या २-२-४६

**અર્થ** :- જે ભેદિનાં ભેદો વડે તદ્વાન્ (ભેદિવાન્) ની પ્રસિદ્ધિ થતી હોય તો ભેદિને તૃતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ** :– सः अस्य अस्ति इति तद्वान् । (બહુ.) तद्वतः आख्या इति तद्वदाख्या । (ષ. તત્પુ.) यस्य भेदाः इति यद्भेदाः, तैः । (ષ. તત્પુ.)

**વિવેચન** :- अक्ष्णा काणः = આંખ વડે કાણો.

पादेन खञ्जः = પગ વડે લંગડો.

प्रकृत्या दर्शनीयः = સ્વભાવથી સુંદર.

ભેદ – काणत्व खञ्जत्व दर्शनीयत्व

| | | | |
|---|---|---|---|
| ભેદી – | આંખ | પગ | સ્વભાવ |
| ભેદિવાન્ – | વ્યક્તિ | વ્યક્તિ | વ્યક્તિ |

કાણત્વથી કાણી આંખવાળા વ્યક્તિની, ખંજત્વથી લંગડા પગવાળા વ્યક્તિની, સુંદરતાથી સુંદર સ્વભાવવાળા વ્યક્તિની પ્રસિદ્ધિ થઇ છે માટે ભેદિ એવાં આંખ-પગ અને સ્વભાવને તૃતીયા વિભક્તિ આ સૂત્રથી થાય છે.

- **तद्वद् ग्रहणं किम्** ? अक्षि काणं पश्य = કાણી આંખને જો.
  અહી આંખ એ ભેદિ છે. કાણત્વ એ તેનો ભેદ છે. પરંતુ આ ભેદ વડે ભેદિવાન્ ની કોઇ વિવક્ષા નથી. માટે ભેદિને તૃતીયા વિભક્તિ ન થઇ.
- आख्या इति प्रसिद्धि परिग्रहार्थं तेन अक्ष्णा दीर्घः इति न स्यात् । आख्या એ શબ્દ પ્રસિદ્ધિ અર્થને જણાવવા માટે મૂકેલો છે. માટે 'अक्ष्णा दीर्घः' આવા પ્રકારનો પ્રયોગ ન થાય કારણકે ભેદિ જે આંખ તેનો ભેદ જે દીર્ઘત્વ તે દીર્ઘત્વથી ભેદિવાન્ ની પ્રસિદ્ધિ થતી નથી. આંખના દીર્ઘત્વથી વ્યક્તિને 'દીર્ઘ' એવું કહેવાતું નથી. કાણી આંખવાળાને 'કાણો' એ પ્રમાણે કહેવાય છે. એ શબ્દ જગતમાં પ્રસિદ્ધ છે. 'દીર્ઘ' શબ્દ પ્રચલિત નથી માટે અહીં તૃતીયા વિભક્તિનો પ્રયોગ થાય નહીં.

## कृताद्यैः ૨-૨-૪૭

**અર્થ :-** 'कृत' છે આદિમાં જેને એવા ગણપાઠમાંના નિષેધઅર્થવાળાં શબ્દોથી યુક્ત ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** कृतं आद्यं येषु ते कृताद्याः–तैः, कृताद्यैः । (બહુ.)

**વિવેચન :-** कृतं तेन = તેનાથી સર્યું. किं गतेन = જવા વડે કરીને શું ?

**પ્રશ્ન :-** સૂત્રમાં બ. વ. શા માટે ?

**જવાબ :-** માત્રાના લાઘવ માટે. એકવચન કર્યું હોત તો आद्येन થાત તેથી માત્રા વધી જાત.

**સપ્તમીનો અપવાદ તૃતીયા ૪૮-૪૯**

## काले भान्नवाऽऽधारे ૨-૨-૪૮

**અર્થ :-** કાળ અર્થમાં વર્તતા નક્ષત્રવાચક ગૌણ નામથી આધારમાં તૃતીયા

વિભક્તિ વિકલ્પે થાય છે.

**વિવેચન :-** पुष्येण पुष्ये वा पायसम् अश्नीयात् = પુષ્યનક્ષત્રથી યુક્ત કાળમાં ખીર ખાવી જોઈએ.

- **काल इति किम्** ? पुष्येऽर्कः = પુષ્યનક્ષત્રમાં સૂર્ય. અહીં નક્ષત્ર વાચક શબ્દ છે. આધાર છે. પરંતુ કાળવાચક નથી. તેથી આ સૂત્ર ન લાગ્યું.
- **भादिति किम्** ? तिलपुष्पेषु यत्क्षीरम् = તલને ફૂલ આવવાનાં સમયે દુધ. અહીં કાળવાચક શબ્દ છે. આધાર છે. પરંતુ નક્ષત્રવાચક શબ્દ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.
- **आधार इति किम्** ? अद्य पुष्यं विद्धि = આજે પુષ્યનક્ષત્ર છે તે તું જાણ. અહીં આધાર નથી કર્મ છે. માટે આ સૂત્ર ન લાગ્યું.
- 'काले' અને 'आधारे બન્નેને સપ્તમી કરી છે. કારણકે 'आधारे' ની અનુવૃત્તિ નીચે લઈ જવી છે. काले ની નથી લઈ જવી. નહીંતર બન્નેનો સમાસ થઈ શકત.

**પ્રશ્ન :- સપ્તમી** અને તૃતીયા તો સિદ્ધ હતી જ તો આ સૂત્રની રચના શા માટે ?

**જવાબ :-** ષષ્ઠીના અપવાદ માટે. જ્યારે આધારની વિવક્ષા ન કરે ત્યારે સંબંધની અપેક્ષાએ ષષ્ઠી થઈ જાત. તેવું નથી કરવું માટે ષષ્ઠીના અપવાદ અને સપ્તમીના વિકલ્પ માટે આ સૂત્રનું પ્રણયન છે.

## प्रसितोत्सुकावबद्धैः २-२-४९

**અર્થ :-** પ્રસિત, ઉત્સુક અને અવબદ્ધ નામથી યુક્ત આધાર અર્થમાં વર્તતા ગૌણ નામથી તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** प्रकर्षेण सितः इति प्रसितः । (તૃતીયા ત.)

प्रसितश्च उत्सुकश्च अवबद्धश्च इति प्रसितोत्सुकावबद्धाः, तैः । (સમા.દ્વ.)

**વિવેચન :-** कैशैः केशेषु वा प्रसितः = વાળમાં અત્યંત આસક્ત થયેલો.

गृहेण गृहे वा उत्सुकः = ઘરમાં જ ઉત્સુક.

केशैः केशेषु वा अवबद्धः = વાળમાં બંધાયેલો.

**પ્રશ્ન :-** સૂત્રમાં બહુવચન શા માટે છે ?

**જવાબ :-** यथासङ्ख्यनिवृत्यर्थम् । प्रसित થી યુક્ત ગૌણ નામથી એકવચન,

उत्सुक થી યુક્ત ગૌણ નામથી દ્વિવચન અને अवबद्ध થી યુક્ત ગૌણ નામથી બહુવચન થાય. આવો અનર્થ કોઈ ન કરે માટે.

- ષષ્ઠીનો બાધ કરવા માટે આ સૂત્ર છે.
- प्रसित શબ્દ ગુણવચન પણ છે અને ક્રિયાવચન પણ છે.

गुणवचन – प्रकृष्टः सितः (शुक्लः)

क्रियावचन – यः स्यतेः सिनोतेर्वा । – અહીં આ બે પ્રકારમાંથી અવબદ્ધ અને ઉત્સુક ના સાહચર્યથી ક્રિયાવચન સ્વરૂપ શબ્દ ગ્રહણ કરવાનો છે.

**દ્વિતીયાનો અપવાદ તૃતીયા. ૫૦-૫૧**

## व्याप्ये द्विद्रोणादिभ्यो वीप्सायाम् २-२-५०

**અર્થ** :- વ્યાપ્યમાં વર્તતા દ્વિદ્રોણ વિગેરે ગૌણ નામથી વીપ્સા અર્થ ગમ્યમાન હોય તો તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ** :– द्वौ द्रोणौ मानम् अस्य सः-द्विद्रोणः । (તૃતીયા ત.)

द्विद्रोणः आदिः येषां ते-द्विद्रोणादयः,तेभ्यः-द्विद्रोणादिभ्यः । (બહુ.)

**વિવેચન** :- द्विद्रोणेन धान्यं क्रीणाति = બબ્બે દ્રોણ પ્રમાણ અનાજ ખરીદે છે.

द्विद्रोणं द्विद्रोणं धान्यं क्रीणाति = બબ્બે દ્રોણ પ્રમાણ અનાજ ખરીદે છે.

द्विद्रोण નામને 'मानम्' ६-४-१६९ થી इकण् પ્રત્યય થાય છે. અને 'अनाम्न्यद्विः प्लुप्' ६-४-१४१ થી તે इकण् નો લોપ થાય છે.

पञ्चकेन पशून् क्रीणाति = પાંચ પાંચ પશુને ખરીદે છે.

पञ्चकं पञ्चकं पशून् क्रीणाति = પાંચ પાંચ પશુને ખરીદે છે.

पञ्च मानम् अस्य पञ्चकं । पञ्चन् નામને 'सङ्ख्यायाः'... ६-४-१३१ થી क પ્રત્યય થવાથી पञ्चक થયું.

વીપ્સા માં તૃતીયા વિભક્તિનું વિધાન કરાયેલ હોવાથી વીપ્સા અર્થ કહેવાઈ જાય છે. 'उक्तार्थानामप्रयोगः ।' એ ઉક્તિથી તૃતીયાન્ત द्विद्रोण અને पञ्चक હવે દ્વિરુક્ત થતું નથી જ્યારે વિકલ્પપક્ષમાં દ્વિતીયા વિભક્તિ કર્મમાં વિધાન કરાયેલી હોવાથી દ્વિતીયા વિભક્તિ કરીએ ત્યારે દ્વિરુક્ત થાય છે.

અહીં તૃતીયા વિભક્તિ જેને જેને વીપ્સા અર્થમાં થઈ છે. તેવાં બધાં

શબ્દનો સમાવેશ द्विद्रोण માં કરી લેવો.

- **आदि શબ્દનાં જુદા જુદા ચાર અર્થ થાય છે.**
- **સમીપાર્થ** - ग्रामादौ घोषः = ગામની નજીકમાં (શરૂઆતમાં) ઝુંપડી છે.
- **પ્રકારાર્થ** - देवदत्तादयः आढ्याः = દેવદત્ત વિગેરે ધનવાળા છે. જે જે ધનવાળા છે તે તે બધાનો સમાવેશ દેવદત્તની સાથે થઈ જશે.
- **વ્યવસ્થાઅર્થ** - ब्राह्मणादयः वर्णाः = બ્રાહ્મણ વિગેરે (ચાર) વર્ણો છે. અહીં વ્યવસ્થા અર્થમાં ગણપાઠ આવશે.
- **અવયવવાર્થ** - स्तम्भादयः गृहाः = થાંભલા વિગેરે ઘરનાં અવયવો છે. आदि થી બારી, બારણાં વિગેરે જણાઈ જાય છે.

અહીં પ્રકારાર્થ લેવાનો છે.

## समो ज्ञोऽस्मृतौ वा २-२-५१

**અર્થ :-** સ્મૃતિથી ભિન્ન અર્થના વિષયમાં सम् + ज्ञा ધાતુનું જે કર્મ તેમાં વર્તતાં ગૌણ નામથી તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** न स्मृतिः इति अस्मृतिः, तस्मिन् । (નઞ્ તત્પુ.)

**વિવેચન :-** मात्रा मातरं वा संजानीते = માતાને જાણે છે. संजानीते માં संप्रतेरस्मृतौ ૩-૩-૬૯ થી આત્મનેપદ થયું છે.

- **अस्मृताविति किम् ? मातरं संजानाति** – માતાને યાદ કરે છે. અહીં સ્મરણ અર્થ હોવાથી તૃતીયા વિભક્તિ થઈ નથી. ૨-૨-૪૮ થી **नवा** ની અનુવૃત્તિ ચાલુ જ હતી છતાં અહીં ફરીથી **वा** નું ગ્રહણ કર્યું છે તે **नवा** ની અનુવૃત્તિ અટકાવવા માટે.
- **સૂત્રમાં 'संज्ञः' ન કરતાં 'समो ज्ञो' ... એ પ્રમાણે કર્યું તે समः ની** અનુવૃત્તિ નીચે લઈ જવા માટે...

**ચતુર્થીનો અપવાદ તૃતીયા –**

## दामः संप्रदानेऽधर्म्ये आत्मने च २-२-५२

**અર્થ :-** सम् + दा ધાતુનાં અધર્મ્ય અર્થવાળા એવાં સંપ્રદાનના વિષયમાં ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે. અને ત્યારે सम् + दा ધાતુ આત્મનેપદ થાય છે.

**સૂત્રસમાસ :–** सम्प्रदीयते अस्मै इति सम्प्रदानं, तस्मिन् ।

धर्माद् अनपेतं-धर्म्यम् । न धर्म्यम् इति अधर्म्यं, तस्मिन् । (નઞ્ તત્પુ.)

**વિવેચન :-** दास्या संप्रयच्छते कामुकः = કામી માણસ દાસીને આપે છે.

**अधर्म्य इति किम् ?** पत्न्यै संप्रयच्छति = પત્નીને આપે છે. પત્ની એ અધર્મ્ય નથી માટે અહીં આ સૂત્ર ન લાગ્યું. 'चतुर्थी' ૨-૨-૫૩ સૂત્રથી ચતુર્થી થઈ.

**પ્રશ્ન :-** दास्या संप्रयच्छते कामुकः । અહીં સહ અર્થમાં તૃતીયા વિભક્તિ થઈ શકતી હતી એટલે કે ધન પૂર્વકનાં સંભોગમાં दा ધાતુ વર્તે છે. 'धनं दत्त्वा दास्या सह सम्भुङ्क्ते । આવાં પ્રયોગથી દાસી નામને સહના યોગમાં તૃતીયા વિભક્તિ થઈ શકત. તેથી આ સૂત્ર બનાવવાની જરૂર પડત નહીં વળી આવાં પ્રકારનાં પ્રયોગથી ક્રિયાવ્યતિહારની પણ પ્રાપ્તિ થવાથી આત્મનેપદ થઈ જતું હતું. ક્રિયાવ્યતિહાર = પરસ્પર અથવા એકબીજાની ક્રિયાની અદલીબદલી. અહીં સંભોગ સ્વરૂપ ક્રિયાને કારણે દાસીને કામુકે ધન આપ્યું છે. આથી क्रियाव्यतिहारे... ૩-૩-૨૩ થી આત્મનેપદ અને ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ બન્નેની પ્રાપ્તિ હોવાથી આ સૂત્રની રચના જ નિરર્થક છે. શા માટે બનાવ્યું ?

**જવાબ :-** આ સૂત્ર ન બનાવ્યું હોત તો (सम् + दा) આ ધાતુ સિવાય તથા सम् ઉપસર્ગ વિના અને અધર્મ્યનાં અભાવમાં પણ તૃતીયા વિભક્તિ થાત. તથા સંપ્રદાનની વિવક્ષામાં ચતુર્થી વિભક્તિ પણ થાત. આથી આ સૂત્ર બનાવવાથી હવે નિયમ બનશે કે જેને જેને ચતુર્થી થઈ હશે તેને તૃતીયા વિભક્તિ નહીં જ થાય. તથા અધર્મ્ય અર્થમાં જે दासी શબ્દને તૃતીયા વિભક્તિ આ સૂત્રથી કરવામાં આવે તો તે પ્રયોગમાં સંપ્રદાનની વિવક્ષા કરીને दासी શબ્દને ચતુર્થી વિભક્તિ નહીં થાય. અન્યથા 'विवक्षातः कारकाणि' ન્યાયથી એક જ પ્રયોગમાં કારકો વિવક્ષાને આધીન હોવાથી दासी શબ્દને સંપ્રદાનની વિવક્ષામાં ચતુર્થી પણ થાત. તેને અટકાવવા માટે આ સૂત્રની રચના છે.

**પ્રશ્ન :-** सम् + दा ધાતુને આત્મનેપદ કરવું તેવું કહ્યું છે તો અહીં તો सम् + प्र + दा ધાતુ પ્રયોગમાં છે તો ત્યાં આત્મનેપદ કેવી રીતે થાય ? અને દાસીને તૃતીયા વિભક્તિ પણ ન થવી જોઈએ.

**જવાબ** :- સાચી વાત છે. પણ सम् + दा ધાતુનો પ્રયોગ प्र નાં વ્યવધાન વિના થતો જ નથી. અને ન્યાય છે કે 'येन नाव्यवधानं तेन व्यवहितेऽपिस्यात् ' – જ્યાં જે વર્ણાદિ વડે અવશ્ય વ્યવધાન થાય જ છે તે વ્યવધાનવાળું ગણાતું નથી. ત્યાં તેનું વ્યવધાન હોવા છતાં પણ જે કાર્ય બતાવ્યું તે થઈ શકે છે. આ ન્યાયથી सम् + दा ધાતુના ગ્રહણથી सम् + प्र + दा ધાતુનું પણ ગ્રહણ થઈ શકશે.

- सम् ઉપસર્ગની અનુવૃત્તિ ઉપરથી ચાલુ જ છે અને તે સૂત્રમાં 'सम्' ને પંચમી વિભક્તિ કરી છે. પંચમી વિભક્તિથી બતાવેલ કાર્ય **पञ्चम्या निर्दिष्टे परस्य'** ૭-૧-૧૦૪ સૂત્ર પ્રમાણે सम् પછી તરત જ दा આવવો જોઈએ. પરંતુ તે અસંભવ હોવાથી प्र નાં વ્યવધાન પૂર્વક બતાવ્યો છે.
- અહીં સૂત્રમાં ચકાર લખ્યો છે. તે બીજા કાર્યોના સમુચ્ચય માટે કર્યો છે. એટલે કે સંપ્રદાનમાં તૃતીયા વિભક્તિ થાય છે. અને सम् + दा ધાતુને તે સમયે આત્મનેપદ થાય છે.

**સંપ્રદાનમાં ચતુર્થી વિભક્તિ –**

- સંપ્રદાન કારક સંજ્ઞા જેને પણ થાય તેને **चतुर्थी** ૨-૨-૫૩ થી ચતુર્થી વિભક્તિ થાય છે અને જ્યારે સંપ્રદાન કારક સંજ્ઞા ન થાય છતાં **शेषे** ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ ન કરતાં ચતુર્થી વિભક્તિ કરવી છે તેના માટે **तादर्थ्ये** ૨-૨-૫૪ વિગેરે સૂત્રો લાગશે.

## चतुर्थी २-२-५३

**અર્થ** :- સંપ્રદાનના વિષયમાં ગૌણ નામથી એકવચન, દ્વિવચન અને બહુવચનમાં **અનુક્રમે ङे-भ्याम्-भ्यस् સ્વરૂપ ચતુર્થી વિભક્તિ થાય છે.**

**વિવેચન** :- द्विजाय गां दत्ते = બ્રાહ્મણને ગાય આપે છે. (કર્મથી સંબંધ)

पत्ये शेते । (ક્રિયાથી સંબંધ)

**ષષ્ઠીનો અપવાદચતુર્થી ૫૪ થી ૬૧,૬૫,૬૬**

## तादर्थ्ये २-२-५४

**અર્થ** :- 'તેના માટે આ' એવા પ્રકારનો સંબંધ વિશેષ હોતે છતે ગૌણ નામથી

ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** तस्मै इदम्-तदर्थम् । तस्य भावः–तादर्थ्यस्तस्मिन् ।

**વિવેચન :-** यूपाय दारु= થાંભલા માટે લાકડું.

- કાર્ય-કારણ ભાવ તરીકે કારણ મુખ્ય નામ હોવાથી પ્રથમા વિભક્તિ થાય છે. અને કાર્ય ગૌણ નામ હોવાથી ચતુર્થી વિભક્તિ થાય છે.

## रुचिकृप्यर्थधारिभिः प्रेयविकारोत्तमर्णेषु २-२-५५

**અર્થ :-** પ્રેય અર્થનાં વિષયમાં रुच् તેમજ તેના અર્થમાં વપરાતા ધાતુથી યુક્ત ગૌણ નામથી, વિકાર અર્થનાં વિષયમાં कृप् તેમજ તેના અર્થમાં વપરાતા ધાતુથી યુક્ત ગૌણ નામથી અને ઉત્તમર્ણ અર્થના વિષયમાં धृ ધાતુથી યુક્ત ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** रुचिश्च कृपिश्च इति रुचिकृपी । (ઇત.દ્વ.) रुचिकृप्योः अर्थः येषां ते-रुचिकृप्यर्थाः । (બહુ.) रुचिकृप्यर्थाश्च धारिश्च इति रुचिकृप्यर्थधारिणः, तैः । (ઇત.દ્વ.) प्रेयश्च विकारश्च उत्तमर्णश्च इति प्रेयविकारोत्तमर्णाः, तेषु । (ઇત.દ્વ.)

**વિવેચન :- પ્રેય** – मैत्राय रोचते धर्मः = મૈત્રને ધર્મ ગમે છે.

**વિકાર** – मूत्राय कल्पते यवागूः = રાબ મૂત્રરૂપે પરિણમે છે.

**ઉત્તમર્ણ** – चैत्राय शतं धारयति= તે ચૈત્રના સો રૂપિયાને ધારણ કરે છે.

**પ્રેય** = જેને ગમે છે તે પ્રેય કહેવાય.

**વિકાર** = એક પદાર્થ અન્ય રૂપે પરિણામ પામે તે વિકાર કહેવાય.

**ઉત્તમર્ણ** = यो हि धनं प्रयुङ्क्ते सः लोके उत्तमत्वेन प्रसिद्धः । उत्तमम् ऋणं यस्य सः–उत्तमर्णः **– જેનું ઋણ ઉત્તમ છે તે. એટલે કે લેણદાર.**

*अधमर्ण = यः तु धनं गृह्णाति सः लोके अधमत्वेन प्रसिद्धः । अधमम् ऋणं* यस्य सः-अधमर्णः = એટલે કે દેવાદાર.

- मूत्राय कल्पते यवागूः – માં મૂત્ર એ ગૌણ નામ છે કારણકે મૂત્ર એ યવાગૂ નો વિકાર છે. પહેલાં ક્રિયાની સાથે સંબંધ પામે છે પછી મૂત્રરૂપ વિકાર સંબંધ પામે છે. માટે ગૌણ નામ મૂત્ર બનશે તેથી તેને ચતુર્થી થશે.
- આ સૂત્રમાં બન્ને સ્થાને બહુવચન છે તે બન્નેનું 'યથાસંખ્ય' કરવા માટે છે.

પ્રશ્ન :- સૂત્રમાં બંને સ્થાને એકવચનનો નિર્દેશ કરવાથી પણ સામ્ય થવાથી યથાસંખ્ય થશે જ. તો શા માટે બહુવચન કર્યું ?

જવાબ :- સાચી વાત છે પરંતુ 'एक-द्वि-बहौ' ની સાથે યથાસંખ્ય નથી કરવું. જો સૂત્રમાં એકવચન કરે તો તેની સાથે પણ સામ્ય થવાથી યથાસંખ્ય થઈ જાત.

## प्रत्याङः श्रुवाऽर्थिनि २-२-५६

અર્થ :- अर्थिन् (અભિલાષુક) અર્થના વિષયમાં प्रति અને आङ् ઉપસર્ગથી પરમાં રહેલાં श्रु ધાતુથી યુક્ત ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** प्रतिश्च आङ् च एतयोः समाहारः–प्रत्याङ्, तस्मात् । (સમા.દ્વ.)

अर्थयते इति अर्थी, तस्मिन् ।

વિવેચન :- द्विजाय गां प्रतिशृणोति आशृणोति वा = બ્રાહ્મણને ગાય આપવા માટે વચનનો સ્વીકાર કરે છે.

- श्रुवा માં श्रुव् ને યોગ અર્થમાં તૃતીયા વિભક્તિ છે.
  श्रौति कृवु० ૪-૨-૧૦૮ થી श्रु નો शृ આદેશ થયો છે.

## प्रत्यनोर्गृणाऽऽख्यातरि २-२-५७

અર્થ :- आख्यातृ (વક્તા) વિષયમાં प्रति અને अनु ઉપસર્ગથી પર गृ ધાતુથી યુક્ત ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** प्रतिश्च अनुश्च एतयोः समाहारः–प्रत्यनु, तस्मात् । (સમા.દ્વ.)

**વિવેચન :-** गुरवे प्रतिगृणाति आगृणाति वा = ગુરૂએ જે કીધેલું છે તેને કહે છે.

**પ્રશ્ન :- गृणा એ પ્રમાણે સૂત્રમાં 'णा' નું ગ્રહણ શા માટે ?**

**જવાબ :-** 'गृ' ધાતુ છઠ્ઠો ગણ અને ૯માં ગણનો છે તેમાં ૯ માં ગણના गृ ને ગ્રહણ કરવા માટે આ સૂત્રમાં 'णा' ગ્રહણ કરેલ છે.

- કહેનાર અર્થમાં દ્વિતીયાની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રે ચતુર્થી વિભક્તિ કરી. તેથી દ્વિતીયાનું અપવાદ સૂત્ર છે.

## यद्वीक्ष्ये राधीक्षी २-२-५८

અર્થ :- વીક્ષ્ય = વિમતિ (દુર્બુદ્ધિ) પૂર્વક જોવું, ઝીણવટપૂર્વક જોવું એવા અર્થના

વિષયમાં राध् અને ईक्ष् ધાતુથી યુક્ત ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** यस्य वीक्ष्यम् इति यद्वीक्ष्यं, तस्मिन् । (ષષ્ઠી તત્પુ.)

राधिश्च ईक्षिश्च इति राधीक्षी । (ઇત. દ્વ.)

**વિવેચન :-** मैत्राय राध्यते ईक्षते वा = મૈત્રને ઝીણવટથી જોવે છે.

ईक्षितव्यं परस्त्रीभ्यः = પરસ્ત્રીને વિમતિપૂર્વક જોવા યોગ્ય છે.

**वीक्ष्य इति किम् ? मैत्रमीक्षते** = મૈત્રને જુવે છે.

અહીં ઝીણવટપૂર્વક જોવાનું નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

**વિશેષતા :-** ઝીણવટપૂર્વક એટલે કે તેઓના અભિપ્રાય વગેરેને જોવું. તે કેવાં પ્રકારનાં છે તેનાં ભાગ્યનો વિચાર કરવો. શંકાપૂર્વક જોવું વિગેરે. **ईक्षितव्यं परस्त्रीभ्यः ।** માં જે સ્ત્રી તરફ જોવું છે તે સ્ત્રી કેવી છે ? એનાં અભિપ્રાયને જાણવા માટે તેના તરફ જુવે છે.

## उत्पातेन ज्ञाप्ये २–२–५९

**અર્થ :–** ઉત્પાત=આકસ્મિક નિમિત્ત, જ્ઞાપ્ય = જણાવવા લાયક.

આકસ્મિક નિમિત્ત વડે જ્ઞાપ્ય અર્થના વિષયમાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** उत्क्रम्य प्रसिद्धं निमित्तं पतति इति उत्पातः, तेन ।

ज्ञाप्यते इति ज्ञाप्यं, तस्मिन् ।

**વિવેચન :– ज्ञा** ધાતુ જ્યારે પ્રેરકમાં વપરાય ત્યારે તેનું જે કર્મ તે જ્ઞાપ્ય કહેવાય છે. **ज्ञा ના પ્રેરકમાં બે કર્મ હોય છે.**

૧. મૂળ વાક્યનું કર્મ તે પણ જ્ઞાપ્ય કહેવાય.

૨. મૂળ વાક્યનો કર્તા પ્રેરકમાં કર્મ થયો હોય તે પણ જ્ઞાપ્ય કહેવાય.

**જ્ઞાપ્ય પ્રયોજ્ય** = જ્ઞા ધાતુ જ્યારે પ્રેરકમાં વપરાયો હોય ત્યારે મૂળ વાક્યનો કર્તા પ્રેરકમાં કર્મ બન્યો એ ज्ञापि નું કર્મ હોવાથી જ્ઞાપ્ય અને તેજ મૂળ વાક્યનો કર્તા પ્રેરકમાં કર્મ થયો હોય ત્યારે તે પ્રેરક કર્તા વડે પ્રયોજ્ય=પ્રેરણા કરવા યોગ્ય હોવાથી તે પ્રયોજ્ય પણ કહેવાય. તેથી ज्ञा નો મૂળ કર્તા પ્રેરકમાં કર્મ બને તે જ્ઞાપ્ય – પ્રયોજ્ય કહેવાય.

- वाताय कपिला विद्युदातपायातिलोहिनी ।

  पीता वर्षाय विज्ञेया दुर्भिक्षाय सिता भवेत् ॥

  કપિલ વર્ણવાળી વિજળી પવનને સૂચવે છે. અતિશય લાલ વર્ણવાળી વિજળી ગરમીને, પીળાવર્ણવાળી વિજળી વરસાદને અને સફેદવર્ણવાળી વિજળી દુષ્કાળને સૂચવે છે.

  અહીં મૂળ વાક્યનું કર્મ એ જ્ઞાપ્ય બને છે.

  **अणिग्** – अहं वातं जानामि = હું પવનને જાણું છું. (અહીં वात કર્મ છે.)

  **णिग्** – वातं जानन्तं मां कपिला विद्युत् प्रेरयति (ज्ञापयति) = પવનને જાણતા એવા મને કપિલ વીજળી પ્રેરણા કરે છે.

  અહીં મૂળ વાક્યનું કર્મ **वात** એ णिगन्तमાં પણ કર્મ તરીકે જ રહ્યું. માટે वात એ જ્ઞાપ્ય કર્મ બન્યું. અને વિજળી એ ઉત્પાત છે. તેના દ્વારા પવન એ જણાવવા લાયક બને છે. માટે ઉત્પાત વડે જ્ઞાપ્ય એવા **वात** ને ચતુર્થી વિભક્તિ થઈ.

  એ રીતે દરેક ઉદાહરણમાં સમજવું.

  **उत्पातेन किम्** ? राज्ञः इदं छत्रमायान्तं विद्धि राजानम् = રાજાનું આ છત્ર છે તેથી આવતા રાજાને તું જો.

  **अणिग्** – अहम् आयान्तं राजानं जानामि = હું આવતા રાજાને જાણું છું (મૂળકર્મ – 'आयान्तं राजानम्')

  **णिग्** – **राज्ञः** इदं छत्रम् आयान्तं राजानं ज्ञापयति = રાજાનું આ છત્ર આવતા રાજાને જણાવે છે.

  **અહીં મૂળ વાક્યનું કર્મ એ णिगन्त માં પણ** કર્મ તરીકે જ રહ્યું. માટે 'आयान्तं राजानम्' એ જ્ઞાપ્ય કર્મ બન્યું. પરંતુ 'इदं छत्रम्' એ ઉત્પાત નિમિત્ત નથી માટે જ્ઞાપ્ય ને ચતુર્થી વિભક્તિ ન થઈ.

- **જ્ઞાપ્ય** – જ્ઞાપક ભાવના સંબંધથી शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ ની પ્રાપ્તિ હતી. તેનું આ અપવાદ સૂત્ર છે.

  નિમિત્ત બે પ્રકારે છે. (૧) જનક. (૨) જ્ઞાપક.

  જ્યાં તાદર્થ્ય હોય છે. ત્યાં જનક હેતુ હોય છે. અહીં તાદર્થ્યનો અભાવ છે. માટે જ્ઞાપક હેતુ છે.

## श्लाघ–ह्नु–स्था–शपा प्रयोज्ये २–२–६०

**અર્થ :–** श्लाघ्–ह्नु–स्था અને शप् ધાતુથી યુક્ત જ્ઞાપ્ય–પ્રયોજ્યમાં વર્તતા ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** श्लाघश्च ह्नुश्च स्था च शप् च एतेषां समाहारः इति श्लाघ ह्नु स्थाशप्, तेन (સમા. દ્વ.)

**વિવેચન :–** જ્ઞાપ્ય–પ્રયોજ્ય ની સમજણ ઉપરનાં સૂત્રમાં કહી છે. દા.ત.

अणिग् – मैत्रः जानाति = મૈત્ર જાણે છે. (મૂળ વાક્યનો કર્તા મૈત્ર છે.)

णिग् – श्लाघां कुर्वन् चैत्रः मैत्रं ज्ञापयति = શ્લાઘા કરતો ચૈત્ર મૈત્રને જણાવે છે. (અહીં મૂળ વાક્યનો કર્તા એ णिग् અવસ્થામાં કર્મ બન્યો.)

અહીં જણાવનાર ચૈત્ર છે. અને જણાવવા યોગ્ય મૈત્ર છે એટલે મૈત્ર એ જ્ઞાપ્ય બન્યો. તેમજ ચૈત્ર પ્રેરણા કરનાર છે. પ્રેરણા કરવા યોગ્ય મૈત્ર છે માટે મૈત્ર એ પ્રયોજ્ય બન્યો. એટલે કે બોધનો આશ્રય મૈત્ર એ જ્ઞાપ્ય છે. અને તેજ ज्ञापि નું (પ્રેરકનું) કર્મ હોવાથી પ્રયોજ્ય પણ છે. માટે મૈત્ર એ જ્ઞાપ્ય–પ્રયોજ્ય બને છે. માટે આ સૂત્રથી મૈત્ર ને ચતુર્થી વિભક્તિ થાય છે.

૧. मैत्राय श्लाघते = સ્વ કે પરને જાણતા એવા મૈત્રને શ્લાઘા (પ્રશંસા) કરતો ચૈત્ર જણાવે છે.

૨. मैत्राय ह्नुते = સ્વ કે પરને જાણતા એવા મૈત્રને સંતાડતો ચૈત્ર જણાવે છે.

૩. मैत्राय तिष्ठते = સ્વ કે પરને જાણતા એવા મૈત્રને ઉભો રાખતો ચૈત્ર જણાવે છે. ज्ञीप्सा–स्थेये ૩–૩–૬૪ થી स्था આત્મનેપદ.

૪. मैत्राय शपते = સ્વ કે પરને જાણતા એવા મૈત્રને સોગંદ આપતો ચૈત્ર જણાવે છે. शप–उपलम्भने ૩–૩–૩૫ થી शप् આત્મનેપદ.

**प्रयोज्य इति किम्** ? मैत्राय आत्मानं श्लाघते = પ્રશંસા કરતો એવો તે મૈત્રને પોતાને જણાવે છે.

अणिग् – मैत्रः आत्मानं जानाति। (મૂળ કર્મ 'आत्मानं')

णिग् – श्लाघां कुर्वन् चैत्रः मैत्रं आत्मानं ज्ञापयति–અહીં મૂળ કર્મ એ તો કર્મ તરીકે જ રહ્યું છે. એટલે ઉપરમાં જણાવ્યું તે પ્રમાણે મૈત્ર એ જ્ઞાપ્ય–

प्रयोज्य છે. પરંતુ आत्मानं એ પ્રયોજય નથી. માટે आत्मन् ને ચતુર્થી વિભક્તિ ન થઇ.

## तुमोऽर्थे भाववचनात् २—२—६१

**અર્થ :—** ક્રિયા છે પ્રયોજન જેનું એવી ક્રિયા ઉપપદ (સમીપ)માં હોય ત્યારે ધાતુથી तुम् પ્રત્યય થાય. એ तुमर्थ માં ૫—૩—૧૫ થી જે घञ् વિ. ભાવવાચક પ્રત્યયો થાય તે ભાવવાચક પ્રત્યયાન્ત ગૌણ નામથી સ્વાર્થમાં ચતુર્થી વિભક્તિ થાય.

**સૂત્રસમાસ :—** भवनं भावः। भावं वक्ति इति भाववचनम्, तस्मात् ।

**વિવેચન :—** पक्तुं व्रजति इति पाकाय व्रजति = રાંધવા માટે જાય છે.

અહીં રાંધવું ક્રિયા છે પ્રયોજન જેનું એવી ગમન' ક્રિયા ઉપપદમાં હોતે છતે રાંધવું અર્થવાળા पच् ધાતુને ૫—૩—૧૩ સૂત્રથી तुम् ની પ્રાપ્તિ છે. એવાં તુમર્થક पच् ધાતુને तुम् ને બદલે भाववचनाः५—३—१५ થી घञ् પ્રત્યય લાગી पाक ભાવવાચક નામ બને છે. તે ભાવવાચક पाक નામને આ સૂત્રથી ચતુર્થી વિભક્તિ થાય છે.

તેજ પ્રમાણે यष्टुं व्रजति इति इज्यायै व्रजति = યજ્ઞને માટે જાય છે.

**तुमोऽर्थ इति किम्** ? पाकस्य = રાંધવાનું.

અહીં માત્ર ભાવ વાચક પ્રત્યય લાગ્યો છે. પરંતુ તુમર્થકમાં ભાવવાચક પ્રત્યય થયો નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.

**भाववचनादिति किम्** ? पक्ष्यतीति पाचकस्य व्रज्या = તે રાંધશે.

માટે રાંધનારનું ગમન છે. અહીં क्रियायां... ૫—૩—૧૩ સૂત્રથી पच् ધાતુને णकच् પ્રત્યય લાગી पाचक એ णकच् કર્તુવાચક નામ બન્યું છે. ભાવવાચી નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન :—** અહીં 'પાકને માટે આ' આવો અર્થ થતો હોવાથી तादर्थ्ये સૂત્રથી ચતુર્થીની પ્રાપ્તિ તો હતી તો આ સૂત્ર શા માટે બનાવ્યું ?

**જવાબ :—** तुम् નાં અર્થમાં કહેલ ભાવવાચક घञ् વિગેરે પ્રત્યયો પણ तादर्थ्य માં લાગતાં હોવાથી तादर्थ्य ઉક્ત થાત. 'उक्तानाम् अप्रयोगः' એ વચનથી तादर्थ्य ને ચતુર્થી ન થાત પરંતુ ગૌણ નામ હોવાથી शेषे સૂત્રથી ષષ્ઠી

વિભક્તિની અથવા 'રાંધવા માટે જવું' એટલે કે જવાની ક્રિયામાં હેતુભૂત રાંધવાની ક્રિયા છે. માટે હેતુવાચક નામ તરીકે રાંધવાની ક્રિયાને ૨–૨–૪૪ સૂત્રથી તૃતીયા વિભક્તિની પ્રાપ્તિ હતી તેનો અપવાદ કરીને ચતુર્થી વિભક્તિ કરી છે.

**પ્રશ્ન :–** તુમોऽर्थे ને બદલે તુમર્થ કરવું જોઇએ. શા માટે ગૌરવ કર્યું ?

**જવાબ :–** તુમઃ ની અનુવૃત્તિ નીચે લઇ જવી છે માટે... નહીંતર આખું તુમર્થ નીચે જાય.

## દ્વિતીયાનો અપવાદ – ૬૨ થી ૬૪.

## गम्यस्याऽऽप्ये ૨–૨–૬૨

**અર્થ :–** गम्य = જેનો અર્થ જણાય પણ તેનો શબ્દથી પ્રયોગ ન કર્યો હોય તેને ગમ્ય કહેવાય. ગમ્ય એવાં तुम् પ્રત્યયનું વ્યાપ્ય હોતે છતે ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** गम्यते इति गम्यं, तस्य । आप्यते इति आप्यं, तस्मिन् ।

**વિવેચન :–** एधेभ्यः फलेभ्यो वा व्रजति = લાકડા માટે અથવા ફળ માટે જાય છે. અહીં आहर्तुं એ तुम् પ્રત્યયાન્તનો પ્રયોગ નથી કર્યો પણ તેનો અર્થ નીકળે છે. તેથી તેના વ્યાપ્ય એવાં एध અને फल ને ચતુર્થી થઇ.

**गम्यस्येति किम्** ? एधान् आहर्तुं याति = લાકડાં લેવાં માટે જાય છે. અહીં तुम् નો પ્રયોગ થયો છે. તેથી ચતુર્થી ન થઇ.

દ્વિતીયાનો અપવાદ આ સૂત્ર છે.

## गतेर्नवाऽनाप्ते ૨–૨–૬૩

**અર્થ :–** गति = પગથી ચાલવું તે. अनाप्त = નહીં પ્રાપ્ત થયેલાં.

ગતિ ક્રિયાનાં અનાપ્ત કર્મવાચક ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** न आप्तम् इति अनाप्तम्, तस्मिन् । (નઞ્. ત.)

**વિવેચન :–** ग्रामं ग्रामाय वा याति = ગામ જાય છે.

विप्रनष्टः पन्थानं पथे वा याति = ભૂલો પડેલો માર્ગે જાય છે.

હજુ કર્તાએ ગામ અને માર્ગને પ્રાપ્ત કર્યો નથી. અને ગતિ છે. તેથી તે ગતિના અનાપ્ત કર્મને ચતુર્થી વિભક્તિ થઇ. વિકલ્પ પક્ષે **कर्मणि** ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ.

**गतेरिति किम्** ? स्त्रियं गच्छति = સ્ત્રીની પાસે (મનથી) જાય છે.

मनसा मेरुं गच्छति = મનથી મેરુ પર જાય છે.

અહીં અનાપ્ત કર્મ છે પણ પગ દ્વારા ગતિ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

**अनाप्त इति किम्** ? पन्थानं याति = માર્ગે જાય છે.

અહીં સાચા માર્ગે જતો હોવાથી ગતિ છે પણ अनाप्त નથી. માટે આ સૂત્ર ન લાગ્યું **कर्मणि** ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ છે.

**પ્રશ્ન** :– गति શબ્દનો અર્થ પગે ચાલવા રૂપ ગમન અને જ્ઞાન અર્થ છે તો માત્ર ગમન અર્થ જ અહીં કેમ ગ્રહણ કર્યો ?

**જવાબ** :– જયારે ગમન સ્વરૂપ અર્થ કરીએ ત્યારે જ કર્મ અનાપ્ત હોઇ શકે. જ્ઞાન પ્રાપ્ત કરવું એ અર્થ કરીએ તો કર્મ અનાપ્ત હોઇ શકેજ નહીં કારણકે જ્ઞાન પ્રાપ્ત કરનાર પ્રથમ સમયે જ જાણકારી મેળવે છે. તેથી તે અનાપ્ત રહી શકે જ નહીં અને અનાપ્ત હોય તો જ્ઞાનની પ્રાપ્તિ કહેવાય જ નહી. માટે અહીં તેનું ગ્રહણ કર્યું નથી.

**પ્રશ્ન** :– સૂત્રમાં માત્ર અનાપ્ત જ લખ્યું છે. તો અનાપ્ત એવું કર્મ જ શા માટે લીધું ? કરણ વિગેરે કેમ નહીં ?

**જવાબ** :– ઉપરના સૂત્રમાંથી आप्ये ની અનુવૃત્તિ અહીં આવી છે.

પ્રાપ્ય વસ્તુ જ અનાપ્ત હોઇ શકે. માટે અનાપ્ત તરીકે રહેતું કર્મકારક જ આવશે. બીજું નહીં આવે.

## मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने २–२–६४

**અર્થ** :– नौ વિગેરે ગણપાઠનાં નામોને વર્જીને मन् ધાતુ કે જેના દ્વારા અતિનિંદા થાય તેવા વ્યાપ્યમાં વર્તતા ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ** :– नौ आदौ येषां ते–नावादयः। (બહુ.)

न नावादयः इति अनावादयः, तेभ्यः। (નઞ્. ત.)

अतीव कुत्स्यते येन तद्–अतिकुत्सनम्, तस्मिन् । (બહુ.)

**વિવેચન :–** न त्वा तृणाय तृणं वा मन्ये = હું તને તૃણ સમાન પણ માનતો નથી. તૃણ જેટલી પણ કિંમત નથી અર્થાત્ અતિનિંદનીય અર્થ અહીં નીકળે છે. માટે આ સૂત્ર લાગી ચતુર્થી વિભક્તિ થઇ અને વિકલ્પ પક્ષે कर्मणि થી દ્વિતીયા વિભક્તિ થઇ.

- **मन्यस्येति किम्** ? य ના નિર્દેશથી ચોથાગણનો मन् ધાતુ લેવાનો न त्वा तृणं मन्वे । અહીં આઠમાં ગણનો मन् ધાતુ છે. ચોથા ગણનો (दिवादिनो) નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.
- **अनावादिभ्यः इति किम्** ? न त्वा नावं, अन्नं, शुकं, शृगालं, काकं वा मन्ये – આ બધા શબ્દો 'नौ' ગણ પાઠનાં છે અહીં નાવાદિનું વર્જન કર્યું છે. માટે આ સૂત્ર ન લાગ્યું.
- **कुत्सन इति किम्** ? न त्वा रत्नं मन्ये = હું તમને રત્ન સમાન નથી માનતો તેનાથી પણ વિશેષ માનું છું અહીં નિંદા નથી પરન્તુ રત્નથી પણ અધિક માને છે. એટલે પ્રશંસા અર્થ છે. માટે આ સૂત્ર ન લાગ્યું.
- **करणाश्रयणं किम्** ? न त्वा तृणाय मन्ये । युष्मदो मा भूत् । કરણાશ્રય એટલે કે વસ્તુ વડે નિંદા થાય તે નામને ચતુર્થી વિભક્તિ થાય છે. તેમ કહ્યું છે. પણ જેની નિંદા કરાય તેને ચતુર્થી વિભક્તિ ન થાય. અહીં તૃણ વડે युष्मद् ની નિંદા કરી છે. તો तृण ને ચતુર્થી થાય પણ युष्मद् ને ચતુર્થી ન થાય.
- **अतीति किम्** ? त्वां तृणं मन्ये = હું તમને તૃણ માનું છું. અહીં નિંદા તો છે પણ અતિનિંદા નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.
- સૂત્રમાં अनावादिभ्यः માં બહુવચન કર્યું છે તે આકૃતિગણને માટે છે. बहुवचनमाकृतिगणार्थम् ।

## हित–सुखाभ्याम् २–२–६५

***અર્થ :–*** *हित અને सुख શબ્દ સાથે જોડાયેલ ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.*

**સૂત્રસમાસ :–** हितं च सुखं च इति हितसुखे, ताभ्याम् ।

**વિવેચન :–** आमयाविने आमयाविनो वा हितम् = આમ રોગવાળાનું હિત.

चैत्राय चैत्रस्य वा सुखम् = ચૈત્રનું સુખ. ષષ્ઠીનો અપવાદ આ સૂત્ર છે.

## तद्–भद्रा–ऽऽयुष्य–क्षेमाऽर्थाऽर्थेनाऽऽशिषि २–२–६६

**અર્થ :-** हित–सुख–भद्र–आयुष्य–क्षेम–अर्थ શબ્દો કે તેનાં અર્થવાળાં શબ્દોથી યુક્ત ગૌણ નામથી આશીર્વાદ અર્થ ગમ્યમાન હોય તો ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** ते च भद्रं च आयुष्यं च क्षेमं च अर्थश्च एतेषां समाहारः इति तद्भद्रायुष्यक्षेमार्थम् । (સમા. દ્વ.) तद्भद्रायुष्यक्षेमार्थानाम् अर्थः यस्य सः- तद्भद्रायुष्यक्षेमार्थार्थं, तेन । (બહુ.)

**વિવેચન :–** १. हितं पथ्यं वा जीवेभ्यो जीवानां वा भूयात् = જીવોનું હિત થાય.

२. सुखं–शं–शर्म वा प्रजाभ्यः प्रजानां वा भूयात् = પ્રજાનું સુખ થાવ.

૩. भद्रमस्तु श्री जिनशासनाय श्रीजिनशासनस्य वा = શ્રી જિનશાસન નું કલ્યાણ થાવ.

૪. आयुष्यमस्तु चैत्राय चैत्रस्य वा = ચૈત્રનું આયુષ્ય (વધો.) થાવ.

૫. क्षेमं भूयात् कुशलं निरामयं वा श्री सङ्घाय सङ्घस्य वा = શ્રી સંઘનું કલ્યાણ, શિવ, કુશળ, પીડા રહિતપણું થાય.

૬. अर्थं कार्यं प्रयोजनं वा भूयात् मैत्राय मैत्रस्य वा = મૈત્રનું કાર્ય થાવ.

વિકલ્પ પક્ષે शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી થઇ છે.

- द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यते – દ્વન્દ્વ સમાસને અન્તે જણાતું પદ પ્રત્યેક પદની સાથે સંબંધ પામે છે. (જોડાય છે.) એટલે સૂત્રમાં દ્વન્દ્વ સમાસને અન્તે अर्थ શબ્દ છે. તેથી हित-सुख વિગેરે બધાં શબ્દોની સાથે अर्थ શબ્દ જોડાશે એટલે हित-सुख વિગેરે શબ્દો કે તેનાં અર્થવાળાં શબ્દો... એ પ્રમાણે અહીં લેવાનું છે.
- भद्र અને क्षेम બંને અન્ય સ્થાને એકાર્થ હોવા છતાં પણ क्षेम = આપત્તિનો અભાવ. અને भद्र = સંપત્તિનું ઉત્કર્ષપણું. એ પ્રમાણેનો અર્થ ભેદ હોવાથી આ સૂત્રમાં બંનેને અલગ ગ્રહણ કર્યાં છે.

**પ્રશ્ન :–** हित અને सुख શબ્દને ૨–૨–૬૫ થી ચતુર્થી સિદ્ધ હતી છતાં અહીં

तद् થી શા માટે તેનું વિધાન કર્યું ?

**જવાબ :–** हित અને सुख શબ્દને આ સૂત્રમાં तद् પદથી ફરીથી ગ્રહણ કરીને નિયમ કર્યો કે हित અને सुख શબ્દનો અને તેના અર્થવાળા શબ્દોનો યોગ હોય ત્યારે આ સૂત્રથી જ આશીર્વાદ અર્થમાં ચતુર્થી વિભક્તિ વિકલ્પે થશે. જ્યારે ૨–૨–૬૪ સૂત્રથી માત્ર हित અને सुख શબ્દનો યોગ હોય ત્યારે આશીર્વાદ સિવાયના અર્થમાં ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

*તૃતીયાનો અપવાદ ચતુર્થી–*

## परिक्रयणे ૨–૨–૬૭

**અર્થ :–** परिक्रयण = નિશ્ચિત સમય સુધી (જેનાથી) પગાર, ભાડું વિગેરેથી સ્વીકાર કરાય તેને પરિક્રયણ કહેવાય છે.

પરિક્રયણ વાચક ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** परिक्रीयते येन तत्–परिक्रयणं, तस्मिन् ।

**વિવેચન :–** शताय शतेन वा परिक्रीतः = સો રુપિયાથી ખરીદાયેલો.

અહીં शत એ પરિક્રયણ વાચક છે તેથી તેને આ સૂત્રથી વિકલ્પે ચતુર્થી વિભક્તિ થઇ છે.

*ઉપપદ ચતુર્થી–*

## शक्तार्थ–वषड्–नमः–स्वस्ति–स्वाहा–स्वधाभिः ૨–૨–૬૮

**અર્થ :–** શક્ત અર્થવાળા શબ્દ તેમજ वषड्–नमस्–स्वस्ति–स्वाहा અને स्वधा નાં યોગમાં ગૌણ નામથી ચતુર્થી વિભક્તિ નિત્ય થાય છે.

**સૂત્રસમાસ :–** शक्तः अर्थः येषां ते– शक्तार्थाः । (બહુ.)

शक्तार्थाश्च वषट् च नमश्च स्वस्तिश्च स्वाहा च स्वधा च इति शक्तार्थ वषड्–नमः–स्वस्ति–स्वाहा–स्वधाः, ताभिः । (ઇત. દ્વ.)

**વિવેચન :–** ૧. शक्तः प्रभुर्वा मल्लो मल्लाय = મલ્લ માટે આ મલ્લ સમર્થ છે.

૨. वषडग्नये = અગ્નિ માટે છોડેલું.

૩. नमोर्हद्‌भ्यः = અરિહંતોને નમસ્કાર થાવ.

૪. स्वस्ति प्रजाभ्यः = પ્રજાનું કલ્યાણ થાવ.

૫. स्वाहेन्द्राय = ઈન્દ્રને સ્વાહા.

૬. स्वधा पितृभ्यः = પિતૃદેવને સ્વધા. (સ્વાહા)

- 'अर्थवद्ग्रहणे नानर्थकस्य' અર્થવાન્ નું ગ્રહણ કરાયે છતે અનર્થકનું ગ્રહણ થતું નથી. અહીં नमस् એ અર્થવાન્ નું ગ્રહણ કરાયેલ છે. તેથી 'नमस्यति' નું ગ્રહણ થતું નથી. કારણ કે તે નામધાતુનું રૂપ બનેલ છે. જ્યારે नमस् અવ્યય છે.

- સૂત્ર જુદુ રચ્યું તે नवा ની નિવૃત્તિ માટે છે. ક્યારેક સમગ્ર દેશમાં वा ની નિવૃત્તિ કરવી હોય તો સૂત્ર જુદું બનાવે. ક્યારેક એક દેશમાં वा ની નિવૃત્તિ કરવી હોય તો પણ સૂત્ર જુદું બનાવે.

  અહીં 'स्वस्ति' એ કલ્યાણ વાચક શબ્દ હોવાથી तद्भद्रा... ૨—૨—૬૬ થી वा ની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રમાં 'स्वस्ति' શબ્દનું ગ્રહણ કરવાથી હવે ૨—૨—૬૬ થી વિકલ્પે ચતુર્થી ન થતાં આ સૂત્રથી આશીર્વાદ અર્થમાં પણ નિત્ય ચતુર્થી થશે. આ પ્રમાણે 'स्वस्ति' રૂપ એક દેશમાં वा ની નિવૃત્તિ કરવા માટે પૃથક્ રચનાં કરી.

***અપાદાનમાં પંચમી વિભક્તિ–***

જેને અપાદાન કારક સંજ્ઞા થાય છે તેને पञ्चम्यपादाने ૨—૨—૬૯ સૂત્રથી પચ્ચમી વિભક્તિ થશે. જ્યારે અપાદાન કારક સંજ્ઞા ન થાય ત્યારે પણ शेषे ૨—૨—૮૧ સૂત્ર ન લગાડતાં જેને પંચમી વિભક્તિ જ કરવી છે તેને आङावधौ ૨—૨—૭૦ વિગેરે સૂત્રો લાગશે.

## पञ्चम्यपादाने ૨—૨—૬૯

**અર્થ :–** અપાદાનમાં ગૌણ નામથી એ.વ, દ્વિ.વ, અને બ.વ. માં અનુક્રમે ङसि, भ्याम्—भ्यस् સ્વરૂપ પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** એ.વ. – ग्रामाद् आगच्छति = ગામથી આવે છે.

દ્વિ.વ. – गोदोहाभ्याम् आगच्छति = ગાયને દોહવાના બે સ્થાનેથી આવે છે.

બ. વ. – वनेभ्यो आगच्छति=વનોમાંથી આવે છે.

## ષષ્ઠીનો અપવાદ પંચમી – ૭૦ થી ૭૩, ૭૫, ૭૮

### आङावधौ २–२–७०

**અર્થ :–** अवधानम् इति अवधिः, तस्मिन्

अवधि = મર્યાદા – અભિવિધિ.

અવધિ અર્થમાં आङ् અવ્યયથી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** आपाटलिपुत्राद् वृष्टो मेघः।

મર્યાદા – પાટલિપુત્ર સુધી વરસાદ વરસ્યો. (પાટલિપુત્રમાં નહીં).

અભિવિધિ – પાટલિપુત્રમાં પણ વરસાદ વરસ્યો. (તેનાથી આગળ નહીં).

- **મર્યાદા – प्रवृत्तस्य यत्र निरोधः** – જેની વાત કરતાં હોઈએ તેનો અહીં નિરોધ થાય. એટલેકે ત્યાં સુધીની વાત થાય પણ તેનું ગ્રહણ ન થાય.
- **અભિવિધિ – मर्यादाभूतमेव यदा क्रियया व्याप्यते तदा अभिविधिः** = જેની મર્યાદા કરી છે તે પણ તે ક્રિયા વડે વ્યાપ્ત હોય તે અભિવિધિ કહેવાય. અહીં પાટલિપુત્રની મર્યાદા કરી છે તો પાટલિપુત્ર વરસાદ રૂપ ક્રિયા વડે વ્યાપ્ત હોય તે...

### पर्यपाभ्यां वर्ज्ये २–२–७१

**અર્થ :–** वर्ज्य = ત્યાગ કરવા યોગ્ય... વર્જનીય અર્થમાં परि અને अप થી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** परिश्च अपश्च इति पर्यपौ, ताभ्याम् । (ઇત. દ્વ.)

**વિવેચન :–** परि पाटलिपुत्राद् वृष्टो मेघः । अपपाटलिपुत्राद् वृष्टो मेघः = પાટલિપુત્રને છોડીને વરસાદ વરસ્યો.

**वर्ज्य इति किम्** ? अपशब्दो मैत्रस्य = મૈત્રનો અપશબ્દ.

અહીં 'अप' વર્જ્ય અર્થમાં નથી માટે આ સૂત્ર ન લાગ્યું. તેથી शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

**પ્રશ્ન :–** परि નો અર્થ ચારેબાજુ થાય. अप નો અર્થ વર્જન કરવું તેવો થાય. હવે 'वर्ज्ये' સૂત્રમાં ન લખ્યું હોત તો પણ अप નાં સાહચર્યથી परि નો પણ

વર્જન કરવું તેવો અર્થ થઇ જ જાત. તો वर्ज्ये લખીને ગૌરવ શા માટે કર્યું ?

**જવાબ :–** સાચી વાત છે. આવું કરવાથી સૂત્રમાં લાઘવ થાત. પરંતુ અર્થ સમજવામાં મુશ્કેલી થાત. જેમ 'अप' ના સાહચર્યથી 'परि' નો અર્થ 'વર્જ્ય' એવો થાત તેમ 'परि' નાં સાહચર્યથી 'अप'નો અર્થ 'ચારેબાજુ' એવો પણ નીકળી શકત આવો અનિષ્ટ બોધ ન થાય માટે સૂત્રમાં 'वर्ज्ये' લખ્યું છે તે યથાયોગ્ય જ છે.

## यतः पतिनिधि–प्रतिदाने प्रतिना २–२–७२

**અર્થ :–** પ્રતિનિધિ = મુખ્ય વ્યક્તિ સદૃશ જેનું કાર્ય છે તે પ્રતિનિધિ.

પ્રતિદાન = એક વસ્તુ લેવી છે તેના બદલામાં બીજી વસ્તુ આપવી તે. પ્રતિનિધિ અને પ્રતિદાન જેનાથી થાય તદ્વાચક પ્રતિ યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** प्रतिनिधिश्च प्रतिदानं च एतयोः समाहारः इति प्रतिनिधिप्रतिदानम्, तस्मिन् । (સમા. દ્વ.)

**વિવેચન :–** प्रद्युम्नो वासुदेवात् प्रति = પ્રદ્યુમ્ન કૃષ્ણનો પ્રતિનિધિ છે.

तिलेभ्यः प्रतिमाषानस्मै प्रयच्छति = તલને બદલે આને અડદ આપે છે.

અહીં તલ લેવા છે તેના બદલામાં અડદ આપે છે. તે પ્રતિદાન છે. માટે પ્રતિયુક્ત तिल ને પંચમી વિભક્તિ આ સૂત્રથી થઇ છે.

## आख्यातर्युपयोगे २–२–७३

**અર્થ :– आख्याता = પ્રતિપાદન કરનારા. उपयोग = નિયમપૂર્વક વિદ્યાને** ગ્રહણ કરવી તે... ઉપયોગનાં વિષયમાં આખ્યાતૃ વાચક ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** उपाध्यायाद् अधीते = ઉપાધ્યાય પાસે ભણે છે.

उपाध्यायाद् आगमयति = ઉપાધ્યાય પાસેથી જ્ઞાન મેળવે છે.

**उपयोग इति किम् ?** नटस्य शृणोति = નટને સાંભળે છે. અહીં ઉપયોગનો વિષય નથી માટે આ સૂત્ર ન લાગ્યું. પણ शेषे ૨–૨–૮૧ થી

ષષ્ઠી થઇ છે.

**પ્રશ્ન** :– ૨–૨–૬૯ સૂત્રથી અપાદાનના વિષયમાં પંચમી વિભક્તિ સિદ્ધ જ હતી. કારણ કે બોલનાર વ્યક્તિથી વાક્યો છુટા પડે ત્યારેજ ઉપયોગ પૂર્વક સંભળાય છે. છતાં આ સૂત્ર શા માટે બનાવ્યું ?

**જવાબ** :– सिद्धे सति आरम्भो नियमार्थः - નિયમ એ બન્યોકે ઉપયોગ ન હોય ત્યારે ૨–૨–૬૯ થી પંચમી વિભક્તિ હવે નહીં થાય. પરંતુ 'शेषे' થી ષષ્ઠી વિભક્તિ થશે.

*દ્વિતીયા - સપ્તમી નો અપવાદ–*

## गम्ययपः कर्माऽऽधारे ૨–૨–૭૪

**અર્થ** :– પ્રયોગ ન કરાયેલ હોય તેવાં यप् પ્રત્યયાન્ત શબ્દના કર્મ કે આધારવાચક નામથી પંચમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ** :– गम्यश्चासौ यप् च-गम्ययप्, तस्य । (કર્મ.)

कर्म च आधारश्च एतयोः समाहारः इति कर्माऽऽधारं, तस्मिन् । (સમા. દ્વ.)

**વિવેચન** :– प्रासादात् प्रेक्षते = મહેલ ઉપર (ચડીને) જુવે છે.

आसनाद् प्रेक्षते = આસન ઉપર (બેસીને) જુવે છે.

અહીં સંબંધક ભૂતકૃદન્ત (यप् પ્રત્યયાન્ત) નો અર્થ છે. પણ તેનો શબ્દ પ્રયોગ થયો નથી માટે બંનેના અનુક્રમે કર્મવાચક નામ प्रासाद અને આધારવાચક નામ आसंन ને પંચમી વિભક્તિ થઇ છે.

**गम्यग्रहणं किम्** ? प्रासादमारुह्य शेते = મહેલ ઉપર ચડીને સુવે છે.

**आसने उपविश्य भुङ्क्ते = આસન ઉપર બેસીને ખાય છે.**

અહીં यप् પ્રત્યયાન્ત નો પ્રયોગ કરાયેલો છે. માટે આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન** :– આ સૂત્રમાં ઉપાત્ત વિષયક અપાદાન હોવાથી ૨–૨–૬૯ થી પંચમી વિભક્તિ થવાની જ હતી. તો આ સૂત્રની રચના શા માટે ?

**જવાબ** :– જ્યારે यबन्त નો પ્રયોગ હોય ત્યારે તેના કર્મને દ્વિતીયા વિભક્તિ અને આધારને સપ્તમી વિભક્તિ થાય. અને જ્યારે यबन्त નો પ્રયોગ ન જણાતો હોય તે સમયે પણ નૈમિત્તિક એવું કર્મ હાજર હોવાથી यबन्त ન

હોવા છતાં હોય તેવુજ મનાય છે. તેથી यब् નિમિત્ત ન હોવા છતાં તેના કર્મ અને આધારને અનુક્રમે દ્વિતીયા અને સપ્તમી વિભક્તિ જ થાય. એવો કોઇ નિયમ બનાવી દે. આવાં નિયમને અટકાવવા માટે આ સૂત્રથી ગમ્યમાન यप् પ્રત્યયાન્ત શબ્દનાં કર્મ અને આધારમાં પંચમીનું વિધાન કર્યું છે.

## प्रभृत्यन्यार्थ–दिक्शब्द–बहिरारादितरैः २–२–७५

**અર્થ :–** પ્રભૃતિ અર્થવાળાં, अन्य અર્થવાળાં, दिग् વાચક શબ્દો, बहिर्, आरात् અને इतर શબ્દથી યુક્ત ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** प्रभृतिश्च अन्यश्च इति प्रभृत्यन्यौ । (ઇત. દ્વ.)

प्रभृत्यन्ययोः अर्थः येषाम् ते - प्रभृत्यन्यार्थाः । (બહુ.)

दिशि दृष्टाः शब्दाः - दिक्शब्दाः

प्रभृत्यन्यार्थाश्च दिक्शब्दाश्च बहिश्च आराच्च इतरश्च इति प्रभृत्यन्यार्थ-दिक्शब्द–बहिरारादितराः, तैः। (ઇત. દ્વ.)

**વિવેચન :–**

૧. ततः प्रभृति = ત્યારથી માંડીને (प्रभृति)

૨. ग्रीष्माद् आरभ्य = ગ્રીષ્મ ઋતુથી માંડીને (प्रभृत्यर्थक)

૩. अन्य–भिन्नो वा मैत्रात् = મૈત્રથી જુદો (अन्य–अन्यार्थक)

૪. ग्रामात् पूर्वस्यां दिशि वसति = ગામથી પૂર્વ દિશામાં રહે છે. (દિશા વાચક).

૫. उत्तरो विन्ध्यात् पारियात्रः = વિન્ધ્યાચલથી ઉત્તર (ડાબીબાજુ) પારિયાત્ર પર્વત છે. (દેશવાચક).

૬. पश्चिमो रामाद् युधिष्ठिरः = યુધિષ્ઠિર રામની પછી થયાં. (કાળવાચક).

૭. बहिः ग्रामात् = ગામથી બહાર. (बहिस्.)

૮. आरात् ग्रामात् = ગામથી નજીક. (आरात्.)

૯. इतरः ग्रामात् = ગામથી બીજો. (इतर)

**प्रभृति** = आरभ्य (માંડીને)

**दिक्शब्दाः** – આમાં शब्दाः શબ્દથી दिक् વાચક, કાળવાચક અને

દેશવાચક એમ ત્રણે પ્રકારનાં શબ્દો ગ્રહણ થઇ જાય છે.માત્ર દિશામાં વર્તતા શબ્દો લેવાનાં છે તેવું નથી. દિશા અર્થમાં વાચકપણાવડે જોવાયેલાં હોય તેવા दिक् શબ્દને પણ ગ્રહણ કરવાનાં છે.

દા.ત. पश्चिमो रामाद् युधिष्ठिरः = યુધિષ્ઠિર રામની પછી થયાં. અહીં पश्चिम નો અર્થ 'પછી' એવો કર્યો છે. પરંતુ पश्चिम શબ્દ દિશા અર્થમાં પણ વપરાયેલો જોવા મળે છે. તેથી તે दिक् શબ્દ કહેવાય.

**પ્રશ્ન** :– अन्य અને इतर માં ફેર શું ?

**જવાબ** :– अन्य–अन्यः इति प्रकृति विलक्षणः अर्थः उच्यते ।

પ્રકૃતિથી વિલક્ષણ જગતની કોઇપણ (અન્ય) પ્રકૃતિને જણાવવી હોય ત્યારે अन्य કે તેના અર્થવાળા (भिन्न–व्यतिरिक्त–पृथग् વિગેરે) શબ્દનો પ્રયોગ થાય છે.

**દા.ત.** अन्यो मैत्रात्... અહીં મૈત્રથી અન્ય કોણ છે તે જણાવ્યું નથી. એટલે જગતની બીજી કોઇપણ વ્યક્તિ ગ્રહણ થઇ શકે.

इतर–इतर शब्दो द्वयोरूप लक्षितयोरन्यतर वचनः।

દૃશ્યમાન એવી બે વ્યક્તિમાંથી એક વ્યક્તિને અલગ પાડવી હોય તો इतर શબ્દ વપરાય છે. દા.ત. इतरश्चैत्रात् मैत्रः - અહીં ચૈત્ર અને મૈત્ર એ બે વ્યક્તિ નજર સમક્ષ છે તેમાં चैत्र થી मैत्र ઇતર છે. તેમ જણાવ્યું.

आरादर्थैः ૨–૨–૭૮ સૂત્રમાં વિકલ્પે પંચમીનું વિધાન કરેલું છે. એટલે आरात् શબ્દના યોગમાં તો આ સૂત્રથી પંચમી નિત્ય થશે. તથા आरात् ના અર્થવાળાં જે શબ્દ હશે તેવાં શબ્દોની સાથે રહેલાં ગૌણ નામથી ૨–૨–૭૮ સૂત્રથી પંચમી વિભક્તિ વિકલ્પે થશે. દા.ત. दूर–विप्रकृष्टः વિગેરે

**પ્રશ્ન :– સૂત્રમાં બ.વ. શા માટે કર્યું છે ?**

**જવાબ** :– સૂત્રમાં બ.વ. લાઘવ માટે કર્યું છે. જો એ.વ. કર્યું હોત તો 'रादितरेण'... એ પ્રમાણે ગૌરવ થઇ જાત....

## તૃતીયાનો અપવાદ પંચમી – ૭૬,૭૭,૭૯

## ऋणाद्धेतोः ૨–૨–૭૬

**અર્થ** :– હેતુભૂત ઋણવાચક ગૌણ નામથી પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :—** **शताद्-बद्धः** = સો(રૂપિયાનાં ઋણ)-થી બંધાયેલ.

અહીં બંધન એ ફળ છે. તેનો હેતુ ૧૦૦ રૂપિયા છે. માટે शत ને પંચમી વિભક્તિ થઇ છે.

**हेतोरिति किम् ? शतेन बद्धः** = સો વડે બંધાયેલ... અહીં 'शत' એ હેતુ નથી. પણ કર્તા છે માટે આ સૂત્ર ન લાગ્યું.

- આ સૂત્ર ૨—૨—૪૪ સૂત્રનું અપવાદ છે.

## गुणादस्त्रियां नवा २—२—७७

**અર્થ :—** સ્ત્રીલિંગ ને વર્જીને ગુણવાચક હેતુભૂત ગૌણ નામથી પંચમી વિભક્તિ વિકલ્પે થાય છે.

**વિવેચન :—** **जाड्यात्—जाड्येन वा बद्धः** = જડતાથી બંધાયેલ.

અહીં जाड्य એ સ્ત્રીલિંગભિન્ન ગુણવાચક નામ છે. અને 'બંધાવું' તે તેનાં હેતુભૂત પણ છે. માટે આ સૂત્રથી પંચમી વિભક્તિ વિકલ્પે થઇ.

- **ज्ञानात्—ज्ञानेन वा मुक्तः** = જ્ઞાન વડે મૂકાયેલો.

અહી જ્ઞાન એ સ્ત્રીલિંગભિન્ન ગુણવાચક નામ છે. અને મૂકાવું' તે તેના હેતુભૂત પણ છે. માટે જ્ઞાનને પંચમી વિભક્તિ વિકલ્પે થઇ.

- **अस्त्रियामिति किम् ? बुद्ध्या मुक्तः** = બુદ્ધિ વડે મૂકાયો.

અહીં બુદ્ધિ એ ગુણવાચક નામ છે મૂકાવું તેના હેતુભૂત પણ છે. પરંતુ બુદ્ધિ એ સ્ત્રીલિંગ નામ હોવાથી આ સૂત્ર ન લાગ્યું પરંતુ ૨—૨—૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે.

**પ્રશ્ન :—** **ક્રિયાના સાધનભૂત જે હોય તેને હેતુ કહેવાય. તો ક્રિયાના હેતુભૂત** તો દરેક કારક કહેવાય. તો કર્તા કારકને પંચમી વિભક્તિ આ સૂત્રથી થાય કે નહીં ?

**જવાબ :—** ન થાય. કર્તાનો પણ જો હેતુમાં સમાવેશ કરવો હોત તો हेतु—कर्तृ... ૨—૨—૪૪ સૂત્રમાં માત્ર હેતુ લખવાથી જ તૃતીયા વિભક્તિ થઇ જાત. હેતુ—કર્તૃ—કરણ એમ દરેક શબ્દના અલગ—અલગ નિર્દેશ કર્યા છે તેજ સૂચવે છે કે ફળની સિદ્ધિમાં જે યોગ્ય હોય તેને જ હેતુ કહેવો છે. કર્તાને હેતુ માની પંચમી વિભક્તિ કરવી નથી. તેજ પ્રમાણે હેતુ અને કરણમાં

પણ ભિન્નતા સૂચવે છે.

## आरादर्थैः २–२–७८

**અર્થ :–** आरात् = દૂર અને નજીક. આ અર્થવાળાં ગૌણ નામથી પંચમી વિભક્તિ વિકલ્પે થાય છે.

**વિવેચન :–** दूरं ग्रामाद्–ग्रामस्य वा = ગામથી દૂર.

विप्रकृष्टं ग्रामाद्–ग्रामस्य वा = ગામથી દૂર.

अन्तिकं ग्रामाद्–ग्रामस्य वा = ગામથી નજીક.

अभ्यासं ग्रामाद्–ग्रामस्य वा = ગામથી નજીક.

**પ્રશ્ન** :– સૂત્રમાં બ.વ. શા માટે ?

**જવાબ :–** બહુવચન ન કરતાં જો એકવચન आरादर्थेन એ પ્રમાણે કરે તો ગૌરવ થઈ જાત. લાઘવ માટે જ બહુવચન કરેલ છે.

## स्तोका–ऽल्प–कृच्छ्र–कतिपयादसत्त्वेकरणे २–२–७९

**અર્થ :–** જે ગુણથી દ્રવ્યમાં શબ્દની પ્રવૃત્તિ થાય તે ગુણ असत्त्व કહેવાય. અથવા असत्त्व રૂપે કહેવાતાં દ્રવ્ય–ગુણ–ક્રિયાને असत्त्व કહેવાય.

અસત્ત્વ એવાં કરણમાં વર્તતા स्तोक–अल्प–कृच्छ्र અને कतिपय થી વિકલ્પે પંચમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :– स्तोकं च अल्पं च कृच्छ्रञ्च कतिपयं च एतेषां समाहारः**- स्तोकाल्पकृच्छ्रकतिपयं, तस्मात् । (સમા. દ્વ.) न सत्त्वं-असत्त्वं, तस्मिन् । (નઞ્. ત.)

**વિવેચન :– स्तोकात् स्तोकेन वा मुक्तः** = થોડા વડે મુકાયો.

अल्पात् अल्पेन वा मुक्तः = અલ્પ વડે મુકાયો.

कृच्छ्रात् कृच्छ्रेन वा मुक्तः = દુઃખ (કષ્ટ) વડે મુકાયો.

कतिपयात् कतिपयेन वा मुक्तः = કેટલાંક વડે મુકાયો.

**असत्त्व इति किम्** ? स्तोकेन विषेण हतः = થોડાં ઝેર વડે હણાયો.

અહીં स्तोक શબ્દ છે પણ તે વિષરૂપી દ્રવ્યમાં પ્રવર્તે છે. માટે પંચમી વિભક્તિ વિકલ્પે ન થઈ.

*ષષ્ઠી વિભક્તિ–*

## તૃતીયાનો અપવાદ ષષ્ઠી – ૮૦, ૮૬ થી ૮૮, ૯૨.

## अज्ञाने ज्ञः षष्ठी २–२–८०

**અર્થ :–** જ્ઞાન ભિન્ન વિષયમાં ज्ञा ધાતુનું જે કરણ, તદ્‌વાચી ગૌણ નામથી એ.વ., દ્વિ.વ., અને બ.વ. માં અનુક્રમે ङस्, ओस् અને आम् સ્વરૂપ ષષ્ઠી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** सर्पिषः सर्पिषोः सर्पिषां वा जानीते = ઘી વડે પ્રવૃત્તિ કરે છે. અથવા ઘી ન હોય તેને ઘી માની ઓળખે છે.

અહીં ज्ञा ધાતુ જ્ઞાનભિન્ન અર્થમાં છે તેથી ષષ્ઠી થઈ.

- **अज्ञान इति किम् ? स्वरेण पुत्रं जानाति** = સ્વર વડે પુત્રને **જાણે** છે. અહીં અજ્ઞાન અર્થ નથી માટે કરણમાં તૃતીયા વિભક્તિ થઈ.
- **करण इत्येव** – तैलं सर्पिषो जानाति = તેલને ઘી વડે પ્રવૃત્તિ કરે છે. અહીં सर्पिष् કરણ છે તેથી તેને ષષ્ઠી વિભક્તિ થઈ. પણ तैल એ કરણ નથી કર્મ છે. તેથી તેને ષષ્ઠી વિભક્તિ ન થઈ. કર્મને દ્વિતીયા વિભક્તિ થઈ.
- अज्ञान = ચિત્ત ભ્રાન્તિ વડે પદાર્થ યથાર્થ રૂપે ન જાણે અન્યરૂપે જાણે તેથી તે મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન એટલે અજ્ઞાન.

*સંબંધે ષષ્ઠી–*

## शेषे २–२–८१

**અર્થ :– કર્મ વિગેરેથી અન્ય (એટલે કે જેને બીજી વિભક્તિ કોઈ સૂત્રથી ન** લાગી હોય અથવા બીજી વિભક્તિ વિકલ્પે લાગી હોય તો તેનાં વિકલ્પમાં) તેમજ કર્મ વિગેરેની વિવક્ષા ન કરી હોય તેવા સ્વ–સ્વામી ભાવ વિગેરે સંબંધ વિશેષ તે શેષ કહેવાય. તેને વિષે ષષ્ઠી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** राज्ञः पुरुषः = રાજાનો પુરુષ.

उपगोरपत्यं = ગોવાળનો દીકરો. (उपगु = જેના વડે ગાયની પાસે જવાય તે.)

न माषाणाम् अश्नीयात् = અડદ ન ખાવા જોઇએ.

*પંચમીનો અપવાદ ષષ્ઠી–*

## रि–रिष्टात्–स्तादस्तादसतसाता २–२–८२

**અર્થ :–** रि, रिष्टात्, स्तात्, अस्तात्, अस्, अतस् અને आत् પ્રત્યયાન્ત એવા શબ્દથી યુક્ત ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :-** रिश्च रिष्टात् च स्तात् च अस्तात् च अस् च अतस् च आत् च एतेषां समाहारः, तेन. (સમા.દ્વ.)

**વિવેચન :-**

- ऊर्ध्वं देशे (वासः) - उपरि ग्रामस्य, उपरिष्टात् ग्रामस्य = ગામની ઉપર, ऊर्ध्वाद्... ७-२-११४ થી रि અને रिष्टात् પ્રત્યય અને ऊर्ध्व નો उप આદેશ.
- परस्मिन् देशे (वासः) - परस्तात् ग्रामस्य = ગામની બહાર. पराऽवरा... ७-२-११६ થી स्तात् પ્રત્યય.
- पूर्वस्मिन् देशे (वासः) - पुरस्तात् ग्रामस्य, पुरः ग्रामस्य = ગામની આગળ. पूर्वाऽवरा... ७-२-११५ થી अस्तात् અને अस् પ્રત્યય તથા पूर्व નો पुर् આદેશ.
- दक्षिणस्यां दिशि (वासः) - दक्षिणतः ग्रामस्य = ગામની દક્ષિણમાં. दक्षिणो... ७-२-११७ થી अतस् પ્રત્યય.
- उत्तरस्यां दिशि (वासः) - उतरात् ग्रामस्य = ગામની ઉત્તરમાં. अधरा... ७-२-११८ થી आत् પ્રત્યય.
- रि વિગેરે પ્રત્યયો છે. માટે 'प्रत्यय ग्रहणे तदन्त ग्रहणम्' આ ન્યાયથી रि વિગેરે થી યુક્ત એવું નામ જ આવશે.

रि વિગેરે પ્રત્યયો સ્વાર્થિક છે. દિક્ શબ્દથી વિધાન કરાયેલાં છે. આ કારણથી તેનાં અંતવાળા દિક્ શબ્દો જ કહેવાય. એટલે 'शेषे' २–२–८१ સૂત્રથી ષષ્ઠી થતી હતી. તે સૂત્રનો અપવાદ प्रभृत्यन्यार्थ.... २–२–७५ થી પંચમી નું વિધાન કરાયું તે છે. અને તે સૂત્રનો અપવાદ આ સૂત્ર છે.

# દ્વિતીયાનો અપવાદ ષષ્ઠી – ૮૩ થી ૮૫

## कर्मणि कृतः २–२–८३

**અર્થ :–** કૃદન્તનાં કર્મને ષષ્ઠી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** अपां स्रष्टा = પાણીને સર્જનાર. गवां दोहः = ગાયોને દોહનાર.

**कर्मणीति किम् ?** शस्त्रेण भेत्ता = શસ્ત્ર વડે ભેદનાર. स्तोकं पक्ता = થોડું રાંધનાર. આમાં 'शस्त्रेण' એ કરણ છે. તેથી ષષ્ઠી થઇ નથી. પરંતુ હેતુ–કર્તૃ ૨–૨–૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે. તેમજ બીજા વાક્યમાં 'स्तोक' એ ક્રિયાનું વિશેષણ છે. કર્મ નથી. તેથી તેને क्रियाविशेषणात् ૨–૨–૪૧ થી દ્વિતીયા વિભક્તિ થઇ છે.

- **कृत इति किम् ?** भुक्तपूर्वी ओदनम् = પહેલાં ભાત ખાનાર.

भुक्तं पूर्वम् अनेन આ અર્થમાં भुक्तपूर्व નામને पूर्वमनेन.... ૭–૧–૧૬૭ થી इन् પ્રત્યય લાગ્યો છે. અહીં ओदनम् કર્મ છે પણ તદ્ધિત પ્રત્યયાન્ત એવાં भुक्तपूर्वी નું કર્મ છે. કૃદન્તનું કર્મ નથી.

આ સૂત્ર દ્વિતીયાનું અપવાદરૂપ છે.

## द्विषोवाऽतृशः २–२–८४

**અર્થ :–** अतृश् પ્રત્યયાન્ત द्विष् ધાતુનાં કર્મને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

**વિવેચન :–** चौरस्य चौरं वा द्विषन् = ચોરનો (દ્વેષી) શત્રુ.

અહીં द्विष् ધાતુને सुग् द्विषार्हः... ૫–૨–૨૬ થી 'अतृश्' પ્રત્યય લાગ્યો છે. વિકલ્પ પક્ષે कर्मणि ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ છે.

कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ થતી હતી તેનો तृन्नुदन्ता.... ૨–૨–૯૦ થી નિષેધ થતો હતો. તેને વિકલ્પથી ષષ્ઠી પ્રાપ્ત કરવાં માટે આ સૂત્રની રચના છે.

## वैकत्र द्वयोः २–२–८५

**અર્થ :–** કૃત્ પ્રત્યયાન્ત એવા દ્વિકર્મક ધાતુના બે કર્મમાંથી કોઇપણ એક કર્મને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે. (અને બીજા કર્મને कर्मणिकृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ નિત્ય થાય છે.)

**વિવેચન :–** अजाया नेता स्रुघ्नं स्रुघ्नस्य वा = સ્રુઘ્ન દેશ તરફ બકરીને લઇ જનાર. अजाम् अजाया वा नेता स्रुघ्नस्य = સ્રુઘ્ન દેશ તરફ બકરીને લઇ જનાર.

અહીં नेता એ नी ધાતુનું तृच् પ્રત્યયાન્ત કૃદન્ત છે. અને તેના 'स्रुघ्न' અને 'अजा' એ બે કર્મ છે. જ્યારે स्रुघ्न ને આ સૂત્રથી વિકલ્પે ષષ્ઠી થાય ત્યારે 'अजा' ને कर्मणि कृतः ૨–૨–૮૩ થી નિત્ય ષષ્ઠી થાય અને જ્યારે 'अजा' ને આ સૂત્રથી ષષ્ઠી થાય ત્યારે 'स्रुघ्न' ને कर्मणि कृतः ૨–૨–૮૩ થી નિત્ય ષષ્ઠી વિભક્તિ થાય છે. એટલે કુલ ત્રણ પ્રયોગ થાય છે. તે આ પ્રમાણે.....

૧. अजाया नेता स्रुघ्नम् ।

૨. अजाया नेता स्रुघ्नस्य ।

૩. अजां नेता स्रुघ्नस्य ।

'एकत्र' એ પ્રમાણે સામાન્યથી નિર્દેશ કરેલો હોવાથી પ્રધાન કે ગૌણ બંને કર્મનું સામાન્યપણે ગ્રહણ થઇ શકે છે. માટે બંને પ્રકારનાં ઉદાહરણ આપ્યા છે.

**પ્રશ્ન :–** અહીં कृतः એ ષષ્ઠ્યન્ત હોવાથી द्वयोः ને તેનું વિશેષણ કેમ ન કર્યું ? ત્યાં પણ બે કૃદન્તનું જે એક કર્મ તેને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે. તે પ્રમાણે સૂત્રાર્થ ઘટે છે. દા.ત. अपां स्रष्टा भेत्ता च मैत्रः। અહીં स्रष्टा અને भेत्ता રૂપ બે કૃદન્તનું अप् એ કર્મ છે તો તેને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય.

**જવાબ :–** એ પ્રમાણે ન થાય. એ પ્રમાણે જ કરવું હોત તો कर्मणि कृतो द्वयोश्च वा એ પ્રમાણે ૨–૨–૮૩ અને ૨–૨–૮૫ બંને સૂત્રનો એક જ યોગ કરત. એ પ્રમાણે કરવાથી એક કૃદન્તના કર્મમાં નિત્ય ષષ્ઠી થાય છે. અને બે કૃદન્તનાં કર્મમાં વિકલ્પે ષષ્ઠી થાય છે. એ પ્રમાણે સમગ્ર અર્થ સૂત્રાર્થમાં સિદ્ધ થાય છે. છતાં તે પ્રમાણે નથી કર્યું તે જ સૂચવે છે કે ગ્રંથકારને એ પ્રકારનો અર્થ ઇષ્ટ નથી. માટે સૂત્રમાં જે કહેલ છે તે પ્રમાણે જ અર્થ કરવો એટલે द्वयोः ને કૃદન્ત નું વિશેષણ ન કરતાં કર્મનું વિશેષણ જ કરવું.

**પ્રશ્ન :–** कर्मणि નો અધિકાર ચાલુ છે. અને 'एकत्र' નો અર્થ 'કોઇપણ એક કર્મને' એ પ્રમાણે કરવાથી બીજા કર્મની અપેક્ષા પણ રહે છે. તેથી

'एकत्र' એ પ્રમાણે સૂત્રમાં કહેવાયે છતે 'બે કર્મમાંથી એક કર્મને' એવાં પ્રકારનો અર્થ સમજાઇ જ જાય છે તો સૂત્રમાં 'द्वयो' ન લખે તો પણ ચાલે. ગૌરવ શા માટે કર્યું ?

જવાબ :— જો द्वयोः ન લખે અને માત્ર 'एकत्र' શબ્દ જ રાખે તો ન્યાય છે કે 'प्रधानाप्रधानसंनिधौ प्रधाने कार्ये संप्रत्ययः' પ્રધાન અને ગૌણ બંનેનું કાર્ય આવી પડે ત્યારે પ્રધાનને વિષેજ કાર્ય થાય છે. આવા પ્રકારનાં ન્યાયથી પ્રધાન એવાં કર્મનું જ ગ્રહણ થાત 'બેમાંથી એક કર્મને' એવો અર્થ ન થાત. અથવા તો ગૌણ નામનો અધિકાર ચાલુ હોવાથી કર્મની અપેક્ષાએ ગૌણ કર્મ જ ગ્રહણ થાત. પ્રધાન કર્મ ગ્રહણ ન થાત. અહીં એવું નથી કરવું. પ્રધાન અને ગૌણ બંને કર્મને વિકલ્પથી ષષ્ઠી ભિન્ન ભિન્ન રીતે કરવી છે એટલે કે પ્રધાનને વિકલ્પથી ષષ્ઠી કરો ત્યારે ગૌણ ને નિત્ય અને ગૌણકર્મને વિકલ્પથી ષષ્ઠી વિભક્તિ કરો ત્યારે પ્રધાન કર્મને નિત્ય ષષ્ઠી વિભક્તિ કરવી. એ પ્રમાણેનો અર્થ કરવાં માટે 'द्वयोः' શબ્દનું ગ્રહણ કર્યું છે. તેમાં કોઇ દોષ નથી.

## कर्तरि २–२–८६

**અર્થ :—** કૃત્ પ્રત્યયાન્ત ધાતુ સમ્બન્ધી કર્તામાં વર્તતા ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ થાય છે.

**વિવેચન :—** भवतः आसिका = આપનો બેસવાનો વારો. पर्यायार्हर्णो..... ૫–૩–૧૨૦ થી લાગેલાં णक પ્રત્યયાન્ત એવાં आस् ધાતુ સમ્બન્ધી કર્તૃવાચક भवत् ને આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

**कर्तरीति किम् ?** गृहे शायिका = ઘરમાં સુવાનો વારો. અહીં કૃત્ પ્રત્યયાન્ત शी ધાતુનું गृह એ કર્તૃવાચક નામ નથી. પરંતુ गृहे એ અધિકરણવાચક નામ છે માટે આ સૂત્ર ન લાગ્યું.

કૃદન્તનાં પ્રયોગમાં કર્તૃવાચી શબ્દથી हेतुकर्तृ..... ૨–૨–૪૪ થી તૃતીયાની પ્રાપ્તિ હતી તેનો અપવાદ આ સૂત્ર છે.

## द्विहेतोरस्त्र्यणकस्य वा २–२–८७

**અર્થ :—** સ્ત્રીલિંગ અધિકારમાં વિધાન કરાયેલાં अ અને णक ને વર્જીને કર્તા

અને કર્મ બંનેની ષષ્ઠીનાં કારણભૂત કૃદન્તનાં કર્તામાં વર્તતાં ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

शंसि प्रत्ययात् ५–૩–૧૦૫ થી अ પ્રત્યય થાય છે તેનું અને भावे ५–૩–૧૧૨ થી णक પ્રત્યય થાય છે. તે બંનેનું વર્જન કરેલ છે.

**સૂત્રસમાસ :–** द्वयोर्हेतुः इति द्विहेतुः, तस्य । (ષ. ત.)

अश्च णकश्च एतयोः समाहारः इति अणकम् । (સમા. દ્વ.)

स्त्रियाम् अणकम् इति स्त्र्यणकम् । (સ. ત.)

न स्त्र्यणकम् इति अस्त्र्यणकम्, तस्य । (નञ्. ત.)

**વિવેચન :–** विचित्रा सूत्राणां कृतिः आचार्यस्य–आचार्येण वा = આચાર્યની સૂત્રોની રચના વિચિત્ર હોય છે.

અહીં 'कृति' એ સ્ત્રીલિંગમાં વિધાન કરાયેલા अ અને णक સિવાયનો 'क्ति' પ્રત્યય છે. स्त्रियां क्तिः ५–૩–૯૧ થી क्ति પ્રત્યય લાગ્યો છે. અને તે કૃદન્ત છે. તેના કર્તા 'आचार्य' છે. અને 'सूत्र' એ કર્મ છે. તેથી 'आचार्य' ને कर्तरि ૨–૨–૮૬ થી અને 'सूत्र' ને कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ થવાથી પ્રાપ્તિ છે. તેથી તે कृति ઉભયને ષષ્ઠી વિભક્તિનાં કારણરૂપ બની તેથી कृतिનાં કર્તૃવાચક નામને આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થઇ. પક્ષે हेतुकर्तृ..... ૨–૨–૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે.

**द्विहेतोरित्येकवचनं किम् ?** आश्चर्यमोदनस्य पाकोऽतिथीनां च प्रादुर्भावः = આશ્ચર્ય છે ભાતનું રંધાવું અને અતિથી નું આગમન...

અહીં 'पाक' એ पच् ધાતુને भावाऽकर्त्रोः ५–૩–૧૮ થી घञ् પ્રત્યય લાગી બન્યો છે. અને 'प्रादुर्भाव' માં भू ધાતુને घञ् પ્રત્યય લાગ્યો છે. એટલે બંને કૃદન્ત બન્યાં. 'पाक' એ કૃદન્ત 'ओदन' રૂપ કર્મને માટે कर्मणिकृतः ૨–૨–૮૩ થી ષષ્ઠીની પ્રાપ્તિમાં કારણભૂત છે. તેમજ प्रदुर्भाव એ કૃદન્ત 'अतिथी' રૂપ કર્તાને માટે कर्तरि ૨–૨–૮૬ થી ષષ્ઠીની પ્રાપ્તિમાં કારણભૂત છે. પરંતુ આ સૂત્રમાં 'द्विहेतोः' જે એકવચનમાં મૂક્યું છે તે જણાવે છે કે કર્તા અને કર્મ બન્નેની ષષ્ઠીનાં કારણભૂત એકજ કૃદન્ત હોય તો જ કૃદન્તનાં કર્તાને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે. જ્યારે અહીં કર્તા

અને કર્મ બંનેને માટે જુદાં જુદાં કૃદન્ત છે તેથી તે ષષ્ઠી વિભક્તિનાં કારણભૂત છે માટે આ સૂત્ર લાગ્યું નથી.

**अस्त्र्यणकस्येति किम्** ? चिकीर्षा मैत्रस्य काव्यानाम् = મૈત્રની કાવ્ય કરવાની ઇચ્છા. અહીં चिकीर्षा (कृ નું ઇચ્છાદર્શક કૃદન્ત) ને शंसि प्रत्ययात् ૫–૩–૧૦૫ થી अ પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્ર ન લાગતાં कर्तरि ૨–૨–૮૬ થી નિત્ય ષષ્ઠી વિભક્તિ થઇ.

भेदिका चैत्रस्य काष्ठनाम् = ચૈત્રની લાકડા કાપવાની ક્રિયા. અહીં ભાવે ૫–૩–૧૨૨ થી भिद् ધાતુને સ્ત્રીલિંગમાં વિહિત 'णक' પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્ર ન લાગતાં कर्तरि ૨–૨–૮૬ થી નિત્ય ષષ્ઠી વિભક્તિ થઇ છે.

## कृत्यस्य वा ૨–૨–૮૮

**અર્થ :–** કૃત્ય પ્રત્યયાન્તના કર્તામાં વર્તતા ગૌણ નામથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે. કૃત્ય પ્રત્યય–तव्य, अनीय, य, क्यप् અને घ्यण्.

**વિવેચન :–** त्वया–तव वा कृत्यः कटः = તારે ચટઇ કરવી જોઇએ. कृ–वृषि... ૫–૧–૪૨ થી क्यप्.

त्वया–तव वा कार्यः कटः = તારે ચટઇ કરવા યોગ્ય છે. ऋवर्ण... ૫–૧–૧૭ થી घ्यण्.

त्वया–तव वा कर्तव्यः कटः, त्वया–तव वा करणीयः कटः = તારે ચટઇ કરવાં યોગ્ય છે. तव्याऽनीयौ ૫–૧–૨૭ થી तव्य, अनीय.

त्वया–तव वा देयः कटः = તારે ચટઇ આપવાં યોગ્ય છે. य एच्चातः ૫-૧-૨૮ य. કૃત્ય પ્રત્યયાન્ત 'कृत्य' વિગેરે ના કર્તાને આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થઇ. વિકલ્પપક્ષે हेतु–कर्तृ... ૨–૨–૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે.

અહીં तव्य વિગેરે પ્રત્યયથી કર્મ ઉક્ત થયું છે. માટે कट એ ઉક્ત થવાથી તેને नाम्नः... ૨–૨–૩૧ થી પ્રથમા વિભક્તિ થઇ છે.

## ષષ્ઠીનો નિષેધ – ૮૯ થી ૯૪

## नोभयोर्हेतोः ૨–૨–૮૯

**અર્થ :–** કૃત્ય પ્રત્યયાન્તનાં ષષ્ઠી વિભક્તિનાં કારણભૂત કર્તા અને કર્મને બંનેને

ષષ્ઠી વિભક્તિ થતી નથી.

**વિવેચન :–** नेतव्या ग्राममजा मैत्रेण = મૈત્ર વડે બકરી ગામમાં લઇ જવા યોગ્ય છે. અહીં 'नेतव्या' એ 'तव्य' કૃત્ય પ્રત્યયાન્ત કૃદન્ત છે. તેથી તેનાં કર્મવાચક ગૌણ નામ 'ग्राम' ને कर्मणि कृतः ૨–૨–૮૩ થી અને કર્તાવાચક ગૌણ નામ મૈત્ર ને कर्तरि ૨–૨–૮૬ થી ષષ્ઠી વિભક્તિ થવાનો યોગ હતો. તેનો આ સૂત્રે નિષેધ કર્યો. તેથી 'ग्राम' ને कर्मणि ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ અને 'मैत्र' ને हेतु–कर्तृ.... ૨–૨–૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે.

'अजा' એ પ્રધાન કર્મ હોવાથી તેને ષષ્ઠીની પ્રાપ્તિ હતી જ નહીં. તેને नाम्नः प्रथमैक.... ૨–૨–૩૧ થી પ્રથમા વિભક્તિ થઇ છે.

**પ્રશ્ન :–** અહીં કૃત્ય પ્રત્યયાન્ત સંબંધી ષષ્ઠી વિભક્તિના હેતુભૂત કર્તા અને કર્મ બંનેમાં ષષ્ઠી વિભક્તિનો નિષેધ કર્યો પણ આ સૂત્ર उभयोः થી દ્વિકર્મક ધાતુને વિષે જ પ્રાપ્ત એવી ષષ્ઠી વિભક્તિનો નિષેધ કરે છે કારણ કે દ્વિકર્મક ધાતુને વિષે જ કર્તા અને કર્મને ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ છે. ત્યાં 'नेतव्या ग्राममजा मैत्रेण ।' અહીં अजा ને માટે કાર્યનો આરંભ કરાય છે. માટે 'अजा' એ મુખ્ય કર્મ છે. અને તે तव्य પ્રત્યય વડે ઉક્ત થઇ જાય છે. માટે તેને નામાર્થે પ્રથમા થાય છે. ષષ્ઠી વિભક્તિ થતી જ નથી.

તેમજ 'यस्य नाम्नः आख्यातपदेन सामानाधिकरण्यं अस्ति तद् मुख्यम् ।' એ ઉક્તિથી અહીં अजा નું ક્રિયાપદની સાથે સમાનાધિકરણ છે. તેથી अजा એ મુખ્યનામ બન્યું. અને 'गौण मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः।' એ ન્યાયથી મુખ્યને વિષેજ કાર્ય થાય. તેથી ગૌણ ग्राम ને વિષે પણ ષષ્ઠી નો પ્રસંગ નથી. માટે આ સૂત્રથી કર્તામાં જ ષષ્ઠી વિભક્તિનો નિષેધ કરવો યોગ્ય છે. એથી ઉભય શબ્દ દ્વારા કર્તા અને કર્મ બંનેને ષષ્ઠીનો નિષેધ કરવો યોગ્ય નથી.

**જવાબ :–** ના. એ પ્રમાણે ન થાય કારણકે कर्मणि ૨–૨–૪૦ થી કર્મમાં દ્વિતીયા વિભક્તિ થાય છે. પરંતુ કૃદન્તના પ્રયોગમાં कर्मणि कृतः ૨–૨–૮૩ થી દ્વિતીયા વિભક્તિનો બાધ કરીને ષષ્ઠી વિભક્તિનું વિધાન કર્યું છે. તો જે પ્રમાણે कर्मणि ૨–૨–૪૦ થી મુખ્ય કર્મને દ્વિતીયા વિભક્તિ કરીએ છીએ તેમ ગૌણ કર્મથી પણ આજ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ થતી

હતી. गोण मुख्ययोः.... ન્યાય ત્યાં અનિત્ય બન્યો. તેજ પ્રમાણે અહીં कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ પણ થશે. માટે સૂત્રમાં उभयोः થી કર્તા અને કર્મનું ગ્રહણ કરી ષષ્ઠી વિભક્તિનો તે બંનેને જે નિષેધ કર્યો છે તે યોગ્ય જ છે.

## तृन्नुदन्ताऽव्यय–क्वस्वानाऽतृश्–शतृ-ङि-णकच् खलर्थस्य २–२–९०

અર્થ :– तृन्, उ કારાન્ત, અવ્યય સંજ્ઞક, क्वसु, आन, अतृश्, शतृ, ङि णकच् અને खल् અર્થવાળા આ બધાં પ્રત્યયાન્ત કૃદન્તનાં કર્મ અને કર્તાને ષષ્ઠી વિભક્તિ થતી નથી.

વિવેચન :–

૧. **तृन् प्रत्ययान्त**–वदिता जनापवादान् = માણસોની નિંદા કરનાર. तृन् शील–धर्म... ૫–૨–૨૭ થી तृन् પ્રત્યય લાગ્યો છે.

૨. **उदन्त प्रत्ययान्त** – कन्यामलङ्करिष्णुः = કન્યાને શણગારનાર. भ्राज्य... ૫–૨–૨૮ થી इष्णु પ્રત્યય લાગ્યો છે.

श्रद्धालुस्तत्त्वम् = તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા રાખનારો.

शीङ् श्रद्धा–निद्रा... ૫–૨–૩૭ થી आलु પ્રત્યય લાગ્યો છે.

૩. **अव्ययसंज्ञक प्रत्ययान्त** – कटं कृत्वा = કટ કરીને. प्राक्काले ૫–૪–૪૭ થી त्वा પ્રત્યય લાગ્યો છે.

ओदनं भोक्तुं व्रजति = ભાત ખાવાં જાય છે. क्रियायां क्रियार्थायां.... ૫–૩–૧૩ થી तुम् પ્રત્યય લાગ્યો છે.

क्त्वातुमम् ૧–૧–૩૫ થી त्वा–तुम् બંને પ્રત્યયો અવ્યય સંજ્ઞક બન્યા છે.

૪. **क्वसु प्रत्ययान्त** – ओदनं पेचिवान् = ભાત રાંધ્યો.

तत्र क्वसु... ૫–૨–૨ થી क्वसु પ્રત્યય લાગ્યો છે.

૫. **आन प्रत्ययान्त** – कटं चक्राणः = સાદડી કરી.

तत्रक्वसु... ૫–૨–૨ થી कान પ્રત્યય લાગ્યો છે.

मलयं पवमानः = મલયને પવિત્ર કરનારો.

पूङ्यजः शानः ૫–૨–૨૩ થી शान પ્રત્યય લાગ્યો છે.

ओदनं पचमानः = ભાતને રાંધતો.

शत्रानशा.... ૫–૨–૨૦ થી आनश् (आन) પ્રત્યય લાગ્યો છે.

चैत्रेण पच्यमानः = મૈત્ર વડે રંધાતો.

शत्रानशा... ૫–૨–૨૦ થી आनश् પ્રત્યય લાગ્યો છે.

૬. **अतृश् प्रत्ययान्त –** अधीयंस्तत्वार्थम् = તત્ત્વાર્થ સૂત્રને ભણતો.

धारीङो..... ૫–૨–૨૫ થી अतृश् પ્રત્યય લાગ્યો છે.

૭. **शतृ प्रत्ययान्त –** कटं कुर्वन् = સાદડીને કરતો.

शत्रानशा वेष्यति.... ૫–૨–૨૦ થી शतृ પ્રત્યય લાગ્યો છે.

૮. **ङि प्रत्ययान्त** - परिषहान् सासहिः = પરિષહોને સહન કરનારો.

डौ सासहि.... ૫–૨–૩૮ થી ङि પ્રત્યય લાગ્યો છે.

૯. **णकच् प्रत्ययान्त –** कटं कारको व्रजति = સાદડી કરવા માટે જાય છે.

क्रियायां क्रियार्थायां... ૫–૨–૧૩ થી णकच् પ્રત્યય લાગ્યો છે.

૧૦. **खलर्थ प्रत्ययान्त** – इषत्करः कटो भर्वता = આપના વડે સાદડી સહેલાઈથી બનાવી શકાય તેમ છે.

दुःस्वीषतः.... ૫–૩–૧૩૯ થી खल् પ્રત્યય લાગ્યો છે.

सुज्ञानं तत्त्वं त्वया = તારા વડે તત્ત્વ સારી રીતે જાણી શકાય તેમ છે.

शास्–युधि.... ૫–૩–૧૪૧ થી ખલર્થક अन् પ્રત્યય લાગ્યો છે.

આ બધાં ઉદાહરણમાં કૃત પ્રત્યયાન્ત હોવાનાં કારણે **चैत्रेण पच्यमानः**। ઉદા. માં અને खलर्थ પ્રત્યયાન્ત નાં બંને ઉદા.માં કૃત્ પ્રત્યયાન્તનાં કર્તાને **कर्तरि** ૨–૨–૮૬ થી ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ હતી અને અન્ય સર્વે ઉદાહરણમાં કૃત્ પ્રત્યયાન્તનાં કર્મને **कर्मणिकृतः** ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો છે. તેથી કર્તાને हेतुकर्तृ... ૨–૨–૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ. અને કર્મને **कर्मणि** ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ છે.

## क्तयोरसदाधारे २–२–९१

**અર્થ :–** વર્તમાનકાળ અને આધાર સિવાયના અર્થમાં જે क्त અને क्तवतु તેના કર્મ અને કર્તા બંનેને ષષ્ઠી વિભક્તિ થતી નથી.

**સૂત્રસમાસ :–** क्तश्च क्तश्च इति क्तौ, तयोः। (એકશેષ) બીજાં क्त થી क्तवतु નું ગ્રહણ કરેલ છે. सच्च आधारश्च एतयोः समाहारः इति सदाधारम् । (સમા. દ્વ.) न सदाधारम् इति असदाधारं, तस्मिन् । (નઞ્. ત.)

**વિવેચન :–** कटः कृतो मैत्रेण = મૈત્ર વડે સાદડી કરાઇ. क्तक्तवतू ૫–૧–૧૭૪ થી क्त પ્રત્યય થયો છે.

ग्रामं गतवान् = તે ગામ ગયો. ૫–૧–૧૭૪ થી क्तवतु પ્રત્યય થયો છે. આ બંને વાક્યમાં ભૂતકાળનો અર્થ નીકળે છે. માટે ષષ્ઠી વિભક્તિ ન થઇ.

**असदाधार इति किम् ?** राज्ञां पूजितः = રાજાઓની પૂજા કરે છે. ज्ञानेच्छाऽर्चा.... ૫–૨–૯૨ થી વર્તમાનકાળનાં અર્થમાં क्त પ્રત્યય લાગ્યો છે. તેથી તેના કર્મને આ સૂત્ર ન લાગતાં ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

इदं सक्तूनां पीतम् = આમાં સાથવાને પીધું. અહીં अद्यर्थाच्चाऽऽधारे ૫–૧–૧૨ થી આધાર અર્થમાં क्त પ્રત્યય લાગ્યો છે. તેથી તેના કર્મને આ સૂત્ર ન લાગતાં ષષ્ઠી વિભક્તિ થઇ છે.

- ૨–૨–૮૩ અને ૨–૨–૮૬ સૂત્રનું આ અપવાદ સૂત્ર છે.

## वा क्लीबे २–२–९२

**અર્થ :–** નપું. માં क्त પ્રત્યયના કર્તાને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થતી નથી. (એટલે કે વિકલ્પે થાય છે.)

**વિવેચન :–** मयूरस्य मयूरेण वा नृत्तम् = મોરે નૃત્ય કર્યું. અહીં क्लीबे क्तः ૫–૩–૧૨૩ થી क्त પ્રત્યય લાગ્યો છે. क्तयोरसदाधारे ૨–૨–૯૧ થી ષષ્ઠી થવાની ન હતી. તેનો વિકલ્પે નિષેધ કરવાં આ સૂત્રની રચના કરી છે. કારણકે 'नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम् ।' એ ન્યાયથી क्त પ્રત્યયવાળા પું. સ્ત્રી. નપું. બધાં જ કૃદન્તો કર્તા–કર્મ અને ભાવમાં આવી જાત. જ્યારે આ સૂત્રની રચના કરવાથી ભાવમાં क्त પ્રત્યય નપું. માં જ થશે.

**પ્રશ્ન :–** ૨–૨–૯૧ સૂત્રથી કર્તા અને કર્મ બંનેની અનુવૃત્તિ આવતી હતી.

છતાં અહીં વિકલ્પે નિષેધ માત્ર કર્તામાં જ કર્યો. આમ કેમ ?

**જવાબ :–** ભાવે પ્રયોગ માત્ર કર્મ રહિત અવસ્થામાં જ થાય. તેથી કૃદન્તનું કર્મ હોવાની સંભાવના જ નથી. માટે કર્તરિની જ અનુવૃત્તિ અહીં આવશે.

● न ની અનુવૃત્તિ નીચે લઇ જવાની હોવાથી અહીં પણ न ની અનુવૃત્તિ રાખી છે. બાકી કોઇ બીજું પ્રયોજન નથી.

## अकमेरूकस्य २–२–९३

**અર્થ :–** कम् ધાતુ સિવાયના उक પ્રત્યયાન્ત કૃદન્તના કર્મને ષષ્ઠી વિભક્તિ થતી નથી.

**સૂત્રસમાસ :–** न कमिः-अकमिः, तस्य - अकमेः।

**વિવેચન :–** भोगान् अभिलाषुकः = ભોગોની અભિલાષા કરનાર. અહીં लस-पत-पदः ૫–૨–૪૧ થી उकण् પ્રત્યય લાગ્યો છે. ૨–૨–૮૩ થી ષષ્ઠીની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી कर्मणि ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ.

**अकमेरिति किम् ?** दास्याः कामुकः = દાસીનો કામી. અહીં कम् ધાતુને શૃ-कम–गम.... ૫–૨–૪૦ થી उकण् પ્રત્યય લાગ્યો છે. તેનું આ સૂત્રમાં વર્જન કરેલું હોવાથી कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

**પ્રશ્ન :–** અહીં સૂત્રમાં કર્મમાં ષષ્ઠી વિભક્તિનો નિષેધ કર્યો તેમ કર્તામાં ષષ્ઠી વિભક્તિનો નિષેધ કેમ ન કર્યો ?

**જવાબ :–** અહીં उकण् પ્રત્યય લાગી કર્તા ઉક્ત થઇ જાય છે માટે કર્તાને ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ જ નથી તેથી નિષેધ કર્યો નથી.

## एष्यदृणेनः २–२–९४

**અર્થ :–** ભવિષ્યકાળના અર્થમાં અને ઋણ અર્થમાં બતાવેલાં इन् પ્રત્યયાન્ત નાં કર્મને ષષ્ઠી થતી નથી.

**સૂત્રસમાસ :–** एष्यच्च ऋणं च - एष्यदृणे । (ઇત. દ્વ.)

एष्यदृणयोः इन् इति एष्यदृणेन्, तस्य । (ષષ્ઠી ત.)

**વિવેચન :–** ग्रामं गमी आगामी वा = ગામમાં જનારો અથવા આવનારો.

અહીં वर्त्स्यति गम्यादिः ૫–૩–૧ થી ભવિષ્યકાળનાં અર્થમાં उणादि થી

इन् પ્રત્યય થયો-છે. તેથી कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રે નિષેધ કર્યો. તેથી कर्मणि ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ.

- शतं दायी = સો આપનારો. અહીં णिन् चाऽऽवश्यका.... ૫–૪–૩૬ થી ઋણ અર્થમાં णिन् પ્રત્યય લાગ્યો છે. તેથી कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

**एष्यदृणेति किम्** ? साधु दायी वित्तस्य = સારી રીતે ધનનું દાન કરવાવાળો. અહીં साधौ ૫–૧–૧૫૫ થી णिन् પ્રત્યય થયો છે. છતાં ઋણ અર્થ કે ભવિષ્યકાળ અર્થ નથી માટે આ સૂત્ર લાગ્યું નથી. कर्मणि कृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

इन् અનુબંધ વગરનો ગ્રહણ કર્યો છે તેથી 'निरनुबंधग्रहणे सामान्यस्यापि ग्रहणम्'. અથવા 'स्वंरूपं शब्दस्य'.... એ ન્યાયથી શબ્દનું સ્વરૂપ इन् ગ્રહણ કરવાથી इन् સ્વરૂપવાળાં તમામ પ્રત્યયો આવી શકે. તેથી 'णिन्' નું ગ્રહણ થશે.

'निरनुबन्धग्रहणे न सानुबन्धस्य ग्रहणम्'। એ ન્યાય ઋણાર્થમાં પ્રવર્તે નહીં. કારણકે ઋણાર્થમાં इन् પ્રત્યય આવતો નથી. णिन् પ્રત્યય જ આવે છે.

## અધિકરણમાં સપ્તમી વિભક્તિ

- જેને અધિકરણ કારક સંજ્ઞા થાય છે તેને सप्तम्यधिकरणे ૨–૨–૯૫ થી સપ્તમી વિભક્તિ થાય છે. જ્યારે અધિકરણ કારક સંજ્ઞા ન થાય ત્યારે शेषे ૨–૨–૮૧ સૂત્ર ન લગાડતાં સપ્તમી વિભક્તિ જ કરવી છે. તેને नवा.... ૨–૨–૯૬ વિગેરે સૂત્રો લાગે છે.

### सप्तम्यधिकरणे ૨–૨–૯૫

અર્થ :– અધિકરણ અર્થમાં એ.વ., દ્વિ.વ. અને બ.વ. માં અનુક્રમે ङि ओस्, सुप् સ્વરૂપ સપ્તમી વિભક્તિ થાય છે.

વિવેચન :- कटे आस्ते = સાદડી ઉપર બેસે છે. – ઔપશ્લેષિક અધિકરણ.

दिवि देवाः = સ્વર્ગમાં દેવો – વૈષયિક અધિકરણ.

तिलेषु तैलम् = તલમાં તેલ. – અભિવ્યાપક અધિકરણ.

गुरौ वसति = ગુરુની નજીક રહે છે. – સામીપ્યક અધિકરણ.

युद्धे संनह्यति = યુદ્ધનાં નિમિત્તે લડે છે. – નૈમિત્તિક અધિકરણ.

अङ्गुल्यग्रे करिशतम् = આંગળીનાં ટેરવે સો હાથી. – ઔપચારિક અધિકરણ.

## नवा सुजर्थैः काले २–२–९६

**અર્થ :–** सुजर्थक (વાર અર્થવાળા) પ્રત્યયાન્ત નામથી યુક્ત કાળ સ્વરૂપ અધિકરણમાં વર્તતા ગૌણ નામથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** सुच् अर्थः येषां ते-सुजर्थाः, तैः। (બહુ.)

**વિવેચન :–** द्विरह्नि अह्नो वा भुङ्क्ते = દિવસમાં બે વાર ખાય છે.

અહીં द्वि શબ્દને વાર અર્થમાં द्वि–त्रि... ૭–૨–૧૧૦ થી सुच् પ્રત્યય લાગ્યો છે. વિકલ્પ પક્ષે शेषे. ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

पञ्चकृत्वो मासे मासस्य वा भुङ्क्ते = મહિનામાં પાંચ વાર ખાય છે. અહીં पञ्चन् શબ્દને વાર અર્થમાં वारे कृत्वस् ૭–૨–૧૦૯ થી कृत्वस् પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઇ છે. વિકલ્પ પક્ષે शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઇ છે.

**काल इति किम्** ? द्विः कांस्यपात्र्यां भुङ्क्ते = બે વાર કાંસાની થાળીમાં ખાય છે. અહીં द्वि શબ્દને વાર અર્થમાં सुच् પ્રત્યય લાગ્યો છે. कांस्यपात्र्यां આધાર અર્થમાં પણ છે. પરંતુ કાળ સ્વરૂપ અધિકરણ નથી. માટે આ સૂત્ર ન લાગતાં ઉપરના સૂત્રથી નિત્ય સપ્તમી વિભક્તિ થઇ છે.

- ઉપરના સૂત્રથી સપ્તમી વિભક્તિ અધિકરણમાં સિદ્ધ જ હતી. વિકલ્પ પક્ષે शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ પણ થાય છે. આવી રીતે સિદ્ધ હોવા છતાં આ સૂત્ર નિયમને માટે રચ્યું છે. 'सिद्धे सति आरम्भो नियमार्थः' નિયમ એ કર્યો કે सुजर्थक પ્રત્યયાન્ત કાળ સ્વરૂપજ અધિકરણ વાચક નામથી ૨–૨–૮૧ થી ષષ્ઠી થાય. પરંતુ કાળસ્વરૂપ અધિકરણ વાચક નામ ન હોય તો ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ ન થતાં નિત્ય સપ્તમી વિભક્તિ જ થાય. તેથી જ પ્રતિ ઉદાહરણમાં **'शेषे'** થી ષષ્ઠી વિભક્તિ નથી થઇ પણ ઉપરનાં સૂત્રથી નિત્ય સપ્તમી જ થઇ છે.

*ઉપપદ સપ્તમી–*

## कुशला–ऽऽयुक्तेनाऽऽसेवायाम् २–२–९७

**અર્થ :–** કુશલ અને आयुक्त આ બે શબ્દથી યુક્ત આધારવાચક નામથી आसेवा અર્થમાં સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે. आसेवा = તત્પરતા.

**સૂત્રસમાસ :–** कुशलश्च आयुक्तश्च एतयोः समाहारः इति कुशलायुक्तं, तेन (સમા. દ્વ.)

**વિવેચન :–** कुशलो विद्यायां विद्याया वा = વિદ્યામાં કુશળ.

आयुक्तः तपसि तपसो वा = તપમાં જોડાયેલો.

આ બંનેમાં आसेवा અર્થ ગમ્યમાન છે. તેથી આ સૂત્રથી વિકલ્પે સપ્તમી થઈ પક્ષે शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી થઈ છે.

**आसेवायामिति किम्** ? कुशलश्चित्रे न तु करोति = ચિત્રમાં કુશળ છે. પરંતુ ચિત્ર દોરતો નથી. અહીં ચિત્ર કરતો જ નથી તો તત્પરતા અર્થ કેવી રીતે ગમ્યમાન થાય ? માટે આ સૂત્ર ન લાગ્યું.

- आयुक्तः गौः शकटे, आकृष्य युक्तः = ગાડામાં બળદ જોડાયો છે. પણ ખેંચીને જોડાયેલો છે. સ્વેચ્છાથી જોડાયો નથી. માટે આ બંને વાક્યમાં 'आसेवा' અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્ર ન લાગતાં सप्तम्यधिकरणे ૨–૨–૯૫ થી નિત્ય સપ્તમી થઈ છે.

'आसेवा' રૂપ અધિકરણની વિવક્ષા ન હોય ત્યારે નિત્ય સપ્તમી કરીને નિયમ કર્યો કે 'आसेवा' અર્થ ન હોય ત્યાં शेषे થી ષષ્ઠી નહીં થાય.

*ષષ્ઠી વિભક્તિનો અપવાદ–*

## स्वामीस्वराधिपति–दायाद साक्षि प्रतिभू प्रसूतैः २–२–९८

**અર્થ :–** स्वामिन्, ईश्वर, अधिपति, दायाद, साक्षिन्, प्रतिभू અને प्रसूत શબ્દોથી યુક્ત ગૌણ નામથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** स्वामी च ईश्वरश्च अधिपतिश्च दायादश्च साक्षी च प्रतिभूश्च प्रसूतश्च इति स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूताः, तैः। (ઇત. દ્વ.)

**વિવેચન :–** गोषु गवां वा स्वामी = ગાયોનો માલિક.

गोषु गवां वा ईश्वरः = ગાયોનો સ્વામી.

गोषु गवां वा अधिपतिः = ગાયોનો સ્વામી.

गोषु गवां वा दायादः = ગાયોનો ભાગીદાર.

गोषु गवां वा साक्षी = ગાયોનો સાક્ષી.

गोषु गवां वा प्रतिभूः = ગાયોનો સાક્ષી.

गोषु गवां वा प्रसूतः = ગાયોમાં જન્મેલો. (વાછરડો.)

**પ્રશ્ન :–** સૂત્રમાં બહુવચન શા માટે ?

**જવાબ :–** લાઘવ માટે. નહીંતર પ્રસૂતેન એ પ્રમાણે એકવચન કરવાં જતાં ગૌરવ થઇ જાય.

અહીં બધે સ્વામી–સેવક ભાવ સંબંધના કારણે નિત્ય ષષ્ઠીની પ્રાપ્તિ હોવાથી સપ્તમી વિભક્તિની વિકલ્પે પ્રાપ્તિનાં વિધાન માટે આ સૂત્ર છે.

***દ્વિતીયાનો અપવાદ–***

## व्याप्ये क्तेनः २–२–९९

**સૂત્ર –** क्त પ્રત્યયથી પર इन् પ્રત્યયાન્ત નામના કર્મમાં સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** क्तात् इन् इति क्तेन्-तस्य. (પં. તત્પુ.)

**વિવેચન :–** अधीतम् अनेन-अधीती व्याकरणे = વ્યાકરણને ભણનારો.

इष्टम् अनेन - इष्टी यज्ञे = યજ્ઞ કરનારો.

આ બંનેમાં इष्टादेः ૭–૧–૧૬૮ થી इन् પ્રત્યય क्त થી પરમાં લાગ્યો છે. તેથી તે બંનેનું વ્યાપ્ય (કર્મ) 'व्याकरण' અને 'यज्ञ' ને સપ્તમી વિભક્તિ થઇ છે.

- **क्तेनेति किम्** ? कृतपूर्वी कटम् = પહેલાં ચટાઇ બનાવનારો.

  कृतं पूर्वम् अनेन इति कृतपूर्वी । અહીં पूर्वमनेन ૭–૧–૧૬૭ થી इन् પ્રત્યય कृतपूर्व ને લાગ્યો છે. પરંતુ क्त થી પરમાં इन् નથી. માટે આ સૂત્ર ન લાગતાં कर्मणि ૨–૨–૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઇ છે.

- સૂત્રમાં વ્યાપ્યનું ગ્રહણ કરેલું હોવાથી જુદો અધિકાર ચાલુ થયો. તેથી અથવા ઉપરનાં સૂત્રથી આ સૂત્ર ભિન્ન બનાવ્યું તેથી वा ની અનુવૃત્તિ અટકી ગઇ.

*તૃતીયા વિભક્તિનો અપવાદ–*

## तद्युक्ते हेतौ २–२–१००

**અર્થ :–** કર્મ વડે સંયુક્ત એવા હેતુ વાચક ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** तेन (व्याप्येन)युक्तः इति तद्युक्तः-तस्मिन् । (તૃ.ત.)

**વિવેચન :–** चर्मणि द्वीपिनं हन्ति दन्तयोर्हन्ति कुञ्जरम् ।

केशेषु चमरीं हन्ति सीम्नि पुष्कलको हतः ॥

ચામડા માટે વાઘને હણે છે. બે દાંતને માટે હાથીને હણે છે. વાળને માટે ચમરી ગાયને હણે છે. અણ્ડકોષ વૃષણ માટે કસ્તુરીમૃગ હણાયો.

द्वीपिन्, कुञ्जर, चमरी, पुष्कलक રૂપ કર્મની સાથે અનુક્રમે चर्मन्, दन्त, केश, सीमन् રૂપહેતુ જોડાયેલાં છે. તેથી હેતુવાચક નામને સપ્તમી વિભક્તિ આ સૂત્રથી થઇ છે.

**तद्युक्त इति किम् ?** वेतनेन धान्यं लुनाति= વેતન માટે અનાજ કાપે છે. અહીં ધાન્ય રૂપ કર્મની સાથે વેતન રૂપ હેતુ જોડાયેલો નથી. ભિન્ન છે માટે આ સૂત્ર ન લાગ્યું. તેથી હેતુકર્તૃ.... ૨–૨–૪૪ થી તૃતીયા વિભક્તિ થઇ છે.

તેન (तद्युक्त માં) થી વ્યાપ્યને લેવાનું છે.

હેતુ = નિમિત્ત કારણ. અહીં વિશિષ્ટ નિમિત્ત ઇચ્છનીય છે. માત્ર (સામાન્ય) નિમિત્ત નહીં. નહીંતર 'वेतनेन धान्यं लुनाति ।' અહીં 'धान्य' રૂપ કર્મની સાથે 'वेतन' રૂપ નિમિત્ત જોડાયેલું છે. તેથી તેને સપ્તમી વિભક્તિ થઇ જાય પરંતુ વિશિષ્ટ નિમિત્ત નથી. તેથી તેને કરણ તરીકે તૃતીયા વિભક્તિ જ થાય છે.

## ષષ્ઠીનો અપવાદ સપ્તમી – ૧૦૧ થી ૧૦૫, ૧૧૧

## अप्रत्यादावसाधुना २–२–१०१

**અર્થ :–** પ્રતિ વિગેરેનો પ્રયોગ ન કરાયો હોય તો અસાધુ શબ્દથી યુક્ત એવા ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** प्रतिरादिर्यस्य सः-प्रत्यादिः। (નઞ્. ત.) न प्रत्यादिः-अप्रत्यादिः,

तस्मिन्. (બહુ.) न साधुः-असाधुः, तेन. (નઞ્. ત.)

**વિવેચન :–** असाधुर्मैत्रो मातरि = માતા પ્રત્યે મૈત્ર સારો નથી.

- **अप्रत्यादाविति किम्?** असाधुर्मैत्रो मातरं प्रति, परि, अनु, अभि वा = મૈત્ર માતા પ્રત્યે સારો નથી. અહીં प्रति વિગેરે નો યોગ હોવાથી ચાલુ સૂત્રથી સપ્તમી વિભક્તિ ન થઇ. તેથી દ્વિતીયા વિભક્તિ लक्षण... ૨–૨–૩૬ અને भागिनि... ૨–૨–૩૭ થી થઇ.

**પ્રશ્ન :–** साधु = સદાચાર. અહીં आदि શબ્દ વ્યવસ્થા અર્થમાં છે. अभि નો યોગ હોય ત્યારે ૨–૨–૩૬ સૂત્રથી, प्रति વિગેરે નો યોગ હોય ત્યારે ૨–૨–૩૭ સૂત્રથી ઇત્થમ્ભૂત અર્થમાં દ્વિતીયા સિદ્ધ જ હતી છતાં આ સૂત્રમાં प्रति વિગેરે નું વર્જન શા માટે કર્યું ?

**જવાબ :–** તે બે સૂત્રમાં असाधु શબ્દનો પ્રયોગ કરાયો હોય કે ન કરાયો હોય તો પણ દ્વિતીયા વિભક્તિનું વિધાન કરેલું છે. પરંતુ અહીં प्रति વિગેરે નો પ્રયોગ ન હોય ત્યારે જ असाधु શબ્દ યુક્ત નામને સપ્તમી જ કરવી છે. અહીં आदि વ્યવસ્થા અર્થમાં છે. એટલે आदि થી प्रति–परि–अनु–अभि ચારનેજ ગ્રહણ કરવાનાં છે.

## साधुना २–२–१०२

**અર્થ :–** प्रति વિગેરે નો પ્રયોગ ન કરાયો હોય ત્યારે साधु શબ્દથી યુક્ત એવાં ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** साधु मैत्रो मातरि = મૈત્ર માતા પ્રત્યે સારો છે.

**अप्रत्यादावित्येव** – साधुर्मातरं प्रति परि अनु अभि वा।

- साधु શબ્દની અનુવૃત્તિ નીચે લઇ જવા માટે ઉપરનાં સૂત્રથી આ સૂત્ર ભિન્ન કર્યું છે.

## निपुणेन चाऽर्चायाम् २–२–१०३

**અર્થ :–** प्रति વિગેરે નાં અપ્રયોગમાં निपुण અને साधु શબ્દથી યુક્ત એવા નામથી જો પૂજાનો વિષય હોય તો સપ્તમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** मातरि निपुणः साधु र्वा = માતા પ્રત્યે નિપુણ છે, સજ્જન છે.

- **अर्चायामिति किम्?** निपुणो मैत्रो मातुः। माता एव एनं निपुणं मन्यते =

અહિં માતા જ મૈત્રને નિપુણ માને છે. હકીકતમાં મૈત્રનો માતા પ્રત્યે આદરભાવ નથી. માટે આ સૂત્ર ન લાગ્યું તેથી 'શેષે' ૨–૨–૮૧ થી ષષ્ઠી વિભક્તિ થઇ.

**अप्रत्यादावित्येव** – निपुणो मैत्रः मातरं प्रति परि अनु अभि वा । प्रति વિગેરેનો યોગ હોવાથી આ સૂત્ર ન લાગ્યું.

- આ સૂત્ર ષષ્ઠીના અપવાદભૂત છે.

**પ્રશ્ન** :– અહીં च કારથી साधु શબ્દનું ગ્રહણ શા માટે કર્યું ? साधुना ૨–૨–૧૦૨ સૂત્રથી જ अर्चा અને अनर्चा ના વિષયમાં સપ્તમી વિભક્તિ સિદ્ધ જ હતી. અહીં ફરીથી શા માટે ગ્રહણ કર્યું ?

**જવાબ** :– આ સૂત્રમાં अर्चा ના વિષયમાં साधु શબ્દને ગ્રહણ કરેલ હોવાથી પૂર્વોક્ત સૂત્રમાં अनर्चा ના વિષયમાં સપ્તમી નો નિષેધ કરીને માત્ર તત્ત્વાખ્યાન ના વિષયમાં જ સપ્તમી વિભક્તિ કરે છે.

**તત્ત્વાખ્યાન** – साधुर्मैत्रो मातरि = મૈત્ર માતા પ્રત્યે સારો છે.

અહીં માત્ર તત્ત્વનું કથન જ કર્યું છે. अर्चा–अनर्चा એવો કોઇ અર્થ ગમ્યમાન નથી માટે साधुना ૨–૨–૧૦૨ થી સપ્તમી વિભક્તિ થઇ છે.

**अर्चा विषय** – साधुर्मैत्रो मातरि=મૈત્ર માતા પ્રત્યે સજ્જન છે.

અહીં સર્વ લોકો મૈત્રને માતા પ્રત્યે સારા વર્તનવાળો છે. એવું માને છે. એટલે અહીં अर्चा અર્થ ગમ્યમાન છે. માટે निपुणेन च..... ૨–૨–૧૦૩ થી સપ્તમી વિભક્તિ થઇ.

**अनर्चा विषय** – साधुर्मैत्रः मातुः = મૈત્ર માતા પ્રત્યે સારો છે.

અહીં માત્ર માતા જ એવું માને છે. વસ્તુતઃ એવું નથી.

## स्वेशेऽधिना २–२–१०४

**અર્થ :–** स्व = માલિકીની વસ્તુ, ईश = માલિક

अधि થી યુક્ત स्व = ईशितव्य અને ईश ના વિષયમાં ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** स्वश्च ईशश्च एतयोः समाहारः-स्वेशः, तस्मिन् (સમા. દ્વ.)

**વિવેચન :–** अधिमगधेषु श्रेणिकः = મગધ દેશનો માલિક શ્રેણિક છે. (स्व)

अधिश्रेणिके मगधाः = શ્રેણિકનો મગધ દેશ છે. (ईश)

● આ સૂત્ર ષષ્ઠીનું બાધક છે.

**પ્રશ્ન :–** આધાર–આધેય ભાવથી 'सप्तम्यधिकरणे' થી સપ્તમી થવાની જ હતી તો આ સૂત્રની રચના શા માટે ?

**જવાબ :–** સ્વ–સ્વામીભાવથી ષષ્ઠી પણ થાત. તેનો બાધ કરવા માટે આ સૂત્ર છે. આ સૂત્ર માત્ર अधि નો યોગ હશે ત્યારે જ લાગશે.

## उपेनाऽधिकिनि २–२–१०५

**અર્થ :–** अधिकिन् – અધિક છે જેને અથવા જેમાં તે.

ઉપ વડે યુક્ત अधिकि વાચક ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** अधिकम् अस्मिन्-अधिकिन्, तस्मिन् ।

**વિવેચન :–** उपखार्यां द्रोणः = ખારીથી (એક) દ્રોણ અધિક છે.

અહીં द्रोण એ 'अधिक' છે અને खारी એ 'अधिकि' છે માટે खारी ને સપ્તમી વિભક્તિ થઇ.

● અહીં ખારી એ મોટું માપ છે દ્રોણ એ નાનું માપ છે. માટે ખારી अधिकी કહેવાય. દા.ત. 'એકમણને દશશેર' એટલે કે મણ ઉપર દશશેર થયું. એટલે મણ કરતાં દશશેર વધારે થયું તેથી 'મણ' એ अधिकि થયું 'દશશેર' अधिक થયું તેમ खारी ઉપર એક द्रोण છે. એટલે ખારી કરતાં દ્રોણ અધિક થયું માટે खारी એ अधिकि થઇ. દ્રોણ એ खारी નો સોલમો ભાગ છે.

**પ્રશ્ન :–** અહીં પણ જે अधिक છે તે अधिकि ની ઉપર છે. માટે આધેય–આધાર ની વિવક્ષામાં સપ્તમી સિદ્ધ જ છે તો પછી સૂત્રની રચના શા માટે ?

**જવાબ :–** અન્ય વિભક્તિનો બાધ કરવા માટે.

## *यद्भावो भावलक्षणम् २–२–१०६*

**અર્થ :–** भाव = ક્રિયા. જેના સંબંધી ક્રિયા બીજી ક્રિયાનું લક્ષણ થતી હોય તદ્‌વાચી ગૌણ નામથી સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** यस्य भावः इति यद्भावः (ષષ્ઠીત.) लक्ष्यते अनेन इति-लक्षणम्। भावस्य लक्षणम् इति (ષ. ત.)

**વિવેચન :–** गोषु दुह्यमानासु गतः = ગાય દોહવાતે છતે તે ગયો.

ગાય સંબંધી દોહવાની એક ક્રિયા તે ગમન ક્રિયા (અન્ય ક્રિયા)નું લક્ષણ બને છે. (જણાવે છે.) અહીં ગાય સંબંધી ક્રિયા છે માટે 'गौ' ને સપ્તમી વિભક્તિ થઇ. 'दुह्यमानासु' તે 'गोषु' નું વિશેષણ છે માટે તેને સપ્તમી વિભક્તિ થઇ છે.

- ઇત્થમ્ભૂત લક્ષણથી તૃતીયા વિભક્તિ થતી હતી તે તૃતીયાનો અપવાદ આ સૂત્ર છે.
- સતિ સપ્તમી કરવા માટે આ સૂત્ર છે.

## गते गम्येऽध्वनोऽन्तेनैकार्थ्यं वा २–२–१०७

**અર્થ :–** गते गम्ये એટલે કે गत શબ્દનો પ્રયોગ ન કરાયો હોય પણ અર્થ જણાય.

अध्वनोऽन्त = કોઇ એક મર્યાદિત સ્થાનથી કોઇ એક મર્યાદિત સ્થાન સુધીનો વિવક્ષિત જે માર્ગ તેની સમાપ્તિ.

- ગત ગમ્યમાન હોતે છતે अध्वन् વાચી નામ સંબંધી જે ક્રિયા તે બીજી ક્રિયાનું લક્ષણ થતી હોય ત્યારે તેનાં અન્તવાચી નામની સાથે એક વિભક્તિવાળો વિકલ્પે થાય.

**સૂત્રસમાસ :–** एकः अर्थः यस्य सः-एकार्थः (બહુ.)

एकार्थस्य भावः-ऐकार्थ्यम्.

**વિવેચન :–** गवीधुमतः सांकाश्यं चत्वारि योजनानि = ગવીધુમથી ચાર યોજન ગયે છતે સાંકાશ્ય આવે છે.

અહીં માર્ગવાચી નામ 'गवीधुम' એ નિયત સ્થાનથી અન્ય નિયત સ્થાન સાંકાશ્ય છે. ચાર યોજનના માર્ગની સમાપ્તિ સાંકાશ્યમાં થાય છે. તેથી 'सांकाश्य' એ માર્ગનો અન્ત કહેવાય.

હવે ચાર યોજન જવાની ક્રિયાથી સાંકાશ્યની પ્રાપ્તિ સ્વરૂપ અન્ય ક્રિયાનું જ્ઞાન થાય છે. અને 'चतुर् योजन' એ માર્ગવાચક નામ છે. તેનું અન્તવાચી નામ એવુ 'सांकाश्य' છે. એટલે સાંકાશ્યને પ્રથમા વિભક્તિ થઇ છે. તો चतुर् योजन ને પણ પ્રથમા વિભક્તિ થાય છે માટે ઐકાર્થ્ય થયું. પક્ષે ઉપરના સૂત્રથી સપ્તમી વિભક્તિ થાય છે. જેમકે –

गविधुमतः सांकाश्यं चतुर्षु योजनेषु ।

- **गत इति किम् ?** दग्धेषु लुप्तेषु इति वा प्रतीतौ मा भूत् । જ્યાં ગતાર્થ ન હોય પરંતુ દગ્ધાર્થ કે લુપ્તાર્થ જણાતો હોય ત્યાં આ સૂત્ર નથી લાગતું તેથી સપ્તમી વિભક્તિ જ થાય છે.
- **गम्य इति किम् ?** गत प्रयोगे मा भूत्–જ્યારે વાક્યની અંદર गत નો પ્રયોગ કર્યો હોય ત્યારે આ સૂત્ર નથી લાગતું.
- **अध्वन इति किम् ?** कार्तिक्या आग्रहायणी मासे = કારતકી પુનમથી એક મહિને માગસર પુનમ આવે છે. અહીં માર્ગવાચક શબ્દો નથી. તેથી આ સૂત્ર ન લાગ્યું.
- **अन्तेनेति किम् ?** अद्य नः चतुर्षु गव्यूतेषु भोजनम् = આજે અમને ચાર ગાઉ ગયે છતે ભોજન મલ્યું. અહીં ચાર ગાઉ ગયે છતે' એ માર્ગ સંબંધી ગમન ક્રિયા જણાય છે અને ભોજન ક્રિયાનું લક્ષણ પણ છે. પણ ભોજન એ માર્ગનું અન્તવાચી નામ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

***સપ્તમીનો અપવાદ ષષ્ઠી–***

## षष्ठी वाऽनादरे २–२–१०८

**અર્થ :–** જેના સંબંધી ક્રિયા બીજી ક્રિયાનું લક્ષણ થતી હોય અને અનાદર ગમ્યમાન હોય તો ષષ્ઠી વિભક્તિ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** न आदरः- अनादरः, तस्मिन् । (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** रूदतः लोकस्य – रूदति लोके वा प्राव्राजीत् = લોક રડતે છતે દીક્ષા અંગીકાર કરી.

અહીં લોકોની રડવાની ક્રિયા એ દીક્ષા લેવાની ક્રિયા સૂચવે છે અને મોહના વશથી લોકો રડે તેના કારણે રુદનનો આદર કરવાનો ન હોય માટે રુદનનો અનાદર પણ છે તેથી આ સૂત્રથી વિકલ્પે ષષ્ઠી થઇ ષષ્ઠી ન થાય ત્યારે પક્ષે यद्भावो... ૨–૨–૧૦૬ થી સપ્તમી વિભક્તિ થઇ છે.

***પંચમીનો અપવાદ ષષ્ઠી અને સપ્તમી–***

## सप्तमी चाऽविभागे निर्धारणे २–२–१०९

**અર્થ :–** निर्धारण = જાતિ–ગુણ અને ક્રિયા વિગેરે વડે સમુદાયથી એક દેશનું

બુદ્ધિ વડે જુદુ-કરવું તે નિર્ધારણ.

अविभाग = જે સમુદાયથી એક દેશનું જુદુ પાડવું તે દેશ. અને તે સમુદાયથી કથંચિત્ એક હોય તે અવિભાગ.

અવિભાગ ગમ્યમાન હોતે છતે નિર્ધારણના વિષયમાં ગૌણ નામથી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** न विभागः- अविभागः, तस्मिन् (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** क्षत्रियो नृणां नृषु वा शूरः = મનુષ્યોમાં ક્ષત્રિયો શૂરવીર છે.

- कृष्णा गवां गोषु वा बहुक्षीरा = ગાયોમાં કાળીગાય ઘણાં દુધવાળી છે.
- धावन्तो यातां यात्सु वा शीघ्रतमाः = ચાલનારાઓમાં દોડનારાઓ અત્યંત ઉતાવળા છે.
- युधिष्ठिरः श्रेष्ठतमः कुरूणां कुरूषु वा = યુધિષ્ઠિર કૌરવોમાં શ્રેષ્ઠ છે.

અહીં આ બધા વાક્યોમાં પ્રથમમાં જાતિ, બીજામાં ગુણ, ત્રીજામાં ક્રિયા અને ચોથામાં આદિથી સંજ્ઞા વિગેરે વડે સમુદાયમાંથી એક દેશના અંશને ભિન્ન કરેલ હોવા છતાં સમુદાય સાથે કાંઇક ઐક્યતા ધરાવે છે માટે આ સૂત્રથી સપ્તમી વિભક્તિ અને ષષ્ઠી વિભક્તિ થઇ.

**अविभाग इति किम्** ? मैत्रः चैत्रात् पटुः = ચૈત્રથી મૈત્ર હોંશિયાર છે. અહીં ચૈત્રથી મૈત્ર જુદો પાડ્યો પરંતુ અવિભાગ નથી માટે આ સૂત્ર ન લાગતાં 'पञ्चम्यपादाने' ૨–૨–૬૯ થી પંચમી વિભક્તિ થઇ છે.

- चकारो यस्मात् परः प्रयुज्यते तत् सजातीय एव सञ्चिनोति આ ન્યાયથી સપ્તમી સાથે મૂકાયેલા च થી ઉપરથી ષષ્ઠી ની અનુવૃત્તિ આવી છે.

આ સૂત્ર પંચમીના અપવાદભૂત છે.

*ઉપપદ સપ્તમી અને પંચમી–*

## क्रियामध्येऽध्व – काले पञ्चमी च २–२–११०

**અર્થ :–** બે ક્રિયાની મધ્યમાં જે માર્ગ અને કાળ તદ્વાચી ગૌણ નામથી પંચમી અને સપ્તમી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** क्रिया च क्रिया च इति क्रिये (એક શેષ)

क्रिययोर्मध्यम् इति क्रियामध्यं, तस्मिन् (ષષ્ઠી. તત્પુ.)

अध्वा च कालश्च एतयोः समाहारः- अध्वकालं, तस्मिन् (સમા. દ્વ.)

**વિવેચન :–** इहस्थोऽयमिष्वासः क्रोशात् क्रोशे वा लक्ष्यं विध्यति = અહીં રહેલો આ બાણાવલી એક કોશ રહેલ લક્ષ્યને વીંધે છે.

'અહી રહેલો' અને 'લક્ષ્યને વીંધે છે' આ બે ક્રિયાની વચ્ચે અધ્વવાચક નામ क्रोश છે તેથી તેને પંચમી અને સપ્તમી વિભક્તિ થઇ.

- अद्य भुक्त्वा मुनिर्द्व्यहात् द्व्यहे वा भोक्ता = મુનિ આજે ખાઇને બે દિવસે ખાશે. અહીં 'આજે ખાઇને' અને 'ખાશે' એ બે ક્રિયાની વચ્ચે સમય વાચક શબ્દ છે તેથી તેને પંચમી અને સપ્તમી વિભક્તિ થઇ.

**પ્રશ્ન :–** क्रोशे स्थितं लक्ष्यं विध्यति તેમજ द्व्यहे पूर्णे सति भोक्ता આ બંને વાક્યમાં અધિકરણમાંજ સપ્તમી વિભક્તિની પ્રાપ્તિ છે. અને क्रोशात् निःसृत्य स्थितं लक्ष्यं विध्यति આ વાક્યમાં यप् પ્રત્યયાન્ત 'निःसृत्य' નું કર્મ 'क्रोश' છે માટે પંચમી વિભક્તિની પ્રાપ્તિ गम्ययपः.... ૨–૨–૭૪ સૂત્રથી છે જ. છતાં આ સૂત્રની રચના શા માટે કરી ?

**જવાબ :–** આ બંને વાક્યમાં અનુક્રમે ક્રિયા–કારક સંબંધ અને આધાર–આધેય સંબંધ હોવાથી ષષ્ઠી વિભક્તિની પણ પ્રાપ્તિ હતી. તેના નિષેધ માટે આ સૂત્રનું પ્રણયન છે.

- સૂત્રમાં ચકારથી ઉપરથી સપ્તમી વિભક્તિનું ગ્રહણ કરેલ છે.

## अधिकेन भूयसस्ते २–२–१११

**અર્થ :–** અલ્પ પ્રમાણને જણાવનારા 'अधिक' ના યોગમાં भूयस् (વધારે) પ્રમાણવાચી ગૌણ નામથી સપ્તમી અને પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :-** अधिको द्रोणः खार्यां खार्या वा = એક ખારીમાં એક દ્રોણ વધારે છે.

*अधिरूढः એ અર્થમાં अधिक શબ્દ નિપાતન થયો છે. તેને કર્તામાં અને* કર્મમાં क्त પ્રત્યય લાગ્યો છે. अध्यारोहति यं सः–अधिकः । એ પ્રમાણે જયારે કર્તામાં अधिक શબ્દ વપરાય છે ત્યારે તે 'अल्पीयोवाची' કહેવાય છે. અને यः अध्यारूह्यते सः–अधिकः । એ પ્રમાણે જયારે કર્મમાં अधिक શબ્દ વપરાય છે ત્યારે भूयोवाचि કહેવાય છે.

અહીં अधिकद्रोणः શબ્દ કર્તામાં વપરાયેલ હોવાથી अल्पीयोवाची = અલ્પપ્રમાણને બતાવનારો એવો अधिक શબ્દ છે. તેમજ તેનાથી યુક્ત

એવું खारी એ भूयोवाची ગૌણ નામ છે. તેથી भूयोवाची એવાં खारी શબ્દથી સપ્તમી અને પંચમી વિભક્તિ થઈ.

- चानुकृष्टं नानुवर्तते । च કારથી ખેંચેલી અનુવૃત્તિ પછીનાં સૂત્રોને અનુસરતી નથી-માટે સૂત્રમાં તે મૂકીને સ્ત્રીલિંગ દ્વિવચન દ્વારા ઉપરથી સપ્તમી અને પંચમી વિભક્તિ ગ્રહણ કરી છે.
- અહીં अधिक અને अधिकि सम्बन्धमां शेषे થી ષષ્ઠી વિભક્તિ થાય છે. તથા अधिक શબ્દને કર્મમાં દ્વિતીયા વિભક્તિ થાય છે. તે બન્નેનો બાધ કરનાર સપ્તમી અને પંચમી વિભક્તિ આ સૂત્રથી કરાઈ.

*ઉપપદ તૃતીયા–*

## तृतीयाल्पीयसः २–२–११२

**અર્થ :–** भूयस् (વધારે) પ્રમાણને જણાવનારા अधिक ના યોગમાં અલ્પ પ્રમાણવાચી ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** द्वयोर्मध्ये प्रकृष्टम् अल्पम्–अल्पीयः, तस्मात् ।

**વિવેચન :–** अधिका खारी द्रोणेन = ખારી દ્રોણથી અધિક (મોટી) છે.

અહીં अधिका खारी એ કર્મમાં अधिक શબ્દ વપરાયો છે. માટે भूयोवाची = ઘણા પ્રમાણને બતાવનાર अधिक શબ્દ છે. તેનાથી યુક્ત अल्पीयोवाची–द्रोण રૂપ ગૌણ નામથી તૃતીયા વિભક્તિ થઈ છે.

- કર્તા રૂપ ગૌણ નામથી તૃતીયા વિભક્તિ સિદ્ધ જ છે. છતાં ષષ્ઠી વિભક્તિનો બાધ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

*ઉપપદ પંચમી અને તૃતીયા–*

## पृथग्नानापञ्चमी च २–२–११३

**અર્થ :–** पृथग् અને नाना શબ્દથી યુક્ત ગૌણ નામથી પંચમી અને તૃતીયા વિભક્ત થાય છે.

**સૂત્રસમાસ :–** पृथग् च नाना च इति पृथग्नाना, ताभ्याम् (ઇત. દ્વ.)

**વિવેચન :–** पृथग् मैत्रात् मैत्रेण वा = મૈત્રથી (ચૈત્ર) જુદો છે.

नाना चैत्रात् चैत्रेण वा = ચૈત્રથી (મૈત્ર) જુદો છે.

- પૃથગ્ અને નાના શબ્દ જ્યારે અન્ય અર્થવાળાં હોય ત્યારે પ્રભૃત્યન્યાર્થ... ૨–૨–૭૫ સૂત્રથી પંચમી સિદ્ધ જ છે. આ સૂત્રથી તૃતીયાનું વિધાન કરાયું. તેમજ અસહાય અર્થમાં પંચમીના વિધાન માટે આ સૂત્રની રચના કરાઇ છે.
- ચકારથી ઉપરથી તૃતીયા વિભક્તિ લીધી.

*ઉપપદ દ્વિતીયા અને પંચમી–*

## ऋते द्वितीया च २–२–११४

**અર્થ :–** 'ऋते' શબ્દથી યુક્ત ગૌણ નામથી દ્વિતીયા અને પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** ऋते धर्मं धर्माद् वा कुतः सुखम् = ધર્મ વિના સુખ ક્યાંથી ?

- અહીં ચકારથી ઉપરથી પંચમી વિભક્તિ લીધી છે.

*ઉપપદ તૃતીયા અને દ્વિતીયા–*

## विना ते तृतीया च २–२–११५

**અર્થ :–** 'विना' શબ્દથી યુક્ત ગૌણ નામથી તૃતીયા–દ્વિતીયા અને પંચમી વિભક્તિ થાય છે.

**વિવેચન :–** विना वातं वाताद् वातेन वा = પવન વિના.

- તે એ સ્ત્રીલિંગ દ્વિવચનથી ઉપરથી દ્વિતીયા અને પંચમી વિભક્તિ ગ્રહણ કરી છે. ચકારથી તેનું કાર્ય બતાવ્યું છે.

*ઉપપદ તૃતીયા અને ષષ્ઠી–*

## तुल्यार्थैस्तृतीया–षष्ठ्यौ २–२–११६

**અર્થ :–** તુલ્ય અર્થવાળા શબ્દથી યુક્ત ગૌણ નામથી તૃતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** तुल्योऽर्थो येषां ते - तुल्यार्थाः, तैः। (બહુ.)

तृतीया च षष्ठी च इति तृतीयाषष्ठ्यौ (ઇત. દ્વ.)·

**વિવેચન :–** मात्रा मातुः वा तुल्यः = માતાની સમાન.

मात्रा मातुः वा.समः = માતાની સમાન.

● અર્થ શબ્દ સૂત્રમાં લખેલ હોવાથી પર્યાયવાચી શબ્દ પણ ગ્રહણ કરવા.

પ્રશ્ન :– 'तुल्यार्थैः वा' આટલું સૂત્ર બનાવ્યું હોત તો પણ ચાલત કારણ કે ઉપરથી તૃતીયાની અનુવૃત્તિ આવત અને પક્ષે ષષ્ઠી વિભક્તિ 'शेषे' સૂત્રથી સિદ્ધ જ હતી છતાં ગૌરવ શા માટે કર્યું ?

જવાબ :– છતાં સૂત્રમાં 'तृतीया–षष्ठ्यौ' લખ્યું છે તે સપ્તમી વિભક્તિ નો બાધ કરવા માટે છે. स्वामीश्वराधिपति... ૨–૨–૯૮ થી સ્વામી વિગેરે શબ્દોની સાથે સંબંધ ધરાવતા શબ્દને સપ્તમી વિભક્તિની પ્રાપ્તિ હતી તેનો બાધ કરવા માટે આ સૂત્ર રચ્યું છે.

*ઉપપદ દ્વિતીયા અને ષષ્ઠી–*

## द्वितीया–षष्ठ्यावेनेनाऽनञ्चेः २–२–११७

**અર્થ :–** एन પ્રત્યયાન્ત अञ्च् ને વર્જીને અન્ય एन પ્રત્યયાન્ત થી યુક્ત એવાં ગૌણ નામથી દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** द्वितीया च षष्ठी च इति द्वितीयाषष्ठ्यौ । (ઇત. દ્વ.)

न अञ्चिः इति अनञ्चिः, तस्मात् (નઞ્. તત્પુ.)

**વિવેચન –** पूर्वेण ग्रामं ग्रामस्य वा = ગામથી નજીક પૂર્વ દિશામાં.

અહીં अदूरे एनः ૭–૨–૧૨૨ સૂત્રથી पूर्व ને एन પ્રત્યય થયો છે.

● अस्मात् ग्रामाद् पूर्वादिक् अदूरा रमणीया ।

अस्मात् ग्रामात् अदूरः पूर्वो देशः रमणीयः ।

अस्मात् ग्रामात् अदूरः पूर्वः कालो रमणीयः ।

નજીકમાં રહેલાં દેશ–કાલ–ક્ષેત્રમાં વર્તતાં पूर्वादि થી एन પ્રત્યય થાય છે.

**अनञ्चेरिति किम्** ? प्राग् ग्रामात् = ગામની નજીક પૂર્વ દિશામાં.

અહીં प्र+अञ्च् નું प्राग् થયેલું છે. તેને एन પ્રત્યય લાગ્યો છે. પરંતુ 'लुबञ्चः' ૭–૨–૧૨૩ થી एन નો લોપ થઇ ગયો છે. છતાં પણ તેનો સ્થાનિવદ્ભાવ થતો હોવાથી एन ની હાજરીમાં જે કાર્ય થાય તે જ કાર્ય તેની ગેરહાજરીમાં (લુપ્ થયાં પછી) પણ થાય છે. માટે અહીં સૂત્રમાં તેનું વર્જન કરેલું હોવાથી ग्राम ને આ સૂત્ર ન લાગ્યું. ૨–૨–૭૫ થી

પંચમી વિભક્તિ થઇ.

*ઉપપદ તૃતીયા વિગેરે સર્વ વિભક્તિ–*

## हेत्वर्थैस्तृतीयाद्या: २–२–११८

**અર્થ :–** હેતુ = નિમિત્ત. હેતુ અર્થવાળા નામથી યુક્ત એવા ગૌણ નામથી તૃતીયા વિગેરે વિભક્તિ થાય છે.

**સૂત્રસમાસ :–** हेतोरर्थो येषां ते - हेत्वर्था:, तै:। (બહુ.)

तृतीया आद्या यासां ता:- तृतीयाद्या: । (બહુ.)

**વિવેચન :–** તૃતીયા – धनेन हेतुना वसति ।

ચતુર્થી – धनाय हेतवे वसति ।

પંચમી – धनाद्धेतो: वसति ।

ષષ્ઠી – धनस्य हेतो: वसति ।

સપ્તમી – धने हेतौ वसति ।

એજ પ્રમાણે धनेन निमित्तेन कारणेन वा । વિગેરે પર્યાયવાચી શબ્દોથી યુક્ત નામથી તૃતીયા વિગેરે વિભક્તિ થાય છે.

**પ્રશ્ન :–** નીચેના સૂત્રથી હેત્વર્થના યોગમાં સર્વ વિભક્તિ થાય છે તો સર્વ વિભક્તિમાં તૃતીયા વિગેરે બધી વિભક્તિ અન્તર્ગત આવી જ જાય છે. એટલે નીચેના સૂત્રથી સિદ્ધ જ છે તો આ સૂત્ર શા માટે બનાવ્યું ?

**જવાબ :–** 'असर्वाद्यर्थम्' નીચેનું સૂત્ર સર્વાદિ ગણપાઠમાં જણાવેલાં શબ્દોને જ લાગે છે. પણ જ્યારે સર્વાદિ ન હોય ત્યારે સર્વ વિભક્તિ ન કરતાં તૃતીયા વિગેરે વિભક્તિ કરવા માટે જ આ સૂત્રની રચના કરી છે.

- ऋणाद्धेतो: ૨–૨–૭૬ થી હેતુભૂત ઋણવાચી ગૌણ નામથી પંચમી વિભક્તિ થતી હતી. તેમજ गुणादस्त्रियां नवा ૨–૨–૭૭ થી હેતુભૂત જ્ઞાનાદિ ગુણવાચી ગૌણ નામથી પંચમી વિભક્તિ વિકલ્પે થતી હતી. પરંતુ હેતુભૂત ઋણવાચી કે ગુણવાચી ગૌણ નામ હોય અથવા ન હોય પણ હેતુ અર્થવાળા નામથી યુક્ત એવું ગૌણ નામ હોય તો ત્યાં પંચમી વિભક્તિનો બાધ કરીને તૃતીયા વિગેરે વિભક્તિ જ કરવા માટે આ સૂત્ર છે.

- ધન વિગેરે શબ્દોને અને હેત્વર્થક શબ્દોને વિશેષ્ય–વિશેષણનો ભાવ

હોય તોજ આ સૂત્ર લાગે છે. અન્યથા આ સૂત્ર લાગતું નથી.

*ઉપપદ સર્વવિભક્તિ–*

## सर्वादेः सर्वाः २–२–११९

**અર્થ :–** હેતુ અર્થવાળા ગૌણ નામથી યુક્ત સર્વાદિથી સર્વ વિભક્તિઓ થાય છે.

**સૂત્રસમાસ :–** सर्वः आदिः यस्य सः- सर्वादिः, तस्य । (બહુ.)

**વિવેચન :–** પ્રથમા – को हेतुः याति = ક્યા હેતુથી જાય છે ?

દ્વિતીયા – कं हेतुं याति ।

તૃતીયા – केन हेतुना याति ।

ચતુર્થી – कस्मै हेतवे याति ।

પંચમી – कस्माद्धेतोः याति ।

ષષ્ઠી – कस्य हेतोः याति ।

સપ્તમી – कस्मिन् हेतौ याति ।

જ્યારે સર્વાદિ શબ્દનો અન્ય શબ્દની સાથે બહુવ્રીહિ સમાસ થાય ત્યારે અન્યપદ પ્રધાન બની જાય છે ત્યારે સર્વાદિ ગૌણ બની જાય છે. તેથી 'गौण मुख्ययोः मुख्ये कार्ये संप्रत्ययः।' આ ન્યાયથી અન્યપદ પ્રધાન હોય ત્યારે આ સૂત્ર નથી લાગતું પરંતુ કર્મધારય સમાસમાં લાગે છે કેમકે તે અન્યપદ નથી બનતું.

- પૂર્વનાં સૂત્રથી તૃતીયા વિગેરે વિભક્તિ થતી હતી આ સૂત્ર સર્વ વિભક્તિ કરવા માટે છે.

## असत्त्वारादर्थात् टा–ङसि–ङ्यम् २–२–१२०

**અર્થ :–** आरात् = દૂર અને નજીક. असत्त्व = પદાર્થમાં નહીં વર્તતા અસત્ત્વભૂત आरात् અર્થવાળા નામ થી टा, ङसि, ङि અને अम् થાય છે.

**સૂત્રસમાસ :–** न सत्त्वमसत्त्वं, तस्मात् । (નઞ્. તત્પુ.)

आराद् अर्थः यस्य सः-आरादर्थः, तस्मात् । (બહુ.)

असत्त्वे आरादर्थमसत्त्वारादर्थं, तस्मात् । (સપ્તમી તત્પુ.)

टा च ङसिश्च ङिश्च अम् च एतेषां समाहारः इति । (સમા. દ્વ.)

**વિવેચન :–** दूरेण दूरात् दूरे दूरं वा ग्रामस्य ग्रामाद् वा वसति = ગામથી દૂર રહે છે. अन्तिकेन अन्तिकात् अन्तिके अन्तिकं वा ग्रामात् ग्रामस्य वा वसति = ગામથી નજીક રહે છે. એ પ્રમાણે विप्रकृष्ट, अभ्याश વિગેરે પર્યાયવાચી શબ્દોમાં પણ જાણવું. आरादर्थैः ૨–૨–૭૮ થી પંચમી અને વિકલ્પપક્ષમાં शेषे ૨–૨–૮૧ થી ષષ્ઠી થતી હતી. પરંતુ એકલો आरात् શબ્દ હોય ત્યારે પંચમી વિભક્તિ જ થાય.

- **असत्त्व इति किम्** ? दूरेऽन्तिको वा पन्थाः = માર્ગ દૂર છે. અથવા માર્ગ નજીક છે. અહીં दूर અને अन्तिक એ માર્ગવાચી છે. એ રસ્તો તો નજરે દેખાય છે માટે તે असत्त्व નથી. તેથી આ સૂત્ર ન લાગ્યું.
- गौण ની અનુવૃત્તિ વિભક્તિની સાથે ચાલી આવતી હતી. અહીં टा વિગેરેનું ગ્રહણ કર્યું તેથી તૃતીયા વિગેરે વિભક્તિઓ નથી રહી તેથી તેની સાથેનાં गौण શબ્દની અનુવૃત્તિ પણ અટકી ગઇ.

## जात्यख्यायां नवैकोऽसंख्यो बहुवत् २–२–१२१

**અર્થ :–** જાતિનું કથન હોતે છતે એક વચનમાં વર્તમાન પદાર્થ સંખ્યા વાચક વિશેષણ રહિત હોય તો બહુવત્ વિકલ્પે મનાય છે.

**સૂત્રસમાસ :–** जातेः आख्या इति जात्याख्या, तस्मात् । (પંચમી તત્પુ.)

न विद्यते संख्या यस्य सः - असंख्यः । (બહુ.) बहुः इव बहुवत् ।

**વિવેચન :–** संपन्नाः यवाः, संपन्नो यवः = જવ થયાં.

અહીં यव એક જાતિ છે અને સંખ્યાવાચક શબ્દથી રહિત છે તેથી यव ને **બહુવચન વિકલ્પે થાય છે.**

- **जातीति किम्** ? चैत्रः – અહીં ચૈત્ર એ જાતિવાચક શબ્દ નથી વ્યક્તિ વાચક છે. માટે આ સૂત્ર ન લાગ્યું.
- **आख्यायामिति किम्** ? काश्यपप्रतिकृतिः काश्यपः = કાશ્યપની મૂર્તિને કાશ્યપ કહેવાય છે. પણ મૂર્તિએ કાશ્યપ જાતિ તરીકે ગણાતી નથી. માટે આ સૂત્ર ન લાગ્યું.
- **असंख्य इति किम्** ? एको व्रीहिः संपन्नः सुभिक्षं करोति = એક ચોખો

પાકે તો સુકાળ કરે છે. અહીં व्रीहि શબ્દને સંખ્યા સૂચક **एक** શબ્દનું વિશેષણ લગાડેલું છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

- **जाति** – અહીં जाति શબ્દ નથી લેવાનો પણ જાતિનું કથન કરતાં હોય તેવા નામો લેવાના છે. તેથી यव એ જાતિના કથનને કહેનારો છે તેથી તેને આ સૂત્ર લાગ્યું છે. संपन्न ને આ સૂત્ર નથી લાગ્યું. પણ તેનું વિશેષણ હોવાથી जात्यर्थ બહુવચન થાય છે તેથી તેના વિશેષણ ને પણ બહુવચન થાય છે.

## अविशेषणे द्वौ चाऽस्मदः २–२–१२२

**અર્થ :–** એકવચન કે દ્વિવચનમાં વર્તમાન અને વિશેષણ રહિત એવાં अस्मद् ને બહુવત્ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** विशिष्यते अनेन इति विशेषणम् ।

न विशेषणमिति - अविशेषणं, तस्मिन् । (નञ्. તત્પુ.)

**વિવેચન :–** आवां ब्रूवः, वयं ब्रूमः = અમે બે બોલીએ છીએ.

अहं ब्रवीमि, वयं ब्रूमः = હું બોલું છું.

- **अविशेषण इति किम्** ? आवां गार्ग्यौ ब्रूवः = અમે બે ગાર્ગ્ય (ગર્ગ ગોત્રના) બોલીએ છીએ.

  अहं चैत्रो ब्रवीमि = હું ચૈત્ર બોલું છું.

  આ બન્ને પ્રયોગમાં आवां નું गार्ग्यौ અને अहं નું चैत्रः એ વિશેષણ છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

  એક–અનેક સ્વભાવવાળાં આત્માના અનેક સ્વભાવની વિવક્ષામાં **બહુવચન થઇ શકતું હતું પરંતુ વિશેષણ સહિત** હોય ત્યારે બહુવચનનો નિષેધ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## फल्गुनी प्रोष्ठपदस्य भे २–२–१२३

**અર્થ :–** નક્ષત્ર અર્થમાં વર્તમાન फल्गुनी અને प्रोष्ठपद આ બે શબ્દો દ્વિવચનમાં હોય તો બહુવત્ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** फल्गुनी च प्रोष्ठपदा च एतयोः समाहारः इति तस्य । (સમા. દ્વ.)

**વિવેચન :–** कदा पूर्वे फल्गुन्यौ, कदा पूर्वाः फल्गुन्यः = પૂર્વા ફલ્ગુની નક્ષત્ર

ક્યારે છે ?

कदा पूर्वे प्रोष्ठपदे, कदा पूर्वाः प्रोष्ठपदाः = પૂર્વ પ્રોષ્ઠપદા નક્ષત્ર ક્યારે છે ?

● भ इति किम् ? फल्गुनीषु जाते इति फल्गुन्यौ कन्ये = ફલ્ગુની નક્ષત્રમાં જન્મેલી બે કન્યા.

અહીં દ્વિવચનમાં વર્તમાન એવો फल्गुनी શબ્દ નક્ષત્ર અર્થમાં વર્તમાન નથી તેથી આ સૂત્ર ન લાગ્યું.

પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની શબ્દ દ્વિવચનમાં જ વપરાય છે.

## गुरावेकश्च २–२–१२४

**અર્થ :–** गुरू = ગૌરવને યોગ્ય હોય તે અર્થમાં વર્તતો શબ્દ જો એકવચન કે દ્વિવચનમાં હોય તો બહુવત્ વિકલ્પે થાય છે.

**વિવેચન :–** युवां गुरू, यूयं गुरवः = તમે બે ગુરુ.

एष मे पिता, एते मे पितरः = આ મારા પિતા.

**मूलार्कः श्रूयते शास्त्रे, सर्वकल्याणकारणम् ।**
**अधुना मूलराजस्तु, चित्रं लोकेषु गीयते ॥**

મૂલ નક્ષત્રમાં સૂર્ય સર્વ કલ્યાણનાં કારણભૂત છે તેમ શાસ્ત્રમાં સંભળાય છે. આશ્ચર્ય છે કે હમણાં તો મૂળરાજા લોકને વિષે સર્વ કલ્યાણનાં કારણરૂપ છે. તેવું ગવાય છે.

◆ ◆ ◆

## ⊙ લક્ષણ સૂત્રો ⊙

કારકનું લક્ષણ સૂત્ર – क्रियाहेतुः कारकम् २–२–१

કર્તા કારકનું લક્ષણ સૂત્ર – स्वतन्त्रः कर्ता २–२–२

કર્મ કારકનું લક્ષણ સૂત્ર – कर्तुर्व्याप्यं कर्म २–२–३

કરણ કારકનું લક્ષણ સૂત્ર – साधकतमं करणम् २–२–२४

સંપ્રદાન કારકનું લક્ષણ સૂત્ર – कर्माभिप्रेयः संप्रदानम् २–२–२५

અપાદાન કારકનું લક્ષણ સૂત્ર – *अपायेऽवधिरपादानम्* २–२–२९

અધિકરણ કારકનું લક્ષણ સૂત્ર – क्रियाऽऽश्रयस्या... ૨–૨–૩૦

*કારકની અન્ય કારક પણે થયેલી સંજ્ઞા અને તેના સૂત્રો–*

૧. કર્તા કારક – અન્ય કોઈપણ કારકને કર્તાકારક તરીકે સંજ્ઞા થતી નથી.

૨. કર્મ કારક – કર્તાની કર્મ સંજ્ઞા થાય છે.

⊙ वाऽकर्मणामणिक्कर्ताणौ ૨–૨–૪

⊙ गति–बोधाऽऽहारार्थ–शब्दकर्म–नित्याऽकर्मणामनी... ૨–૨–૫

⊙ भक्षेर्हिंसायाम् ૨–૨–૬

⊙ वहेः प्रवेयः ૨–૨–૭

⊙ ह्वक्रोर्नवा ૨–૨–૮

⊙ दृश्यभिवदोरात्मने ૨–૨–૯

*કર્મની વિકલ્પે કર્મ સંજ્ઞા થાય છે.*

⊙ नाथः ૨–૨–૧૦

⊙ स्मृत्यर्थ दयेशः ૨–૨–૧૧

⊙ कृगः प्रतियत्ने ૨–૨–૧૨

⊙ रुजाऽर्थस्याऽज्वरि–सन्तापेर्भावे कर्तरि ૨–૨–૧૩

⊙ जास–नाट–क्राथ–पिषो हिंसायाम् ૨–૨–૧૪

⊙ नि–प्रेभ्यो घ्नः ૨–૨–૧૫

⊙ विनिमेय द्यूतपणं पण व्यवह्रोः ૨–૨–૧૬

⊙ उपसर्गाद्दिवः ૨–૨–૧૭

*કર્મત્વને કર્મ કારકનો જ નિષેધ કરતું સૂત્ર–*

⊙ न ૨–૨–૧૮

કરણની કર્મ સંજ્ઞા થાય છે. करणंच ૨–૨–૧૯

સંપ્રદાનની કર્મ સંજ્ઞા થતી નથી.

અપાદાનની કર્મ સંજ્ઞા થતી નથી.

અધિકરણની કર્મ સંજ્ઞા થાય છે.

⊙ अधेः शीङ् स्थाऽऽस आधारः ૨–૨–૨૦

⊙ उपान्वध्याङ्वसः २–२–२१

⊙ वाऽभिनिविशः २–२–२२

⊙ कालाध्व–भाव–देशं वाऽकर्म चाऽकर्मणाम् २–२–२३

૩. **કરણ કારક** – અન્ય કોઈપણ કારકની કરણ કારક તરીકે સંજ્ઞા થતી નથી.

૪. **સંપ્રદાન કારક** – કર્તાની સંપ્રદાન સંજ્ઞા થતી નથી.

***કર્મની સંપ્રદાન સંજ્ઞા થાય છે. –***

⊙ स्पृहेर्व्याप्यं वा २–२–२६

⊙ क्रुद्–द्रुहेर्ष्या–ऽसूयार्थैर्यं प्रति कोपः २–२–२७

***કર્મની સંપ્રદાન સંજ્ઞાનો નિષેધ કરતું સૂત્ર –***

⊙ नोपसर्गात् क्रुद्–द्रुहा २–२–२८

**કરણની સંપ્રદાન સંજ્ઞા થતી નથી.**

**અપાદાનની સંપ્રદાન સંજ્ઞા થતી નથી.**

**અધિકરણની સંપ્રદાન સંજ્ઞા થતી નથી.**

૫. **અપાદાનકારક** – અન્ય કોઈપણ કારકની અપાદાન કારક તરીકે સંજ્ઞા થતી નથી.

૬. **અધિકરણકારક** – અન્ય કોઈપણ કારકની અધિકરણ કારક તરીકે સંજ્ઞા થતી નથી.

## ⊙ વિભક્તિ પ્રકરણ ⊙

**પ્રથમા વિભક્તિ** – ઉક્ત નામથી પ્રથમા થાય છે.

⊙ नाम्नः प्रथमैक–द्वि–बहौ २–२–३१

⊙ आमन्त्र्ये २–२–३२

**ઉપપદ પ્રથમા** – सर्वादेः सर्वाः २–२–११९

**દ્વિતીયા વિભક્તિ** – કર્મકારકને દ્વિતીયા થાય છે.

⊙ कर्मणि २–२–४०

⊙ क्रियाविशेषणात् २–२–४१

પરંતુ જો કર્મકારક ઉક્ત થાય તો नाम्नः... ૨–૨–૩૧ થી પ્રથમા વિભક્તિ થાય છે.

**ઉપપદ દ્વિતીયા – ऋते द्वितीया च ૨–૨–૧૧૪**

⊙ विना ते तृतीया च ૨–૨–૧૧૫

⊙ द्वितीया–षष्ठ्या–वेनेनाऽनञ्चेः ૨–૨–૧૧૭ (પંચમીનો અપવાદ છે.)

⊙ सर्वादेः सर्वाः ૨–૨–૧૧૯

**તૃતીયાના અપવાદમાં દ્વિતીયા – हेतु सहार्थेऽनुना ૨–૨–૩૮**

**ચતુર્થીના અપવાદમાં દ્વિતીયા થતી નથી.**

**પંચમીના અપવાદમાં દ્વિતીયા થતી નથી.**

**ષષ્ઠીના અપવાદમાં દ્વિતીયા – गौणात्–समया...૨–૨–૩૩**

⊙ द्वित्वेऽधोऽध्युपरिभिः ૨–૨–૩૪

⊙ सर्वोभयाऽभि–परिणा तसा ૨–૨–૩૫

⊙ लक्षण वीप्स्येत्थम्भूतेष्वभिना ૨–૨–૩૬

⊙ भागिनि च प्रति–पर्यनुभिः ૨–૨–૩૭

⊙ उत्कृष्टेनूपेन ૨–૨–૩૯

**સપ્તમીના અપવાદમાં દ્વિતીયા – कालाऽध्वनोर्व्याप्तौ ૨–૨–૪૨**

**તૃતીયા વિભક્તિ–**કર્તાકારકને તૃતીયા થાય છે.

⊙ हेतु–कर्तृ–करणेत्थम्भूतलक्षणे ૨–૨–૪૪

⊙ કરણ કારકને તૃતીયા થાય છે. – ૨–૨–૪૪

પરંતુ જો કર્તા અને કરણકારક ઉક્ત થાય તો नाम्नः... ૨–૨–૩૧ થી પ્રથમા વિભક્તિ થાય છે.

**ઉપપદ તૃતીયા – सहार्थे ૨–૨–૪૫**

⊙ यद् भेदैस्तद्वदाख्या ૨–૨–૪૬

⊙ कृताद्यैः ૨–૨–૪૭

⊙ तृतीयाऽल्पीयसः ૨–૨–૧૧૨

⊙ पृथग्–नाना पञ्चमी च ૨–૨–૧૧૩

⊙ विना ते तृतीया च २–२–११५

⊙ तुल्यार्थैस्तृतीया–षष्ठ्यौ २–२–११६

⊙ हेत्वर्थैस्तृतीयाद्याः २–२–११८

⊙ सर्वादेः सर्वाः २–२–११९

*દ્વિતીયાનો અપવાદ તૃતીયા–*

⊙ सिद्धौ तृतीया २–२–४३

⊙ व्याप्ये द्विद्रोणादिभ्यो वीप्सायाम् २–२–५०

⊙ समोज्ञोऽस्मृतौ वा २–२–५१

**ચતુર્થીનો અપવાદ તૃતીયા** – दामः संप्रदानेऽधर्म्ये आत्मने च २–२–५२

● **પંચમીનો અપવાદ તૃતીયા નથી.**

**ષષ્ઠીનો અપવાદ તૃતીયા** – हेतुकर्तृकरणेत्थम्भूतलक्षणे २–२–४४

અહીં ઇત્થમ્ભૂત તરીકે ષષ્ઠીનો અપવાદ છે.

● **સપ્તમીનો અપવાદ તૃતીયા** – काले भान्नवाऽऽधारे २–२–४८

⊙ प्रसितोत्सुकाऽवबद्धैः २–२–४९

**ચતુર્થી વિભક્તિ** – સંપ્રદાન કારકને ચતુર્થી વિભક્તિ થાય છે.

⊙ चतुर्थी २–२–५३

પરંતુ જો સંપ્રદાન કારક ઉક્ત થાય તો नाम्नः.... ૨–૨–૩૧ થી પ્રથમા વિભક્તિ થાય છે.

● **ઉપપદ ચતુર્થી** – शक्तार्थ–वषड्... २–२–६८

⊙ हेत्वर्थैस्तृतीयाद्याः २–२–११८

⊙ सर्वादेः सर्वाः२–२–११९

*દ્વિતીયાનો અપવાદ ચતુર્થી–*

⊙ गम्यस्याऽऽप्ये २–२–६२

⊙ गतेनर्नवाऽनाप्ते २–२–६३

⊙ मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने २–२–६४

● **તૃતીયાનો અપવાદ ચતુર્થી** – परिक्रयणे २–२–६७

● પંચમીનો અપવાદ ચતુર્થી નથી.

ષષ્ઠીનો અપવાદ ચતુર્થી – तादर्थ्ये २–२–५४

⊙ रुचि–कृप्यर्थ–धारिभिः प्रेय–विकारोत्तमर्णेषु २–२–५५

⊙ प्रत्याङः श्रुवार्थिनि २–२–५६

⊙ प्रत्यनोर्गृणाऽऽख्यातरि २–२–५७

⊙ यद्वीक्ष्ये राधीक्षी २–२–५८

⊙ उत्पातेन ज्ञाप्ये २–२–५९

⊙ श्लाघ–ह्नु–स्था-शपा प्रयोज्ये २–२–६०

⊙ तुमोऽर्थे भाववचनात् २–२–६१

⊙ हित–सुखाभ्याम् २–२–६५

⊙ तद् भद्रा–ऽऽयुष्य–क्षेमा–ऽर्थाऽर्थेनाऽऽशिषि २–२–६६

*સપ્તમીનો અપવાદ ચતુર્થી નથી.*

● **પંચમી વિભક્તિ** – અપાદાન કારકને પંચમી વિભક્તિ થાય છે.

⊙ पञ्चम्यपादाने २–२–६९

પરંતુ જો અપાદાન કારક ઉક્ત થાયતો नाम्नः... २–२–३१ થી પ્રથમા વિભક્તિ થાય છે.

● **ઉપપદપંચમી** – क्रियामध्येऽध्व–काले पञ्चमी च २–२–११०

⊙ अधिकेन भूयसस्ते २–२–१११

⊙ पृथग्–नाना पञ्चमी च २–२–११३

⊙ ऋते द्वितीया च २–२–११४

⊙ विना ते तृतीया च २–२–११५

⊙ हेत्वर्थैस्तृतीयाद्याः २–२–११८

⊙ सर्वादेः सर्वाः २–२–११९

દ્વિતીયાનો અપવાદ પંચમી – गम्ययपः.... २–२–७४

તૃતીયાનો અપવાદ પંચમી–

⊙ ऋणाद्धेतोः २–२–७६

◉ गुणादस्त्रियां नवा २–२–७७

◉ स्तोकाऽल्प–कृच्छ्र–कतिपयादसत्वेकरणे २–२–७९

**ચતુર્થીનો અપવાદ પંચમી નથી.**

**ષષ્ઠીનો અપવાદ પંચમી** – आङावधौ २–२–७०

◉ पर्यपाभ्यां वर्ज्ये २–२–७१

◉ यतः प्रतिनिधि–प्रतिदाने प्रतिना २–२–७२

◉ आख्यातर्युपयोगे २–२–७३

◉ प्रभृत्यन्यार्थ–दिक्शब्द–बहिरारादितरैः २–२–७५

◉ आरादर्थैः २–२–७८

**સપ્તમીનો અપવાદ પંચમી** – गम्ययपः कर्माऽऽधारे २–२–७४

**ષષ્ઠી વિભક્તિ** – સંબંધે ષષ્ઠી વિભક્તિ થાય છે.

◉ शेषे २–२–८१

પરંતુ સંબંધ જો ઉક્ત થાય તો नाम्नः... ૨–ર–૩૧ થી પ્રથમા વિભક્તિ થાય છે.

◉ ઉપપદ ષષ્ઠી – तुल्यार्थैः... २–२–११६

◉ द्वितीया–षष्ठ्यावेनेनाऽनञ्चेः २–२–११७ (પંચમીનો અપવાદ છે.)

◉ हेत्वर्थैस्तृतीयाद्याः २–२–११८

◉ सर्वादेः सर्वाः २–२–११९

***દ્વિતીયાનો અપવાદ ષષ્ઠી–***

◉ कर्मणि कृतः २–२–८३

◉ द्विषो वाऽतृशः २–२–८४

◉ वैकत्र द्वयोः २–२–८५

**તૃતીયાનો અપવાદ ષષ્ઠી** – अज्ञाने ज्ञः षष्ठी २–२–८०

◉ कर्तरि २–२–८६

◉ द्विहेतोरस्त्र्यणकस्य वा २–२–८७

◉ कृत्यस्य वा २–२–८८

*ચતુર્થીનો અપવાદ ષષ્ઠી નથી.*

**પંચમીનો અપવાદ ષષ્ઠી – रि–रिष्टात्–स्तादस्तादसतसाता ૨–૨–૮૨**

**સપ્તમીનો અપવાદ ષષ્ઠી – षष्ठी वाऽनादरे ૨–૨–૧૦૮**

**कर्मणिकृतः ૨–૨–૮૩ થી ષષ્ઠી થવાની હતી તેનો નિષેધ કરતાં સૂત્ર –**

- नोभयोर्हेतोः ૨–૨–૮૯
- तृन्नुदन्ता–ऽव्यय... ૨–૨–૯૦
- क्तयोरसदाधारे ૨–૨–૯૧
- अकमेरूकस्य ૨–૨–૯૩
- एष्यदृणेनः ૨–૨–૯૪

**સપ્તમી વિભક્તિ – અધિકરણમાં સપ્તમી વિભક્તિ થાય છે.**

- सप्तम्यधिकरणे ૨–૨–૯૫
- नवा सुजर्थैः काले ૨–૨–૯૬
- कुशलाऽऽयुक्तेनाऽऽसेवायाम् ૨–૨–૯૭ (વિકલ્પે)

પરંતુ જો અધિકરણકારક ઉક્ત થાય તો नाम्नः.... ૨–૨–૩૧ થી પ્રથમા વિભક્તિ થાય છે.

**ઉપપદ સપ્તમી – कुशलाऽऽयुक्तेनाऽऽसेवायाम् ૨–૨–૯૭**

- यद्भावो भाव लक्षणम् ૨–૨–૧૦૬
- क्रियामध्येऽध्व–काले पञ्चमी च ૨–૨–૧૧૦
- अधिकेनभूयसस्ते ૨–૨–૧૧૧
- हेत्वर्थैस्तृतीयाद्याः ૨–૨–૧૧૮
- सर्वादेः सर्वाः ૨–૨–૧૧૯

**દ્વિતીયાનો અપવાદ સપ્તમી – व्याप्ये क्तेनः ૨–૨–૯૯**

**તૃતીયાનો અપવાદ સપ્તમી – तद्युक्ते हेतौ ૨–૨–૧૦૦**

*ચતુર્થીનો અપવાદ સપ્તમી નથી.*

**પંચમીનો અપવાદ સપ્તમી – सप्तमी चाऽविभागे निर्धारणे ૨–૨–૧૦૯**

*ષષ્ઠીનો અપવાદ સપ્તમી–*

⊙ स्वामीस्वराधिपति—दायाद—साक्षी—प्रतिभू—प्रसूतैः २—२—९८

⊙ अप्रत्यादावसाधुना २—२—१०१

⊙ साधुना २—२—१०२

⊙ निपुणेन चाऽर्चायाम् २—२—१०३

⊙ स्वेशेऽधिना २—२—१०४

⊙ उपेनाऽधिकिनि २—२—१०५

⊙ अधिकेनभूयसस्ते २—२—१११

॥ अर्हम् ॥

# द्वितीयाध्यायस्य तृतीयः पादः

## नमस्-पुरसो गतेः क-ख-प-फि रः सः । २-३-१

**अर्थ :-** ગતિસંજ્ઞક એવા नमस् અને पुरस् ના र् નો क्, ख्, प् અને फ् પરમાં હોય તો स् થાય છે.

**સૂત્રસમાસ :-** नमश्च पुरश्च एतयोः समाहारः – नमस्पुरः, तस्य (સમા.દ્વ.)

कश्च खश्च पश्च फश्च एतेषां समाहारः – कखपफम्, तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન :-** नमस्कृत्य = નમસ્કાર કરીને

नमस् + कृ – प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

नमस् + कृ + त्वा – साक्षादादि... ૩-૧-૧૪ થી ગતિસંજ્ઞા, गतिक्वन्य..... ૩-૧-૪૨ થી તત્પુ. સ., अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

नमस् + कृ + यप् – ह्रस्वस्य तः... ૪-૪-૧૧૩ થી कृ પછી त् આગમ.

नमस् + कृ + त् + यप् – सोरुः २-१-७२ થી स् નો र्.

नमस्कृत्य – આ સૂત્રથી र् નો स् આદેશ થવાથી नमस्कृत्य થયું.

- पुरस्कृत्य = આગળ કરીને. पुरोस्तमव्ययम् ૩-૧-૭ થી ગતિસંજ્ઞા, અન્ય સાધનિકા नमस्कृत्य પ્રમાણે.

**गतेरिति किम् ?** नमः कृत्वा = નમઃ શબ્દનું ઉચ્ચારણ કરીને. અહીં नमस् એ અવ્યય નથી, પરંતુ શબ્દ છે. દ્વિ. એ.વ. નો अम् પ્રત્યય લાગીને अनतो लुप् ૧-૪-૫૯ થી अम् નો લોપ થયો છે. તેથી ગતિસંજ્ઞાના અભાવમાં આ સૂત્ર ન લાગે. रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થયો. અથવા कृ ધાતુના યોગમાં ૩-૧-૧૪ થી ગતિસંજ્ઞા વિકલ્પે થાય છે તેથી જ્યારે ગતિસંજ્ઞા ન થાય ત્યારે વિસર્ગ થાય છે.

- तिस्रः पुरः करोति = ત્રણ નગરને કરે છે. અહીં पुर् એ શબ્દ છે તેથી ગતિસંજ્ઞા થતી નથી, તેથી આ સૂત્ર નથી લાગ્યું.

नमस्पुरसः અને कखपफि – આ બંને પદોમાં એકવચનની સમાનતા છે છતાંપણ ''यथासंख्यमनुदेशः समानाम्'' એ ન્યાય અહીં લાગતો નથી કારણ કે ન્યાયમાં તો સંખ્યા વડે અને વચન વડે એમ બંને રીતે સમાન કહ્યું છે. જ્યારે અહીં સૂત્રમાં વચન વડે સમાન છે પણ સંખ્યા વડે સમાન નથી કારણ કે नमस् અને पुरस् બે છે. જ્યારે क्-ख्-प्-फ् એ ચાર છે. ૧ થી ૭ સૂત્રો र् નો स् કરે છે.

## तिरसो वा । २-३-२

**અર્થ :-** ગતિસંજ્ઞક तिरस् શબ્દના र् નો क्, ख्, प् અને फ् પર છતાં स् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** तिरस्कृत्य, तिरः कृत्य = છુપાવીને.

तिरस् + कृ – कृगो नवा ૩-૧-૧૦ થી ગતિસંજ્ઞા, प्राक्काले ૫-૪-૪૭ થી त्वा પ્રત્યય.

तिरस् + कृ + त्वा – गतिक्वन्य... ૩-૧-૪૨ થી તત્પુ. સમાસ, અને अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप् આદેશ.

तिरस् + कृ + य – ह्रस्वस्य.... ૪-૪-૧૧૩ થી कृ ને અંતે त् આગમ.

तिरस् + कृत्य – सोरुः ૨-૧-૭૨ થી स् નો र्

तिरर् + कृत्य – આ સૂત્રથી र् નો स् થવાથી तिरस्कृत्य થયું.

વિકલ્પપક્ષે र् નો स् આદેશ ન થાય ત્યારે रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થવાથી तिरःकृत्य થયું છે.

**गतेरित्येव** – तिरः कृत्वा काष्ठं गतः = લાકડાને તિર્છું (વાંકું) કરીને ગયો. અહીં तिरस् શબ્દ 'છુપાવવું' એવા અર્થમાં નથી તેથી ગતિસંજ્ઞક ન થવાથી આ સૂત્ર ન લાગ્યું. પણ र् નો વિસર્ગ થયો છે.

## पुंसः । २-३-३

**અર્થ :-** पुम्स् શબ્દ સંબંધી र् નો क्, ख्, प् અને फ् પર છતાં स् થાય છે.

**વિવેચન :-** पुंस्कोकिलः = પુરુષ કોયલ. पुमांश्चासौ कोकिलश्च इति ।

पुम्स् + कोकिलः – पदस्य ૨-૧-૮૯ થી पुम्स् ના स् નો લોપ.

पुम् + कोकिलः – पुमोऽशिट्य... ૧-૩-૯ થી पुम् ના म् નો र् અને પૂર્વના વર્ણ ઉપર અનુસ્વાર.

पुंर् + कोकिलः – આ સૂત્રથી र् નો स् થવાથી पुंस्कोकिलः ।

- पुंसा खातः – पुंस्खातः = પુરૂષ વડે ખોદાયેલો.
- पुंसः पाकः – पुंस्पाकः = પુરૂષનું રાંધવું.
- पुंसः फलम् – पुंस्फलम् = પુરૂષનું ફળ.

} ત્રણેયની સાધનિકા પૂર્વવત્.

**પ્રશ્ન :-** पुमोऽशिट्य... ૧-૩-૯ સૂત્રમાં म् નાં र् ને બદલે स् કેમ ન કર્યો ? स् કર્યો હોત તો આ સૂત્ર રચવું ન પડત, તો પ્રક્રિયા લાઘવ થાત.

**જવાબ :-** જો स् કરે તો આ પ્રયોગમાં તો વાંધો ન આવે પણ पुंश्चरः પ્રયોગની સિદ્ધિ ન થાત. જો पुम् ના म् નો स् કર્યો હોત તો च-ट-ते... ૧-૩-૭ થી र् નો च् ના યોગમાં श् ન થાત તેથી पुम् નાં म् નો स् ન કરતાં र् કર્યો છે.

## शिरोऽधसः पदे समासैक्ये । २-३-४

**અર્થ :-** એક સમાસમાં शिरस् અને अधस् ના र् નો पद શબ્દ પર છતાં स् થાય છે.

**સૂત્રસમાસ :-** शिरश्च अधश्च एतयोः समाहारः – शिरोऽधः, तस्य (સમા.દ્વ.)

एकस्य भावः – ऐक्यम् । समासस्य ऐक्यं – समासैक्यम्, तस्मिन् (ષ.ત.)

**વિવેચન :-** शिरसः शिरसि वा पदम् – शिरस्पदम् = મસ્તકનું સ્થાન. सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થઈ આ સૂત્રથી र् નો स् થયો.

- **अधसः पदम्–अधस्पदम् = નીચેનું સ્થાન.**

**समासेति किम्** ? शिरः पदम्, अधःपदम् - અહીં पद શબ્દ પરમાં હોવા છતાં સમાસમાં નથી, માટે આ સૂત્ર ન લાગ્યું.

**ऐक्य इति किम्** ? परमं च तद् शिरश्च - परमशिरः, परमशिरसि पदम्- परमशिरःपदम् = શ્રેષ્ઠ મસ્તક ઉપર સ્થાન. અહીં સમાસ છે. પણ એક સમાસમાં નથી માટે આ સૂત્ર ન લાગ્યું. નિમિત્ત અને નિમિત્તી બંને પ્રથમથી એક સમાસમાં આવ્યા હોય તો આ સૂત્ર લાગે.

## अतः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी पात्रेऽनव्ययस्य । २-३-५

**અર્થ :-** એક સમાસમાં અવ્યય સિવાયના શબ્દના અકારથી પર રહેલાં र् નો कृ, कम्, कंस, कुम्भ, कुशा, कर्णी અને पात्र ના क्-ख्-प्-फ् પર છતાં स् થાય છે.

**સૂત્રસમાસ :-** का च कमिश्च कंसश्च कुम्भश्च कुशा च कर्णी च पात्रञ्च एतेषां समाहारः – कृकमिकंसकुम्भकुशाकर्णीपात्रम्, तस्मिन् (સમા.દ્વ.)

न अव्ययम् – अनव्ययम्, तस्मिन् (નञ् ત.)

**વિવેચન :-** अयः करोति – अयस्कृत् = લુહાર.

- यशः कामयते – यशस्कामः = યશની ઈચ્છા કરનાર.
- पयसः कंसः – पयस्कंसः = દૂધનું પાત્ર.
- अयसः कुम्भः – अयस्कुम्भः = લોખંડનો ઘડો.
- अयसः कुशा – अयस्कुशा = લોખંડની કોશ.
- अयः इव कर्णौ यस्याः सा – अयस्कर्णी = લોખંડ જેવા (મજબુત) કાનવાળી.
- अयसः पात्रम् – अयस्पात्रम् = લોખંડનું પાત્ર.

**अत इति किम्** ? वारः पात्रम् - वाः पात्रम् = પાણીનું પાત્ર. वार् માં आ થી પરમાં र् છે પણ अ થી પરમાં નથી માટે આ સૂત્ર લાગતું નથી.

**अनव्ययस्येति किम्** ? स्वः करोति – स्वःकारः = સ્વર્ગ કરનાર. અહીં स्वर् એ અવ્યય છે માટે આ સૂત્ર લાગતું નથી.

**समासैक्य इत्येव – उपपयःकार = દૂધની સમીપમાં (કાર્ય) કરનાર. અહીં** નિમિત્ત-નિમિત્તી એક સમાસમાં નથી માટે આ સૂત્ર ન લાગ્યું. "नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्" – એ ન્યાયથી સ્ત્રીલિંગ વિગેરેમાં પણ આ સૂત્ર લાગી શકે. દા.ત. अयस्कुम्भी, पयस्पात्री.

**પ્રશ્ન :-** कम् ના ગ્રહણથી कंस નું ગ્રહણ થઈ શકત કેમ કે कम् ધાતુને જ स પ્રત્યય લાગીને कंस બને છે, તો कंस નું અલગ ગ્રહણ શા માટે કર્યું ?

**જવાબ :-** અહીં कम् ને स પ્રત્યય લગાડ્યો છે તે उणादि નો છે. તેથી

उणादयोऽव्युत्पन्ननामानि એ ન્યાયથી कंस એ અવ્યુત્પન્ન નામ બને છે તેથી अर्थवद्ग्रहणे नानर्थकस्य એ ન્યાયથી અનર્થક એવા कंस નું ગ્રહણ ન થાય પણ લેવું છે તેથી સૂત્રમાં कंस નું અલગ ગ્રહણ કર્યું છે.

## प्रत्यये । २-३-६

અર્થ :- અવ્યય સિવાયના શબ્દના र् નો પ્રત્યય સંબંધી क्-ख्-प्-फ् પર છતાં स् થાય છે.

વિવેચન :- निन्द्यं पयः – पयस्पाशम् = ખરાબ દૂધ. અહીં निन्द्ये पाशप् - ૭-૩-૪ થી નિન્દ્ય અર્થમાં पयस् ને पाशप् પ્રત્યય લાગ્યો છે. પ્રત્યય સંબંધી प् પર છતાં આ સૂત્રથી पयस् ના र् નો स् થયો.

- ईषद् अपरिसमाप्तं पयः – पयस्कल्पम् = દૂધ જેવું. अतमबादे... ૭-૩-૧૧ થી पयस् ને कल्पप् પ્રત્યય લાગી આ સૂત્રથી र् નો स् થયો છે.
- कुत्सितम् अल्पमज्ञातं वा पयः – पयस्कम् = ખરાબ દૂધ, અલ્પ દૂધ, અજ્ઞાત દૂધ. कुत्सिता... ૭-૩-૩૩ થી पयस् ને कप् પ્રત્યય લાગી આ સૂત્રથી र् નો स् થયો છે.

ત્રણેય ઉદાહરણમાં सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થયા પછી આ સૂત્ર લાગ્યું છે.

**अनव्ययस्येत्येव** – निन्द्यं स्वः-स्वःपाशम् = નિંદિત સ્વર્ગ. અહીં स्वर् અવ્યય છે. તેથી पाशप् પ્રત્યય પરમાં હોવા છતાં પણ આ સૂત્ર ન લાગ્યું.

આ સૂત્રમાં અવ્યયીભાવ સિવાયના અવ્યયનું જ વર્જન કરેલું છે તેથી "उपपयस्काम्यति" આ ઊદાહરણમાં र् નો स् થયો છે.

અન્ય પ્રત્યયોનો અભાવ હોવાથી અહીં સૂત્રમાં "प्रत्यये" એ પ્રમાણેના પદથી पाशप्, कल्पप्, क અને काम्य એ ચાર પ્રત્યયોનું જ ગ્રહણ કરેલ છે.

અહીં पाश-कल्प-क એ પ્રત્યયો જ ગ્રહણ કરવાનાં છે, શબ્દો નહીં. દા.ત. पयसि पाशः (બંધન), पयसः कल्पः (આચાર), पयसि कम् (મસ્તક) આ અર્થવાળા પાશ વિગેરે શબ્દો ગ્રહણ કરવાનાં નથી.

## रोः काम्ये । २-३-७

**અર્થ :-** અવ્યય સિવાયના શબ્દના रु ના જ र् નો काम्य પ્રત્યય પર છતાં स् થાય છે.

**વિવેચન :-** पयः इच्छति – पयस्काम्यति = તે પાણીને ઇચ્છે છે. આ અર્થમાં पयस् ને द्वितीयायाः... ૩-૪-૨૨ થી काम्य પ્રત્યય લાગ્યો. सोरुः ૨-૧-૭૨ થી पयस् ના स् નો रु થઈ આ સૂત્રથી रु ના र् નો स् થયો.

**रोरिति किम्** ? अहः काम्यति = તે દિવસને ઇચ્છે છે. અહીં મૂળ अहन् શબ્દ છે, તેને अम् પ્રત્યય લાગી તેનો લોપ થયો છે અને रो लुप्यरि ૨-૧-૭૫ થી अहन् ના न् નો र् થયો છે તેથી અહીં रु નો र् નથી પરંતુ न् નો र् છે માટે આ સૂત્ર લાગ્યું નહીં. પણ रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થયો છે.

- काम्य પ્રત્યય પર છતાં प्रत्यये ૨-૩-૬ થી र् નો स् સિદ્ધ જ હતો છતાં આ સૂત્રની રચના નિયમને માટે કરી છે. નિયમ એ કર્યો કે काम्य પ્રત્યય પર છતાં रु નાં જ र् નો स् થાય છે. અન્ય र् નો स् થતો નથી.

**પ્રશ્ન :-** અહીં रु ના र् નો स् काम्य પ્રત્યય પર છતાં જ થાય એવો નિયમ ન થઈ શકે ?

**જવાબ :-** ના, એ વિપરીત નિયમ છે કારણ કે वर्चस्कादि... ૩-૨-૪૮ સૂત્રમાં वर्चस्क પ્રયોગમાં क પ્રત્યય પર છતાં પણ रु ના र् નો स् કરેલ છે તેથી કોઈપણ પ્રત્યય પર છતાં रु ના र् નો स् થઈ શકે છે. માત્ર काम्य પ્રત્યય પર છતાં જ થાય તેવું વિપરીત ન માનવું.

**પ્રશ્ન :-** જો "प्रत्यये" ૨-૩-૬ સૂત્ર ન કર્યું હોત અને અહીં જ "रोः काम्ये च" ***આવું સૂત્ર કર્યું હોત તો શું વાંધો આવત ? કેમ કે*** च ***કારથી*** क्ख्प्फ् ની અનુવૃત્તિ આવી શકે છે અને क्ख्प्फ् ના ગ્રહણથી 'काम्य' પ્રત્યય પર છતાં रु ના र् નો स् થઈ જતો હોવા છતાં 'काम्ये' નું પુનઃ ગ્રહણ કરવાથી નિયમ પણ થઈ જ જશે, છતાં બંને સૂત્રની અલગ રચના શા માટે કરી ?

**જવાબ :-** બરાબર છે, પરંતુ अयसः पाशम् – अयःपाशम् = લોઢાનું બંધન. અહીં पाशम् એ પ્રત્યય નથી પણ શબ્દ છે. જો "प्रत्यये" સૂત્રની

રચના અલગ ન કરી હોત તો અહીં પણ स् નો रु થઈ આવા પ્રકારના સૂત્રની રચનાથી તે रु નો स् થઈ જાત અને 'अयस्पाशम्' એવો અનિષ્ટ પ્રયોગ થાત, વિસર્ગ ન થાત. પણ 'अयःपाशम्' એ પ્રમાણે પ્રયોગ કરવો છે તેથી સૂત્રની રચના ભિન્ન કરી એ સાર્થક છે.

## नामिनस्तयोः षः । २-३-८

**અર્થ** :- પ્રત્યય સંબંધી क्-ख्-प्-फ् પર છતાં નામી સ્વરથી પર રહેલાં र् નો, અને काम्य પ્રત્યય પર છતાં નામી સ્વરથી પર રહેલાં रु ના જ र् નો ष् થાય છે.

**વિવેચન** :- निन्द्यं सर्पिः - सर्पिष्पाशम् = ખરાબ ઘી.

- ईषद् अपरिसमाप्तं धनुः - धनुष्कल्पम् = ધનુષ જેવું.

  આ બંનેની સાધનિકા ૨-૩-૬માં જોવી, પણ આ સૂત્રથી र् નો ष् થયો છે.

- धनुः प्रहरणम् अस्य - धानुष्कः = ધનુર્ધારી.

  धनुस् - प्रहरणम् ६-४-६२ થી इकण्.

  धनुस् + इकण् - ऋवर्णोवर्ण... ७-४-७१ થી इकण् ના इ નો લોપ.

  धनुस् + क - वृद्धिः स्वरे... ७-४-१ થી धनुस् ના આદિ સ્વરની વૃદ્ધિ.

  धानुस् + क - सोरुः २-१-७२ થી स् નો रु.

  धानुरु + क - આ સૂત્રથી र् નો ष् થતાં धानुष्कः થાય.

- सर्पिः इच्छति - सर्पिष्काम्यति = ઘી ને ઈચ્છે છે.

  સાધનિકા ૨-૩-૭માં જોવી, પણ આ સૂત્રથી रु ના र् નો ष् થયો છે.

- પ્રથમ ત્રણ ઉદાહરણમાં પ્રત્યય સંબંધી क्-प् પર છતાં નામી સ્વરથી પર રહેલાં र् નો અને ચતુર્થ ઉદાહરણમાં काम्य પ્રત્યય પર છતાં નામી સ્વરથી પર રહેલાં रु ના र् નો ष् થયો છે.

  **नामिन इति किम्** ? अयस्कल्पम् - અહીં નામી સ્વરથી પરમાં र् નથી પરંતુ अ થી પરમાં છે માટે આ સૂત્ર ન લાગ્યું.

  **रोः काम्य इत्येव** - गिरम् इच्छति - गी ≍ काम्यति. અહીં નામી સ્વર છે પરંતુ તેની પરમાં रु નો र् નથી. गिर् નો સામાન્ય र् છે માટે આ સૂત્ર

ન લાગ્યું. પણ रः कख... ૧-૩-૫ થી र् નો ≍ क થયો.

## निर्दुर्बहिराविष्प्रादुश्चतुराम् । २-३-९

**અર્થ :-** निर्, दुर्, बहिस्, आविस्, प्रादुस् અને चतुर् શબ્દના र् નો क्-ख्-प्-फ् પર છતાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च दुश्च बहिश्च आविश्च प्रादुश्च चतुर् च-निर्दुर्बहिराविष्प्रादुश्चतुरः, तेषाम् (ઇત. દ્વ.)

**વિવેચન :-** नितरां क्रियते - निष्कृतम् = અત્યંત કરાયું.

क्लीबे क्तः ५-३-१२३ થી क्त પ્રત્યય.

- दुःखेन क्रियते - दुष्कृतम् = ખરાબ કરાયું.
- बहिः पीयते - बहिष्पीतम् = બહાર પીવાયું.

गत्यर्थाऽकर्मक...૫-૧-૧૧ થી क्त પ્રત્યય.

- आविः क्रियते - आविष्कृतम् = પ્રગટ કરાયું.
- प्रादुः क्रियते - प्रादुष्कृतम् = પ્રગટ કરાયું.
- चतुर्णां पात्राणां समाहारः - चतुष्पात्रम् = ચાર પાત્રોનો સમુદાય.

**પ્રશ્ન :-** સૂત્રમાં બહુવચન શા માટે કર્યું છે ?

**જવાબ :-** निर् અને दुर् ના ગ્રહણથી निस् અને दुस्નું ગ્રહણ કરવા માટે.

## सुचो वा । २-३-१०

**અર્થ :-** सुच् પ્રત્યયાન્ત શબ્દોના र् નો क्-ख्-प्-फ् પર છતાં ष् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** द्वौ वारौ करोति - द्विष्करोति = બે વાર કરે છે.

द्वि - द्वि-त्रि-चतुरः...૭-૨-૧૧૦ થી सुच् પ્રત્યય.

द्वि + सुच् + सि - अव्ययस्य ૩-૨-૭ થી सि નો લોપ.

द्वि + सुच् - सोरुः ૨-૧-૭૨ થી स् નો र्.

द्विर् + करोति - આ સૂત્રથી र् નો ष् - द्विष्करोति.

વિકલ્પપક્ષે - रः कख...૧-૩-૫ થી જીહ્વામૂલીય - द्वि≍ करोति.

તેના વિકલ્પપક્ષે - **रः पदान्ते...१-३-५३** થી વિસર્ગ થવાથી **द्विः करोति.**

- **चतुष्फलति** = ચાર વાર ફળે છે.

चतुर् + फलति - **द्वि-त्रि-चतुरः...७-२-११०** થી **सुच्** પ્રત્યય.

चतुर् + सुच् + सि - **अव्ययस्य ३-२-७** થી सि નો લોપ.

चतुर् + सुच् (स्) - **रात्सः २-१-९०** થી स् નો લોપ.

चतुर् - અહીં सुच् નો લોપ થવા છતાં પણ તેનો સ્થાનિવદ્ભાવ માનવાથી चतुर् ને सुच् પ્રત્યયાન્ત જ મનાશે. માટે આ સૂત્રથી र् નો વિકલ્પે ष् થાય તેથી **चतुष्फलति** થાય. વિકલ્પ પક્ષે चतु)(फलति - **चतुः फलति.** સાધનિકા પૂર્વવત્.

**कखपफीति किम् ? द्विश्चरति** = બે વાર ચાલે છે.

અહીં क्-ख्-प्-फ् પરમાં નથી પરંતુ च् પરમાં છે, તેથી **चटते...१-३-७** થી र् નો श् થયો છે.

## वेसुसोऽपेक्षायाम् । २-३-११

**અર્થ :-** જો સ્થાની અને નિમિત્તની પરસ્પર અપેક્ષા હોય તો इस् અને उस् પ્રત્યયાન્ત શબ્દના र् નો क्-ख्-प्-फ् પર છતાં ष् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** **इश्च उश्च एतयोः समाहारः - इसुस्, तस्य** (સમા. દ્વ.)

**વિવેચન :-** **सर्पिः करोति - सर्पिष्करोति** = તે ઘીને કરે છે.

અહીં र् નો ष् કરવાનો છે તો र् સ્થાની છે અને क् ના નિમિત્તે કરવાનો છે એટલે क् એ નિમિત્ત છે અને "જે કરે છે તે જ ઘી છે **અને જે ઘી છે તેને જ કરે છે." માટે सर्पिस्** અને **करोति** તે બંને પરસ્પર એકબીજાની અપેક્ષા રાખે છે, તેમ જ सर्पिस् એ इस् પ્રત્યયાન્ત શબ્દ છે. તેથી सर्पिस् + अम् - **अनतो लुप् १-४-५९** થી अम् નો લોપ થયા પછી **सोरुः २-१-७२** થી सर्पिस् ના स् નો र् થઈ, આ સૂત્ર લાગે છે તેથી **सर्पिष्करोति** બને છે. વિકલ્પપક્ષે **रः कख... १-३-५** થી **सर्पि≍करोति** થાય છે. તે જ પ્રમાણે **धनुष्खादति** - **धनु≍ खादति** = ધનુષ્યને ખાય છે. આ उस् પ્રત્યયાન્ત નામ છે.

**अपेक्षायामिति किम् ? परमसर्पि≍ कुण्डम्** = શ્રેષ્ઠ એવો ઘીનો કુંડ.

परमं च तद् सर्पिश्च – परमसर्पिः. परमसर्पिषः कुण्डम् – परमसर्पि ≍ कुण्डम्.
અહીં सर्पिष् અને कुण्ड બંને પદ એક બીજાની અપેક્ષા રાખતા નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

- स्थानी = જેનું કાર્ય કરવાનું હોય તેને સ્થાની કહેવાય.

  निमित्त = જેના કારણે કાર્ય થાય તેને નિમિત્ત કહેવાય.

- इस् પ્રત્યય ઉણાદિનો છે તેથી તેના સાહચર્યથી उस् પ્રત્યય પણ त्यादिनो ગ્રહણ ન કરતાં ઉણાદિનો જ ગ્રહણ કરવો.

- "प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम्" – એ ન્યાયથી इस् અને उस् પ્રત્યય તરીકે જ ગ્રહણ થશે. તેથી मुनिः करोति આ પ્રયોગમાં આ સૂત્રથી र् નો ष् નહીં થાય.

## नैकार्थेऽक्रिये । २-३-१२

**અર્થ** :- નથી વિદ્યમાન ક્રિયારુપં પ્રવૃત્તિનિમિત્ત જેનું એવા તુલ્ય અધિકરણવાળા પદમાં રહેલાં इस्-उस् પ્રત્યયાન્તના र् નો क्-ख्-प्-फ् પર છતાં ष् થતો નથી.

**સૂત્રસમાસ** :- एकः अर्थः यस्य सः – एकार्थः, तस्मिन् (બહુ.)

नविद्यते क्रिया यस्य सः- अक्रियः, तस्मिन् (નઞ્ બહુ.)

**વિવેચન** :- सर्पि ≍कालकम् = કાળું ઘી. અહીં कालक એ ગુણવાચક છે, ક્રિયાવાચક પદ નથી તેમ જ सर्पिस् અને कालक એ બંને પદ તુલ્ય અધિકરણવાળા છે. તેથી આ સૂત્ર र् ના ष् નો નિષેધ કરે છે માટે रः कख... ૧-૩-૫ થી र् નો જિહ્વામૂલીય આદેશ થઈ सर्पि≍कालकम् થયું.

અહીં काल શબ્દને कालात् ૭-૩-૧૯ થી क પ્રત્યય લાગ્યો છે.

- यजु)(पीतकम् = પીળો યજ્ઞ. અહીં पीतक એ ગુણવાચક પદ છે, ક્રિયાવાચક પદ નથી. તેમજ यजु અને पीतक બંને તુલ્ય અધિકરણવાળા છે તેથી આ સૂત્રે र् ના ष् નો નિષેધ કર્યો માટે रः कख...૧-૩-૫ થી र् નો ઉપધ્માનીય આદેશ થવાથી यजु)(पीतकम् થયું.

  અહીં पीत શબ્દને नील-पीतादकम् ૬-૨-૪ થી क પ્રત્યય લાગ્યો છે.

  **एकार्थ इति किम्** ? सर्पिष्कुम्भे, सर्पि ≍ कुम्भे = ઘીના ઘડામાં.

અહીં સમાન અધિકરણ નથી માટે આ સૂત્ર ન લાગ્યું તેથી **वेसुसो**...૨-૩-૧૧ થી र् નો ष् વિકલ્પે થયો.

**अक्रिय इति किम्** ? सर्पिष्क्रियते, सर्पि ≍ क्रियते = ઘી કરાય છે. અહીં ક્રિયારુપ પ્રવૃત્તિનિમિત્ત છે માટે આ સૂત્ર નથી લાગતું. પણ वेसुसो...૨-૩-૧૧ થી र् નો ष् વિકલ્પે થયો.

## समासेऽसमस्तस्य । २-३-१३

**અર્થ** :- જો નિમિત્ત અને નિમિત્તી એક જ સમાસમાં હોય અને પૂર્વે કોઈપણ પદની સાથે સમાસ નહીં પામેલાં એવા इस्-उस् પ્રત્યયાન્તના र् નો क्-ख्-प्-फ् પર છતાં ष् થાય છે.

**સૂત્રસમાસ** :- समस्यते स्म - समस्तम्. न समस्तम् - असमस्तम्, तस्य (નઞ્ ત.)

**વિવેચન** :- सर्पिषः कुम्भः - सर्पिष्कुम्भः = ઘીનો ઘડો.

- धनुषः फलम् - धनुष्फलम् = ધનુષ્યનું ફળ.

અહીં सर्पिस् અને धनुस् એ પૂર્વે કોઈપણ પદની સાથે સમાસ નહીં પામેલું એવું નિમિત્ત છે. તેમ જ कुम्भ અને फल એ નિમિત્તી છે તેથી सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થઈ આ સૂત્રથી र् નો ष् થયો છે.

**समास इति किम्** ? तिष्ठतु सर्पिः पिबत्वमुदकम् = ઘી રહો, તું પાણીને પી. અહીં सर्पिस् ની પછી पिब् નો प् છે, પણ સમાસ નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

**असमस्तस्येति किम्** ? परमसर्पिः कुण्डम् = શ્રેષ્ઠ ઘી નો ઘડો. અહીં सर्पिस् નો परम એ પદની સાથે પહેલાં સમાસ થયેલો છે માટે આ સૂત્ર ન લાગતાં रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થયો.

## भ्रातुष्पुत्र-कस्कादयः । २-३-१४

**અર્થ** :- भ्रातुष्पुत्र વિગેરે અને कस्क વિગેરેના र् નો क्-ख्-प्-फ् પર છતાં અનુક્રમે કરાયેલાં ष् અને स् નિપાતન થાય છે.

**સૂત્રસમાસ** :- भ्रातुष्पुत्रश्च कस्कश्च - भ्रातुष्पुत्रकस्कौ (ઇત. દ્વ.)

भ्रातुष्पुत्रकस्कौ आदिः येषां ते (બહુ.)

**વિવેચન :-** भ्रातुः पुत्रः - भ्रातुष्पुत्रः = ભાઇનો પુત્ર. ऋतां विद्या...૩-૨-૩૭ થી અલુપ્ સમાસ થયો અને આ સૂત્રથી ष् નિપાતન થયો.

- परमं च तद् यजुश्च - परमयजुः.

  परमयजोः पात्रम् - परमयजुष्पात्रम् = શ્રેષ્ઠ યજ્ઞનું પાત્ર. અહીં આ સૂત્રથી ष् નિપાતન થયો.

- कः कः - कस्कः = કોણ કોણ - वीप्सायाम् ૭-૪-૮૦ થી દ્વિત્વ થયું અને આ સૂત્રથી स् નિપાતન થયો.

- कस्मात् - कुतः । कुतः कुतः आगतः - कौतस्कुतः = ક્યાંથી ક્યાંથી આવ્યા ?

  किम् + सि - किमद्व्यादि...૭-૨-૮૯ થી तस् પ્રત્યય.

  किम् + तस् + सि - इतोऽतः कुतः ૭-૨-૯૦ થી कुतस् નિપાતન.

  कुतस् + सि - वीप्सायाम् ૭-૪-૮૦ થી દ્વિત્વ.

  कुतस्कुतस् + सि - तत आगते ૬-૩-૧૪૯ થી अण् પ્રત્યય.

  कुतस्कुतस् + अण् + सि - वृद्धिः स्वरे... ૭-૪-૧ થી આદિસ્વરની વૃદ્ધિ.

  कौतस्कुतस् + अण् + सि - प्रायोऽव्ययस्य ૭-૪-૬૫ થી અંત્ય अस् નો લોપ.

  कौतस्कुत् + अ + स् - सोरुः ૨-૧-૭૨ થી स् નો र्.

  कौतर्कुत् + अ + स् - આ સૂત્રથી र् નો स्.

  कौतस्कुतस् - सोरुः થી र् અને रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થવાથી कौतस्कुतः થયું છે.

**પ્રશ્ન :-** સૂત્રમાં બહુવચન શા માટે કર્યું છે ?

**જવાબ :-** "आकृतिगणार्थम्" - અન્ય પ્રયોગોમાં પણ જ્યાં षत्व-सत्व કરેલાં હોય તો આ સૂત્રથી થયા છે એમ સમજવા માટે બહુવચન છે.

## नाम्यन्तस्था-कवर्गात् पदान्तः कृतस्य सः शिड्-नान्तरेऽपि । २-३-१५

**અર્થ :-** નામી, અન્તસ્થા અને क વર્ગથી પર પદની મધ્યમાં રહેલાં

કોઈપણ સૂત્રથી વિધાન કરાયેલો स् (કૃત સકાર) અથવા કોઈપણ સૂત્રથી વિધાન કરાયેલા આદેશ વિગેરેમાં અંતર્ગત રહેલાં स् (કૃતસ્થ સકાર) નો ष् થાય છે. તેમ જ નામી-અંતસ્થા-क વર્ગ અને स् ની વચ્ચે शिट् અને न् નું વ્યવધાન હોય તો પણ स् નો ष् થાય છે.

- કૃત સકાર = કોઈપણ સૂત્રથી કરાયેલો માત્ર સકાર. દા. ત. एतद् નું एषा - આમાં त् નો स् થયો છે.
- કૃતસ્થ સકાર = કોઈપણ સૂત્રથી થયેલાં આદેશ, પ્રત્યય વિગેરેમાં અંતર્ગત રહેલો સકાર. દા. ત. "आशिषा" માં आस् નો इस् આદેશ થયો છે, તેમાં स् અંતર્ગત છે. "नदीषु" માં જે सुप् પ્રત્યય લાગ્યો છે તેમાં स् અંતર્ગત છે.

**સૂત્રસમાસ :-** नामी च अन्तस्था च कवर्गश्च एतेषां समाहारः - नाम्यन्तस्थाकवर्गम्, तस्मात् (સમા. દ્વ.) शिट् च नश्च - शिड्नौ (ઇત. દ્વ.) शिड्नाभ्याम् अन्तरम् - शिड्नान्तरम्, तस्मिन्. (તૃ.ત.)

**વિવેચન :-** आशिषा = આશીર્વાદ વડે. आशास्ते इति क्विप्. અહીં शास् ના आस् નો इस् આદેશ થવાથી आशिषा થયું. આ इस् આદેશમાં स् કૃતસ્થ કહેવાય. તેથી નામી સ્વરથી પર કૃતસ્થ स् નો આ સૂત્રથી ष् થાય છે માટે "आशिषा" થયું.

- नदीषु = નદીઓમાં. स्यौजसमौ...૧-૧-૧૮ થી सुप् પ્રત્યય લાગ્યો તેથી सुप् પ્રત્યયમાં स् કૃતસ્થ કહેવાય માટે નામી સ્વરથી પરમાં રહેલાં स् નો આ સૂત્રથી ष् થયો. એ પ્રમાણે -
- वायुषु - वायु + सुप्.
- वधूषु - वधू + सुप्.
- पितृषु - पितृ + सुप्.
- गोषु - गो + सुप्.
- नौषु - नौ + सुप्.
- एषा - एतद् + सि - आद्वेरः ૨-૧-૪૧ થી द् નો अ.

  एतअ + सि - लुगस्या...૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો લોપ.

  एत्अ + सि - तः सौ सः ૨-૧-૪૨ થી त् નો स्.

एस्अ + स् - आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય.

एस्अ + आ + स् - समानानां... ૧-૨-૧ થી अ + आ = आ.

एसा + स् - दीर्घङ्याब्... ૧-૪-૪૫ થી स् નો લોપ.

एसा - આ સૂત્રથી નામી સ્વરથી પર કૃત स् નો ष् થવાથી "एषा" થયું.

- सिषेवे - सेव् = સેવા કરવી. सेव् + ए (પરોક્ષા આ. ત્રી. પુ. એ. વ.) - द्विर्धातुः... ૪-૧-૧ થી દ્વિત્વ.

सेव् सेव् + ए - व्यञ्जनस्या...૪-૧-૪૪ થી અનાદિ વ્યંજનનો લોપ.

सेसेव् + ए - ह्रस्वः ૪-૧-૩૯ થી દ્વિત્વ પૂર્વનો સ્વર હ્રસ્વ.

सिसेव् + ए - આ સૂત્રથી નામી સ્વરથી પર રહેલાં स् નો ष् થાય છે તેથી सिषेवे થયું.

सिषेवे - અહીં ધાતુપાઠમાં षेवृङ् (૮૧૮) ધાતુ છે. તેનો षः सोऽष्ट्यै... ૨-૩-૯૮ થી ष् નો स् થાય છે તેથી કૃત સકાર કહેવાય તેથી આ સૂત્રથી स् નો ष् થયો છે.

- गीर्षु - गिर् = વાણી. गिर् + सुप् - अरोः सुपि रः ૧-૩-૫૭ થી र् જ રહે. गिर् + सुप् - पदान्ते ૨-૧-૬૪ થી र् થી પરમાં વ્યંજન હોતે છતે તેની પૂર્વનો નામી સ્વર દીર્ઘ થાય - गीर्सु. આ સૂત્રથી र् અંતસ્થા હોવાથી स् નો ष् થવાથી गीर्षु થયું.

- हल्षु - हल् = વ્યંજન हल् + सुप् અહીં ल् અંતસ્થાથી પરમાં રહેલાં स् નો ष् થવાથી हल्षु થયું.

- शक्ष्यति - शक् = સહન કરવું. शक् + स्यति, क् થી પર स् નો ष्.

- क्रुङ्षु - क्रुङ् + सुप् - કવર્ગીય એવા ङ् થી પર स् નો ष्.

शिड्नान्तरेऽपि - सर्पिष्षु - सर्पिस् = ઘી. सर्पिस् + सुप्.

આ સૂત્રથી નામી સ્વર અને स् ની મધ્યમાં શિટ્ એવા स् નું વ્યવધાન હોવા છતાં सुप् ના स् નો ष् થયો.

सर्पिस् + षुप् - सोरुः ૨-૧-૭૨ થી स् નો र्.

सर्पिर् + षुप् - श-ष-से... ૧-૩-૬ થી र् નો ष् પર છતાં ष् થવાથી सर्पिष्षु થયું.

- यजूंषि - यजुस् = યજુર્વેદ.

  यजुस् + जस् - नपुंसकस्य शिः ૧-૪-૫૫ થી जस् નો शि.

  यजुस् + शि - धुटां प्राक् ૧-૪-૬૬ થી स् ની પૂર્વે न् આગમ.

  यजुन्स् + इ - न्स्महतोः ૧-૪-૮૬ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

  यजून्स् + इ - આ સૂત્રથી નામી અને स् ની વચ્ચે न् નું વ્યવધાન હોવા છતાં स् નો ष्.

  यजून्ष् + इ - शिड्हेऽनुस्वारः ૧-૩-૪૦ થી शिट् પર છતાં न् નો અનુસ્વાર થાય છે તેથી यजूंषि થયું.

  **पदान्त इति किम्** ? दधिसेक् = દહીં વડે સિંચનાર.

  અહીં નામી પછી स् છે પણ તે પદની આદિમાં છે, પદની મધ્યમાં નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

  **कृतस्येति किम्** ? बिसम् - અહીં નામી સ્વર પછી જે स् છે તે શબ્દનો स् છે, કૃત સકાર નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન** :- સૂત્રમાં न् નું ગ્રહણ શા માટે કર્યું છે ? न् નો शिट् પર છતાં અનુસ્વાર જ થાય છે અને અનુસ્વારનું ગ્રહણ शिट् ના ગ્રહણથી થઈ જ જાય છે, તો न् નું પુનઃ ગ્રહણ કેમ કર્યું ?

**જવાબ** :- અનુસ્વાર તો म् અને न् બંનેના થાય છે. शिट् ના ગ્રહણથી બંને પ્રકારના અનુસ્વારનું ગ્રહણ થઈ જાય, પણ અહીં म् નો અનુસ્વાર થાય છે તેને ગ્રહણ કરવો નથી, દા. ત. पुंसु । માત્ર न् નાં અનુસ્વારને જ ગ્રહણ કરવો છે માટે न् નું પુનઃ ગ્રહણ કર્યું છે.

**પ્રશ્ન** :- तिसृभ्याम्, तिसृभिः વિગેરેમાં આ સૂત્ર લાગે કે નહીં ?

**જવાબ** :- ના, ન લાગે. કારણ કે જો આ સૂત્રથી ष् જ કરવો હોત તો પ્રથમથી જ સૂત્રમાં तिसृ ને બદલે तिषृ કરત. પરંતુ તેવું ન કરતાં तिसृ કર્યું છે તેથી વિધાન સામર્થ્યથી જ स् નો ष् ન થાય.

## समासेऽग्नेः स्तुतः । २-३-१६

**અર્થ** :- અગ્નિ શબ્દથી પર રહેલાં स्तुत् ના स् નો સમાસમાં ष् થાય છે.

**વિવેચન :-** अग्निम् स्तौति इति क्विप् - अग्निष्टुत् = અગ્નિની સ્તુતિ કરનાર.

अग्नि + स्तु - क्विप् ५-१-१४८ थी क्विप् પ્રત્યય.

अग्नि + स्तु + क्विप् - ह्रस्वस्य तः...૪-૪-૧૧૩ થી त् આગમ.

अग्नि + स्तुत् + क्विप् - ङस्युक्तं...૩-૧-૪૯ થી તત્પુ. સમાસ.

સમાસમાં अग्नि થી પર રહેલાં स्तुत् ના स् નો આ સૂત્રથી ष् થાય છે.

अग्निष्तुत् - तवर्गस्य...૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट् થવાથી अग्निष्टुत् થયું.

- अग्निस्तुत् માં स् નો ष् કરવાના પ્રસંગે वृत्यन्तोऽसषे ૧-૧-૨૫ થી પદસંજ્ઞા થતી હતી તેથી स्तुत् નો स् પદની મધ્યમાં ન રહેતાં પદની આદિમાં થાત માટે ઉપરના સૂત્રથી स् નો ष् ન થાત પરંતુ પદની આદિમાં રહેલાં स् નો ष् કરવા માટે જ આ સૂત્રની રચના કરી છે.
- અહીંથી માંડીને ૨-૩-૫૮ સૂત્ર સુધી नाम्यन्तस्था...૨-૩-૧૫ સૂત્રનો અધિકાર ચાલે છે.
- अग्निष्टुत् માં ष्टुत् ધાતુ જ ધાતુપાઠમાં છે. તેનો षः सोऽष्ट्यै...૨-૩-૯૮ થી ष् નો स् થયો છે તેથી તે स् કૃત સકાર છે.

## ज्योतिरायुर्भ्यां च स्तोमस्य । २-३-१७

**અર્થ :-** ज्योतिस्, आयुस् અને अग्नि શબ્દથી પર રહેલાં स्तोम શબ્દના स् નો સમાસમાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** ज्योतिश्च आयुश्च - ज्योतिरायुषी, ताभ्याम् (ઈત.દ્વ.)

**વિવેચન :-** ज्योतिषः स्तोमः-ज्योतिःष्टोमः = જયોતિનો સમુદાય

- आयुषः स्तोमः - आयुःष्टोमः = આયુષ્યનો સમુદાય
- अग्नेः स्तोमः - अग्निष्टोमः = અગ્નિનો સમુદાય.

અહીં षष्ठ्ययत्ना..૩.૧.૭૬ થી તત્પુ. સમાસ થયો. આ સૂત્રથી સમાસમાં स्तोम ના स् નો ष्, અને तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट् થયો છે.

**समास इत्येव** - ज्योतिः स्तोमं याति = પ્રકાશ સમુદાય તરફ જાય છે.

અહીં સમાસ નથી માટે આ સૂત્ર લાગતું નથી.

- સૂત્રમાં च સમુચ્ચય અર્થમાં હોવાથી ચકારથી अग्नि શબ્દ ગ્રહણ કર્યો છે.

- અહીં स्तोम માં કૃત स કાર નથી અને પદની આદિમાં છે તેથી स् નો ष् થવાની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્રની રચના કરી તેથી स् નો ष् થઈ શક્યો.

## मातृ-पितुः स्वसुः । २-३-१८

**અર્થ :-** સમાસમાં मातृ અને पितृ શબ્દથી પર स्वसृ ના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** माता च पिता च एतयोः समाहारः-मातृपितरौ, तस्मात् (ઇમા.દ્વ.)

**વિવેચન :-** मातुः स्वसा-मातृष्वसा = માસી. અહીં ૩-૧-૭૬ થી સમાસ થયો છે, સમાસ થયા પછી આ સૂત્રથી स् નો ष् થયો. એ જ પ્રમાણે.

- पितुः स्वसा - पितृष्वसा = ફઈબા.

## अलुपि वा । २-३-१९

**અર્થ :-** मातृ અને पितृ શબ્દથી પર રહેલાં स्वसृ ના स् નો અલુપ્ સમાસમાં ष् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** न विद्यते लुप् यत्र - अलुप्, तस्मिन् (નઞ્ ત.)

**વિવેચન :-** मातुःष्वसा, मातुःस्वसा = માસી

- पितुः ष्वसा, पितुःस्वसा = ફઈબા.

  અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુ. સમાસ; स्वसृ-पत्योर्वा ૩-૨-૩૮ થી અલુપ્ સમાસ, અને આ સૂત્રથી स् નો ष् થયો છે.

  स् નો ष् પૂર્વસૂત્રથી સિદ્ધ હોવા છતાં વિકલ્પે કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## नि-नद्याः स्नातेः कौशले । २-३-२०

**અર્થ :-** કુશળતા ગમ્યમાન હોતે છતે नि અને नदी શબ્દથી પર स्नात ના स् નો સમાસમાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च नदी च एतयोः समाहारः - निनदी, तस्याः (સમા.દ્વ.)

**વિવેચન :-** निष्णो निष्णातो वा पाके = રસોઈ કરવામાં હોશિયાર

निष्णाति इति निष्णः ।

नि + स्ना - उपसर्गा... ५-१-५६ थी ड (अ) પ્રત્યય.

नि + स्ना + ड(अ) - डित्यन्त्य... २-१-११४ थी અંત્યસ્વરાદિનો લોપ.

नि + स्न + सि - આ સૂત્રથી स् નો ष्.

निष्न + सि - रषृवर्णान्नो... २-३-६३ थी न् નો ण्.

निष्ण + स् - सोरुः २-१-७२ थी स् નો र्.

निष्ण + र् - रः पदान्ते... १-३-५३ थी વિસર્ગ થવાથી निष्णः થયું.

- निष्णाति इति निष्णातः ।

नि + स्ना - गत्यर्थाऽकर्मक... ५-१-११ थी क्त પ્રત્યય.

नि + स्ना + त - આ સૂત્રથી स्ना નાં स् નો ष्.

नि + ष्ना + त- रषृवर्णान्नो... २-३-६३ थी न् નો ण् - निष्णातः થયું.

- नदीष्णो नदीष्णातो वा प्रतरणे = નદી તરવામાં કુશળ.

नद्यां स्नाति इति नदीष्णः ।

नदी + स्ना - स्था-पा-स्ना... ५-१-१४२ थी क (अ) પ્રત્યય.

नदी + स्ना + क(अ) — इडेत् पुसि...४-३-९४ थी स्ना ના आ નો લોપ.

नदी + स्न + सि - આ સૂત્રથી स् નો ष्.

नदीष्न + सि - रषृवर्णान्नो... २-३-६३ थी न् નો ण्.

नदीष्ण + सि - सोरुः २-१-७२ थी स् નો र्.

नदीष्ण + र् - रः पदान्ते... १-३-५३ थी र् નો વિસર્ગ.

नदीष्णः ।

- नद्यां स्नाति इति नदीष्णातः ।

नदी + स्ना - गत्यर्थाऽकर्मक... ५-१-११ थी क्त પ્રત્યય.

नदी + स्ना + क्त + सि - આ સૂત્રથી स् નો ष्.

नदीष्ना + त + सि - रषृवर्णान्नो... २-३-६३ थी न् નો ण्.

नदीष्णात + स् - सोरुः २-१-७२ થી स् નો र्.

नदीष्णात + र् - रः पदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ.

नदीष्णातः ।

- **कौशल इति किम् ?** नितरां स्नातः - निस्नातः । नद्यां स्नातः इति नदीस्नः । यः स्रोतसा ह्रियते = જે પ્રવાહ વડે તણાય છે. અહીં કુશળતા અર્થ ગમ્યમાન નથી માટે આ સૂત્ર ન લાગ્યું.

## प्रतेः स्नातस्य सूत्रे । २-३-२१

અર્થ :- "સૂત્ર" અર્થ ગમ્યમાન હોતે છતે प्रति થી પર રહેલાં स्नात ના स् નો સમાસમાં ष् થાય છે.

સૂત્ર = અતિવ્યાપ્તિ વગેરે દોષોથી રહિત, શુદ્ધ, નિર્દોષ એવું વ્યાકરણાદિનું સૂત્ર. અથવા પ્રક્ષાલન વડે ઉજ્વળ, મજબુત એવું જે સુતર તે સૂત્ર - આવો અર્થ ગમ્યમાન હોય તો.

વિવેચન :- प्रतिष्णातं सूत्रं = નિર્દુષ્ટ એવું વ્યાકરણનું સૂત્ર.

આ સૂત્રથી स् નો ष् અને रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण्.

**प्रत्ययान्तोपादानं किम् ?** प्रतिस्नातृ सूत्रम् ।

અહીં णकतृचौ ૫-૧-૪૮ થી तृच् પ્રત્યય લાગ્યો છે. त પ્રત્યય નથી માટે આ સૂત્ર લાગતું નથી.

- આ સૂત્રમાં "स्नात" નું ગ્રહણ ન કર્યું હોત તો तृच् પ્રત્યયાન્ત स्ना ને પણ આ સૂત્ર લાગત.

પ્રશ્ન :- સૂત્રમાં त પ્રત્યયાન્ત स्ना નું ગ્રહણ શા માટે કર્યું ?

જવાબ :- प्रत्ययान्तरनिवृत्यर्थम् - અન્ય પ્રત્યયની નિવૃત્તિને માટે त પ્રત્યયાન્ત स्ना નું ગ્રહણ કર્યું છે. જો क्त પ્રત્યય સહિત स्नात નું ગ્રહણ ન કર્યું હોત તો નવમા ગણનો જે स्ना વિકરણ પ્રત્યય લાગે છે તેનું પણ ગ્રહણ થઈ જાત.

## स्नानस्य नाम्नि । २-३-२२

અર્થ :- સૂત્ર વિષયક સંજ્ઞા હોતે છતે प्रति થી પર રહેલાં स्नान ના स् નો

સમાસમાં ष् થાય છે.

**વિવેચન :-** प्रतिस्नाति अनेन - प्रतिष्णानं.

प्रति + स्ना - करणाधारे ૫-૩-૧૨૯ થી अनट् પ્રત્યય.

प्रति + स्ना + अनट् - આ સૂત્રથી स् નો ष्.

प्रति + ष्ना + अनट् - रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण्. प्रतिष्णानम्।

नन्द्यादिभ्योऽनः ૫-૧-૫૨ થી अन પ્રત્યય થાય છે અને रम्यादिभ्यः... ૫-૩-૧૨૬ થી પણ अनट् પ્રત્યય લાગી શકે છે.

## वेः स्त्रः । २-३-२३

**અર્થ :-** સંજ્ઞાના વિષયમાં वि થી પર રહેલાં स्तृ ના स् નો સમાસમાં ष् થાય છે.

**વિવેચન :-** विस्तरणम् इति विष्टरः । विष्टरः वृक्षः = વૃક્ષવિશેષ.

वि + स्तृ - युवर्ण... ૫-૩-૨૮ થી अल् પ્રત્યય.

वि + स्तृ + अल् - આ સૂત્રથી स् નોष्.

वि + ष्तृ + अ + सि - तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट्.

विष्टृ + अ + सि - नामिनो गुणो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

विष्टर + स् - सोरुः અને रः पदान्ते... થી विष्टरः ।

- विस्तरणम् इति विष्टरम् । विष्टरम् पीठम् = બેસવાનું આસન. સૂત્રમાં स्त्रः છે તે स्तृ નું ષષ્ઠી એ.વ. છે.

## अभिनिष्टानः । २-३-२४

**અર્થ :-** સંજ્ઞાના વિષયમાં अभि અને निस् થી પર રહેલાં स्तान ના स् નો સમાસમાં કરાયેલો ष् નિપાતન થાય છે.

**વિવેચન :-** अभिनिःस्तननम् इति अभिनिष्टानः = આ વિસર્ગની સંજ્ઞા છે.

अभि+निस्+स्तान - આ સૂત્રથી स्तान ના स् નો ष्.

अभि+निस्+ष्तान - तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट्.

अभि+निस्+ष्ठान -- भावाऽकर्त्रोः ५-३-१८ थी घञ् (अ).

अभिनिस् + ष्ठान + घञ् (अ) - सोरुः २-१-७२ थी स् नो र्.

अभिनिर्+ष्ठान+अ+सि - व्यत्यये लुग् वा १-३-५६ थी र् नो लोप.

अभिनिष्ठान + अ+सि - लुगस्या... २-१-११३ थी पूर्वना अ नो लोप.

अभिनिष्ठान + स् - सोरुः અને रः पदान्ते... थी अभिनिष्ठानः ।

## गवि-युधेः स्थिरस्य । २-३-२५

**અર્થ :-** સંજ્ઞાના વિષયમાં गवि અને युधि થી પર રહેલાં स्थिर ના स् નો સમાસમાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** गविश्च युधिश्च एतयोः समाहारः-गवियुधिः, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન :-** गवि स्थिरः-गविष्ठिरः = સંજ્ઞાવિશેષ.

गवि + स्थिरः - આ સૂત્રથી स् નો ष्.

गवि + ष्थिरः - तवर्गस्य... १-३-६० થી ष् ના યોગમાં थ् નો ठ् તેથી गविष्ठिरः થયું.

અહીં ऐकार्थ्ये ૩-૨-૮ થી વિભક્તિનાં લોપની પ્રાપ્તિ હતી પરંતુ અહીં સૂત્રમાં જ गवि એ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાથી સૂત્ર સામર્થ્યથી અલુપ્ સમાસ થયો છે. गवि એ गो નું સપ્તમી એ.વ. છે.

- युधि स्थिरः - युधिष्ठिरः - સંજ્ઞાવિશેષ. સાધનિકા પૂર્વવત્. અહીં अद्-व्यञ्जनात्.... ૩-૨-૧૮ થી અલુપ્ સમાસ થયો છે. युधि એ સપ્તમી એ.વ. છે.

## एत्यकः । २-३-२६

**અર્થ :-** સંજ્ઞાના વિષયમાં નામી, અંતસ્થા અને क् ને વર્જીને અન્ય क વર્ગીય વર્ણથી પર રહેલાં स् નો તેની પરમાં ए હોય તો સમાસમાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** न क् इति अक्, तस्मात् (નઞ્. ત.)

**વિવેચન :-** हरिः सेनायां यस्य सः - हरिषेणः = સંજ્ઞાવિશેષ.

श्रीः सेनायां यस्य सः - श्रीषेणः = સંજ્ઞાવિશેષ.

हरि અને श्री શબ્દના નામી સ્વરથી પર स् છે, તેની પરમાં ए છે,

સંજ્ઞાનો વિષય છે અને સમાસ પણ છે તેથી આ સૂત્રથી સેના શબ્દના स् નો ष् થયો. रषृवर्णान्नो..૨-૩-૬૩ થી न् નો ण् થયો.

- **अक इति किम् ?** विश्वक् व्यापिनी सेना यस्य सः - विश्वक्सेनः = ચારેબાજુ જેની સેના પથરાયેલી છે તે.

 અહીં क् ની પરમાં स् છે માટે આ સૂત્ર ન લાગ્યું.

## भादितो वा । २-३-२७

**અર્થ :-** સંજ્ઞાના વિષયમાં નક્ષત્રવાચી इકારાન્ત શબ્દથી પર રહેલાં स् નો ए પર છતાં સમાસમાં ष् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** रोहिणी सेनायाम् यस्य सः અથવા रोहिण्य इव सेना यस्य सः - रोहिणीषेणः । વિકલ્પપક્ષે रोहिणीसेनः = સંજ્ઞાવિશેષ.

रोहिण + सेन - रेवत-रोहिणाद् भे ૨-૪-૨૬ થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય.

रोहिण + ङी + सेन - अस्य ङ्यां लुक् ૨-૪-૮૬ થી अ નો લોપ.

रोहिण् + ङी + सेन - ङ्यापो... ૨-૪-૯૯ થી સ્વર હ્રસ્વ.

रोहिणि + सेन - આ સૂત્રથી इ પછી રહેલાં स् નો ष् વિકલ્પે થાય.

रोहिणि + षेन - रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण्.

रोहिणिषेणः । વિકલ્પપક્ષે रोहिणिसेनः ।

- **इत इति किम् ?** पुनर्वसु सेनायां यस्य सः - पुनर्वसुषेण = સંજ્ઞાવિશેષ. અહીં इ થી પર स् નથી પણ उ થી પર स् છે માટે આ સૂત્ર લાગતું નથી પણ एत्यकः ૨-૩-૨૬ થી નિત્ય ष् થયો છે.

## वि-कु-शमि-परेः स्थलस्य । २-३-२८

**અર્થ :-** સમાસમાં वि, कु, शमि અને परि થી પર રહેલાં स्थल શબ્દના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** विश्च कुश्च शमिश्च परिश्च एतेषां समाहारः - विकुशमिपरि, तस्मात् (સમા.દ્વ.) અહીં સમાહારદ્વન્દ્વમાં નપું. પંચમી એ.વ. "परिणः" થવું જોઈએ પરંતુ સૂત્રલાઘવ કરવા માટે પું.નું પંચમી એ.વ. परेः કર્યું છે. આ લાક્ષણિકતા છે.

**વિવેચન :-** विप्रकृष्टं स्थलम् અથવા वीनाम् (पक्षिणां) स्थलम् - विष्ठलम् = દૂરનું સ્થળ અથવા પક્ષીઓનું સ્થળ.

- कुत्सितं स्थलम् અથવા कोः (पृथिव्यां) स्थलम् - कुष्ठलम् = ખરાબ સ્થળ.
- शमीनां स्थलम् - शमिष्ठलम् = શમીવૃક્ષનું સ્થળ.

  गौरादिभ्यो... ૨-૪-૧૯ થી ङी અને ङ्यापो... ૨-૪-૯૯ થી હ્રસ્વ.
- परिगतं स्थलम् - परिष्ठलम् = ચારે બાજુનું સ્થળ.

  અહીં ચારેમાં આ સૂત્રથી स् નો ष् અને तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં थ् નો ठ् થયો છે.

  विष्ठल વગેરે શબ્દોના ગ્રહણથી "नाम्नि" નો અધિકાર અટકી ગયો છે અને ઉત્તરસૂત્રમાં "गोत्र" શબ્દનું ગ્રહણ છે તેથી ત્યાં પણ "नाम्नि"નો અધિકાર નહીં ચાલે.

## कपेर्गोत्रे । २-३-२९

**અર્થ :-** "ગોત્ર" અર્થ વાચ્ય હોતે છતે સમાસમાં कपि શબ્દથી પર રહેલાં स्थल શબ્દના स् નો ष् થાય છે.

**વિવેચન :-** कपिभिः आवृत्तं स्थलं यस्य सः – कपिष्ठलम् = સંજ્ઞાવિશેષ = તે નામના એક ઋષિ. આ સૂત્રથી स् નો ष् થયો, तवर्गस्य...૧-૩-૬૦ થી ष् ના યોગમાં थ् નો ठ् થયો છે.

લોકમાં આદ્યપુરૂષો અપત્ય પરંપરાને પ્રવર્તાવનારા છે એટલે જેના નામ વડે અપત્ય સંતતિ વ્યપદેશને પામે છે તે ગોત્રપુરૂષો કહેવાય છે.

## गो-ऽम्बा-ऽऽम्ब-सव्या-ऽप-द्वि-त्रि-भूम्यग्नि-शेकु-शङ्कु-कङ्गु-मञ्जि-पुञ्जि-बर्हिः-परमे-दिवेः-स्थस्य । २-३-३०

**અર્થ :-** गो, अम्बा, आम्ब, सव्य, अप, द्वि, त्रि, भूमि, अग्नि, शेकु, शङ्कु, कु, अङ्गु, मञ्जि, पुञ्जि, बर्हिस्, परमे અને दिवि શબ્દોથી પર રહેલાં स्थ શબ્દના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** गोश्च अम्बाश्च आम्बश्च सव्यश्च अपश्च द्विश्च त्रिश्च भूमिश्च अग्निश्च

शेकुश्च शङ्कुश्च कुश्च अङ्गुश्च मञ्जिश्च पुञ्जिश्च बर्हिश्च परमे च दिविश्च एतेषां समाहारः-गोम्बाऽम्ब.....दिविम्, तस्मात् (સમા.દ્વ)

"दिवेः"– અહીં લાઘવતા માટે ૨-૩-૨૮ સૂત્રની જેમ આ સૂત્રમાં પણ નપું. પંચમી એ.વ. ન કરતાં પુંલિંગ પંચમી એ.વ. કર્યું છે.

**વિવેચન** :- ૧. गावः तिष्ठन्ति यस्मिन् - गोष्ठम् = ગોકુળ - ગાયનો વાડો

૨. अम्बायां तिष्ठति - अम्बष्ठः = માતાની પાસે રહેનાર.

૩. आम्बे तिष्ठति - आम्बष्ठः = છુપાવનાર.

૪. सव्ये तिष्ठति - सव्याष्ठः = ડાબી બાજુ રહેનાર.

૫. अप तिष्ठति - अपष्ठः = ખરાબ રીતે રહેનાર.

૬. द्वयोः तिष्ठति - द्विष्ठः = બેમાં રહેનાર.

૭. त्रिषु तिष्ठति - त्रिष्ठः = ત્રણમાં રહેનાર

૮. भूमौ तिष्ठति - भूमिष्ठः = ભૂમિ ઉપર રહેનાર.

૯. अग्नौ तिष्ठति - अग्निष्ठः = અગ્નિમાં રહેનાર.

૧૦. शेकौ तिष्ठति - शेकुष्ठः = શેકુ નામની વનસ્પતિમાં રહેનાર.

૧૧. शङ्कौ तिष्ठति - शङ्कुष्ठः = ઝાડના ઠુંઠામાં, ભયમાં રહેનાર.

૧૨. कौ तिष्ठति - कुष्ठः = પૃથ્વીમાં રહેનાર,

૧૩. अङ्गौ तिष्ठति - अङ्गुष्ठः = હાથમાં રહેનાર, અંગુઠો.

૧૪. मञ्जौ तिष्ठति - मञ्जिष्ठः = મહોર-ફણગામાં રહેનાર.

૧૫. पुञ्जौ तिष्ठति - पुञ्जिष्ठः = સમુદાયમાં રહેનાર.

૧૬. बर्हिः तिष्ठति - बर्हिष्ठः = તૃણ વિશેષમાં રહેનાર.

૧૭. परमे तिष्ठति - परमेष्ठः = પરમપદમાં રહેનાર.

૧૮. दिवि तिष्ठति - दिविष्ठः = સ્વર્ગમાં રહેનાર.

- ष्ठांक गतिनिवृत्तौ - षः सोऽष्ट्यै... ૨-૩-૯૮ થી ष् નો स्. તેથી स्ठा થાય. "निमित्ताभावे नैमित्तिकस्याप्यपायः" – આ ન્યાયથી નિમિત્ત ष् દૂર થતાં નૈમિત્તિક (નિમિત્તથી બનેલ) ठ् પણ દૂર થશે. તેથી थ् થઈ स्था બનશે. આ स्था નો स् કૃત સકાર કહેવાય.

स्था-पा-स्ना ...:..૫-૧-૧૪૨ થી क (अ) પ્રત્યય.

स्था + अ - इडेत् पुसि .....૪-૩-૯૪ થી स्था ના आ નો લોપ તેથી સર્વત્ર स्थ થશે. આ स्थ ના स् નો આ સૂત્રથી ष् અને तवर्गस्य...૧-૩-૬૦ થી ष् ના યોગમાં थ् નો ठ् થયો.

"अम्बष्ठः" માં ड्यापो ...૨-૪-૯૯ થી अम्बा નો સ્વર હ્રસ્વ થાય છે.

"आम्बष्ठः" માં "अबुङ् शब्दे" ધાતુને उदितः ...૪-૪-૯૮ થી न् આગમ અને म्नां धुड् ...૧-૩-૩૯ થી न् નો ब् પર છતાં म् થાય. તેથી 'अम्ब्-अम्ब्यते इति अम्बः - भावाऽकर्त्रोः ૫-૩-૧૮ થી घञ्. अम्बस्य अयम् - આ અર્થમાં तस्येदम् ૬-૩-૧૬૦ થી अण्. वृद्धिः स्वरे ....૭-૪-૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થવાથી आम्ब થયું.

## निर्दुस्सोः सेध-सन्धि-साम्नाम् । २-३-३१

**અર્થ :-** निर्, दु અને सु ઉપસર્ગ થી પર રહેલાં सेध, सन्धि અને सामन् ના स् નો સમાસમાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च दुश्च सुश्च एतेषां समाहारः – निर्दुस्सु, तस्मात् (સમા.દ્વ.) સૂત્રમાં લાઘવતાને માટે પુલિંગ પંચમી એ.વ. કર્યું છે તે પૂર્વવત્ સમજવું.

सेधश्च सन्धिश्च साम च – सेधसन्धिसामानि, तेषाम् (ઇત.દ્વ.)

**વિવેચન :-** निश्चितः सेधः – निःषेधः = અત્યંત સિદ્ધ.

- दुष्टः सेधः – दुःषेधः = દુઃખે કરીને સિદ્ધ (થયેલ).
- शोभनः सेधः – सुषेधः = સારી રીતે સિદ્ધ (થયેલ).
- निष्क्रान्तः सन्धेः – निःषन्धिः = સંબંધમાંથી નીકળી ગયેલ.
- दुष्टः सन्धिः – दुःषन्धिः = ખરાબ સંબંધ.
- शोभनः सन्धिः – सुषन्धिः = સારો સંબંધ.
- निष्क्रान्तम् साम्नः – निःषाम = વેદમાંથી નીકળી ગયેલ.
- दुष्टम् साम – दुःषाम = ખરાબ વચન.
- शोभनम् साम – सुषाम = સુંદર-મધુર વચન.

અહીં બધે આ સૂત્રથી स् નો ष् થયો છે.

સૂત્રમાં વચનભેદ છે તે યથાસંખ્યને અટકાવવા માટે છે.

निःषेध માં રેફ (र्) ના સકારનું (શિટ્‌નું) વચ્ચે વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી सेध ના स् નો ष् થયો અને રેફના स् નો ष् सस्य श-षौ ૧-૩-૬૧ થી થયો છે. તેથી निष्षेधः થયું.

## प्रष्ठोऽग्रगे । २-३-३२

**અર્થ :-** अग्रगामिन् = આગળ જનાર. આ અર્થમાં प्र થી પર स्था ના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** अग्रे गच्छति - अग्रगः, तस्मिन्.

**વિવેચન :-** प्रतिष्ठते - प्रष्ठः - उपसर्गादा .....૫-૧-૫૬ થી ड પ્રત્યય.

આ સૂત્રથી स् નો ष्, ष् ના યોગમાં तवर्गस्य .....૧-૩-૬૦ થી थ् નો ठ् થયો છે.

## भीरुष्ठानादयः । २-३-३३

**અર્થ :-** भीरुष्ठान વિગેરે શબ્દો કરાયેલા षत्ववाळा સમાસમાં નિપાતન થાય છે.

**સૂત્રસમાસ :-** भीरुष्ठानम् आदिः येषां ते — भीरुष्ठानादयः (બહુ.સ.)

**વિવેચન :-** भीरूणां स्थानम् - भीरुष्ठानम् = બીકણનું સ્થાન.

अङ्गुलीनां सङ्गः - अङ्गुलिषङ्गः = આંગળીઓનો સંગ.

## ह्रस्वान्नाम्नस्ति । २-३-३४

**અર્થ :-** નામથી વિધાન કરાયેલા तકારાદિ પ્રત્યય પર છતાં હ્રસ્વ નામી સ્વરથી પર स् નો ष् થાય છે.

**વિવેચન :-** सर्पिषो भावः - सर्पिष्टा = ઘીપણું. भावे त्व-तल् ૭-૧-૫૫ થી तल् પ્રત્યય, आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય. बहूनां मध्ये प्रकृष्टं वपुः - वपुष्टमम् = ઉત્કૃષ્ટ શરીર. प्रकृष्टे तमप् ૭-૩-૫ થી तमप् પ્રત્યય.

બંનેમાં આ સૂત્રથી स् નો ष् અને ष् ના યોગમાં त् નો ट्.

**नामिन इत्येव** - तेजसः भावः - तेजस्ता. અહીં નામી સ્વર નથી પરંતુ अ છે માટે આ સૂત્ર ન લાગ્યું.

## निसस्तपेऽनासेवायाम् । २-३-३५

**અર્થ :-** आसेवा = વારંવાર કરવું. આવો અર્થ ન થતો હોય તો निस् થી પર રહેલાં स् નો तકારાદિ तप् પર છતાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** न आसेवा - अनासेवा, तस्याम् (નञ् ત.)

**વિવેચન :-** निः तपति - निष्टपति स्वर्णम् = એકવાર સોનાને અગ્નિમાં તપાવે છે. આ સૂત્રથી स् નો ष् અને ष् ના યોગમાં त् નો ट् થયો છે.

**तीत्येव** - निरतपत् - અહીં तप् ધાતુની પૂર્વે अड्धातो...૪-૪-૨૯ થી अट् નો આગમ થયો છે તેથી तકારાદિ तप् ધાતુ નથી માટે આ સૂત્રથી निस् ના स् નો ष् થયો નથી.

કોઈ એમ કહે છે કે अट् નો આગમ કર્યા પહેલાં निस् ના स् નો ष् કરીએ અને પછી अट् નો આગમ કરીએ તો ? બરાબર છે, પણ જો એમ કરો તો પણ ष् નહીં થાય કેમકે પહેલાં કરાયેલો ष् એ अट् કરવાના પરકાર્યમાં અસત્ બને છે.

**પ્રશ્ન :-** સૂત્રમાં तप् ધાતુને शव् લગાડીને સપ્તમી એ.વ.નું રૂપ કેમ કર્યું ?

**જવાબ :-** भ्वादि સંબંધી જ तप् ધાતુને ગ્રહણ કરવો છે પણ दिवादि ના तप् ધાતુનું ગ્રહણ નથી કરવું તેમ જ यङ्लुबन्तनिवृत्यर्थः - यङ् लुबन्त જ્યારે કરાય ત્યારે આ સૂત્રથી જે ष् થાય છે તેનો નિષેધ કરવો છે.

**"तिवा शवाऽनुबन्धेन निर्दिष्टं यद् गणेन च ।**
**एकस्वरनिमित्तं च पञ्चैतानि न यङ्लुपि ॥"**

## घस्-वसः । २-३-३६

**અર્થ :-** નામી, અંતસ્થા અને क વર્ગથી પર રહેલાં घस् અને वस् ધાતુના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** घस् च वश्च एतयोः समाहारः - घस्-वः, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન :-** जक्षुः—પરોક્ષા ત્રી.પુ.બ.વ. घस् = ખાવું, સાફ કરવું.

घस् + उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી घस् દ્વિત્વ.

घस्घस् + उस् - व्यञ्जनस्या.... ૪-૧-૪૪ થી અનાદિ વ્યંજનનો લોપ.

घघस् + उस् - द्वितीय.... ૪-૧-૪૨ થી દ્વિત્વપૂર્વના घ् નો ग्.

गघस् + उस् - गहोर्जः.... ૪-૧-૪૦ થી ग् નો ज्.

जघस् + उस् - गम-हन-जन.... ૪-૨-૪૪ થી દ્વિતીય घस् ના ઉપાન્ત્ય अ નો લોપ.

जघ्स् + उस् - આ સૂત્રથી स् નો ष्.

जघ्ष् + उस् - अघोषे... ૧-૩-૫૦ થી घ् નો क्.

जक्ष् + उस् - सोरुः ૨-૧-૭૨ થી स् નો र्.

जक्ष् + उर् - रः पदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ.

जक्षुः ।

● उषितः – उष्यते स्म इति.. । वस् = રહેવું

वस् ધાતુ – क्त-क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

वस् + क्त – क्षुधवसस्तेषाम् ૪-૪-૪૩ થી क्त ની પૂર્વે इट्.

वस् + इट् + क्त – यजादि वचेः किति ૪-૧-૭૯ થી व નો उ.

उस् + इ + त – આ સૂત્રથી स् નો ष्.

उषित + सि – પ્રથમા એ.વ. નો सि પ્રત્યય, सोरुः અને रः पदान्ते... થી उषितः ।

**પ્રશ્ન** :- આ સૂત્ર શા માટે ?

**જવાબ** :- घस् અને वस् નો स् એ કૃત સકાર નથી તેથી પ્રાપ્તિ ન હતી, પણ स् નો ष् કરવા માટે આ સૂત્રની રચના કરી.

● अद् નો घस् આદેશ જે થાય છે તે घस् અહીં નથી લેવાનો કેમકે તે આદેશ રૂપ घस् નો स् કૃતસ્થ છે. તેથી नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष् થશે.

**પ્રશ્ન** :- અહીં वस् ધાતુ કયા ગણનો લેવો ?

**જવાબ** :- अदाद्यनदाद्योरनदादेरेव ग्रहणम् – આ ન્યાયથી अनदादि - પહેલાં ગણનો જ वस् ધાતુ લેવો, અન્ય ગણનો ન લેવો.

## णि-स्तोरेवाऽस्वद स्विद-सहः षणि । २-३-३७

**અર્થ :-** षत्वभूत થયેલ सन् પરમાં હોતે છતે નામી, અંતસ્થા અને क વર્ગીય વર્ણથી પર રહેલાં स्वद्, स्विद् અને सह् ધાતુને વર્જીને ण्यन्त અને स्तु ધાતુના જ स् નો ष् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** णिश्च स्तुश्च एतयोः समाहारः-णिस्तु, तस्य. (સમા.દ્વ.)

स्वदश्च स्विदश्च सह् च एतेषां समाहारः-स्वदस्विदसह्. (સમા.દ્વ.)

न स्वदस्विदसह् - अस्वदस्विदसह्, तस्य (નઞ્ ત.)

**વિવેચન :-** सिषेवयिषति—सीव्यन्तं प्रयुङ्क्ते इति सेवयति । सेवि-પ્રેરકધાતુ सेवयितुम् इच्छति - सिषेवयिषति = તે(બીજાની) સેવા કરાવવાની ઈચ્છા કરે છે.

सेव् — प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

सेवि — तुमर्हादि... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

सेवि + सन् - स्ताद्यशितो.... ૪-૪-૩૨ થી इट्.

सेवि + इट् + सन् - नामिनो.... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

सेवे + इट् + स - एदैतोऽयाय् ૧-૨-૨૩ થી ए નો अय्.

सेवयिस - सन्-यङश्च ૪-૧-૩ થી ધાતુનો આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

सेसेवयिस - ह्रस्वः ૪-૧-૩૯ થી દ્વિત્વપૂર્વનો સ્વર હ્રસ્વ.

सिसेवयिस - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી सन् ના स् નો ष्.

सिसेवयिष + शव् + ति - लुगस्या... ૨-૧-૧૧૩ થી अ ની પૂર્વના अ નો લોપ. सिसेवयिषति । આ સૂત્રથી सेव् ના स् નો ष्. सिषेवयिषति ।

- तुष्टूषति — स्तोतुम् इच्छति - तुष्टूषति = તે સ્તુતિ કરવા માટે ઈચ્છે છે.

स्तु — तुमर्हादिच्छायां... ૩-૪-૨૧ થી सन्.

स्तु + सन् — सन्-यङश्च ૪-૧-૩ થી ધાતુનો આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

स्तुस्तु + सन् — अघोषे शिटः ૪-૧-૪૫ થી દ્વિત્વપૂર્વના स् નો લોપ.

तुस्तु + सन् — नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી सन् ના स् નો ष्.

तुस्तुष — આ સૂત્રથી स्तु ના स् નો ष्.

तुष्तुष – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट्.

तुष्टुष – स्वर-हन-गमो... ૪-૧-૧૦૪ થી સ્વર દીર્ઘ.

तुष्टूष + शव् + ति – लुगस्या... ૨-૧-૧૧૩ થી अ ની પૂર્વનાં अ નો લોપ. तुष्टूषति ।

**स्वदादि वर्जनं किम् ?** सिस्वादयिषति = ચખાડવા માટે ઈચ્છા કરે છે.

स्वादमानं प्रयुङ्क्ते - स्वादि ।

स्वादयितुम् इच्छति सिस्वादयिषति ।

- स्वेदमानं प्रयुङ्क्ते इति स्वेदि ।

  स्वेदयितुम् इच्छति इति सिस्वेदयिषति = પરસેવાથી યુક્ત કરવા ઈચ્છે છે.

- सहमानं प्रयुङ्क्ते इति साहि ।

  साहयितुम् इच्छति - सिसाहयिषति = સહન કરાવવા ઈચ્છે છે.

આ બધાની સાધનિકા પૂર્વવત્, પરંતુ અહીં स्वद्, स्विद् અને सह् ધાતુનું વર્જન કર્યું હોવાથી આ સૂત્ર નથી લાગતું.

આ બધા ધાતુઓ મૂળ ष् આદિવાળા છે, પણ षः सोऽष्ट्यै... ૨-૩-૯૮ થી ष् નો स् થાય છે તેથી કૃત સકાર કહેવાય છે તેથી स् નો ष् થવાની પ્રાપ્તિ છે પણ આ સૂત્રમાં તેનું વર્જન કર્યું છે.

**एवेति किम्** ? सोतुम् इच्छति - सुसूषति = તે જન્મ આપવાની ઈચ્છા કરે છે. અહીં ण्यन्त ધાતુ નથી માટે આ સૂત્ર લાગ્યું નથી.

**षणीति किम्** ? सिषेवे – અહીં सन् પરમાં નથી માટે આ સૂત્ર નથી લાગતું.

**षत्वं किम्** ? स्वप्तुम् इच्छति – सुषुप्सति = તે સુવાની ઈચ્છા કરે છે. અહીં षत्वभूत सन् પરમાં નથી માટે આ સૂત્ર નથી લાગતું.

**प्रश्न** :- આ સૂત્રમાં જે षत्वभूत षण् આવતાં ण्यन्त અને स्तु ધાતુના स् નો ष् કરવાનું કહ્યું છે તે તો ૨-૩-૧૫ થી સિદ્ધ જ હતું, છતાં પણ આ સૂત્રની રચના શા માટે કરી ?

જવાબ :- "सिद्धे सति आरम्भो नियमार्थः ।" આ ન્યાયથી આ સૂત્રની રચના પણ નિયમને માટે છે. અહીં નિયમ એ થયો કે હવે षत्वभूत षण् આવતાં માત્ર ण्यन्त અને स्तु ધાતુના स् નો જ ष् થાય. તે સિવાયના ધાતુઓના स् નો ष् ૨-૩-૧૫ થી થવાની પ્રાપ્તિ હોય તો પણ નહીં થાય.

પ્રશ્ન :- આ સૂત્ર કરવાથી નિયમ થયો તેથી एवकार નો અર્થ આવી જ જતો હતો છતાં સૂત્રમાં एव કેમ મૂક્યો ?

જવાબ :- નિયમ બે પ્રકારે થઈ શકે છે. (૧) षत्वभूत ष् આવતાં ण्यन्त અને स्तु ધાતુના જ स् નો ष् થાય, અને (૨) ण्यन्त અને स्तु ધાતુના स् નો ष् षत्वभूत षण् પર છતાં જ થાય.

આ બંને નિયમમાં પ્રથમ નિયમ ઇષ્ટ હોવાથી णिस्तु સાથે एवकार મૂક્યો. एव ન મૂક્યો હોત તો ગમે તેને एवकारનો અર્થ લાગી જાત, અનિષ્ટ નિયમને દૂર કરવા માટે જ एवकारનું ગ્રહણ છે.

## स्त्रञ्जेर्वा । २-३-३८

અર્થ :- ण्यन्त એવા सञ्ज् ધાતુના નામી, અંતસ્થા અને कवर्गीय વર્ણથી પર રહેલાં स् નો षत्वभूत सन् પર છતાં ष् વિકલ્પે થાય છે.

વિવેચન :- सञ्जन्तं प्रयुङ्क्ते - सञ्जि । सञ्जयितुम् इच्छति इति सिसञ्जयिषति = સંબંધ કરાવવાની ઇચ્છા કરે છે. સાધનિકા ૨-૩-૩૭ પ્રમાણે.

અહીં આ સૂત્રથી ધાતુના स् નો ष् વિકલ્પે થયો છે માટે सिषञ्जयिषति। વિકલ્પપક્ષે सिसञ्जयिषति થાય.

सञ्जि માં इ નું ગ્રહણ ण्यन्त કરવા માટે છે.

પૂર્વના સૂત્રથી નિત્ય પ્રાપ્તિ હતી, વિકલ્પે કરવા માટે આ સૂત્ર છે.

## उपसर्गात् सुग्-सुव-सो-स्तु-स्तुभोऽट्यप्यद्वित्वे । २-३-३९

અર્થ :- द्वित्व ન થયું હોય ત્યારે ઉપસર્ગ સંબંધી નામી આદિથી પર રહેલાં सु, सू, सो, स्तु, स्तुभ् વિગેરે ધાતુના स् નો ष् अट् નું વ્યવધાન હોય તો પણ થાય છે.

સૂત્રસમાસ :- सुक् च सुवश्च सोश्च स्तुश्च स्तुभ् च एतेषां समाहारः - सुग्सुव

सोस्तुस्तुभ्, तस्य (સમા.દ્વ.) न द्वित्त्वम् - अद्वित्त्वम्, तस्मिन् ।

**વિવેચન :-** सुग् = જન્મ આપવો. (૧૨૮૯) ग् इत् પાંચમાં ગણનો લેવા માટે છે.

अभि + सु + तिव् – स्वादेः श्नुः ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય.

अभि + सु + श्नु + तिव् – उ-श्नोः ૪-૩-૨ થી श्नु નો ગુણ.

अभि + सु + नो + ति – આ સૂત્રથી નામી સ્વરથી પર स् નો ष्.

अभिषु + नो + ति - रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण्.

अभिषुणोति ।

- निःषुणोति – વિસર્ગ છે એટલે શિટ્‌નું વ્યવધાન છે તેવા નામી સ્વરથી (नि થી) પરમાં આ સૂત્રથી स् નો ष् થયો છે.
- पर्यषुणोत् – નામી સ્વર અને सुग् ના स् ની વચ્ચે अट् નું વ્યવધાન છે એવા स् નો આ સૂત્રથી ष् થયેલ છે.
- अभिषुवति – सू = પ્રેરણા કરવી. (૧૩૩૨) तुदादि ગણનો લેવો છે માટે सुव લખ્યું છે. सू – तुदादेः शः ૩-૪-૮૧ થી श પ્રત્યય લાગી धातोरिवर्णो... ૨-૧-૫૦ થી सू ના ऊ નો उव् થયો. 'सुव' એ પ્રમાણે જ અંગ સૂત્રમાં ગ્રહણ કરેલ છે. अभिषुवति – આ સૂત્રથી નામીથી પર રહેલાં स् નો ष् થયો છે.
- पर्यषुवत् – અહીં નામી સ્વર અને स् ની મધ્યમાં अट् નું વ્યવધાન છે. તો પણ આ સૂત્રથી स् નો ष् થયો છે.
- अभिष्यति – सो = નાશ કરવો (૧૧૫૦) दिवादि ગણનો ધાતુ છે.

  अभि + सो – दिवादेः श्यः ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

  अभि + सो + श्य + ति – ओतः श्ये ૪-૨-૧૦૩ થી ओ નો લોપ.

  अभि + स् + य + ति – આ સૂત્રથી स् નો ष् થવાથી अभिष्यति ।
- अभिष्टौति – स्तु = સ્તુતિ કરવી (૧૧૨૪)

  अभि + स्तु + ति – उत और्विति... ૪-૩-૫૯ થી उ નો औ.

  अभि + स्तौ + ति – આ સૂત્રથી નામી સ્વરથી પર स्तु ના स् નો ष्.

अभि + ष्तौ + ति – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट् થાય છે તેથી अभिष्टौति ।

- दुःष्टवम् – दुःखेन स्तूयते इति...।

दुस् + स्तु – दुः स्वीषतः... ૫-૩-૧૩૯ થી खल् (अ) પ્રત્યય.

दुस् + स्तु + अ – नामिनो गुणो... ૪-૩-૧ થી ગુણ.

दुस् + स्तो + अ – ओदौतोऽवाव् ૧-૨-૨૪ થી ओ નો अव्.

दुस् + स्तव् + अ – આ સૂત્રથી નામી અને स् ની વચ્ચે શિટ્નું વ્યવધાન હોવા છતાં स् નો ष्.

दुःष्तव – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट्.

दुःष्टवम्.

- पर्यष्टौत् – અહીં નામી સ્વર અને स्तु ની મધ્યમાં अट् નું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી स् નો ष् થયો.

- अभिष्टोभते – स्तुभ् = થોભવું, અટકવું. (૭૮૧)

अभि + स्तुभ् + ते – कर्त्तर्यनद्भ्यः शव् ૩-૪-૭૧ થી शव् (अ).

अभि + स्तुभ् + शव् + ते – नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

अभि + स्तोभ् + अ + ते – આ સૂત્રથી નામી સ્વરથી પર स् નો ष्.

अभि + ष्तोभ + ते – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट् થવાથી अभिष्टोभते ।

- पर्यष्टोभत – અહીં નામી સ્વર અને स्तुभ् ની મધ્યમાં अट् નું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી स् નો ष् થયો છે.

**अद्वित्व इति किम् ?** अभिसुसूषति – અહીં દ્વિત્વ થયું છે માટે આ સૂત્રથી स् નો ष् થયો નથી.

પ્રશ્ન :- સૂત્રમાં अट् નું ગ્રહણ શા માટે કર્યું છે ? ન કર્યું હોત તો ચાલત કારણ કે "आगमाः यद् गुणीभूतास्तद्ग्रहणेन गृह्यते" આ ન્યાયથી આગમ ધાતુના કે શબ્દના અંગભૂત બને છે તેથી તેના ગ્રહણથી अट्નું પણ ગ્રહણ થઈ જાય અને अट् વ્યવધાનભૂત બનતો નથી.

જવાબ :- આ સૂત્રમાં કરેલું अट् નું ગ્રહણ જ આ ન્યાયને અનિત્ય બનાવે છે

તેથી अट् એ વ્યવધાનભૂત ગણાશે તેથી अट् નું ગ્રહણ યુક્ત જ છે. એ જ પ્રમાણે पर्यषुणोत् વિગેરેમાં "कृतेऽन्यस्मिन् धातुप्रत्ययकार्ये पश्चात् वृद्धिः तद् बाध्योऽट् च" આ ન્યાય પણ લાગી શકતો નથી. જો આ ન્યાય લાગતો હોત તો પહેલાં षत्व કર્યા પછી अट् કરીને પણ રુપની સિદ્ધિ થઇ શકે છે છતાંપણ સૂત્રમાં अट्यपि નું ગ્રહણ વ્યર્થ પડીને આ ન્યાયને પણ અનિત્ય બનાવે છે.

अट् નું વ્યવધાન હોય તો જ षत्व કરવો આવા ભ્રમને નિવારવા માટે જ સૂત્રમાં अपि શબ્દનું ગ્રહણ છે.

## स्था-सेनि-सेध-सिच-सञ्जां द्वित्वेऽपि । २-३-४०

**અર્થ :-** ઉપસર્ગમાં રહેલાં નામી આદિ થી પર રહેલાં स्था, सेनि, सेध, सिच् અને सञ्ज् ધાતુના स् નો ष् થાય છે અને દ્વિત્વ થયું હોય ત્યારે તેમ જ अट् નું વ્યવધાન હોતે છતે પણ स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** स्था च सेनिश्च सेधश्च सिचश्च सञ्ज् च एतेषां समाहारः – स्था-सेनि-सेधसिचसञ्जः, तेषाम् (સમા. દ્વ.)

**વિવેચન :-** अधिष्ठास्यति – स्था = ઊભા રહેવું. (૫) અહીં ઉપસર્ગના નામી સ્વરથી પર स्था ધાતુના स् નો આ સૂત્રથી ष् થયો છે.

- अधितष्ठौ – अधि + स्था + णव्.

  अधि + स्था + णव् (अ) – आतो णव औः ४-२-१२० थी णव् नो औ.

  अधि + स्था + औ – द्विर्धातुः परोक्षा... ४-१-१ थी द्वित्व.

  अधि + स्थास्था + औ – अघोषे शिटः ४-१-४५ थी द्वित्वपूर्वना शिट् નો અઘોષ પર છતાં લુક્.

  अधि + थास्था + औ – ह्रस्वः ४-१-३९ थी द्वित्वपूर्वनो स्वर ह्रस्व.

  अधि + थस्था + औ – द्वितीय-तुर्ययोः... ४-१-४२ थी थ् नो त्.

  अधितस्था + औ – આ સૂત્રથી દ્વિત્વ થવાથી स्था ના स् નો ष्.

  अधितष्था + औ – तवर्गस्य... १-३-६० थी ष् ના યોગમાં थ् નો ठ्.

  अधितष्ठा + औ – ऐदौत्... १-२-१२ थी आ + औ = औ.

  अधितष्ठौ । અહીં દ્વિત્વ હોવા છતાં स् નો ष् થયો છે.

- अत्यष्ठात् – अति + स्था + दिव्.

अति + स्था + दिव् – सिजद्यतन्याम् ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अति + स्था + सिच् + दिव् – अड् धातोरादि... ૪-૪-૨૯ થી अट् આગમ:

अति + अ + स्था + सिच् + दिव् – पिबैति... ૪-૩-૬૬ થી सिच् પ્રત્યયનો લોપ.

अति + अ + स्था + त् – આ સૂત્રથી નામી સ્વર અને स्था ની મધ્યમાં अट् નું વ્યવધાન હોવા છતાં स् નો ष्.

अति + अ + ष्था + त् – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં थ् નો ठ्.

अति + अ + ष्ठात् – इवर्णादे... ૧-૨-૨૧ થી અસ્વ સ્વર પર છતાં इ નો य् થવાથી अत्यष्ठात् બન્યું. અહીં अट् નું વ્યવધાન હોવા છતાં પણ स् નો ष् થયો છે.

- अभिषेणयति – सेनया अभियाति = સેના સાથે આવે છે.

अभि + सेना – णिज् बहुलं...૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

अभि + सेना + णिच् – त्रन्त्यस्वरादेः ૭-૪-૪૩ થી અંત્ય સ્વરાદિનો લોપ.

अभि + सेन् + णिच् – कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

अभि + सेन् + इ + शव् + ति – नामिनो... ૪-૩-૧ થી ગુણ.

अभि + सेने + शव् + ति – एदैतोऽयाय् ૧-૨-૨૩ થી ए નો अय्.

अभिसेनयति – આ સૂત્રથી નામી સ્વર પછી स् નો ष्.

अभिषेनयति - रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण्.

अभिषेणयति થયું. અહીં નામી સ્વરથી પર स् નો ष् થયો છે.

- अभिषिषेणयिषति = સેના સાથે આવવા માટે ઇચ્છે છે.

अभिसेणि - तुमर्हादिच्छायां ...૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

अभिसेणि + सन् - स्ताद्यशितो ...૪-૪-૩૨ થી इट्.

अभिसेणि + इट् + सन् - सन्-यङश्च ४-१-३ थी द्वित्व.

अभिसेसेणि + इ + स - ह्रस्वः ४-१-३૯ थी द्वित्वपूर्वनो स्वर ह्रस्व.

अभिसिसेणि + इ + स - नामिनो ...४-३-१ थी इ नो गुण ए.

अभिसिसेणे + इ + स - एदैतोऽयाय् १-२-२३ थी ए नो अय्.

अभिसिसेणयि + स + शव् + ति - ધાતુ દ્વિત્વ થયા પછી પણ આ સૂત્રથી स् नो ष्.

अभिषिषेणयि + स + शव् + ति - नाम्यन्तस्था..., लुगस्या... વિગેરેથી अभिषिषेणयिषति थयुं.

- अभ्यषेणयत् - અહીં अट् નું વ્યવધાન હોવા છતાં स् નો ष् થયો છે.
- प्रतिषेधति - ઉપસર્ગના નામી સ્વર પછી सेध् ના स् નો ष् થયો છે.

  प्रति + सिध् – सिध् = પૂરું થવું, સિદ્ધ થવું. (૧૧૮૫)
- प्रतिषिषेधिषति - प्रतिषेधितुम् इच्छति इति = નિષેધ કરવા ઇચ્છે છે. અહીં પૂર્વવત્ सन् પ્રત્યય વિગેરે લાગી દ્વિત્વ વિગેરે કાર્ય થયેલ છે, આ સૂત્રથી દ્વિત્વ થયેલાં ધાતુના स् નો ष् થયો.
- प्रत्यषेधत् - અહીં अट् નું વ્યવધાન હોવા છતાં પણ આ સૂત્રથી सेध् ના स् નો ष् થયો છે.
- अभिषिञ्चति - सिच् = સિંચન કરવું. (૧૩૨૧)

  मुचादि-तृफ-दृफ .... ૪-૪-૯૯ થી न् નો આગમ થયો છે. તેથી હવે म्नां धुड्...૧-૩-૩૯ થી च् એ ધુટ્ પર છતાં न् નો च् વર્ગનો જ અંત્ય ञ् થાય છે તેથી अभि+सिञ्च् થયું. આ સૂત્રથી ઉપસર્ગના નામી સ્વર પછી सिञ्च् ના स् નો ष् થવાથી अभिषिञ्चति થયું.
- अभिषिषिक्षति - अभिषेक्तुम् इच्छति ।

  अभि + सिच् - तुमर्हादि... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

  अभिसिच् + सन् + शव् + ति - सन्-यङश्च ૪-૧-૩ થી દ્વિત્વ.

  अभिसिसिच् + स + अ + ति - આ સૂત્રથી सिच् ના स् નો ष्.

  अभिषिषिच् + स + अ + ति - चजःकगम् - ૨-૧-૮૬ થી च् નો क्.

अभिषिषिक् + स + अ + ति - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી सन् ના स् નો ष्.

अभिषिषिक् + ष + अ + ति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો લોપ. તેથી अभिषिषिक्षति થયું. અહીં દ્વિત્વ થયેલાં स् નો ष् થયો છે.

- अभ्यषिञ्चत् - અહિં अट् નું વ્યવધાન હોવા છતાં ઉપસર્ગના નામી સ્વરથી પર सिच् ના स् નો ष् થયો છે.
- अभिषजति–सञ्ज् - ચોંટવું (૧૭૩).

अधि+सञ्ज्+शव्+ति–दंश-सञ्जः शवि ૪-૨-૪૯ થી न् નો લોપ થઈ આ સૂત્રથી सज् ના स् નો ष् થયો તેથી अभिषजति થયું.

- अभिषषञ्ज - अभि + सञ्ज् + णव् – અહિં દ્વિત્વ વિગેરે કાર્યો થયા પછી આ સૂત્રથી सञ्ज् ના स् નો ष् થયો છે.
- अभ्यषजत् - અહિં अट् નું વ્યવધાન હોવા છતાં પણ આ સૂત્રથી सञ्ज् ના स् નો ष् થયો છે.

જ્યાં સૂત્રમાં દ્વિત્વ લખેલ હોય ત્યાં તે સૂત્રથી બંને स् નો ष् કરવો, તેમ જ જ્યાં સૂત્રમાં દ્વિત્વ લખેલું ન હોય ત્યાં દ્વિત્વના स् નો તે સૂત્રથી ष् કરવો અને ધાતુના स् નો ष् થવાની પ્રાપ્તિ હોય તો नाम्यन्तस्था....૨-૩-૧૫ થી स् નો ष् કરવો.

પદની આદિમાં स् હોય તો ष् થવાની પ્રાપ્તિ ન હતી તેથી પ્રાપ્તિ માટે આ સૂત્રની રચના કરી છે.

"सेध" માં મૂળ ધાતુ सिध् છે. પણ ૧ લાં ગણનો જ ધાતુ ગ્રહણ કરવો છે માટે સૂત્રમાં તેનો ગુણ કરીને જ "सेध" એ પ્રમાણે નિર્દેશ કર્યો છે તેથી હવે ચોથા ગણનો सिध् ધાતુ નહીં આવે. તેમ જ ધાતુમાં અકાર છે તે ઉચ્ચારને માટે છે, ત્યાં शव् નો નિર્દેશ કર્યો નથી. જો शव् નો નિર્દેશ કર્યો હોત તો यङ्लुबन्त માં આ સૂત્ર ન લાગે પણ यङ्लुबन्त માં આ સૂત્ર લગાડવું છે માટે शव् નો નિર્દેશ નથી કર્યો. દા.ત. प्रतिषेषिधति-यङ्लुबन्त ત્રી.પુ.એ.વ.

"सेनि" એ નામધાતુ છે તેથી તેમાંનો स् એ કૃત स કાર નથી તેથી તેના

स् નો ष् થવાની પ્રાપ્તિ ન હતી તેથી પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રમાં સેનિ નું ગ્રહણ કરેલ છે.

આ સૂત્રની રચનાથી 'स्था અને सञ्ज् ધાતુના स् નો ष् થાય' એવું વિધાન થયું તેથી હવે अधितष्ठौ વિગેરેમાં નામી સ્વર અને स् ની વચ્ચે अ વર્ણાન્ત એવા 'त' નું વ્યવધાન હોય તો પણ स् નો ष् થાય એવું ફલિત થાય છે.

सिध्, सिच् અને सञ्ज् ને ૨-૩-૩૭ સૂત્રથી થતા નિયમના બાધ માટે આ સૂત્રની રચના છે.

### अङ-प्रतिस्तब्ध-निस्तब्धे स्तम्भः । २-३-४१

**અર્થ :-** ङ છે પરમાં જેને એવો स्तम्भ् ધાતુ તેમજ प्रतिस्तब्ध અને निस्तब्ध ને વર્જીને ઉપસર્ગમાં રહેલાં નામી વિગેરે થી પર, स्तम्भ् ધાતુના स् નો ष् થાય છે અને દ્વિત્વના વિષયમાં તેમ જ अट् નું વ્યવધાન હોતે છતે પણ ष् થાય છે.

**સૂત્રસમાસ :-** ङश्च प्रतिस्तब्धश्च निस्तब्धश्च एतेषां समाहारः–ङप्रतिस्तब्ध निस्तब्धम् (સમા. દ્વ.)

न ङप्रतिस्तब्धनिस्तब्धम्–अङप्रतिस्तब्धनिस्तब्धं, तस्मिन् (નઞ્. ત.)

**વિવેચન :-** विष्टभ्नाति – स्तम्भ् = રોકવું (૧૯૮૫)

वि + स्तम्भ् – स्तम्भू - स्तुम्भू... ૩-૪-૭૮ થી श्ना પ્રત્યય.

वि + स्तम्भ् + श्ना + ति – આ સૂત્રથી स् નો ष्.

वि + ष्तम्भ् + ना + ति – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् **નો ट्.**

विष्टम्भ् + ना + ति – नो व्यञ्जनस्या... ૪-૨-૪૫ થી म् નો લોપ તેથી विष्टभ्नाति થયું. નામી સ્વરથી પર स् નો ष् થયો છે.

- वितष्टम्भ – वि + स्तम्भ् – परोक्षा-णव्... ૩-૩-૧૨ થી णव्.

वि + स्तम्भ् + णव् – द्विर्धातुः... ૪-૧-૧ થી દ્વિત્વ.

वि + स्तम्भ्स्तम्भ् + णव् – व्यञ्जनस्या... ૪-૧-૪૪ થી અનાદિ વ્યંજનનો લોપ.

वि + स्तस्तम्भ् + णव् – अघोषे शिटः ૪-૧-૪૫ થી દ્વિત્વપૂર્વના શિટ્નો લોપ.

वि + तस्तम्भ् + णव् – આ સૂત્રથી स्तम्भ् ના स् નો ष्.

वि + तष्तम्भ् + णव् – तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट् તેથી वितष्टम्भ થયું.

- प्रत्यष्टभ्नात् – અહીં अट्નું વ્યવધાન હોવા છતાં પણ આ સૂત્રથી स्तम्भ् ધાતુના स् નો ष् થયો છે.

**ङादिवर्जनम् किम् ?** व्यतस्तम्भत् – स्तम्भन्तं प्रयुङ्क्ते.

वि + स्तम्भ् – प्रयोक्तृ ... ૩-૪-૨૦ થી णिग्.

वि + स्तम्भ् + णिग् – णि श्रि.... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

विस्तम्भ् + इ + ङ + दिव् – आद्योऽश... ૪-૧-૨ થી આદિ એકસ્વર અવયવ દ્વિત્વ.

वि + स्तस्तम्भ् + इ + ङ + त् – अघोषे शिटः ૪-૧-૪૫ થી શિટ્ નો લોપ.

वि + तस्तम्भ् + इ + ङ + त् – अड्धातोरादि... ૪-૪-૨૯ થી अट् આગમ.

वि + अ + तस्तम्भ् + इ + ङ + त् – णेरनिटि ૪-૩-૮૩ થી इ નો લુક્.

वि + अ + तस्तम्भ् + ङ + त् – અહીં णिग् નો લુક્ થયો તેથી સ્થાનિવદ્ ભાવ મનાશે, તેથી ङ ની પૂર્વે इ છે એમ મનાશે તેથી ङित् નથી એમ મનાય અને नो व्यञ्जनस्याऽनुदितः ૪-૨-૪૫ સૂત્રથી म् નો લોપ પણ નહીં થાય. ङ પ્રત્યય લાગેલો હોવાથી આ સૂત્રથી स् નો ष् નહીં થાય તેથી व्यतस्तम्भत् થયું.

- प्रतिस्तब्धः – प्रति + स्तम्भ् + त – अधश्चतु... ૨-૧-૭૯ થી त् નો ध्.

प्रति + स्तम्भ् + ध – तृतीयस्तृतीय... ૧-૩-૪૯ થી भ् નો ब्.

प्रति + स्तम्ब् + ध – नो व्यञ्जनस्या... ૪-૨-૪૫ થી म् નો લોપ. તેથી प्रतिस्तब्धः થયું.

- निस्तब्धः – સાધનિકા પ્રતિસ્તબ્ધવત્.

## अवाच्चाऽऽश्रयोर्जाऽविदूरे । २-३-४२

**અર્થ :-** अव ઉપસર્ગ થી પર રહેલાં स्तम्भ् ધાતુના स् નો; આશ્રય, ઊર્જા અને અવિદૂર અર્થ ગમ્યમાન હોતે છતે ष् થાય છે અને દ્વિત્વના વિષયમાં તેમ જ अट् નું વ્યવધાન હોતે છતે પણ ष् થાય છે, પરંતુ જો स्तम्भ् થી પર ङ न હોય તો.

**સૂત્રસમાસ :-** आश्रयश्च ऊर्जा च अविदूरश्च एतेषां समाहारः – आश्रयोर्जाविदूरम्, तस्मिन् । (સમા.દ્વ.)

**વિવેચન :-** आश्रय = આલંબન, ટેકો. ऊर्जा = શક્તિ. अविदूर = નજીક અને બહુ દૂર નહીં તેમ બહુ નજીક પણ નહીં તેવું (મધ્ય).

- **दुर्गम् अवष्टभ्नाति** = કિલ્લાનો આશ્રય લે છે. અહીં આશ્રય અર્થમાં अव થી પર स्तम्भ् ના स् નો ष् આ સૂત્રથી થાય છે.
- **दुर्गम् अवतष्टम्भ** = કિલ્લાનો આશ્રય લીધો. અહીં अव થી પર દ્વિત્વ વિષયક स्तम्भ् ના स् નો ष् આશ્રય અર્થમાં આ સૂત્રથી થયો છે.
- **दुर्गम् अवाष्टभ्नात्** = કિલ્લાનો આશ્રય લીધો. અહીં अट् નું વ્યવધાન હોવા છતાં પણ આશ્રય અર્થમાં अव થી પર स्तम्भ् ના स् નો ष् આ સૂત્રથી થયો.

ત્રણેય ઉદાહરણની સાધનિકા ૨-૩-૪૧ માં આપેલ પ્રમાણે જાણવી.

- **अहो ! वृषलस्य अवष्टम्भः** = અહો ! વૃષભની સ્ફૂર્તિ. અહીં ઉર્જા અર્થમાં अव થી પર स्तम्भ् ના स् નો ष् આ સૂત્રથી થયો.
- **अवष्टब्धा शरत्** = શરદઋતુ નજીકમાં જ છે. અહીં अविदूर - નજીક અર્થમાં अव થી પર स्तम्भ् ના स् નો ष् આ સૂત્રથી થયો છે.
- **अवष्टब्धे सेने** = બે સેના મધ્યભાગમાં છે. અહીં अविदूर 'મધ્ય' એવા અર્થમાં अव થી પર स्तम्भ् ના स् નો ष् આ સૂત્રથી થયો છે.

ચકારથી અનુક્ત એવા उपनुं સમુચ્ચય છે તેમ જ સાથે अङ નું અનુકર્ષણ પણ કરેલ છે.

- **उपष्टम्भः, उपस्तब्धः** - અહીં उप થી પર રહેલાં स्तम्भ् ના स् નો પણ

ष् આ સૂત્રથી થાય છે.

સૂત્રમાં उपावाद् ન લખતાં च થી उप નું ગ્રહણ કર્યું છે તે અનિત્યતા માટે છે તેથી આ સૂત્રથી उप થી પર રહેલાં स्तम्भ् ધાતુના स् નો ष् થાય પણ ખરો અને ન પણ થાય, જ્યારે ष् ન થાય ત્યારે उपस्तब्ध થશે, અન્યથા સૂત્રમાં જ उपावाद् એ પ્રમાણે ગ્રહણ કર્યું હોત.

**अङ्इत्येव** - अवातस्तम्भत् – અહીં ङ् નું સૂત્રમાં વર્જન કર્યું હોવાથી આ સૂત્ર નથી લાગ્યું.

## व्यवात् स्वनोऽशने । २-३-४३

**અર્થ :-** वि અને अव ઉપસર્ગ થી પર ભોજન અર્થમાં स्वन् ધાતુના स् નો ष् થાય છે તથા દ્વિત્વ વિષયમાં અને अट् નું વ્યવધાન હોય તો પણ ष् થાય છે.

**સૂત્રસમાસ :-** विश्च अवश्च एतयोः समाहारः—व्यवम्, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન :-** विष्वणति, अवष्वणति । स्वन् = અવાજ કરવો. (૩૨૭)

પરંતુ અહીં वि અને अव સાથે स्वन् ધાતુ ત્રી.પુ. એ.વ. – "તે શબ્દપૂર્વક ભોજન કરે છે." એ અર્થમાં આ સૂત્રથી स् નો ष् થયો છે.

- विषष्वाण, अवषष्वाण = તેણે શબ્દપૂર્વક ભોજન કર્યું. પરોક્ષા ત્રી.પુ.એ.વ. અહીં દ્વિત્વના વિષયમાં वि અને अव સાથે स्वन् ના स् નો ष् આ સૂત્રથી થયો.
- व्यष्वणत्, अवाष्वणत् = શબ્દપૂર્વક ભોજન કર્યું. હ્યસ્તની ત્રી.પુ. એ.વ. અહીં अट् નું વ્યવધાન હોવા છતાં वि અને अव સાથે स्वन् **ધાતુના स् નો ष् આ સૂત્રથી થયો છે.**
- व्यषिष्वणत्, अवाषिष्वणत् – પ્રેરક અદ્યતની ત્રી.પુ.એ.વ.

वि + स्वन् – प्रयोक्तृ व्यापारे ... ૩-૪-૨૦ થી णिग्.

वि + स्वन् + णिग् – ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ.

वि + स्वान् + णिग् – अद्यतनी ...૩-૩-૧૧ થી दिव् પ્રત્યય.

वि + स्वान् + इ + दिव् – णि-श्रि-द्रु ...૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

वि + स्वान् + इ + ङ + दिव् – अड्धातो ...૪-૪-૨૯ થી अट् આગમ.

वि + अ + स्वान् + इ + ङ + दिव् – उपान्त्यस्य ...૪-૨-૩૫ થી આ નો હ્રસ્વ.

वि + अ + स्वन् + इ + ङ + दिव् – आद्योंश ...૪-૧-૨ થી દ્વિત્વ.

वि + अ + स्वस्वन् + इ + ङ + दिव् – व्यञ्जनस्या ૪-૧-૪૪ થી व् નો લોપ.

वि + अ + सस्वन् + इ + ङ + दिव् – णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

वि + अ + सस्वन् + ङ + दिव् – असमान ...૪-૧-૬૩ થી सन्वत् કાર્ય થવાથી सन्यस्य ...૪-૧-૫૯ થી દ્વિત્વપૂર્વનાં अ નો इ.

वि + अ + सिस्वन् + ङ + दिव् – આ સૂત્રથી स्वन् ના બંને स् નો अट् નું વ્યવધાન અને દ્વિત્વના વિષયમાં ष् થાય છે તેથી व्यषिष्वणत् = આજે શબ્દપૂર્વક ભોજન કરાવ્યું.

अवाषिष्वणत् – સાધનિકા ઉપર પ્રમાણે.

**अशन इति किम् ?** विस्वनति मृदङ्गः = મૃદંગ અવાજ કરે છે. અહીં ભોજન કરવું એવો અર્થ નથી માટે આ સૂત્રથી स् નો ष् થયો નથી.

**પ્રશ્ન :-** ઉપરના સૂત્રમાં 'अवात्' હતું તેને ચકારથી ગ્રહણ કરી "वेश्च स्वनोऽशने" આ પ્રમાણે સૂત્રની રચના કરી હોત તો લાઘવ થાત. શા માટે 'व्यवात्' કર્યું ?

**જવાબ :-** વાત સાચી છે, પરંતુ च કારથી अव નું ગ્રહણ તો થાત પણ સાથે સાથે અનુક્ત સંચય એવા उप નું પણ ગ્રહણ થઈ જાત. પણ એવું નથી કરવું માટે આ સૂત્રમાં व्यवात् એ પ્રમાણે રચના કરી છે. તો પ્રશ્ન એ થાય છે કે "**चानुकृष्टं नानुवर्तते**" એ ન્યાયથી ઉપરના સૂત્રમાં च કારથી उप ને ગ્રહણ કરેલ તે નીચેના સૂત્રમાં ન આવે, તો તેવું પણ નથી, નીચેના સૂત્રમાં ફરી च કાર મૂકે તો પાછું ગ્રહણ થઈ શકે માટે અહીં સૂત્રની રચના યથાર્થ જ છે.

## सदोऽप्रतेः परोक्षायां त्वादेः । २-३-४४

**અર્થ :-** प्रति વર્જીને ઉપસર્ગમાં રહેલાં નામી આદિ થી પર सद् ધાતુના स् નો ष् થાય છે અને દ્વિત્વ હોતે છતે તેમ જ अट् નું વ્યવધાન હોતે છતે પણ

ष् થાય છે, પરંતુ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે પૂર્વના જ स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ** :- न प्रतिः - अप्रतिः, तस्मात् (નञ् ત.)

**વિવેચન** :- निषीदति – नि+सद्, ત્રી.પુ.એ.વ. सद्=બેસવું. श्रौति-कृवु... ૪-૨-૧૦૮ થી सद् નો सीद् આદેશ થઈ આ સૂત્રથી स् નો ष् થયો છે.

- विषाषद्यते – અહીં દ્વિત્વના વિષયમાં આ સૂત્રથી स् નો ष् થયો છે.

  वि+सद् – गृ-लुप-सद ...૩-૪-૧૨ થી यङ् પ્રત્યય.

  वि+सद्+यङ्+शव्+ते – सन्-यङश्च ...૪-૧-૩ થી આદિ એકસ્વરાંશ દ્વિત્વ.

  वि+ससद्+यङ्+अ+ते – आ-गुणावन्यादेः ૪-૧-૪૮ થી દ્વિત્વપૂર્વના अ નો आ.

  वि+सासद्+य+अ+ते – આ સૂત્રથી બંને स् નો ष्.

  वि+षाषद्+य+अ+ते – लुगस्या... ૨-૧-૧૧૩ થી अ ની પૂર્વના अ નો લોપ થવાથી विषाषद्यते ।

- व्यषीषदत् – અહીં अट् નું વ્યવધાન અને દ્વિત્વના વિષયમાં આ સૂત્રથી स् નો ष् થયો છે. સાધનિકા ૨-૩-૪૩ ના व्यषिष्वणत् પ્રમાણે. પરંતુ लघोर्दीर्घो ...૪-૧-૬૪ થી इ દીર્ઘ.

  **परोक्षायां त्वादेरेव –** निषसाद् – અહી પરોક્ષા છે માટે પૂર્વના स् નો જ ष् આ સૂત્રથી થયો. પણ દ્વિત્વ થયેલા सद् ના स् નો ष् નથી થયો.

  **अप्रतेरिति किम् ?** प्रतिसीदति – અહી प्रति ઉપસર્ગ છે. અને આ સૂત્રમાં प्रति નું વર્જન કર્યું છે તેથી આ સૂત્ર ન લાગે. જો प्रति નું વર્જન ન કર્યું હોત તો सद् ના स् નો ष् થઈ જાત.

## स्वञ्जश्च । ૨-૩-૪૫

**અર્થ** :- ઉપસર્ગમાં નામી આદિ થી પર स्वञ्ज् ધાતુના स् નો ष् થાય છે, અને દ્વિત્વનાં વિષયમાં તેમજ अट् નું વ્યવધાન હોતે છતે પણ ष् થાય છે. પરંતુ પરોક્ષામાં દ્વિત્વ થયે છતે પૂર્વના જ स् નો ष् થાય છે.

**વિવેચન** :- अभिष्वजते – स्वञ्ज् = ભેટવું. ત્રી.પુ.એ.વ. નો व्यञ्जनस्या

...૪-૨-૪૫ થી न् નો લોપ, આ સૂત્રથી ઉપસર્ગના નામી સ્વરથી પર स्वञ्ज् ના स् નો ष् થયો.

- अभिषिष्वङ्क्षते – अभि+स्वञ्ज् – तुमर्हादिच्छायां ...૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

  अभि + स्वञ्ज् + सन् + शव् + ते – सन्यङश्च ...૪-૧-૩ થી આદિ એકસ્વરાંશ દ્વિત્વ.

  अभि + स्वस्वञ्ज् + सन् + शव् + ते – व्यञ्जनस्या ...૪-૧-૪૪ થી અનાદિ વ્યંજનનો લોપ.

  अभि + सस्वञ्ज् + सन् + शव् + ते – सन्यस्य ૪-૧-૫૯ થી દ્વિત્વપૂર્વના अ નો इ.

  अभि + सिस्वञ्ज् + स + अ + ते – चजः कगम् ૨-૧-૮૬ થી ज् નો ग्.

  अभि + सिस्वञ्ग् + स + अ + ते – अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्.

  अभि + सिस्वञ्क् + स + अ + ते – म्नां धुड् ...૧-૩-૩૯ થી ञ् નો ङ्.

  अभिसिस्वङ्क् + स + अ + ते – नाम्यन्तस्था ...૨-૩-૧૫ सन् ના स् નો ष्.

  अभिसिस्वङ्क् + ष + अ + ते – આ સૂત્રથી ધાતુના બંને स् નો ष्.

  अभिषिष्वङ्क् + ष + अ + ते – लुगस्या... ૨-૧-૧૧૩ થી अ ની પૂર્વના अ નો લોપ. अभिषिष्वङ्क्षते થયું.

- प्रत्यष्वजत – અહીં अट् નું વ્યવધાન હોવા છતાં આ સૂત્રથી स् નો ष् થયો છે.

- परिषस्वजे – અહીં પરોક્ષામાં દ્વિત્વ થવા છતાં પણ આ સૂત્રથી પૂર્વના स् નો ष् થયો છે પણ પરોક્ષા હોવાથી બીજા स् નો ष् થયો નથી.

  અહીં स्वञ्जेर्नवा ૪-૩-૨૨ થી વિકલ્પે कित् થાય છે તેથી જ્યારે कित् થાય ત્યારે નો व्यञ्जनस्या... ૪-૨-૪૫ થી न् નો લોપ થઈ परिषस्वजे થાય. અને कित् ન થાય ત્યારે न् નો લોપ ન થાય તેથી परिषस्वञ्जे થાય છે.

**પ્રશ્ન** :- સૂત્રમાં 'च' નું ગ્રહણ શા માટે ?

જવાબ :- ઉપરના સૂત્રમાંથી 'परोक्षायां त्वादेः' નો અધિકાર લેવા માટે.

આ સૂત્ર અલગ રચ્યું તે 'अप्रतेः' નો અધિકાર અટકાવવા માટે છે.

## परि-नि-वेः सेवः । २-३-४६

**અર્થ :-** परि, नि અને वि ઉપસર્ગના નામી આદિથી પર રહેલાં सेव् ધાતુના स् નો ष् થાય છે અને દ્વિત્વના વિષયમાં તેમજ अट् નું વ્યવધાન હોતે છતે પણ ष् થાય છે.

**સૂત્રસમાસ :-** परिश्च निश्च विश्च एतेषां समाहारः - परि-नि-वि, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન :-** परिषेवते, निषेवते, विषेवते । सेव् = સેવવું, સેવા કરવી. આ સૂત્રથી परि, नि, वि ઉપસર્ગના નામી સ્વરથી પર स् નો ष् થયો છે.

- परिषिषेवे, निषिषेवे, विषिषेवे । આ સૂત્રથી અહીં પરોક્ષામાં દ્વિત્વના વિષયમાં પણ બંને स् નો ष् થયો છે.
- परिषिषेविषते – परिषेवितुम् इच्छति इति । સન્નન્ત ત્રી.પુ. એ.વ.
  निषिषेविषते – निषेवितुम् इच्छति इतिं । સન્નન્ત ત્રી.પુ. એ.વ.
  विषिषेविषते – विषेवितुम् इच्छति इति । સન્નન્ત ત્રી.પુ. એ.વ.
  અહીં દ્વિત્વના વિષયમાં બંને स् નો આ સૂત્રથી ष् થયો છે.
- पर्यषेवत, न्यषेवत, व्यषेवत. અહીં अट् નું વ્યવધાન હોવા છતાં પણ આ સૂત્રથી स् નો ष् થયો છે.

## सय-सितस्य । २-३-४७

**અર્થ :-** परि, नि અને वि થી પર રહેલાં सय અને सित ના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** सयश्च सितश्च एतयोः समाहारः-सयसितं, तस्य. (સમા.દ્વ.)

**વિવેચન :-** परिषयः-परिसयनम् इति = ચારે બાજુથી બાંધવું તે.

सि ધાતુ – પાંચમો ગણ = બાંધવું. युवर्ण...૫-૩-૨૮ થી अल् પ્રત્યય.

परि + सि + अल् – नामिनो ...૪-૩-૧ થી इ નો ગુણ ए.

परि + से + अल् – एदैतोऽयाय् ૧-૨-૨૩ થી ए નો अय्.

परि + सय् + अ – આ સૂત્રથી सय् ના स् નો ष् થયો તેથી

परिषयः બન્યું અથવા

- परिसिनोति इति परिषयः = બાંધનાર. ૫-૧-૪૯ થી अच् પ્રત્યય પણ લાગે – परि + सि + अच् – અન્ય પ્રક્રિયા ઉપર પ્રમાણે.

- અથવા परिसिनोति अस्मिन् इति परिषयः = જેમાં બાંધવામાં આવે તે.

  परि + सि – पुन्नाम्नि घः ૫-૩-૧૩૦ થી घ પ્રત્યય.

  परि + सि + घ – અન્ય પ્રક્રિયા ઉપર પ્રમાણે.

  એ જ પ્રમાણે निषयः, विषयः ।

- परिसिनोति स्म - परिषितः – सि ધાતુ–પાંચમો ગણ.

  परिसीयते स्म परिषितः । सो ધાતુ - ચોથો ગણ.

  परि+सि–दों–सोमास्थ इः ૪-૪-૧૧ થી ओ નો इ થાય છે અને क्तक्तवतू ૫-૧-૧૭૪ થી क्त લાગવાથી परिषितः બન્યું એજ પ્રમાણે निषितः, विषितः ।

પ્રશ્ન :- ચોથા ગણના सो ધાતુના स् નો ष् તો उपसर्गात्...૨-૩-૩૯ થી થવાનો જ હતો, તો પછી આ સૂત્ર શા માટે ?

જવાબ :- परि, नि અને वि પૂર્વક सित આવે તો આ સૂત્રથી स् નો ष् થશે પણ उपसर्गात्... ૨-૩-૩૯ સૂત્રનહીં લાગે, તેમ જ આ સિવાયના અન્ય કોઈપણ ઉપસર્ગ સહિત सित ના स् નો ष् નહીં થાય. દા.ત. प्रतिसितः।

ઉપરના સૂત્રથી આ સૂત્રની રચના અલગ કરી તેથી द्वित्वेऽपि અને अट्यपि ની નિવૃત્તિ થઈ છે. હવે ધાતુ જ્યાં જ્યાં દ્વિત્વ થાય ત્યારે પૂર્વના स् નો તે તે સૂત્રથી ष् થશે અને ઉત્તર (પછીના) स् નો ष् नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી થશે કારણ કે વચ્ચે શિટ્નું વ્યવધાન હોય તો પણ ધાતુના स् નો ष् થાય છે, દા.ત. परिषिषयत्.

પ્રશ્ન :- તો विषसयत् માં પણ દ્વિત્વ છે, તો પછી બંને स् નો ष् परिषिषयत् ની જેમ કેમ ન કર્યો ?

જવાબ :- ના, અહીં નહીં થાય, કેમ કે અહીં वि ઉપસર્ગ થી પર सो ધાતુનો सय નથી પણ નામધાતુ છે. "विषयम् आख्यत्" એ અર્થમાં 'विषय' નામને णिज् बहुलम् ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

विषय + णिच् + त् – त्रन्त्य...૭-૪-૪૩ થી અંત્ય સ્વરાદિનો લોપ.

विषय् + इ + त् – णि-श्रु-द्रु...૩-૪-૫૮ થી અદ્યતનીનો ङ પ્રત્યય.

विषयि + ङ + त् – णेरनिटि...૪-૩-૮૧ થી णिच् નો લોપ.

विषय् + ङ + त् – अन्यस्य...૪-૧-૮ થી विसय નો स् દ્વિત્વ,

विससयत् – અહીં દ્વિત્વ કરવાનો પ્રસંગ આવ્યો તેથી विषय નો ष्, ण-षम ...૨-૧-૬૦ થી અસત્ થાય છે. હવે પૂર્વના स् નો ष् नाम्यन्त... ૨-૩-૧૫ થી થયો તેથી विषसयत् થયું. પણ ધાતુના બીજા स् નો ष् ન થયો કેમ કે આ સૂત્ર તો वि થી પર सय હોય તો જ લાગે છે, જ્યારે અહીં તો विषय શબ્દ પરથી નામધાતુ બનેલો છે.

આ સૂત્ર મૂળ ધાતુને ન લાગતાં ધાતુ ઉપરથી બનેલા 'सय' અને 'सीत' અંગને જ લાગશે, માટે સૂત્રમાં 'सय' અને 'सीत' મૂકેલ છે.

## असोङ-सिवू-सह-स्सटाम् । २-३-४८

**અર્થ :-** परि, नि અને वि ઉપસર્ગ પર રહેલાં सिव् અને सह् ના તેમ જ स्सट् આગમ થયેલો હોય તેના स् નો ष् થાય છે પરંતુ सिव् અને सह् ધાતુએ જો 'सो' સ્વરૂપને પ્રાપ્ત ન કર્યું હોય તો, તેમ જ ङ પ્રત્યય પરમાં ન હોય તો...

**સૂત્રસમાસ :-** सोश्च ङश्च इति सोङौ (ઇત.દ્વ.) न विद्यते सोङौ ययोः तौ असोङौ (નञ् બહુ.) सिवूश्च सहश्च स्सट् च – सिवूसहस्सटः (ઇત.દ્વ.) असोङौ च तौ सिवूसहस्सटश्च – असोङसिवूसहस्सटः, तेषाम् (કર્મ.)

**વિવેચન :-** परिषहते, निषहते, विषहते । અહીં આ સૂત્રથી सह् ના स् નો ष् થયો.

षहि – मर्षणे (આત્મને.) भ्वादि ગણ (૯૯૦)

षह–षुह च शक्तौ (પરસ્મૈ.) दिवादि ગણ (૧૧૭૩-૭૪)

षहण् – मर्षणे (પરસ્મૈ.) चुरादि-युजादि (૧૯૮૧)

અહીં આ ત્રણેય પ્રકારનો सह् ધાતુ ગ્રહણ કર્યો છે.

- परिषीव्यति, निषीव्यति, विषीव्यति । षिवूच् उतौ - दिवादि – (૧૧૬૪)

परि + सिव् – दिवादेः श्यः ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

परि + सिव् + श्य – भ्वादेर्नामिनो... ૨-૧-૬૩ થી ધાતુનો નામીસ્વર દીર્ઘ.

परि + सीव् + य + ति – આ સૂત્રથી स् નો ष् તેથી परिषीव्यति.

તે જ પ્રમાણે निषीव्यति, विषीव्यति થયું છે.

- परिष्करोति – डुकृंग् करणे (भ्वादि ગણ, ઉભય. ૮૮૮)

परि + कृ – संपरेः कृगः स्सट् ૪-૪-૯૧ થી स्सट् આગમ.

परि + स्सट् + कृ + ति – कृग्-तनादेरुः ૩-૪-૮૩ થી उ વિકરણ પ્રત્યય.

परि + स्सट् + कृ + उ + ति – उ-श्नोः ૪-૩-૨ થી उ નો ગુણ.

परि + स्सट् + कृ + ओ + ति – नामिनो... ૪-૩-૧ થી कृ ના ऋ નો ગુણ.

परि + स्सट् + कर् + ओ + ति – આ સૂત્રથી स्सट् ના स् નો ष् થવાથી परिष्करोति થયું.

- विष्किरः = પક્ષી. कृत् विक्षेपे – तुदादि (૧૩૩૪)

वि + कृ – नाम्युपान्त्य... ૫-૧-૫૪ થી क પ્રત્યય.

वि + कृ + क – ॠतां क्ङितीर् ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

वि + किर् + अ – वौ विष्किरो वा ૪-૪-૯૬ થી स्सट् આગમ.

वि + स्सट् + किर् + अ – આ સૂત્રથી स्सट् ના स् નો ष् થવાથી विष्किरः થયું.

**असोङेति किम् ?** परिसोढः – परि + सह् – क्त-क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

परि + सह् + क्त – हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

परि + सढ् + त – अधश्चतु... ૨-૧-૭૯ થી त् નો ध्.

परि + सढ् + ध – तवर्गस्य... ૧-૩-૬૦ થી ढ् ના યોગમાં ध् નો ढ्.

परि + सढ् + ढ – सहि-वहे... ૧-૩-૪૩ થી तन्निमित्तक ढ् પર છતાં सह् ના ढ् નો લોપ, તેની પૂર્વના अ વર્ણનો ओ થાય છે તેથી परिषोढः થયું. सह् જો 'सो' સ્વરૂપને ધારણ કરે તો આ સૂત્ર स् ના ष् નો નિષેધ

કરે છે માટે અહીં स् નો ष् થયો નથી.

- मा परिसीषिवत्, मा परिसीषहत् – આ બંને પ્રયોગમાં ङ પ્રત્યય પરમાં આવેલો છે તેથી આ સૂત્રથી स् ના ष् નો નિષેધ થયો. સાધનિકા व्यषिष्वणत् (૨-૩-૪૩) પ્રમાણે. પરંતુ लघोर्दीर्घो ...૪-૧-૬૪ થી દ્વિત્વના પૂર્વનો લઘુ સ્વર દીર્ઘ, અને પછીના स् નો नाम्यन्तस्था...૨-૩-૧૫ થી ष् થયો છે, તેમ જ मा ના યોગમાં ૪-૪-૨૯ થી अट् નો આગમ થયો નથી.

**પ્રશ્ન :-** 'सिवू' માં ऊ અનુબંધ સહિત સૂત્રમાં શા માટે મૂકેલ છે ?

**જવાબ :-** "तिवाशवानुबन्धेन..." એ ન્યાયથી यङ्लुबन्त માં ગ્રહણ ન થાય તે માટે.

**પ્રશ્ન :-** સૂત્રમાં બહુવચન શા માટે ?

**જવાબ :-** परि-नि-वि ની સાથે सिवू-सह्-स्सट् નું યથાસંખ્ય ન થઈ જાય તે માટે બહુવચન કર્યું છે. परि-नि-वेः માં એ.વ. છે અને અહીં બ.વ. છે તેથી વચનભેદ થવાથી યથાસંખ્ય ન થાય.

## स्तु-स्वञ्जश्चाऽटि नवा । २-३-४९

**અર્થ :-** परि, नि અને वि થી પર स्तु અને स्वञ्ज् ધાતુનાં स् નો, 'सो' સ્વરૂપને નહીં પામેલા તેમ જ ङ પ્રત્યય પરમાં ન હોય તેવા सिव् અને सह् ધાતુના स् નો, તેમ જ स्सट् આગમ થયો હોય તો તેના स् નો, જો अट् આગમ થયો હોય તો ष् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** स्तुश्च स्वञ्ज् च एतयोः समाहारः – स्तुस्वञ्ज्, तस्य (સમા.દ્વ.)

**વિવેચન :-** पर्यष्टौत्, पर्यस्तौत्, न्यष्टौत्, न्यस्तौत्, व्यष्टौत्, व्यस्तौत् – स्तु ધાતુના उ નો उत और्विति...૪-૩-૫૯ થી औ થયો છે અને अट् નો આગમ થવાથી આ સૂત્રથી परि વિગેરે ઉપસર્ગ થી પર स्तु ના स् નો ष् વિકલ્પે થયો છે. ष् થાય ત્યારે तवर्गस्य ...૧-૩-૬૦ થી ष् ના યોગમાં त् નો ट् થયો છે.

- पर्यष्वजत्, पर्यस्वजत्, न्यष्वजत्, न्यस्वजत्, व्यष्वजत्, व्यस्वजत्, અહીં अट् નો આગમ થવાથી આ સૂત્રથી परि વિગેરે ઉપસર્ગથી પર स्वञ्ज् ધાતુના स् નો ष् વિકલ્પે થયો છે, दंश-सञ्जः शवि ૪-૨-૪૯ થી न्

નો લોપ થયો છે.

- पर्यषीव्यत्, पर्यसीव्यत्, न्यषीव्यत्, न्यसीव्यत्, व्यषीव्यत्, व्यसीव्यत् અહીં अट् નો આગમ થયો હોવાથી આ સૂત્રથી परि વિગેરે ઉપસર્ગોથી પર सिव् ધાતુના स् નો ष् વિકલ્પે થયો છે.

- पर्यषहत, पर्यसहत, न्यषहत, न्यसहत, व्यषहत, व्यसहत – અહીં अट् નો આગમ થયો હોવાથી આ સૂત્રથી परि વિગેરે ઉપસર્ગથી પર सह् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે.

- पर्यष्करोत्, पर्यस्करोत् – અહીં परिष्करोति (૨-૩-૪૮) ની જેમ સાધનિકા જાણવી પરંતુ હ્યસ્તની ત્રી.પુ.એ.વ. હોવાથી अट् આગમ થયો છે તેથી આ સૂત્રથી स् નો ष् વિકલ્પે થયો છે.

**असोङसिवूसहेत्येव** – पर्यसोढयत् – ૨-૩-૪૮ માં કરેલી સાધનિકા પ્રમાણે परिसोढ થાય તે પછી परिसोढम् आचष्टे અર્થમાં परिसोढ ને णिज् बहुलं...૩-૪-૪૨ થી णिच् પ્રત્યય લાગી परिसोढि નામધાતુ બને છે.

परिसोढि + दिव् – कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

परिसोढि + शव् + दिव् – अड्धातोरादि... ૪-૪-૨૯ થી अट् આગમ.

परि + अट् + सोढि + अ + त् – इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

पर्यसोढि + अ + त् – नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

पर्यसोढे + अ + त् – एदैतोऽया... ૧-૨-૨૩ થી ए નો अय् થવાથી पर्यसोढयत् થયું. અહીં सो સ્વરૂપને પામેલા એવા सह् ધાતુનો स् છે તેથી તેનું વર્જન કરેલું હોવાથી स् નો ष् આ સૂત્રથી થયો નહીં.

- पर्यसीषिवत्, पर्यसीषहत् – આ બંને પ્રયોગમાં ङ પ્રત્યય પરમાં હોવાથી सिव् અને सह् ના स् નો ष् થયો નથી. સાધનિકા પૂર્વવત્. પરંતુ मा નો યોગ ન હોવાથી अट् આગમ થયેલ છે.

- स्तु ધાતુને उपसर्गात् ...૨-૩-૩૯ થી નિત્ય પ્રાપ્તિ હતી અને स्वञ्ज ધાતુને स्वञ्जश्च ૨-૩-૪૫ થી નિત્ય પ્રાપ્તિ હતી પણ વિકલ્પે કરવા માટે આ સૂત્રની રચના કરી. તેમ જ अट् નું વ્યવધાન હોય ત્યારે सिव्, सह् અને આગમભૂત स्सट् ને પ્રાપ્તિ ન હતી તેને વિકલ્પે પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## निरभ्यनोश्च स्यन्दस्याऽप्राणिनि । २-३-५०

**અર્થ :-** निर्, अभि, अनु, परि, नि અને वि ઉપસર્ગ થી પર રહેલાં स्यन्द् ધાતુના स् નો, જો પ્રાણી કર્તા ન હોય તો ष् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च अभिश्च अनुश्च एतेषां समाहारः – निरभ्यनु, तस्मात् (સમા.દ્વ.) લાઘવતા માટે પું. પંચમી એ.વ. નું રૂપ કર્યું છે.

न प्राणी इति अप्राणी, तस्मिन् - अप्राणिनि (નञ् ત.)

**વિવેચન :-** निःष्यन्दते, अभिष्यन्दते, अनुष्यन्दते, परिष्यन्दते, निष्यन्दते, विष्यन्दते – તેલ ટપકે છે. અહીં निर् વગેરે ઉપસર્ગ થી પર રહેલાં स्यन्द् ધાતુના स् નો અપ્રાણીકર્તા અર્થમાં ष् થયો છે. વિકલ્પપક્ષે જ્યારે स् નો ष् ન થાય ત્યારે निःस्यन्दते, अभिस्यन्दते, अनुस्यन्दते, परिस्यन्दते, निस्यन्दते, विस्यन्दते तैलम् એ પ્રમાણે થાય છે.

**अप्राणीनीति किम् ?** परिस्यन्दते मत्स्यः = માછલું (સરકે) તરે છે. અહીં મત્સ્ય એ પ્રાણી કર્તા છે તેથી આ સૂત્ર લાગતું નથી.

च કારથી ઉપરના સૂત્રમાંથી परि, नि અને वि ને લીધા છે.

- "अप्राणिनि" માં પર્યુદાસ નञ्થી નિષેધ કર્યો હોવાથી પ્રાણીના આશ્રયવાળાનો નિષેધ થતો નથી. દા.ત. अनुष्यन्देते अनुस्यन्देते वा मत्स्योदके = મત્સ્ય સંબંધી પાણીના બિંદુ ટપકે છે.

## वेः स्कन्दोऽक्तयोः । २-३-५१

**અર્થ :-** જો क्त અને क्तवतु પ્રત્યય પરમાં ન હોય તો वि ઉપસર્ગથી પર રહેલાં स्कन्द् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** क्तश्च क्तवान् च - क्तौ – એકશેષ. न क्तौ - अक्तौ, तयोः (નञ् ત.)

**વિવેચન :-** विष्कन्ता – स्कन्द् = એકઠું કરવું, કૂદવું.

वि + स्कन्द् – णक-तृचौ ५-१-४८ થી तृच् પ્રત્યય.

वि + स्कन्द् + तृच् + सि – ऋदुशनस् ...१-४-८४ થી सि નો डा.

वि + स्कन्द् + तृच् + डा – डित्यन्त्य ...२-१-११४ થી અંત્યસ્વરાદિનો લોપ.

वि + स्कन्द् + ता – આ સૂત્રથી स्कन्द् ના स् નો વિકલ્પે ष्.

वि + ष्कन्द् + ता – अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

विष्कन्ता । વિકલ્પ પક્ષે विस्कन्ता ।

**अक्तयोरिति किम् ?** विस्कन्नः - અહીં क्त પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી स् નો ष् થયો નથી.

वि + स्कन्द् + त – रदादमूर्च्छ ...૪-૨-૬૯ થી क्त નો न.

वि + स्कन्द् + न – नो व्यञ्जन... ૪-૨-૪૫ થી ઉપાન્ત્ય न् નો લોપ.

विस्कद् + न – प्रत्यये च ૧-૩-૨ થી द् નો न्.

विस्कन्नः । એ જ પ્રમાણે विस्कन्नवान् બને.

'क्तयोः' – અહીં દ્વિ.વ. કર્યું છે તે क्त અને क्तवतु બંનેને ગ્રહણ કરવા માટે જ છે.

## परेः । २-३-५२

**अर्थ :-** परि ઉપસર્ગ થી પર રહેલાં स्कन्द् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** परिष्कन्ता, परिस्कन्ता – विष्कन्ता પ્રમાણે જાણવું.

- परिष्कण्णः, परिस्कन्नः – परि + स्कन्द् – क्त-क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

  परिस्कन्द् + क्त – रदादमूर्च्छ... ૪-૨-૬૯ થી क्त નો न.

  परिस्कन्द् + न – नो व्यञ्जनस्या... ૪-૨-૪૫ થી ઉપાન્ત્ય न् નો લોપ.

  परिस्कद् + न – प्रत्यये च ૧-૩-૨ થી न પર છતાં द् નો न्.

  परिस्कन्न – આ સૂત્રથી स्कद् ના स् નો વિકલ્પે ष्.

  परिष्कन्न – रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી द् ના न् નો ण्.

  परिष्कण्न – तवर्गस्य... ૧-૩-૬૦ થી ण् ના યોગમાં न् નો ण्.

  परिष्कण्णः । વિકલ્પપક્ષે स् નો ष् ન થાય ત્યારે परिस्कन्नः થાય. ઉપરના સૂત્રથી આ સૂત્ર અલગ રચવાથી "क्तयोः" નો અધિકાર અટકી ગયો.

## निर्नेः स्फुर-स्फुलोः । २-३-५३

**अर्थ :-** निर् અને नि ઉપસર્ગ થી પર રહેલાં स्फुर् અને स्फुल् ધાતુના स् નો

ष् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च निश्च एतयोः समाहारः – निर्नि, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન :-** निःष्फुरति, निष्फुरति, निःष्फुलति, निष्फुलति – અહીં બધે આ સૂત્રથી स् નો ष् થયો છે. વિકલ્પપક્ષે જ્યારે स् નો ष् ન થાય ત્યારે निःस्फुरति, निस्फुरति, निःस्फुलति, निस्फुलति થાય.

સૂત્રમાં વચનભેદ યથાસંખ્યને અટકાવવા માટે છે. તેમ જ લાઘવ માટે પુંલિંગ એ.વ.માં સમાસ કરેલો છે.

## वेः । २-३-५४

**અર્થ :-** वि ઉપસર્ગ થી પર રહેલાં स्फुर् અને स्फुल् ધાતુના स् નો ष् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** विष्फुरति, विष्फुलति – અહીં આ સૂત્રથી वि થી પર स्फुर् અને स्फुल् ના स् નો ष् થયો છે. વિકલ્પપક્ષે જ્યારે ष् ન થાય ત્યારે विस्फुरति, विस्फुलति થાય છે.

वि નો અધિકાર નીચે લઈ જવો છે. માટે ઉપરના સૂત્રથી આ સૂત્રની રચના અલગ કરી છે.

## स्कभ्नः । २-३-५५

**અર્થ :-** वि ઉપસર્ગ થી પર રહેલાં स्कम्भ् ધાતુના स् નો ष् નિત્ય થાય છે.

**વિવેચન :-** विष्कभ्नाति – स्कम्भ् = રોકવું, અટકાવવું. સૌત્રધાતુ છે. (૧૯૮૭)

वि + स्कम्भ् – स्तम्भू-स्तुम्भू... ૩-૪-૭૮ થી श्ना પ્રત્યય.

वि + स्कम्भ् + श्ना – આ સૂત્રથી स् નો ष्.

विष्कम्भ् + ना + ति – नो व्यञ्जनस्या... ૪-૨-૪૫ થી म् નો લોપ.

विष्कभ्नाति ।

श्नु પ્રત્યય લાગે ત્યારે આ સૂત્ર નથી લાગતું માટે આ સૂત્રમાં श्ना પ્રત્યય સહિત स्कभ्नः એ પ્રમાણે મૂકેલ છે. ઉપરના સૂત્રથી આ સૂત્રની અલગ રચના કરી તેથી नवा નો અધિકાર અટકી ગયો.

## निर्-दुः-सु-वेः सम-सूतेः । २-३-५६

**અર્થ :-** निर्, दुर्, सु અને वि ઉપસર્ગ થી પર રહેલાં सम અને सूति ના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च दुश्च सुश्च विश्च एतेषां समाहारः - निर्दुःसुवि, तस्मात् (સમા.દ્વ.) समश्च सूतिश्च एतयोः समाहारः - समसूति, तस्य (સમા.દ્વ.)

**વિવેચન :-** समात् निर्गतः निश्चितः वा - निःषमः = નિંદા. ૩-૧-૪૭ થી તત્પુ.સમાસ.

- दुष्टः समः - दुःषमः = ખરાબ, નિંદા. ૩-૧-૪૩ થી તત્પુ.સમાસ.
- सुष्ठु समः - सुषमः = સુંદર, સમાન. ૩-૧-૪૪ થી તત્પુ. સમાસ.
- विशिष्टः समः विगतः समात् वा - विषमः = એકસરખું નહીં તે. ૩-૧-૪૭ થી તત્પુ. સમાસ.
- सूतेः निर्गता निश्चिता वा - निःषूतिः ૩-૧-૪૭ થી તત્પુ. સમાસ.
- दुष्टा सूतिः - दुःषूतिः = દુષ્ટ સંતાન. ૩-૧-૪૩ થી તત્પુ. સમાસ.
- शोभना सूतिः - सुषूतिः = સારું સંતાન. ૩-૧-૪૪ થી તત્પુ. સમાસ.
- विशिष्टा विगता वा सूतिः - विषूतिः ૩-૧-૪૭ થી તત્પુ. સમાસ.

સૂત્રમાં લાઘવ માટે પુંલિંગ પંચમી એ.વ. કર્યું છે.

सम અને सूति આ બંને નામ તરીકે ગ્રહણ કર્યા છે, પણ આ ધાતુ નથી તેથી ધાતુના અન્ય પ્રયોગોમાં આ સૂત્ર નહીં લાગે.

"नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्" આ ન્યાયથી અન્ય લિંગમાં પણ આ સૂત્ર લાગી શકશે. દા.ત. सुषमा વગેરે...

## अवः स्वपः । २-३-५७

**અર્થ :-** निर्, दुर्, सु અને वि ઉપસર્ગ થી પર રહેલાં व् રહિત स्वप् ધાતુના स् નો ष् થાય છે.

**સૂત્રસમાસ :-** न विद्यते व् यस्य सः - अव्, तस्य (નञ् બહુ.)

**વિવેચન :-** निःषुषुपतुः – स्वप् = ઊંઘવું.

निर् + स्वप् – परोक्षाणव् अतुस्... ૩-૩-૧૨ થી अतुस् પ્રત્યય.

निर् + स्वप् + अतुस् – इन्ध्य संयोगात्... ૪-૩-૨૧ થી પરોક્ષા किद्वत् તેમજ स्वपेर्यङ्-ङे च ૪-૧-૮૦ થી य्वृत्.

निर् + सुप् + अतुस् – આ સૂત્રથી सुप् ના स् નો ष्.

निर् + षुप् + अतुस् – द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

निर् + षुप्षुप् + अतुस् – व्यञ्जनस्या... ૪-૧-૪૪ થી પૂર્વના प् નો લોપ.

निर् + षुषुप् + अतुस् – रः पदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ.

निःषुषुप् + अतुस् – सोरुः અને रः पदान्ते... ૧-૩-૫૩ થી र् અને વિસર્ગ.

निःषुषुपतुः । એ જ પ્રમાણે दुःषुषुपतुः, सुषुषुपतुः, विषुषुपतुः.

**अव इति किम् ?** दुःस्वप्नः – અહીં स्वप् માં व् છે, અને આ સૂત્રમાં તેનું વર્જન કર્યું છે તેથી स् નો ष् ન થયો.

અહીં स्वप् ને यजि-स्वपि...૫-૩-૮૫ થી न પ્રત્યય લાગ્યો છે.

अकित् માં પ્રથમ દ્વિત્વ કરવું, પછી કાર્ય થાય છે.

कित् માં પ્રથમ કાર્ય કરવું, પછી દ્વિત્વ થાય છે.

## प्रादुरुपसर्गाद्यस्वरेऽस्तेः । २-३-५८

**અર્થ :-** प्रादुस् તેમ જ ઉપસર્ગના નામી વિગેરેથી પર રહેલાં अस् ધાતુના स् નો य કારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં ष् થાય છે.

**સૂત્રસમાસ :-** प्रादुश्च उपसर्गश्च एतयोः समाहारः - प्रादुरुपसर्गम्, तस्मात्. (સમા.દ્વ.) यश्च स्वरश्च एतयोः समाहारः - यस्वरम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન :- प्रादुःष्यात् – प्रादुस्+अस्+यात् – श्नास्त्योर्लुक्** ૪-૨-૯૦ થી अस् ના अ નો લોપ અને આ સૂત્રથી स् નો ष् થયો છે. અહીં यકારાદિ પ્રત્યય છે તેથી अस् ના स् નો ष् થયો. એજ પ્રમાણે विष्यात्, निष्यात्.

● प्रादुःषन्ति, विषन्ति, निषन्ति – અહીં સ્વરાદિ પ્રત્યય છે તેથી अस् ના स् નો ष् થયો છે.

**य-स्वर इति किम् ?** प्रादुःस्तः – અહીં तस् એ तકારાદિ પ્રત્યય છે, તેથી આ સૂત્ર ન લાગ્યું.

अस्तेः– અહીં સૂત્રમાં तिव् સહિત अस् નો નિર્દેશ કરેલો છે તેથી

ચોથા ગણનો अस् ધાતુ નહીં આવે.

## नस्सः । २-३-५९

**અર્થ :-** દ્વિત્વ કરાયેલા स् નો ष् થતો નથી.

**વિવેચન :-** सुपिस्स्यते – पिस् ધાતુ (૫૪૬)

सु + पिस् + ते – क्यः शिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

सु + पिस् + क्य + ते – अदीर्घाद्... ૧-૩-૩૨ થી पिस् નો स् દ્વિત્વ.

सुपिस्स् + य + ते – દ્વિત્વ स् નો ष् થવાનો આ સૂત્ર નિષેધ કરે છે તેથી सुपिस्स्यते ।

## सिचो यङि । २-३-६०

**અર્થ :-** यङ् પ્રત્યય પર છતાં सिच् ધાતુના स् નો ष् થતો નથી.

**વિવેચન :-** सेसिच्यते = તે વારંવાર સિંચે છે. सिच् ધાતુ.

सिच् + ते – व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

सिच् + यङ् + शव् + ते – सन्-यङश्च ૪-૧-૩ થી પ્રથમ એકસ્વરાંશ દ્વિત્વ.

सिसिच् + यङ् + शव् + ते – आगुणा... ૪-૧-૪૮ થી દ્વિત્વપૂર્વના इ નો ગુણ.

सेसिच् + यङ् + शव् + ते – लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો લોપ. તેથી सेसिच्यते થયું.

स्था-सेनि-सेध...૨-૩-૪૦ થી सिच् ના स् નો ष् થવાની પ્રાપ્તિ હતી પણ यङ् પ્રત્યય પરમાં હોય ત્યારે તેનો નિષેધ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## गतौ सेधः । २-३-६१

**અર્થ :-** 'ગતિ' અર્થવાળા सेध् ધાતુના स् નો ष् થતો નથી.

**વિવેચન :-** अभिसेधति गाः = તે ગાયો પાસે જાય છે.

गताविति किम् ? निषेधति पापात् = તે પાપથી અટકે છે. અહીં 'ગતિ'

અર્થ નથી તેથી આ સૂત્ર ન લાગ્યું. ૨-૩-૪૦ થી स् નો ष् થયો છે.
૨-૩-૪૦ થી सेध् ના स् નો ष् થવાની પ્રાપ્તિ હતી, પણ ગતિ અર્થમાં નિષેધ કરવા માટે આ સૂત્રની રચના કરી.

"सेधः" માં शव् સહિત નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં નિષેધ થતો નથી.

## सुगः स्य-सनि । २-३-६२

**અર્થ :-** स्य અને सन् પ્રત્યય પર છતાં सु ધાતુના स् નો ष् થતો નથી.

**સૂત્રસમાસ :-** स्यश्च सन् च एतयोः समाहारः-स्यसन्, तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન :-** अभिसोष्यति – અહીં स्यति ના स् નો ष् नाम्यन्तस्था...૨-૩-૧૫ થી થયો છે અને नामिनो... ૪-૩-૧ થી ગુણ થયો.

● सुसूः – सुसूषते इति क्विप् सुसूः ।

सोतुम् इच्छति इति सुसूषते । सु ધાતુ.

सु + शव् + ते – तुमर्हादि... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

सु + सन् + शव् + ते – सन्-यङश्च ૪-૧-૩ થી દ્વિત્વ.

सुसु + सन् + शव् + ते – स्वर-हन-गमोः... ૪-૧-૧૦૪ થી ધાતુનો સ્વર દીર્ઘ.

सुसूस + अ + ते – नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી सन् ના स् નો ष्.

सुसूष + अ + ते – लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો લોપ.

सुसूष् + अ + ते – सुसूषते ।

सुसूषते इति क्विप् – क्विप् ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય.

सुसूष + क्विप् – अतः ૪-૩-૮૨ થી ધાતુના અંત્ય अ નો લોપ.

सुसूष् – सुसूः । અહીં सोरुः ૨-૧-૭૨ સૂત્ર એ ण-षम... ૨-૧-૬૦ સૂત્ર કરતાં પરસૂત્ર છે તેથી "स् નો र् કરવો" એ પરકાર્ય છે તે કરતી વખતે ष् અસત્ મનાય છે તેથી પરવિધિમાં ष् ને બદલે स् જ મનાય તેથી सोरुः ૨-૧-૭૨ થી ष् નો र् થઈ रः पदान्ते ...૧-૩-૫૩ થી વિસર્ગ થઈ શક્યો. આ અવસ્થામાં सन् પ્રત્યય પરમાં હોવાથી

ધાતુરૂપ બીજા स् નો ष् થવાની પ્રાપ્તિ હોવા છતાં પણ આ સૂત્રે નિષેધ કર્યો.

उपसर्गात् सुग् ...૨-૩-૩૯ થી स् નો ष् થવાની પ્રાપ્તિ હતી તેનો નિષેધ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## र-षृवर्णान्नोण एकपदेऽनन्त्यस्या-ऽल-च-ट-तवर्ग-शसान्तरे । २-३-६३

**અર્થ :-** र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં અને એક જ પદમાં હોય તો પદને અંતે નહીં રહેલાં એવા न् નો ण् થાય છે. ल्-च-ट-त વર્ગ તથા श् અને स् ને વર્જીને અન્ય વર્ણનું વ્યવધાન જો નિમિત્ત અને કાર્યીની મધ્યમાં હોય તો પણ न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** रश्च ष् च ऋवर्णश्च एतेषां समाहारः – रषृवर्णम्, तस्मात्. (સમા.દ્વ.) एकम् च तत्पदम् च – एकपदम्, तस्मिन्. (કર્મ.) अन्ते भवः इति अन्त्यः । न अन्त्यः - अनन्त्यः, तस्य. (નઞ્.ત.) चश्च टश्च तश्च - चटताः (ઇત.દ્વ.) चटतानाम् वर्गाः - चटतवर्गाः (ષષ્ઠી.ત.)

शश्च सश्च - शसौ (ઇત.દ્વ.) लश्च चटतवर्गाश्च शसौ च - लचटतवर्गशसाः (ઇત.દ્વ.) न लचटतवर्गशसाः - अलचटतवर्गशसाः (નઞ્.ત.) अलचटतवर्गशसैः अन्तरम् - अलचटतवर्गशसान्तरम्, तस्मिन् (તૃ.ત.)

**વિવેચન :-** तीर्णम् = તરી ગયેલ. तॄ ધાતુ. क्त-क्तवतू ૫-૧-૧૭૪ થી क्त.

तॄ + क्त –ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

तिर् + त – भ्वादेर्नामिनो... ૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ.

तीर् + त – रदादमूर्च्छे... ૪-૨-૬૯ થી त् નો न्.

तीर् + न – આ સૂત્રથી એક જ પદમાં र् થી પર રહેલાં न् નો ण् થાય છે તેથી तीर्णम् બન્યું.

- पुष्णाति = તે પોષણ કરે છે. पुष्-ધાતુ.

पुष् + तिव् – क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

पुष् + श्ना + ति – આ સૂત્રથી ष् થી પર न् નો ण् થવાથી पुष्णाति થયું.

- नृणाम्, नॄणाम् = માણસોનાં

  नृ + आम् – ह्रस्वापश्च १-४-३२ थी आम् नो नाम्.

  नृ + नाम् – આ સૂત્રથી ऋ થી પર न् નો ण्.

  नृ + णाम् – नुर्वा १-४-४८ થી ऋ નો દીર્ઘ ॠ થવાથી नॄणाम् થાય. વિકલ્પપક્ષે દીર્ઘ ન થાય ત્યારે नृणाम् થાય.

- करणम् = ઈન્દ્રિય. कृ-ધાતુ – अनट् ५-३-१२४ થી अनट् પ્રત્યય.

  कृ + अनट् – नामिनो... ४-३-१ થી ऋ નો ગુણ अर्.

  कर् + अन – આ સૂત્રથી र् અને न् ની મધ્યમાં अ નું વ્યવધાન હોવા છતાં પણ न् નો ण् થવાથી करणम् થયું.

- बृंहणम् = હાથીનો ગર્જારવ.

  बृंह् + अनट् – ५-३-१२४ થી अनट्.

  ऋ થી પરમાં અનુસ્વાર, ह् અને अ નું વ્યવધાન હોવા છતાં अनट् ના न् નો ण् આ સૂત્રથી થયો છે.

- अर्केण – अर्क = સૂર્ય.

  अर्क + टा – टाङसोरि... १-४-५ થી टा નો इन.

  अर्क + इन – अवर्णस्ये... १-२-६ થી अ+इ = ए.

  अर्केन – આ સૂત્રથી र् અને न् ની મધ્યમાં क् અને ए નું વ્યવધાન હોવા છતાં પણ न् નો ण् થયો તેથી अर्केण બન્યું.

  **एकपद इति किम् ?** अग्निर्नयति – અહીં र् પછી न् છે પણ એકપદમાં નથી. अग्निः, नयति – બંને પદ અલગ છે માટે આ સૂત્ર ન લાગ્યું.

  चर्मनासिकः – चर्ममयी नासिका यस्य सः । અહીં એક પદ હોવા છતાં પણ વિગ્રહ વાક્યની અપેક્ષાએ ભિન્નપદ છે તેથી આ સૂત્ર લાગ્યું નથી.

  **अनन्त्यस्येति किम् ?** वृक्षान् – અહીં પદને અંતે न् છે તેથી આ સૂત્ર નથી લાગતું.

  **लादिवर्जनं किम् ?** विरलेन – विरल = નાજુક. અહીં र् અને न् ની મધ્યમાં ल् નું વ્યવધાન છે માટે આ સૂત્ર લાગતું નથી.

- मूर्च्छनम् – મૂર્છા પામવી તે. અહીં र् અને न् ની મધ્યમાં च्, छ् નું

વ્યવધાન છે માટે આ સૂત્ર લાગતું નથી.

- दृढेन – दृढ = લોઢું. અહીં ऋ અને न् ની મધ્યમાં ટ વર્ગીય ढ् નું વ્યવધાન છે તેથી આ સૂત્ર નથી લાગતું.
- तीर्थेन – तीर्थ = પવિત્રભૂમિ. અહીં र् અને न् ની મધ્યમાં त વર્ગીય थ् નું વ્યવધાન છે તેથી આ સૂત્ર નથી લાગતું.
- रशना – અહીં र् અને न् ની મધ્યમાં श् નું વ્યવધાન છે તેથી આ સૂત્ર નથી લાગતું.
- रसना – અહીં र् અને न् ની મધ્યમાં स् નું વ્યવધાન છે તેથી આ સૂત્ર નથી લાગતું.

**પ્રશ્ન :-** સૂત્રમાં "पदे" એમ ન લખતાં "एकपदे" એ પ્રમાણે કેમ લખ્યું ?.

**જવાબ :-** "पदे" એ પ્રમાણે લખ્યું હોત તો સિદ્ધ જ હતું પણ "एकपदे" લખીને એમ જણાવે છે કે નિમિત્ત અને નિમિત્તી એ બંને એક જ પદમાં હોવા જોઈએ, કોઈપણ રીતે જુદા ન હોવા જોઈએ, દા.ત. चर्मनासिकः । સમાસની અપેક્ષાએ એકપદમાં હોવા છતાં પણ "प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते" આ ન્યાયથી સમાસમાં અન્તવર્તિ વિભક્તિની અપેક્ષાએ ભિન્નપદ હોવાથી न् નો ण् થતો નથી.

આ સૂત્ર અધિકાર સૂત્ર છે. ૨-૩-૯૬ णत्व વિધિ સુધી આ સૂત્રનો અધિકાર ચાલે છે.

## पूर्वपदस्थान्नाम्न्यगः । २-३-६४

**અર્થ :-** ग् જેને અંતે છે તેવા પૂર્વપદ સિવાયના કોઈપણ પૂર્વપદમાં રહેલાં र् ष् અને ऋ વર્ણથી પર રહેલાં ઉત્તરપદના न् નો સંજ્ઞાના વિષયમાં ण् થાય છે.

**સૂત્રસમાસ :-** पूर्वपदे तिष्ठति - पूर्वपदस्थः, तस्मात्. न विद्यते ग् यस्य सः - अग्, तस्मात् (નઞ્. ત.)

**વિવેચન :-** द्रुः इव नासिका यस्य सः – द्रुणसः-अस्थूलाच्च नसः ૭-૩-૧૬૧ થી બહુ. સમાસમાં नासिका નો नस् આદેશ થાય છે, પછી આ સૂત્રથી ઉત્તરપદમાં રહેલાં न् નો ण् થયો છે.

- खरवत् नासिका यस्य असौ - खरणाः – खर-खुरात्... ૭-૩-૧૬૦ થી

नासिका નો नस् આદેશ થયો પછી આ સૂત્રથી न् નો ण् થયો.

- शूर्पाऽऽकारा नखाः यस्याः सा – शूर्पणखा - આ સૂત્રથી न् નો ण् થયો.

**नाम्नीति किम् ?** मेषनासिकः – मेष इव नासिका यस्य सः । અહીં સંજ્ઞાનો વિષય નથી માટે આ સૂત્ર નથી લાગતું.

**अग इति किम् ?** ऋगयनम् – ऋचाम् अयनम् અહીં ग् અંતવાળું પૂર્વ પદ છે, સૂત્રમાં તેનો નિષેધ છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

પૂર્વ સૂત્રમાં એક જ પદમાં હોય તો णत्व નું વિધાન છે તેથી ઉત્તરપદમાં રહેલાં न કારના णत्व ની પ્રાપ્તિ ન હતી તેથી તેની પ્રાપ્તિ માટે આ સૂત્રની રચના કરી છે.

## नसस्य । २-३-६५

**અર્થ :-** પૂર્વપદમાં રહેલાં र् ष् અને ऋ વર્ણથી પર રહેલાં नस् ના न् નો ण् થાય છે.

**વિવેચન :-** प्रणसः – प्रगता प्रवृद्धा वा नासिका यस्य सः । उपसर्गात् ७-३-१६२ થી नासिका નો नस् આદેશ થયો, આ સૂત્રથી न् ના ण् થયો. ઉપરના સૂત્રથી આ સૂત્ર પૃથક્ કર્યું હોવાથી "नाम्नि" ની નિવૃત્તિ થઈ.

## निष्प्रा-ऽग्रे-ऽन्तः-खदिर-कार्श्या-ऽऽम्र-शरेक्षु-प्लक्ष-पीयुक्षाभ्यो वनस्य ।२-३-६६

**અર્થ :-** निर्, प्र, अग्रे, अन्तर्, खदिर, कार्श्य, आम्र, शर, इक्षु, प्लक्ष અને पीयुक्षा શબ્દથી પર રહેલાં वन શબ્દના न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** निश्च प्रश्च अग्रे च अन्तश्च खदिरश्च कार्श्यश्च आम्रश्च शरश्च इक्षुश्च प्लक्षश्च पीयुक्षा च – निष्प्राग्रेन्तःखदिरकार्श्याम्रशरेक्षुप्लक्षपीयुक्षाः, ताभ्यः (ઇત.દ્વ.)

**વિવેચન :-** वनात् निष्क्रान्तः - निर्वणम्. निर्गतम् वनम् यस्मात् तद् - निर्वणम् = વનમાંથી નીકળેલ.

- प्रकृष्टम् प्रगतम् वा वनम् यत् तद् - प्रवणम् = શ્રેષ્ઠ વન.
- वनस्य अग्रे - अग्रेवणम् = વનની સીમા, વનનો અંતિમ છેડો.

पारे मध्येऽग्रे... ૩-૧-૩૦ થી અવ્યયી સમાસ, अग्र નું સૂત્રત્વાત્ अग्रे.

- वनस्य अन्तः - अन्तर्वणम् = વનની અંદર.
- खदिराणाम् वनम् - खदिरवणम् = ખેરના વૃક્ષોનું વન.
- कार्श्यार्णाम् वनम् - कार्श्यवणम् = સાગના ઝાડનું વન.
- आम्राणाम् वनम् - आम्रवणम् = આમ્રવૃક્ષનું વન.
- शराणाम् वनम् - शरवणम् = કાસડાનું વન.
- इक्षूणाम् वनम् - इक्षुवणम् = શેરડીનું વન.
- प्लक्षाणाम् वनम् - प्लक्षवणम् = પીપળાના વૃક્ષોનું વન.
- पीयुक्षाणाम् वनम् - पीयुक्षावणम् = ખાખરાનું વન.

સૂત્રમાં બહુવચન વ્યાપ્તિને માટે છે તેથી સંજ્ઞામાં અને અસંજ્ઞામાં બંનેમાં આ સૂત્ર લાગશે, અન્યથા कोटर-मिश्रक...૩-૨-૭૬ માં કહેલા નિયમના સામર્થ્યથી આ સૂત્ર સંજ્ઞામાં ન લાગત.

## द्वि-त्रिस्वरौषधि-वृक्षेभ्यो नवाऽनिरिकादिभ्यः । २-३-६७

**અર્થ :-** इरिका વિગેરે શબ્દોને વર્જીને બે સ્વરવાળા અને ત્રણ સ્વરવાળા ઔષધિવાચક અને વૃક્ષવાચક શબ્દોથી પર वन શબ્દના न् નો ण् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** द्वौ च त्रयश्च - द्वित्रयः (ઇત.દ્વ.) द्वित्रयः स्वराः येषाम् ते - द्वित्रिस्वराः (બહુ.) औषधयश्च वृक्षाश्च - औषधिवृक्षाः (ઇત.દ્વ) द्वित्रिस्वराश्च ते औषधिवृक्षाश्च - द्वित्रिस्वरौषधिवृक्षाः, तेभ्यः (કર્મ.) इरिका आदिः येषाम् ते - इरिकादयः (બહુ.) न इरिकादयः - अनिरिकादयः, तेभ्यः (નઞ્.ત.)

**વિવેચન :- ઔષધિવાચક –** दुर्वाणाम् वनम् - दुर्वावणम्, दुर्वावनम् = દુર્વા ઘાસનું વન. દુર્વા ઘાસ એક પ્રકારની ઔષધિ છે.

- माषाणाम् वनम् - माषवणम्, माषवनम् = માષવૃક્ષોનું વન.
- नीवाराणाम् वनम् - नीवारवणम्, नीवारवनम् = સામાન્ય ઘાસનું વન.

**વૃક્ષવાચક –** शिग्रूणाम् वनम् - शिग्रुवणम्, शिग्रुवनम् ।

- शिरीषाणाम् वनम् - शिरीषवणम्, शिरीषवनम् ।

  **इरिकादि वर्जनम् किम् ?** इरिकावनम् – આ સૂત્રમાં इरिका આદિનું વર્જન કર્યું છે તેથી न् નો ण् ન થયો.

- औषध्यः फलपाकान्ता, लता गुल्माश्च वीरुधः ।

  फली वनस्पतिर्ज्ञेयो, वृक्षाः पुष्पं फलोपगाः ॥

- ઔષધિ = ફળ પાક્યા પછી જેનો વિનાશ થાય તે દા.ત. ઘઉં, મગ વિગેરે.

- વીરુધ = લતા, માલતી, ગુલ્મ, વાંસ, ઈક્ષુ વગેરે.

- વનસ્પતિ = પુષ્પ વિના પણ ફળવાળી જે હોય તેવી વનસ્પતિ.

- વૃક્ષ = પુષ્પ અને ફળયુક્ત જે હોય તે, પોતપોતાની ઋતુમાં પુષ્પ અને ફળ આપે તે.

  આ પ્રમાણે ભેદ હોવા છતાં પણ સૂત્રમાં 'वृक्षेभ्यः' એમ બ.વ. મૂક્યું છે તેથી વનસ્પતિનું પણ અહીં ગ્રહણ કરવું. બહુવચનના સામર્થ્યથી જ અહીં યથાસંખ્ય થઈ શકતું નથી, તેમ જ અહીં પણ સંજ્ઞામાં અને અસંજ્ઞામાં બંનેમાં આ સૂત્ર લાગે છે.

  વૃક્ષ શબ્દથી અહીં વૃક્ષવિશેષ લેવાના છે પણ 'વૃક્ષ' શબ્દ કે વૃક્ષ ના પર્યાયવાળા શબ્દો ગ્રહણ કરવાના નથી. દા.ત. **वृक्षवनम्, द्रुमवनम्** વગેરે, અહીં न् નો ण् થતો નથી.

## गिरिनद्यादीनाम् । २-३-६८

**અર્થ :-** गिरिनदी વગેરે ગણપાઠમાં જે નામો છે, તે નામના न् નો ण् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** गिरिनदी आदिः येषाम् ते - गिरिनद्यादयः, तेषाम् (બહુ.)

**વિવેચન :-** गिरिणदी, गिरिनदी, तूर्यमाणः, तूर्यमानः ।

સૂત્રમાં બહુવચન કર્યું છે તેથી અન્યમાં પણ આ સૂત્ર લાગે. तूर्यमाणः – तूर्यम् मानम् अस्य । અહીં નિમિત્ત અને નિમિત્તી એ બંનેનો એક જ પદમાં અભાવ હોવાથી न् નો ण् થવાની પ્રાપ્તિ જ ન હતી પણ આ સૂત્રથી વિકલ્પે પ્રાપ્તિ થઈ.

## पानस्य भावकरणे । २-३-६९

**અર્થ :-** પૂર્વપદમાં र्, ष्, અને ऋ વર્ણથી પર રહેલાં ભાવ અને કરણ અર્થમાં પાન શબ્દના न् નો ण् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** भावश्च करणम् च एतयोः समाहारः - भावकरणम्, तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન :-** क्षीरस्य पानम् क्षीरपाणम्, क्षीरपानम् = ખીરનું પીવું તે. कषायः पीयते अनेन कषायपाणः, कषायपानः कंसः = મદીરા પીવાંનું પાત્ર.

## देशे । २-३-७०

**અર્થ :-** 'देश' અર્થમાં પૂર્વપદમાં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર 'पान' શબ્દના न् નો ण् થાય છે.

**વિવેચન :-** पीयते इति पानम् ।

क्षीरम् पानम् येषाम् ते - क्षीरपाणा उशीनराः = દૂધનું પાન કરવાવાળા ઉશીનર દેશના લોકો. અહીં દેશ અર્થ છે તેથી આ સૂત્રથી न् નો ण् થયો.

**देश इति किम् ?** क्षीरपाना गोदुहः = દૂધ પીવાવાળા રબારી. અહીં દેશ અર્થ નથી માટે આ સૂત્ર નથી લાગ્યું.

ઉપરના સૂત્રથી આ સૂત્ર અલગ કર્યું તેથી नवा ની નિવૃત્તિ થઈ.

## ग्रामाऽग्रान्नियः । २-३-७१

**અર્થ :-** ग्राम અને अग्र થી પર રહેલાં नी ના न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** ग्रामश्च अग्रम् च एतयोः समाहारः - ग्रामाग्रम्, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન :-** ग्रामम् नयति इति क्विप् - ग्रामणीः = મુખી.

- अग्रम् नयति इति क्विप् - अग्रणीः = પ્રમુખ, નેતા.

रषृवर्णा...૨-૩-૬૩ ની न् નો ण् સિદ્ધ જ હતો છતાં પણ આ સૂત્રની રચના કરી છે તેથી નિયમ એ થયો કે खरनी, मेषनी વિગેરેમાં न् નો ण्-रषृवर्णा ...૨-૩-૬૩ થી પણ હવે નહીં થાય.

## वाह्याद् वाहनस्य । २-३-७२

**અર્થ :-** વાહ્યવાચક (વહન કરવા યોગ્ય અર્થવાળા) પૂર્વપદના र्, ष्, અને ऋ વર્ણથી પર રહેલાં વાહન શબ્દના न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** ऊह्यते अनेन - वहनम् । वहनम् एव-वाहनम्, तस्य.

**વિવેચન :-** इक्षूणाम् वाहनम् – इक्षुवाहनम् = શેરડીનું વાહન. करणाऽऽधारे...५-३-१२९ થી अनट् થયો, આ સૂત્રથી न् નો ण् થયો.

**वाह्यादिति किम् ?** सुराणाम् वाहनम् – सुरवाहनम् - प्रज्ञादिभ्योऽण् ७-२-१६५ થી अण् પ્રત્યય.

અહીં સ્વસ્વામીભાવ સંબંધની જ વિવક્ષા છે. વહનક્રિયા કરવા પૂર્વકનો કર્મ-કરણ સંબંધ નથી.

## अतोऽह्नस्य । २-३-७३

**અર્થ :-** र्, ष् અને ऋ વર્ણવાળા अ કારાન્ત પૂર્વપદથી પર अह्न શબ્દના न् નો ण् થાય છે.

**વિવેચન :-** अह्नः पूर्वम् - पूर्वाह्णः = દિવસનો પૂર્વભાગ. सर्वांश संख्या... ७-૩-૧૧૮ થી अट् સમાસાન્ત અને अहन् નો अह्न, આ સૂત્રથી न् નો ण् થયો.

**अत इति किम् ?** दुरह्नः – दुष्टम् अहः - दुरह्नः = ખરાબ દિવસ. અહીં अकारान्त પૂર્વપદ નથી તેથી આ સૂત્ર ન લાગ્યું.

**अह्नस्येति किम् ?** दीर्घाह्नी शरत् = લાંબા દિવસવાળી શરદઋતુ. दीर्घानि अहानि यस्याम् शरदि सा । अनो वा २-४-११ થી ङी પ્રત્યય, इडौ वा २-१-१०९ થી अन् ના अ નો લોપ. અહીં अह्न સંબંધી न् નથી પરંતુ अह्नी સંબંધી न् છે તેથી આ સૂત્ર નથી લાગ્યું.

## चतुस्त्रेर्हायनस्य वयसि । २-३-७४

**અર્થ :-** "वय" અર્થ ગમ્યમાન હોતે છતે चतुर् અને त्रि પૂર્વપદથી પર રહેલાં हायन શબ્દના न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** चत्वारश्च त्रयश्च एतयोः समाहारः – चतुस्त्रि, तस्मात् (સમા.દ્વ.)

जहाति कालान्तरम् - हायनः, तस्य.

**વિવેચન :-** चत्वारो हायना यस्य सः – चतुर्हायणो वत्सः ।

● त्रयः हायना यस्याः सा – त्रिहायणी वडवा – संख्यादे... ૨-૪-૯ થી ङी પ્રત્યય, આ સૂત્રથી न् નો ण् થયો.

**वयसीति किम् ?** चत्वारः हायना यस्याः सा - चतुर्हायना शाला = ચાર વર્ષ જુની શાળા. અહીં કાલકૃત શરીરાવસ્થા સ્વરૂપ વય (બાલ્ય-યૌવન વય) ગમ્યમાન નથી તેથી આ સૂત્ર ન લાગ્યું.

## वोत्तरपदान्तन-स्यादेरयुव-पक्वा-ऽह्नः । २-३-७५

**અર્થ :-** પૂર્વપદમાં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં युवन्, पक्व અને अहन् સંબંધી ન હોય તેવા ઉત્તરપદને અંતે રહેલાં न् નો, આગમભૂત न् નો અને स्यादि સંબધી न् નો વિકલ્પે ण् થાય છે.

**સૂત્રસમાસ :-** उत्तरम् च तद् पदम् च - उत्तरपदम् (કર્મ.) उत्तरपदस्य अन्तः - उत्तरपदान्तः (ષષ્ઠી. ત.) उत्तरपदान्तश्च नश्च स्यादिश्च एतेषाम् समाहारः-उत्तरपदान्तनस्यादिः, तस्य (સમા.દ્વ.) અહીં લાઘવને માટે નપુંસકલિંગને બદલે પુંલિંગ ષ.એ.વ. કર્યું છે. युवा च पक्व च अहा च एतेषाम् समाहारः - युवपक्वाहन् (સમા.દ્વ.) न युवपक्वाहन् - अयुवपक्वाहन्, तस्य (નઞ્. ત.)

**વિવેચન :-** व्रीहीन् वपते इत्येवं शीलौ – व्रीहिवापिणौ = સારી રીતે ચોખા વાવનારા બે. વિકલ્પપક્ષે व्रीहिवापिनौ. અથવા

व्रीहीन् पुनः पुनः वपन्ति - व्रीहिवापी, तौ व्रीहिवापिणौ.

व्रीहि + वप् – व्रताऽऽभीक्ष्ण्ये ૫-૧-૧૫૭ થી णिन् પ્રત્યય.

ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ. અહીં પૂર્વપદ व्रीहि માં र् છે અને ઉત્તરપદ वापिन् માં અંતે न् છે તેથી આ સૂત્રથી न् નો ण् વિકલ્પે થયો.

● *माषवापाणि, माषवापानि* = અડદને વાવનારા. माषान् वपन्ति.

माष+वप् – कर्मणोऽण् ૫-૧-૭૨ થી अण् પ્રત્યય.

माष+वप्+अण् — ञ्णिति ४-३-५० थी वप् ना अ नो आ.

माषवाप् + अ + जस्-शस् — नपुंसकस्य शिः १-४-५५ थी जस्-शस् नो इ.

माषवाप+इ — स्वराच्छौ १-४-६५ थी न् આગમ.

माषवाप+न्+इ — निदीर्घः १-४-८५ थी पूर्वनो स्वर दीर्घ.

माषवापानि — અહીં પૂર્વપદ माष માં ष् છે અને ઉત્તરપદમાં આગમભૂત न् છે તેથી આ સૂત્રથી न् નો ण् વિકલ્પે થવાથી माषवापाणि, माषवापानि થયું.

- व्रीहिवापेण, व्रीहिवापेन —

व्रीहिवाप + टा — टङसोरिन-स्यौ १-४-५ थी टा नो इन.

व्रीहिवाप + इन — अवर्णस्ये... १-२-६ थी अ+इ = ए.

व्रीहिवापेन થયું. અહીં પૂર્વપદ व्रीहि શબ્દમાં र् છે અને ઉત્તરપદમાં स्यादि સંબંધી इन નો न् છે તેથી આ સૂત્રથી न् નો ण् વિકલ્પે થવાથી व्रीहिवापेण, व्रीहिवापेन થયું.

**युवादिवर्जनं किम् ?** आर्ययुना = આર્ય યુવાન વડે.

आर्यश्चासौ युवा च - आर्ययुवा, तेन आर्ययुना. અહીં श्वन् युवन् ...२-१-१०६ थी व् नो उ थाय છે. ઉત્તરપદને અંતે न् છે તેથી પ્રાપ્તિ હતી પણ આ સૂત્રમાં युवन् નું વર્જન છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

- प्रपक्वानि — प्रकर्षेण पक्वानि = સારી રીતે પાકેલા.

पच् ધાતુ. — क्त-क्तवतू ५-१-१७४ थी क्त પ્રત્યય.

पच् + क्त — चजः कगम् २-१-८६ थी च् नो क्.

पक् + त — क्षै-शुषि... ४-२-७८ थी त् नो व्.

पक् + व - पक्व + आनि - पक्वानि અહીં આગમભૂત न् હોવાથી પ્રાપ્તિ હતી પણ આ સૂત્રમાં पक्व નું વર્જન હોવાથી न् નો ण् થયો નથી.

- दीर्घाह्नी शरत् — अह्न નું વર્જન હોવાથી અહીં न् નો ण् થયો નથી.

## कवर्गैकस्वरवति । २-३-७६

અર્થ :- પૂર્વપદમાં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર क વર્ગીય અને એકસ્વરીય

શબ્દો ઉત્તરપદમાં હોતે છતે ઉત્તરપદના અંતે રહેલાં न् નો, આગમ તરીકે આવેલા न् નો અને स्यादि સંબધી न् નો વિકલ્પે ण् થાય છે. પણ જો તે पक्र સંબંધી ન હોય તો.

**સૂત્રસમાસ :-** एकश्चासौ स्वरश्च – एकस्वरः (કર્મ.)

कवर्गश्च एकस्वरश्च एतयोः समाहारः – कवर्गैकस्वरम् (સમા.દ્વ.)

कवर्गैकस्वरम् अस्य अस्ति – कवर्गैकस्वरवान्, तस्मिन् (બહુ.)

**વિવેચન :-** स्वर्गम् कामयेते इत्येवं शीलौ-स्वर्गकामिणौ=સ્વર્ગને ઇચ્છનારા બે.

स्वर्ग + कामि – स्वर्गकामिन् - अजातेः शीले ૫-૧-૧૫૪ થી णिन् થાય.

અહીં પૂર્વપદ "स्वर्ग" શબ્દમાં र् છે તેનાથી પર ઉત્તરપદમાં क् છે અને અંતે વર્તમાન न् છે તેથી આ સૂત્રથી न् નો ण् થયો.

- वृषे गच्छन् इत्येवं शीलौ - वृषगामिणौ = બળદ ઉપર (બેસીને) જવાના સ્વભાવવાળા. અહીં "वृष" પૂર્વપદમાં ऋ છે, તેનાથી પર ઉત્તરપદમાં क વર્ગીય વર્ણ ग् છે અને અંતે न् છે તેથી આ સૂત્રથી न् નો ण् થયો છે.

- ब्रह्म हतवन्तौ इति क्विप् – ब्रह्महणौ = બ્રહ્મહત્યા કરનારા બે. ब्रह्म भ्रूण...૫-૧-૧૬૧ થી क्विप् પ્રત્યય લાગ્યો છે. અહીં પૂર્વપદમાં રહેલાં ब्रह्म શબ્દના र् થી પર રહેલાં એકસ્વરવાળા हन् ઉત્તરપદમાં અંતે રહેલાં न् નો આ સૂત્રથી ण् થયો છે.

- यूषम् पिबन्ति - यूषपाणि ।

**यूष + पा – आतो डोऽह्वा... ૫-૧-૭૬ થી ड પ્રત્યય.**

यूष + पा + ड – डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી અંત્ય સ્વરાદિનો લોપ.

यूष + प् + अ + जस्-शस् – नपुंसकस्य शिः ૧-૪-૫૫ થી जस्-शस् નો शि.

यूषप + शि – स्वराच्छौ ૧-૪-૬૫ થી न् નો આગમ.

यूषप + न् + शि – निदीर्घः ૧-૪-૮૫ થી प ના अ નો आ.

यूषपानि – અહીં પૂર્વપદ यूष માં ष् છે અને તેનાથી પર એકસ્વરવાળું

ઉત્તરપદ છે અને આગમભૂત न् છે તેથી આ સૂત્રથી न् નો ण् થવાથી यूषपाणि થયું.

**अपक्वस्येत्येव –** क्षीरपक्केन = ખીરમાં રંધાયેલ વડે.

क्षीरे पच्यन्ते स्म – क्षीरपक्कम्, तेन – पक्व નું આ સૂત્રમાં વર્જન હોવાથી અહીં न् નો ण् થતો નથી.

**પ્રશ્ન :-** પૂર્વના સૂત્રમાં युवन् આદિ ત્રણ શબ્દોનું વર્જન હતું, તો અહીં માત્ર पक्क નું જ વર્જન શા માટે ?

**જવાબ :-** युवन् અને अहन् માં આ સૂત્રથી પ્રાપ્તિ જ નથી તેથી વર્જન થઈ જ જાય છે, पक्क માં પ્રાપ્તિ હતી તેથી અહીં તેનું વર્જન કર્યું છે.

रषृवर्णान्नो...૨-૩-૬૩ થી નિત્ય પ્રાપ્તિ હતી, તેને અટકાવી वोत्तरपदान्तन...૨-૩-૭૫ થી વિકલ્પે ण् કર્યો, તેનો પણ નિષેધ કરીને આ સૂત્રે ફરીથી નિત્ય પ્રાપ્તિ કરી.

## अदुरुपसर्गान्तरो ण-हिनु मीनाऽऽनेः । २-३-७७

**અર્થ:-** दुर् ઉપસર્ગને વર્જીને અન્ય ઉપસર્ગમાં રહેલાં, તેમ જ अन्तर् શબ્દમાં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર ण ઉપદેશવાળા ધાતુઓ (જે ધાતુ ण् થી શરૂ થાય તે), हिनु, मीना તેમ જ आनिव् (આજ્ઞાર્થ પ્ર.એ.વ.) ના न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** न दुर् - अदुर् (નઞ્.ત.) अदुर् चासौ उपसर्गश्च – अदुरुपसर्गः (કર્મ.) अदुरुपसर्गश्च अन्तर् च एतयोः समाहारः – अदुरुपसर्गान्तः, तस्मात् (સમા.દ્વ.) णश्च हिनुश्च मीनाच आनिश्च एतेषां समाहारः– ण-हिनु-मीनाऽऽनि, तस्य. (સમા.દ્વ.)

- णेति - णोपदेशा धातवः–प्रणमति, परिणायकः, अन्तर्णयति.
- प्रणमति – प्र + नम् = નમસ્કાર કરે છે.
- परिणयति - परिणायकः – परि + नी, णक-तृचौ ૫-૧-૪૮ થી णक પ્રત્યય.
- अन्तर्णयति – अन्तर् + नी.

આ ત્રણેય દૃષ્ટાંતમાં ઉપસર્ગના અને अन्तर् ના र् થી પર न् નો ण्

આ સૂત્રથી થયો છે.

- हिनु – प्रहिणुतः- प्र + हि = વધવું, જવું. स्वादेः श्नुः ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય થવાથી प्र + हि + श्नु આ સૂત્રથી न् નો ण् થયો.
- मीना – प्रमीणीतः – प्र + मा = મારવું, વધ કરવો. क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય, एषामीर्व्य.... ૪-૨-૯૭ થી मा નો मी.
- आनिव् – प्रयाणि – प्र + या + आनिव् – ૩-૩-૮ થી आनिव् પ્રત્યય. ત્રણેમાં આ સૂત્રથી न् નો ण् થયો છે.

**अदुरिति किम् ? दुर्नयः** સૂત્રમાં दुर् નું વર્જન કર્યું હોવાથી અહીં न् નો ण् થયો નથી.

हिनु-मीना અને आनि ના ગ્રહણથી સમાસનો અસંભવ છે તેથી "पूर्वपदस्थात्" ની નિવૃત્તિ થઈ.

સૂત્રમાં 'ण' મૂક્યો છે તેનાથી 'ण' છે આદિમાં જેને એવા ધાતુઓ ગ્રહણ કરવાના છે.

पाठे धात्वादेर्णो नः ૨-૩-૯૭ થી ધાતુ પાઠમાં ण् થી શરુ થતાં જે ધાતુઓ છે તેનો न થાય છે. ધાતુપાઠમાં नम् માં મૂળધાતુ णम् છે. परिणयति – नी માં णींग् ધાતુ છે.

## नशः शः । २-३-७८

**અર્થ :-** दुर् વર્જીને ઉપસર્ગમાં રહેલાં અને अन्तर् માં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર श् અંતવાળા नश् ના न् નો ण् થાય છે.

**વિવેચન :-** प्रणश्यति, अन्तर्णश्यति – दिवादेः श्यः ૩-૪-૭૨ થી नश् ને श्य પ્રત્યય થયો, આ સૂત્રથી न् નો ण् થયો.

**श इति किम् ?** प्रनङ्क्ष्यति – नश् = નષ્ટ થવું, ભાગી જવું.

प्र + नश् + स्यति – नशो धुटि ૪-૪-૧૦૯ થી न् આગમ.

प्र + नन्श् + स्यति – यज-सृज... ૨-૧-૮૭ થી श् નો ष्.

प्र + नन्ष् + स्यति – ष-ढोः कस्सि ૨-૧-૬૨ થી ष् નો क्.

प्र + नन्क् + स्यति – नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

प्र + नन्क् + ष्यति – म्नां धुड्... ૧-૩-૩૯ થી न् નો ङ्

प्र + नङ्क् + ष्यति – प्रनङ्क्ष्यति. અહીં श् અંતવાળો नश् નથી માટે આ સૂત્રથી न् નો ण् ન થયો.

**प्रश्न :-** અહીં પ્રથમ श् અંતવાળા नश् ના न् નો ण् કરી દો તો ન ચાલે ?

**જવાબ :-** વાત સાચી છે, પણ એક આપત્તિ આવશે.

प्र + नश् + स्यति – આ સૂત્રથી न् નો ण्

प्र + णश् + स्यति – यज-सृज... ૨-૧-૮૭ થી श् નો ष्

प्र + णष् + स्यति – હવે અહીં श् નો ष् થયો તેથી "निमित्तापाये नैमित्तिकस्याप्यपायः" આ ન્યાયથી श् રુપ નિમિત્ત દૂર થવાથી તેના નિમિત્તે થયેલો ण् પણ દૂર થઇ જશે તેથી न् જ રહેશે માટે नष् થઇ જવાથી આ સૂત્ર નહીં લાગે.

**प्रश्न :-** પરંતુ ष् ને અસત્ માની श् માનીએ તો આપત્તિ રહે નહીં અને न् નો ण् રહે જ.

**જવાબ :-** હા, ष् ને અસત્ માનીએ તો એવું થાય પણ णषमसत्परे... ૨-૧-૬૦ માં સૂત્રમાં પ્રથમ ण् લખ્યો છે અને પછી ष् લખ્યો છે. તેનો આશય એ છે કે णत्व નું કાર્ય કરવામાં षत्व પર હોવાના કારણે અસત્ થાય નહીં પણ षत्व કાર્યમાં णत्व અસત્ થાય છે તેથી न् નો ण् કોઇપણ રીતે નહીં જ થઇ શકે.

नश् ધાતુ णोपदेश ન હોવાથી પૂર્વસૂત્રથી સિદ્ધ ન હતું પણ અહીં न् નો ण् કરવો છે તેથી આ સૂત્રની રચના કરી છે. પાણિની વ્યાકરણમાં णश् ધાતુ णोपदेश મનાય છે.

## ने-र्मा-दा-पत-पद-नद-गद-वपी-वही-शमू-चिग्-याति-वाति-द्राति-प्साति-स्यति-हन्ति-देग्धौ । २-३-७९

**અર્થ :-** दुर् ઉપસર્ગને વર્જીને અન્ય ઉપસર્ગ અને अन्तर् શબ્દમાં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં नि ઉપસર્ગના न् નો , તેનાથી પરમાં જો

माङ्, दा સંજ્ઞક ધાતુઓ, पत्, पद्, नद्, गद्, वप्, वह्, शम्, चि, या, वा, द्रा, प्सा, सो, हन् અને दिह् ધાતુ હોય તો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** ङकारेण उपलक्षितः मा – ङ्मा

ङ्माश्च दाश्च पतश्च पदश्च नदश्च गदश्च वपीश्च वहीश्च शमूश्च चिग् च यातिश्च वातिश्च द्रातिश्च प्सातिश्च स्यतिश्च हन्तिश्च देग्धिश्च एतेषां समाहारः – ङ्मा-दा-पत-पद-नद-गद-वपी-वही-शमू-चिग्-याति-वाति-द्राति-प्साति-स्यति-हन्ति-देग्धिः, तस्मिन् (સમા. દ્વ.)

સૂત્રમાં લાઘવતા માટે નપુંસકલિંગને બદલે પુંલિંગ કર્યું છે.

**વિવેચન :-** (૧) प्रणिमिमीते – मा = માપવું. प्रनि + मा + ते – हवः शिति ૪-૧-૧૨ થી દ્વિત્વ.

प्रनि + मामा + ते – एषामी... ૪-૨-૯૭ मा ના आ નો ई.

प्रनि + मामी + ते – पृ-भृ-मा... ૪-૧-૫૮ થી દ્વિત્વપૂર્વના आ નો इ.

प्रनिमिमीते – આ સૂત્રથી न् નો ण् થવાથી प्रणिमिमीते થયું.

(૨) परिणिमयते – मे = બદલે આપવું. परि + नि + मे – આ સૂત્રથી न् નો ण् થયો.

(૩) प्रणिददाति – दा = આપવું. प्रनि + दा + ति – हवः शिति ૪-૧-૧૨ થી દ્વિત્વ.

प्रनि + दादा + ति – ह्रस्वः ૪-૧-૩૯ થી દ્વિત્વપૂર્વનો સ્વર હ્રસ્વ. प्रनिददाति. આ સૂત્રથી न् નો ण् થવાથી प्रणिददाति.

(૪) परिणिदयते – दे = પાળવું, રક્ષણ કરવું. ત્રી. પુ. એ. વ.

(૫) प्रणिदधाति – धा = ધારણ કરવું, ત્રી. પુ. એ. વ.

(૬) प्रणिपतति – पत् = પડવું. ત્રી. પુ. એ. વ.

(૭) परिणिपद्यते – परि + नि + पद्, ત્રી. પુ. એ. વ. पद् = પ્રાપ્ત કરવું.

(૮) प्रणिनदति – प्र + नि + नद् ધાતુ. ત્રી. પુ. એ. વ. नद् = સ્તુતિ કરવી, શબ્દ કરવો.

(૯) प्रणिगदति – प्र + नि + गद् ધાતુ. ત્રી. પુ. એ. વ. गद् =

ગર્જના કરવી; સ્પષ્ટ બોલવું.

(૧૦) प्रणिवपति – प्र + नि + वप् ધાતુ. ત્રી. પુ. એ. વ. वप् = વાવવું.

(૧૧) प्रणिवहति – प्र + नि + वह् ધાતુ. ત્રી. પુ. એ. વ. वह् = વહેવું.

(૧૨) प्रणिशाम्यति – प्र + नि + शम् ધાતુ. ત્રી. પુ. એ. વ. शम् = શાંત થવું. ૪-૨-૧૧૧ થી દીર્ઘ.

(૧૩) प्रणिचिनोति – प्र + नि + चि ધાતુ. ત્રી. પુ. એ. વ. चि = એકઠું કરવું.

(૧૪) प्रणियाति – प्र + नि + या ધાતુ. ત્રી. પુ. એ. વ. या = જવું.

(૧૫) प्रणिवाति – प्र + नि + वा ધાતુ. ત્રી. પુ. એ. વ. वा = ગતિ કરવી, સુખ મેળવવું.

(૧૬) प्रणिद्राति – प्र + नि + द्रा ધાતુ. ત્રી. પુ. એ. વ. द्रा = ઊંઘવું, પલાયન થવું.

(૧૭) प्रणिप्साति – प्र + नि + प्सा ધાતુ. ત્રી. પુ. એ. વ. प्सा = ખાવું, ભક્ષણ કરવું.

(૧૮) प्रणिस्यति – प्र + नि + सो ધાતુ. ત્રી. પુ. એ. વ. सो = નાશ કરવો, ओतः श्ये ૪-૨-૧૦૩ થી ધાતુના ओ નો લોપ.

(૧૯) प्रणिहन्ति – प्र + नि + हन् ધાતુ. ત્રી. પુ. એ. વ. हन् = હણવું.

(૨૦) प्रणिदेग्धि – प्र + नि + दिह् ધાતુ. ત્રી. પુ. એ. વ. लघोरुपा.... ૪-૩-૪ થી ગુણ.

प्र + नि + देह् + ति - भ्वादेर्दा... ૨-૧-૮૩ થી ह् નો घ्.

प्र + नि + देघ् + ति - अधश्चतुर्थात्... ૨-૧-૭૯ થી त् નો ध्.

प्र + नि + देघ् + धि - तृतीयस्तृ... ૧-૩-૪૯ થી घ् નો ग्.

प्रनिदेग्धि – આ સૂત્રથી न् નો ण् થવાથી प्रणिदेग्धि થયું.

(૨૧) अन्तर्णिमिमीते – अन्तर् + नि + मा – प्रणिमिमीते પ્રમાણે...

ङ्मा – અહીં જે ङ् નો નિર્દેશ છે તે અનુબંધ માટે નથી પરંતુ माङ् અને मेङ् એ બંનેનું ગ્રહણ કરવા માટે છે, તે સિવાયના माति-मीनाति-मिनोति સ્વરુપ मा ધાતુને અહીં ગ્રહણ કરવાના નથી.

સૂત્રમાં જે ધાતુઓ અનુબંધસહિત છે તેનું यङ्लुबन्त માં વર્જન થશે.

दा – અહીં दा સંજ્ઞક એવા दाम्, देङ्, डुदांग्क्., द्रोंच्, ट्धें, दुधांग्क् ધાતુઓ લેવાના છે.

## अक-खाद्यषान्ते पाठे वा । २-३-८०

**અર્થ :-** ધાતુપાઠમાં આદિમાં क् અને ख् હોય તેવા ધાતુઓ અને ष् અંતે હોય તેવા ધાતુને વર્જીને અન્ય ધાતુ પરમાં હોય તો दुर् વર્જીને અન્ય ઉપસર્ગ તેમજ अन्तर् ના र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં नि ઉપસર્ગના न् નો ण् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** कश्च खश्च – कखौ (ઇત. દ્વ.) कखौ आदिः यस्य सः – कखादिः (બહુ.) न कखादिः – अकखादिः (નञ् ત.) षः अन्ते यस्य सः – षान्तः (બહુ.) न षान्तः – अषान्तः (નञ् ત.) अकखादिश्च अषान्तश्च एतयोः समाहारः – अकखादिषान्तः, तस्मिन् (સમા. દ્વ.)

**વિવેચન :-** प्रणिपचति, प्रनिपचति – અહીં पच् ધાતુ क्-ख् આદિવાળો કે ष् અંતવાળો નથી તેથી प्र ના र् પછી રહેલાં नि ઉપસર્ગના न् નો ण् વિકલ્પે આ સૂત્રથી થયો.

**अकखादीति किम् ?** प्रनिकरोति – कृ ધાતુ क् આદિવાળો છે તેથી આ સૂત્ર નથી લાગ્યું.

● प्रनिखनति – खन् ધાતુ ख् આદિવાળો છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

**अषान्त इति किम् ?** प्रनिद्वेष्टि – द्विष् ધાતુ ष् અંતવાળો હોવાથી આ સૂત્ર લાગ્યું નથી.

**पाठ इति किम् ?** प्रनिचकार – પરોક્ષા ત્રી. પુ. એ. વ. છે. પરોક્ષાને *કારણે દ્વિત્વ થયું છે તેથી ધાતુમાં च् આદિમાં છે- પણ ધાતુપાઠમાં તો* આદિમાં क् જ છે માટે આ સૂત્રથી न् નો ण् થયો નથી.

પૂર્વસૂત્ર ૨-૩-૭૯ ના સામર્થ્યથી તે સૂત્રમાં કહેલાં ધાતુથી ભિન્ન એવા ધાતુ માટે જ આ સૂત્ર લાગશે. તે ધાતુઓ માટે તો નિત્ય न् નો ण् થશે.

## द्वित्वेऽप्यन्तेप्यनितेः परेस्तु वा । २-३-८१

**અર્થ :-** दुर् સિવાયના ઉપસર્ગના અને अन्तर् ના र्, ष् અને ऋ વર્ણથી પર अन् ધાતુના न् નો, જો ધાતુ દ્વિત્વ થયો હોય કે ન થયો હોય તેમજ અંતે હોય અથવા ન હોય તો પણ ण् થાય છે. પરંતુ परि ઉપસર્ગ થી પર હોય તો न् નો ण् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** प्राणिणिषति – प्राणितुम् इच्छति ।

प्र + अन् + ति – तुमर्हादि... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

प्र + अन् + सन् + ति – स्ताद्यशितो... ૪-૪-૩૨ થી सन् પૂર્વે इट्.

प्र + अन् + इ + सन् + ति – स्वरादे... ૪-૧-૪ થી દ્વિતીય એક સ્વરાંશ દ્વિત્વ.

प्र + अनिनि + सन् + ति – આ સૂત્રથી બંને न् નો ण् થાય છે. તેથી प्राणिणिषति થયું – અહીં દ્વિત્વમાં ण् થયો છે.

- पराणिति – परा + अन् – रुत्पञ्चका... ૪-૪-૮૮ થી इट्. આ સૂત્રથી અદ્વિત્વ એવા न् નો ण् થયો છે.
- हे प्राण् ! – प्राणिति इति क्विप् – અંતે न् નો ण् થયો છે.
- पर्यणिणिषति, पर्यनिनिषति – અહીં परि ઉપસર્ગથી પર દ્વિત્વમાં બંને न् નો ण् આ સૂત્રથી વિકલ્પે થયો છે.
- पर्यणिति, पर्यनिति – परि ઉપસર્ગથી પર अन् ના न् નો અદ્વિત્વમાં વિકલ્પે ण् આ સૂત્રથી થયો છે.
- हे पर्यण् !, हे पर्यन् ! – परि ઉપસર્ગથી પર अन् ના न् નો અંતમાં વિકલ્પે ण् આ સૂત્રથી થયો છે.

દ્વિત્વના વિષયમાં બંને न् નો ण् આ સૂત્રથી જ થાય છે. નહીંતર બીજા न् માં ट વર્ગીય એવા ण् ના વ્યવધાનથી न् નો ण् ન થાત.

પૂર્વના સૂત્રમાં अनन्त નો અધિકાર હતો માટે આ સૂત્રમાં अन्त નું

ગ્રહણ કર્યું છે.

अनिति માં तिव् નો નિર્દેશ છે તે यङ्लुबन्तनी નિવૃત્તિ માટે નથી પણ ચોથા ગણનો अन् ન લેતાં બીજા ગણનો લેવા માટે છે. यङ् પ્રત્યય વ્યંજનાદિ ધાતુથી થાય છે, સ્વરાદિ ધાતુથી થતો નથી માટે અહીં પ્રાપ્તિ જ નથી.

## हनः । २-३-८२

**અર્થ :-** दुर् વર્જીને અન્ય ઉપસર્ગ તેમજ अन्तर् ના र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં हन् ના न् નો ण् થાય છે.

**વિવેચન :-** प्रहण्यते, अन्तर्हण्यते – हनो घि २-૩-૯૪ થી प्रघ्नन्ति વિગેરેમાં न् ના ण् નો નિષેધ કરેલ છે તેથી તે તે પ્રયોગોમાં न् નો ण् થશે નહીં.

## व-मि वा । २-३-८३

**અર્થ :-** दुर् વર્જીને અન્ય ઉપસર્ગ તેમજ अन्तर् ના र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં हन् ના न् નો ण्, व् અને म् થી શરુ થતાં પ્રત્યયો પર છતાં વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** वश्च म् च एतयोः समाहारः – वम्, तस्मिन् (સમા. દ્વ.)

**વિવેચન :-** प्रहण्व, प्रहन्वः, प्रहण्मि, प्रहन्मि, अन्तर्हण्वः, अन्तर्हन्वः; अन्तहण्मः, अन्तर्हन्मः – પૂર્વસૂત્રથી નિત્ય પ્રાપ્તિ હતી, તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## निंस-निक्ष-निन्दः कृति वा । २-३-८४

**અર્થ :-** कृत् પ્રત્યય પરમાં હોતે છતે दुर् ઉપસર્ગને વર્જીને અન્ય ઉપસર્ગ તેમ જ अन्तर् માં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર निंस्, निक्ष्, निन्द् ધાતુના न् નો ण् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** निंसश्च निक्षश्च निन्द् च एतेषाम् समाहारः-निंसनिक्षनिन्द्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન :-** प्रणिंसनम्, प्रनिंसनम्, प्रणिक्षणम्, प्रनिक्षणम्, प्रणिन्दनम्, प्रनिन्दनम् । निंस्-निक्ष् = ચુંબન કરવું. निन्द् = નિંદા કરવી. અહીં

अनट् પ્રત્યય છે તે कृत् પ્રત્યય છે તેથી न् નો ण् વિકલ્પે થયો છે.

**कृतीति किम् ?** प्रणिंस्ते – कृत् પ્રત્યય પરમાં નથી તેથી આ સૂત્રથી न् નો ण् થયો નથી.

"गतिकारकङस्युक्तानाम्" આ ન્યાયથી વિભક્તિ વિનાના કૃદન્તની સાથે प्र વિગેરેનો સમાસ હોતે છતે નિમિત્ત અને નિમિત્તી એ બંને એકપદમાં હોવાથી रषृवर्णा...૨-૩-૬૩ થી નિત્ય न् નો ण् થવાની પ્રાપ્તિ હતી, પણ તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## स्वरात् । २-३-८५

**અર્થ :-** दुर् વર્જીને અન્ય ઉપસર્ગ તથા अन्तर् માં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર સ્વર હોય અને તે સ્વરની પરમાં રહેલાં कृत् પ્રત્યયના न् નો ण् થાય છે.

**વિવેચન :-** प्रहायते स्म – प्रहाणः – प्र + हा - क्त-क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

प्र + हा + त – सूयत्या... ૪-૨-૭૦ થી त् નો न्.

प्र + हा + न – આ સૂત્રથી न् નો ण् થવાથી प्रहाणः થયું.

- प्रहीणः – प्रहीयते स्म, प्रजिहाति स्म वा ।

प्र + हा + न – સાધનિકા प्रहाणः પ્રમાણે અને ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી आ નો ई, અને આ સૂત્રથી न् નો ण् થયો.

गतिकारक... એ ન્યાયથી रषृवर्णा ...૨-૩-૬૩ થી અહીં કહેલા प्रहाणः, प्रहीणः પ્રયોગમાં न् નો ण् સિદ્ધ જ હતો પરંતુ प्रयायिणौ, परियायिणौ માં वोत्तरपदान्त...૨-૩-૭૫ થી અંતે રહેલાં न् નો વિકલ્પે ण् થતો હતો તેને બદલે નિત્ય ण् કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

અહીં क्त, क्तवतु, अन(अनट्), आन(आनश्) इन्, अनि, अनीय – આટલા कृत् પ્રત્યયો યથાસંભવ લેવા. प्रभुग्नः – प्र+भुज्+क्त – અહીં च-जः ...૨-૧-૮૬ થી ज् નો ग् થવાથી प्र + भुग् + त. सूयत्या... ૪-૨-૭૦ થી त નો न થવાથી प्रभुग्न થયું, તેમાં भुज् ધાતુ છે તે સ્વરાન્ત નથી પરંતુ વ્યંજનાન્ત છે તેથી આ સૂત્રથી न् નો ण् થયો નહીં.

# नाम्यादेरेव ने । २-३-८६

**અર્થ :-** दुर् વર્જીને અન્ય ઉપસર્ગ અને अन्तर् ના र्, ष् અને ऋ વર્ણથી પર न् નો આગમ થયે છતે નામી સ્વરાદિ ધાતુથી જ પરમાં રહેલાં સ્વરથી પર કૃત્ પ્રત્યયના न् નો ण् થાય છે.

**સૂત્રસમાસ :-** नामी आदिः यस्य सः – नाम्यादिः, तस्मात् (બહુ.)

**વિવેચન :-** प्रेङ्खणम् – प्र+इखू – अनट् ५-३-१२४ થી अनट् પ્રત્યય.

प्र + इख् + अनट् – उदितः... ४-४-९८ થી इ પછી न् નો આગમ.

प्र + इन्ख् + अनट् – म्नां धुड्... १-३-३९ થી न् નો ङ्

प्र + इङ्ख् + अनट् – આ સૂત્રથી નામી સ્વરાદિ न् આગમવાળા ધાતુ થી પર રહેલાં સ્વરથી પર अनट् ના न् નો ण्.

प्र + इङ्खणम् – अवर्णस्ये... १-२-६ થી अ + इ = ए. તેથી प्रेङ्खणम् થયું.

- प्रेङ्गणम् – प्र + इग् + अनट् – સાધનિકા प्रेङ्खणम् પ્રમાણે.
- प्रेङ्गणीयम् – प्र + इग् + अनीय – સાધનિકા प्रेङ्खणम् પ્રમાણે.

**नाम्यादेरिति किम् ?** प्रमङ्गनम् – प्र+मग् + अनट्. અહીં નામી સ્વરાદિ ધાતુ નથી પણ વ્યંજનાદિ ધાતુ છે તેથી આ સૂત્ર ન લાગ્યું.

**પ્રશ્ન :-** પૂર્વસૂત્રથી न् નો ण् સિદ્ધ જ હતો, તો આ સૂત્રની રચના શા માટે?

**જવાબ :-** "सिद्धे सति आरम्भो नियमार्थः" આ ન્યાયથી નિયમ એ થયો કે न् નો આગમ થયો હોય તો નામ્યાદિ ધાતુ હોય તો જ न् નો ण् થાય, જો અન્ય ધાતુ હોય તો ઉપરના સૂત્રથી પણ ન થાય.

**પ્રશ્ન :-** સૂત્રમાં एवकार શા માટે ?

**જવાબ :-** વિપરીત નિયમનો બાધ કરવા માટે. નિયમ બે પ્રકારે થઈ શકે –
(૧) નામ્યાદિ ધાતુમાં न् નો આગમ થયો હોય તો જ न् નો ण् થાય.
(૨) न् નો આગમ થયો હોય તો, નામ્યાદિ ધાતુ હોય તો જ न् નો ण् થાય. આમાં બીજો નિયમ કરવા માટે જ 'नाम्यादेः' ની પછી एवकार મૂક્યો છે.

## व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा । २-३-८७

**अर्थ :-** दुर्-વર્જીને અન્ય ઉપસર્ગ અને अन्तर् માં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર વ્યંજન આદિમાં હોય અને નામીસ્વર ઉપાન્ત્યમાં હોય તેવા ધાતુથી પર સ્વર હોય તો તેનાથી પરમાં રહેલાં कृत् પ્રત્યયના न् નો વિકલ્પે ण् થાય છે.

**સૂત્રસમાસ :-** व्यञ्जनम् आदिः यस्य सः – व्यञ्जनादिः, तस्मात्. (બહુ.)

नामी उपान्त्ये यस्य सः – नाम्युपान्त्यः, तस्मात्. (બહુ.)

**વિવેચન :-** प्रमेहणम्, प्रमेहनम् – प्र + मिह् + अनट् – मिह् ધાતુમાં વ્યંજન આદિમાં છે અને ઉપાન્ત્યમાં નામી સ્વર છે अनट् માં સ્વર પછી રહેલાં કૃત્ પ્રત્યયનાં न् નો ण् આ સૂત્રથી થયો.

**व्यञ्जनादेरिति किम् ?** प्रोहणम् – ऊह् ધાતુ – અહીં ઉપાન્ત્યમાં નામી સ્વર છે પણ ધાતુ સ્વરથી શરૂ થતો છે તેથી આ સૂત્ર નથી લાગતું તેથી स्वरात् ૨-૩-૮૫ થી न् નો નિત્ય ण् થયો છે.

**नाम्युपान्त्यादिति किम् ?** प्रवपणम्, प्रवहणम् – અહીં वप् અને वह् ધાતુ વ્યંજનાદિ છે પણ ઉપાન્ત્યમાં નામી સ્વર નથી તેથી આ સૂત્રથી વિકલ્પે न् નો ण् ન થતાં स्वरात् ૨-૩-૮૫ થી નિત્ય ण् થયો.

**स्वरादित्येव –** प्रभुग्नः – प्र + भुज् – क्त-क्तवतू ५-१-१७४ थी क्त.

प्र + भुज् + क्त – सूयत्या... ४-२-७० थी त् नो न्.

प्र + भुज् + न – चजः... २-१-८६ थी ज् नो ग्.

प्रभुग्नः થયું. અહીં कृत् પ્રત્યય સંબંધી न् થયો છે પરંતુ તે સ્વરથી પર ન હોવાથી न् નો ण् થતો નથી.

**अदुरित्येव –** दुर्मोहनः – दुर्मुह्यते अनेन अस्मिन् वा – અહીં दूर् ઉપસર્ગ થી પર न् છે, સૂત્રમાં તેનું વર્જન છે માટે न् નો ण् થતો નથી. करणाऽऽधारे ૫-૩-૧૨૯ થી अनट् પ્રત્યય લાગ્યો છે.

**ल-च-टादिवर्जनं किम् ?** प्रभेदनम्, प्रभोजनम् – અહીં र् અને न् ની મધ્યમાં તવર્ગીય द् અને ચવર્ગીય ज् નું વ્યવધાન અનુક્રમે આવેલ છે માટે न् નો ण् થતો નથી.

આ સૂત્ર स्वरात् ૨-૩-૮૫ થી નિત્ય न् નો ण् થતો હતો તેનો બાધ કરીને આ સૂત્ર વિકલ્પે न् નો ण् કરે છે.

## णेर्वा । २-३-८८

**અર્થ :-** दुर् સિવાયના ઉપસર્ગ અને अन्तर् માં રહેલાં र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં સ્વર પછી णि પ્રત્યયાન્ત ધાતુથી વિધાન કરાયેલા कृत् પ્રત્યયના न् નો ण् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** प्रमङ्गणा, प्रमङ्गना – प्र + मङ्ग् – प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग्.

प्र + मङ्ग् + णिग् – णि-वेत्त्यास... ૫-૩-૧૧૧ થી अन.

प्र + मङ्ग् + णिग् + अन – आत्... ૨-૪-૧૮ થી आप्.

प्रमङ्गि + अन + आप् – णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

प्रमङ्गन + आप् – समानानां... ૧-૨-૧ થી अ + अ = आ.

प्रमङ्गना – આ સૂત્રથી न् નો ण् વિકલ્પે થવાથી प्रमङ्गणा પણ થયું.

**विहितविशेषणं किम् ?** प्रयाप्यमाणः, प्रयाप्यमानः ।

प्र + या + णिग् – अर्त्ति-री-व्ली... ૪-૨-૨૧ થી प् આગમ.

प्र + याप् + णिग् – शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય.

प्रयापि + आनश् – क्यः शिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

प्रयापि + क्य + आन – अतो म आने ૪-૪-૧૧૪ થી अ પછી म् આગમ.

प्रयापि + य + म् + आन – णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

प्रयाप्यमानः – આ સૂત્રથી न् નો ण् થવાથી प्रयाप्यमाणः થયું.

અહીં क्य નું વ્યવધાન છે છતાં પણ न् નો ण् થયો છે, વિકલ્પપક્ષે ण् ન થાય ત્યારે प्रयाप्यमानः થાય.

**प्रश्न :-** આ પ્રયોગમાં ધાતુ णि પ્રત્યયાન્ત રહ્યો નથી, તો આ સૂત્ર કેમ લાગ્યું ?

**જવાબ :-** आनश् પ્રત્યય ण्यन्त ધાતુથી વિહિત હતો અને क्य પ્રત્યય आनश् થી વિહિત હતો તેથી વિહિત વિશેષણ ના કારણે न् નો ण् થયો છે.

જો ण्यन्त થી પરમાં તરત कृत् પ્રત્યયનો न् હોત અને क्य નું વ્યવધાન ન હોત તો न् નો ण् વિકલ્પે ન થાત પણ નિત્ય જ થાત.

નામી સ્વરાદિ સિવાયના ધાતુથી न् આગમ થયે છતે नाम्यादेरेव ને ૨-૩-૮૬ થી નિત્ય ण् ની પ્રાપ્તિ ન હતી તેમ જ स्वरात् ૨-૩-૮૫ થી આગમરહિત ધાતુથી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રથી વિકલ્પે કર્યો છે, તેથી प्राप्ताऽप्राप्तविभाषा માટે આ સૂત્ર છે.

## निर्विण्णः । २-३-८९

**અર્થ :-** સત્તા, લાભ અને વિચાર અર્થવાળા निर् પૂર્વક विद् ધાતુ થી પર રહેલાં क्त પ્રત્યયના न् નો ण् થાય છે.

**વિવેચન :-** निर्विण्णः – निर्विद्यते स्म-रदादमूर्च्छे... ૪-૨-૬૯ થી ધાતુના द् નો અને क्त નો न આદેશ થયો. તે क्त પ્રત્યયના न् નો ण् આ સૂત્રથી નિપાતન થયો.

विदिंच् सत्तायाम् (૧૨૫૮) – સત્તા અર્થમાં ચોથા ગણનો ધાતુ છે.

विद्लृंती लाभे (૧૩૨૨) – લાભ અર્થમાં છઠ્ઠા ગણનો ધાતુ છે.

विदिंप् विचारणे (૧૪૯૭) – વિચાર અર્થમાં સાતમા ગણનો ધાતુ છે.

निर् + विद् ધાતુમાં જે द् નો न् થયો છે તે न् નો तवर्गस्य... ૧-૩-૬૦ અથવા र-षृ वर्णान्नो... ૨-૩-૬૩ થી ण् થશે.

'निर्विण्णः' માં क्त ના न् નો ण् થવાની પ્રાપ્તિ ન હતી કેમ કે વચમાં द् નાં न् નાં ण् નું વ્યવધાન છે અને સ્વરથી પરમાં न् નથી તેથી અપ્રાપ્ત એવા न् ના ण् ની પ્રાપ્તિ માટે આ સૂત્રની રચના છે.

## न ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपो णेश्च । २-३-९०

**અર્થ :-** दुर् વર્જીને અન્ય ઉપસર્ગ અને अन्तर् ના र्, ष् અને ऋ વર્ણથી પર अण्यन्त અને ण्यन्त એવા ख्या, पूग्, भू, भा, कम्, गम्, प्याय् અને वेप् ધાતુ થી પર कृत् પ્રત્યયના न् નો ण् થતો નથી.

**સૂત્રસમાસ :-** ख्या च पूग् च भूश्च भाश्च कमश्च गमश्च प्यायश्च वेप् च एतेषां समाहारः – ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेप्, तस्मात् (સમા. દ્વ.)

**વિવેચન :-** (૧) प्रख्यानम् = પ્રસિદ્ધિ. प्र + ख्या + अनट्. ण्यन्त સિવાયમાં न् નો ण् થયો નથી.

(૨) प्रख्यापनम् = પ્રસિદ્ધ કરાવવું. प्र + ख्या – प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग्

प्र + ख्या + णिग् – अर्त्ति री... ૪-૨-૨૧ થી णि ની પૂર્વે प्.

प्रख्या + प् + णिग् – अनट् ૫-૩-૧૨૪ થી अनट् પ્રત્યય.

प्रख्यापि + अनट् – णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

प्रख्यापनम्. ण्यन्त માં न् નો ण् થયો નથી.

(૩) प्रपवनम् = પવિત્ર કરવું.

प्र + पू + अनट् – नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ.

प्रपो + अनट् – ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

प्रपवनम्. ण्यन्त સિવાયમાં न् નો ण् થયો નથી.

(૪) प्रपावनम् = પવિત્ર કરાવવું.

प्र + पू + णिग् – नामिनोऽकलि... ૪-૩-૫૧ થી ऊ ની वृद्धि औ.

प्र + पौ + णिग् – ओदौतो.... ૧-૨-૨૪ થી औ નો आव्.

प्रपाव् + णिग् – अनट् ૫-૩-૧૨૪ अनट् પ્રત્યય.

प्रपावि + अनट् – णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

प्रपावनम्. ण्यन्त માં न् નો ण् થયો નથી.

(૫) प्रभवनम् = સમર્થ થવું. प्र + भू + अनट्. ण्यन्त સિવાયમાં न् નો ण् થયો નથી.

(૬) प्रभावना = પ્રભાવના. प्र + भू + णिग् – णि-वेत्त्यास... ૫-૩-૧૧૧ થી अन.

प्र + भू + अन – नामिनो... ૪-૩-૫૧ થી ऊ ની वृद्धि औ.

प्र + भौ + अन – ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

प्र + भावि + अन – आत् ૨-૪-૧૮ થી आप् અને णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

प्रभावना. ण्यन्त માં न् નો ण् થયો નથી.

(૭) प्रभायमानम् = શોભિત થવું प्रप्राप्यमानः (૨-૩-૮૮) પ્રમાણે સાધનિકા, આ સૂત્રથી न् ના ण् નો નિષેધ થયો.

(૮) प्रभापना –

प्र + भा – प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्र + भा + णिग् – अर्त्ति-री...૪-૨-૨૧ થી इ પૂર્વે प् આગમ.

प्र + भा + प् + णिग् – णि-वेत्त्यास... ૫-૩-૧૧૧ થી अन.

प्र + भाप् + णिग् + अन – णेरनिटि થી इ નો લોપ.

प्रभाप् + अन – आत् ૨-૪-૧૮ થી आप् તેથી प्रभापना.

(૯) प्रकामिनौ – प्रकामयते इत्येवं शीलम् ययोः तौ = સારી ઈચ્છા કરનારા બે. प्र + काम् – अजातेः शीले ૫-૧-૧૫૪ થી णिन् પ્રત્યય વિગેરે... અહીં स्वरात् ૨-૩-૮૫ થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

(૧૦) प्रकामना = સારી ઈચ્છા. प्रभावना પ્રમાણે સાધનિકા પરંતુ कमेर्णिङ् ૩-૪-૨ થી णिङ् પ્રત્યય.

(૧૧) अप्रगमनिः = તારું ગમન ન થાય. नञ् + प्र + गम् – नञोऽनिः... ૫-૩-૧૧૭ થી अनि પ્રત્યય.

(૧૨) प्रगमना = મોકલવું. સાધનિકા प्रभावना પ્રમાણે.

(૧૩) प्रप्यानः = વધેલો. प्र + प्याय् + क्त – सूयत्या... ૪-૨-૭૦ થી त् નો न्.

प्र + प्याय् + न – य्वोः प्वय्...૪-૪-૧૨૧ થી य् નો લોપ.

प्रप्यानः થયું. स्वरात् ૨-૩-૮૫ થી થતાં કાર્યનો આ સૂત્રે નિષેધ કર્યો.

(૧૪) प्रप्यायना = વધારવું. સાધનિકા प्रभावना પ્રમાણે.

(૧૫) प्रवेपनीयम् = ચાલવા યોગ્ય. प्र + वेप् – तव्याऽऽनीयौ ૫-૧-૨૭ થી अनीय. અહીં व्यञ्जनादे... ૨-૩-૮૭ થી ण् ની વિકલ્પે પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

(૧૬) प्रवेपना = ચલાવવું. સાધનિકા प्रभावना પ્રમાણે.

**પ્રશ્ન :-** આ સૂત્ર શા માટે કર્યું ?

**જવાબ :-** ण्यन्त ધાતુને णेर्वा ૨-૩-૮૮ થી વિકલ્પે न् ના ण् ની પ્રાપ્તિ હતી અને अण्यन्त ધાતુને स्वरात् ૨-૩-૮૫ થી નિત્ય न् ના ण् ની પ્રાપ્તિ હતી તેમજ वेप् ધાતુને व्यञ्जनादे...૨-૩-૮૭ થી વિકલ્પે न् ના ण् ની પ્રાપ્તિ હતી, તે સર્વનો નિષેધ કરવા માટે આ સૂત્ર બનાવ્યું છે.

સૂત્રમાં 'पूग्' માં જે ग् છે તે क्र्यादि ગણનો ધાતુ લેવા માટે અને भ्वादि ગણના पूङ् (पवने, ૬૦૦) ધાતુની નિવૃત્તિ માટે છે.

'ख्या' એ પ્રમાણે સૂત્રમાં અનુબંધરહિતનું ગ્રહણ કર્યું છે તેથી ख्यांक् प्रकथने અને આદેશભૂત ख्या એ બંનેનું ગ્રહણ થશે.

## देशेऽन्तरोऽयन-हनः । २-३-९१

**અર્થ :-** દેશ અર્થ ગમ્યમાન હોય તો अन्तर् થી પરમાં રહેલાં अयन અને हन् ધાતુના न् નો ण् થતો નથી.

**સૂત્રસમાસ :-** अयनश्च हन् च एतयोः समाहारः – अयनहन्, तस्य (સમા. દ્વ.)

**વિવેચન :-** अन्तः अय्यते अस्मिन् – अन्तरयनः देशः = મધ્યમાં રહેલો દેશ.

अन्तः हन्यते अस्मिन् – अन्तर्हननः देशः = મધ્યમાં હણેલો દેશ.

આ બંનેમાં करणाऽऽधारे ૫-૩-૧૨૯ થી अनट् પ્રત્યય લાગ્યો છે. अयन ના न् ની स्वरात् ૨-૩-૮૫ થી અને हन् ના न् ની हनः ૨-૩-૮૨ થી ण् થવાની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

**देश इति किम् ?** अन्तरयणम्, अन्तर्हण्यते – અહીં બંનેમાં દેશ અર્થ ગમ્યમાન નથી તેથી ૨-૩-૮૫ થી अयन ના न् નો અને ૨-૩-૮૨ થી हन् ધાતુના न् નો ण् થયો.

સૂત્રમાં अन्तर् શબ્દનું ગ્રહણ કર્યું તેથી अदुरुपसर्गान्तर ની અનુવૃત્તિ અટકી ગઈ.

## षात् पदे । २-३-९२

**અર્થ :-** પદ પરમાં હોતે છતે તેની પૂર્વમાં રહેલાં ष् થી પર न् નો ण् થતો નથી.

**વિવેચન :-** सर्पिषः पानम् – सर्पिष्पानम् = ઘીનું પીવું.

पानस्य भावकरणे २-३-६९ थी न् नो ण् थवानी प्राप्ति हती तेनो અહીં નિષેધ કર્યો.

**पद इति किम् ?** सर्पिष्केण – निन्द्यं सर्पिः - सर्पिष्कम्, तेन सर्पिष्केण. कुत्सिता...७-३-३३ થી कप् પ્રત્યય લાગ્યો છે. અહીં सर्पिष् નાં ष् થી પરમાં પદ નથી તેથી આ સૂત્રથી न् નો ण् થવાનો નિષેધ નથી થતો. रषृवर्णा... २-३-६३ થી न् નો ण् થયો.

**પ્રશ્ન :-** सर्पिष्पानम् માં ष् થી પર રહેલાં न् ના ण् નો નિષેધ કર્યો પણ રેફ (र्) ને આશ્રયીને તો रषृवर्णा... २-३-६३ થી न् નો ण् થવાની પ્રાપ્તિ છે, તો કેમ ન કર્યો ?

**જવાબ :-** જો न् નો ण् કરવાના બે નિમિત્ત હોય તો અનંતર નિમિત્તને આશ્રયીને न् નો ण् થાય પણ પરંપર નિમિત્તને આશ્રયીને न् નો ण् ન થાય માટે અહીં રેફને આશ્રયીને न् નો ण् કર્યો નથી.

## पदेऽन्तरेऽनाऽऽङ्यतद्धिते । २-३-९३

**અર્થ :-** आङ् અંતવાળા અને તદ્ધિતપ્રત્યયાન્ત પદને વર્જીને અન્યપદ, જો નિમિત્ત સ્વરુપ र्, ष्, ऋ વર્ણ અને કાર્યી સ્વરુપ न् ની મધ્યમાં હોય તો न् નો ण् થાય નહિ.

**સૂત્રસમાસ :-** न आङ् – अनाङ् तस्मिन् (નઞ્ ત.)

न विद्यते तद्धितः यस्मात् सः – अतद्धितः, तस्मिन् (બહુ.)

**વિવેચન :-** प्रावनद्धम् – प्रावनह्यते स्म = પ્રકૃષ્ટ રીતે વીંટાળેલ.

અહીં નિમિત્ત र् છે અને કાર્યી न् છે, એ બંનેની મધ્યમાં अव પદ છે તેથી अदुरुपसर्गा... २-३-७७ થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

- रोषभीममुखेन – भीमम् च तद् मुखम् च – भीममुखम्.

  रोषेण भीममुखम् यस्य सः – रोषभीममुखम्, तेन रोषभीममुखेन = રોષથી ભયંકર મુખવાળા વડે. અહીં નિમિત્ત ष् છે, કાર્યી न् છે, એ બંનેની મધ્યમાં भीम પદ છે, તેથી कवर्गैक... २-३-७६થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

**अनाङीति किम् ?** प्राणद्धम् – પ્રકૃષ્ટ રીતે બાંધેલ. અહીં નિમિત્ત र्

છે, કાર્યી न् છે, તે બંનેની વચ્ચે आङ् છે, આ સૂત્રમાં आङ् નું વર્જન હોવાથી अदुरुप... ૨-૩-૭૭ થી न् નો ण् થયો છે.

**अतद्धित इति किम् ?** आर्द्रगोमयेण = ભીના છાણ વડે. आर्द्रम् च – तद् गोमयम् च – आर्द्रगोमयम्, तेन. અહીં र् નિમિત્ત અને કાર્યી न् ની મધ્યમાં मयट् એ તદ્ધિતનો પ્રત્યય છે. તદ્ધિતનો આ સૂત્રમાં નિષેધ છે તેથી न् નો ण् ન થયો પણ कवर्गैक... ૨-૩-૭૬ થી न् નો ण् થયો છે. गोः पुरीषे... ૬-૨-૫૦ થી मयट् પ્રત્યય લાગ્યો છે.

## हनो घि । २-३-९४

**અર્થ :-** નિમિત્ત અને કાર્યીની મધ્યમાં घ् નું વ્યવધાન હોતે છતે हन् ના न् નો ण् થતો નથી.

**વિવેચન :-** शत्रुघ्नः – शत्रून् हन्ति हतवान् वा.

शत्रु + हन् – ब्रह्माऽऽदिभ्यः. ૫-૧-૮૫ થી टक् પ્રત્યય.

शत्रु + हन् + टक् – गम-हन... ૪-૨-૪૪ થી हन् ના अ નો લોપ.

शत्रु + ह्न् + टक् – हनो ह्नो घ्नः ૨-૧-૧૧૨ થી ह्न् નો घ्न्.

शत्रुघ्नः – અહીં સંજ્ઞાના વિષયમાં पूर्वपदस्था... ૨-૩-૬૪ થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રે નિષેધ કર્યો. તેમજ અસંજ્ઞાના વિષયમાં कवर्गैक... ૨-૩-૭૬ થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી, તેનો પણ આ સૂત્રે નિષેધ કર્યો.

## नृतेर्यङि । २-३-९५

**અર્થ :-** यङ् ના વિષયમાં नृत् ધાતુનાં न् નો ण् થતો નથી.

**વિવેચન :-** पुनः पुनः भृशम् वा नृत्यति – नरीनृत्यते = વારંવાર નૃત્ય કરે છે.

नृत् + ते – व्यञ्जनादेरेक... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

नृत् + यङ् + ते – सन्यङश्च ૪-૧-૩ થી એકસ્વરાંશ દ્વિત્વ.

नृनृत् + यङ् + ते – ऋतोऽत् ૪-૧-૩૮ થી ऋ નો अ.

ननृत् + यङ् + ते – ऋमतां रीः ૪-૧-૫૫ થી री આગમ.

नरीनृत्यते.

नरिनर्त्ति – ननृत् +यङ् સુધી ઉપર પ્રમાણે સાધનિકા કરવી. પછી बहुलं लुप् ૩-૪-૧૪ થી यङ् નો લોપ, અને रि-रौ च लुपि ૪-૧-૫૬ થી रि નો આગમ. लघोरुपा... ૪-૩-૪ થી ઉપાન્ત્ય સ્વરનો ગુણ. આ બંને સ્થાનમાં रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

**यङीति किम् ?** हरिणर्ती नाम कश्चित् – हरिवत् नृत्यति - हरिणर्ती. અહીં कर्तुर्णिन् ૫-૧-૧૫૩ થી णिन् પ્રત્યય થયો. અથવા हरिः इव नृत्यति इत्येवं शीलः – हरिणर्ती. अजातेः शीले ૫-૧-૧૫૪ થી णिन् પ્રત્યય. પરંતુ यङ् પ્રત્યય નથી માટે આ સૂત્રથી न् ના ण् નો નિષેધ ન થતાં पूर्वपद.... ૨-૩-૬૪ થી न् નો ण् થયો છે.

## क्षुभ्नादीनाम् । २-३-९६

**અર્થ :-** क्षुभ्ना વગેરે શબ્દોના न् નો ण् થતો નથી.

**સૂત્રસમાસ :-** क्षुभ्ना आदि येषान्ते – क्षुभ्नादयः, तेषाम् (બહુ.)

**વિવેચન :-** क्षुभ्नाति = ક્ષોભ પામે છે. क्षुभ् ધાતુ – क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना.

- आचार्यानी – आचार्यस्य भार्या - आचार्यानी – અહીં मातुलाचार्यो... ૨-૪-૬૩ થી ङी અને आन् આગમ. આ બંને દૃષ્ટાંતમાં रषृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण् થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

  क्षुभ्ना માં लुप्तिव् ના નિર્દેશથી ધાતુ ગ્રહણ કરવાનો છે, પણ यङ् लुबन्त ની નિવૃત્તિ માટે નથી.

  અનુબંધનો નિર્દેશ કર્યો તેથી क्षोभणम् વગેરેમાં णत्व નો નિષેધ થતો નથી. સૂત્રમાં બહુવચન છે તે बहुवचनमाकृतिगणार्थम् ।

## पाठे धात्वोदेर्णो नः । २-३-९७

**અર્થ :-** ધાતુપાઠમાં જે જે ધાતુની આદિમાં ण् છે તેનો न् થાય છે.

**સૂત્રસમાસ :-** धातोः आदिः – धात्वादिः, तस्य (ષષ્ઠી.ત.)

**વિવેચન :-** नयति – णींग् प्रापणे – અહીં ધાતુની આદિમાં ण् છે તેનો આ સૂત્રથી न् થયો છે.

**पाठ इति किम् ?** णकारम् इच्छति – णकारीयति.

णकार – अमाव्ययात्...... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય.

णकार+क्यन् – क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई, અને शव् વિગેરે કાર્ય થઈને णकारीयति થયું. અહીં નામધાતુ છે તે ધાતુપાઠમાં નથી તેથી ण् નો न् થતો નથી.

**પ્રશ્ન :-** સૂત્રમાં "आदि" નું ગ્રહણ શા માટે કર્યું છે ?

**જવાબ :-** "आदि" ના ગ્રહણથી જે ધાતુમાં આદિમાં ण् હોય તેનો જ આ સૂત્રથી न् થશે, પરંતુ भण् વિગેરે ધાતુમાં આદિમાં ण् નથી તેથી તે ण् નું અહીં ગ્રહણ નહીં થાય. જો સૂત્રમાં "आदि" ન લખ્યું હોત તો भण् વિગેરે ધાતુના ण् નો પણ न् થઈ જાત તો भनति વિગેરે અનિષ્ટ રૂપ થાત.

ધાતુપાઠમાં न् આદિમાં છે જેને એવા नृति, नन्दि, नर्दि, नशि, नाटि, नक्कि, नाथृ, नाधृ અને नृ – આટલા ધાતુઓને વર્જીને બીજા ધાતુઓ ण् થી ઉપદિષ્ટ છે તેથી તે ધાતુઓના ण् નો આ સૂત્રથી न् થશે. अदुरुपसर्गा...૨-૩-૭૭ સૂત્રમાં ण् કારનું ફળ પ્રાપ્ત થાય છે.

## षः सोऽष्ट्यै-ष्ठिव-ष्वष्कः । २-३-९८

**અર્થ :-** ष्ट्यै, ष्ठिव् અને ष्वष्क् ને વર્જીને ધાતુપાઠના ધાતુના આદિ ष् નો स् થાય છે.

**સૂત્રસમાસ :-** ष्ट्यैश्च ष्ठिवश्च ष्वष्क् च एतेषां समाहारः – ष्ट्यैष्ठिवष्वष्क् (સમા.દ્વ) न ष्ट्यैष्ठिवष्वष्क् – अष्ट्यैष्ठिवष्वष्क्, तस्य (નઞ્ ત.)

**વિવેચન :-** सहते = સહન કરે છે. षहि मर्षणे (૯૯૦ ) અહીં ધાતુની આદિમાં ष् છે તેનો આ સૂત્રથી स् થયો છે.

**आदेरित्येव** – लषति – અહીં लष् ધાતુમાં ष् અંતે છે, આદિમાં નથી તેથી આ સૂત્ર નથી લાગતું.

**ष्ट्यादिवर्जनं किम् ?** ष्ट्यायति = તે ભેગું કરે છે. (ष्ट्यै संघाते ૩૯)

ष्ठीव्यति = તે ફેંકે છે. (ष्ठिवू निरसने ११६६). અહીં ष्ठीवू ...૪-૨-૧૧૦ થી ધાતુનો સ્વર દીર્ઘ થયો છે.

ष्वष्कते = તે જાય છે.

આ ત્રણેયનું સૂત્રમાં વર્જન કર્યું છે માટે ष् નો स् નથી થયો.

## ऋर लृ-लं कृपोऽकृपीटादिषु । २-३-९९

**અર્થ :-** कृपीटादि વિષયવાળાને વર્જીને कृप् ધાતુના ऋ નો लृ અને र् નો ल् આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ऋश्च र् च एतयोः समाहारः – ऋर्, तस्य (સમા. દ્વ)

लृश्च लश्च एतयोः समाहारः – लृलम् (સમા.દ્વ.)

कृपीट् आदिः येषान्ते – कृपीटादयः (બહુ.)

न कृपीटादयः – अकृपीटादयः, तेषु (નઞ્. ત.)

**વિવેચન :-** क्लृप्यते – कृप् + य + ते – આ સૂત્રથી ऋ નો लृ થયો.

- क्लृप्तः – कृप् + क्त – આ સૂત્રથી ऋ નો लृ થયો.
- कल्पते – कृप् + शव् + ते – नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्. कर्प् + शव् + ते – આ સૂત્રથી र् નો ल् થવાથી कल्पते.
- कल्पयति – कृप् + णिग् + शव् + ति – સાધનિકા कल्पते પ્રમાણે.

**अकृपीटादिष्विति किम् ?** कृपीटम् – અહીં उणादि નો कीट પ્રત્યય લાગ્યો છે. कृपाण – અહીં उणादि નો आण પ્રત્યય લાગ્યો છે. कृपीट વિગેરેનું આ સૂત્રમાં વર્જન કર્યું છે માટે આ સૂત્ર ન લાગ્યું.

## उपसर्गस्या-ऽयौ । २-३-१००

**અર્થ :-** अय् ધાતુ પરમાં હોય તો ઉપસર્ગમાં રહેલાં र् નો ल् થાય છે.

**વિવેચન :-** प्लायते – अय् = જવું. प्र + अय् + ते. આ સૂત્રથી प्र ના र् નો ल् થયો.

- प्लत्ययते – प्रति + अय् + ते. प्रति ઉપસર્ગમાં र् છે તેનો ल् થયો.

'अयि' માં इ કારનો નિર્દેશ છે તે ગતિ અર્થવાળો अय् ધાતુ લેવા માટે છે. ऋ-र लृ-ल ની અનુવૃત્તિ ચાલુ છે છતાં માત્ર र् નો ल् થાય છે એટલો જ સંબંધ અહીં લીધો છે. સ્વાભાવિક રીતે જ જેમાં र् હોય તેવા ઉપસર્ગો લેવાના છે તેથી निस्, दुस् વગેરે ઉપસર્ગોનું અહીં ગ્રહણ નહીં થાય.

## ग्रो यङि । २-३-१०१

**અર્થ :-** यङ् પ્રત્યય પર છતાં गॄ ધાતુના र् નો ल् થાય છે.

**વિવેચન :-** निजेगिल्यते – गृत् निगरणे. गृ = જણાવવું. (છઠ્ઠો ગણ, ૧૩૩૫).

नि + गृ + ते – गृ-लुप ... ૩-૪-૧૨ થી यङ् પ્રત્યય.

नि + गृ + यङ् + ते – ॠतां ... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

नि + गिर् + यङ् + ते – सन्-यङश्च ... ૪-૧-૩ થી આદિ એકસ્વરાંશ દ્વિત્વ.

नि + गिगिर् + यङ् + ते – आ-गुणा ... ૪-૧-૪૮ થી દ્વિત્વપૂર્વના સ્વરનો ગુણ.

निगेगिर् + य + ते – ग-होर्जः ૪-૧-૪૦ થી દ્વિત્વપૂર્વના ग् નો ज्.

निजेगिर् + य + ते – આ સૂત્રથી र् નો ल् થવાથી निजेगिल्यते થયું.

गृ ધાતુ છઠ્ઠા અને નવમા ગણનો છે. પરંતુ અહીં છઠ્ઠા ગણનો જ गृ ધાતુ ગ્રહણ થશે કારણ કે न-गृणा-शुभ-रुचः ૩-૪-૧૩ સૂત્રમાં ૯ માં ગણના गृ ધાતુને यङ् નો નિષેધ કર્યો છે.

## नवा स्वरे । २-३-१०२

**અર્થ :-** गृ ધાતુના સ્વરાદિ પ્રત્યય પર છતાં વિધાન કરાયેલાં र् નો ल् વિકલ્પે થાય છે.

**વિવેચન :-** गिलति, गिरति – गृ ધાતુ. तुदादेः शः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

गृ + श + तिव् – ॠतां क्ङितीर् ૪-૪-૧૧૬ થી अवित् शित् પ્રત્યય એ ङित् કહેવાય તેથી ॠ નો इर् થવાથી गिरति થયું. આ સૂત્રથી इर् ના र् નો વિકલ્પે ल् થાય છે તેથી गिलति થયું.

- निगाल्यते, निगार्यते – नि+गृ – प्रयोक्तृ ...૩-૪-૨૦ થી णिग्.

नि + गृ + णिग् – नामिनो...૪-૩-૫૧ થી ॠ ની વૃદ્ધિ आर्.

नि + गार् + णिग् – આ સૂત્રથી र् નો વિકલ્પે ल्.

निगालि + क्य + ते – णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

निगाल्यते. વિકલ્પપક્ષે र् નો ल् ન થાય ત્યારે निगार्यते થશે.

**विहितविशेषणं किम् ?** गिरः – गृ ધાતુ – क्विप् ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય.

गॄ+क्विप् – ॠॄतां क्ङितीर् ४-४-११६ થી ॠॄ નો इर्.

गिर् + जस् – सोरुः २-१-७२ થી र् અને रः पदान्ते... १-३-५३ થી વિસર્ગ થવાથી गिरः થયું.

અહીં क्विप् પ્રત્યયના કારણે र् થયો છે, સ્વરાદિ પ્રત્યયના કારણે નથી થયો તેથી આ સૂત્ર નથી લાગ્યું. આ જ કારણથી 'विहितस्य' એ પ્રમાણે र् નું વિશેષણ મૂક્યું છે.

## परे घ्रा-ऽङ्क-योगे । २-३-१०३

**અર્થ :-** घ, अङ्क અને योग પરમાં હોતે છતે परि ના र् નો ल् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** घश्च अङ्कश्च योगश्च एतेषां समाहारः- घाङ्कयोगम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન :-** पलिघः, परिघः = અર્ગલા, ભૂંગળ. परिहन्यते अनेन.

અહીં परेर्घः ५-३-४० થી हन् નો घ् આદેશ અને अल् પ્રત્યય નિપાતન થયો છે. અને આ સૂત્રથી र् નો ल् વિકલ્પે થયો છે.

- पल्यङ्कः, पर्यङ्कः = પલંગ. अङ्केन परिगतः.
- पलियोगः, परियोगः = ચારે બાજુનો સંબંધ, योगेन परिगतः इति.

## ऋफिडादीनां डश्च लः । २-३-१०४

**અર્થ :-** ऋफिड વિગેરે શબ્દોના ऋ નો लृ, र् નો ल् અને ड् નો ल् આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** ऋफिडः आदिः येषां ते – ऋफिडादयः, तेषाम् (બહુ.)

**વિવેચન :-** ऋफिडः – लृफिडः, लृफिलः, ऋफिडः, ऋफिलः।

ऋतकः – लृतकः, ऋतकः।

कपरिका – कपलिका, कपरिका – कं मुखं परं यस्याः सा.

સૂત્રમાં च ના ગ્રહણથી ऋ ના लृ નું અને र् ના ल् નું અનુકર્ષણ થયું છે.

## जपादीनां पो वः । २-३-१०५

**અર્થ :-** जपा વિગેરેના प् નો व् વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :-** जपा आदिः येषान्ते – जपादयः, तेषाम् (બહુ.)

**વિવેચન :-** जपा – जवा, जपा = પુષ્પ.

● पारापतः – पारावतः, पारापतः = પારેવું, કબૂતર.

**इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां**
**सिद्धहेमचन्द्राभिधानस्वोपज्ञशब्दानुशासनलघुवृत्तौ द्वितीयस्याध्यायस्य तृतीयः पादः समाप्तः ॥ २।३ ॥**

**मूलराजासिधारायां निमग्ना ये महीभुजः ।**
**उन्मज्जन्तो विलोक्यन्ते स्वर्गङ्गाजलेषु ते ॥**

**અર્થ :-** મૂળરાજાની તલવારની ધારામાં જે રાજાઓ ડુબી ગયા તે રાજાઓ સ્વર્ગ ગંગાના પાણીમાં તરતા જોવાય છે.

॥ अर्हम् ॥

# द्वितीयाध्यायस्य चतुर्थः पादः

## स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः २-४-१

અર્થ :- स्वसृ વિગેરે શબ્દોને વર્જીને નકારાન્ત અને ऋકારાન્ત નામોથી પર સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સૂત્રસમાસ :— न् च ऋत् च एतयोः समाहारः — नृत्, तस्मात्. (સમા.દ્વ)

स्वसा आदिः यस्य सः — स्वस्रादिः (બહુ.)

न स्वस्रादिः — अस्वस्रादिः, तस्मात्. (નञ्.त.)

વિવેચન :— राज्ञी = રાણી

राजन् આ સૂત્રથી ङी પ્રત્યય.

राजन्+ङी+सि — अनोऽस्य २—१—१०८ થી न् ની પૂર્વના अ નો લોપ.

राज्न्+ङी+सि — तवर्गस्य... १—३—६० થી ज् નાં યોગમાં न् નો ञ्.

राज्ञ्+ङी+सि — दीर्घङ्याब्... १—४—४५ થી सि નો લોપ.

राज्ञी. ज् + ञ् = ज्ञ થયો છે..

● अतिराज्ञी = પુજાયેલી રાણી.

पूजितः राजा — अतिराजा. स्त्रीचेत् —अतिराज्ञी.

● कर्त्री — કરનારી

कृ — णकतृचौ ५—१—४८ થી कृ ધાતુને तृच् પ્રત્યય.

कृ+तृच् — नामिनो... ४—३-१ થી ऋ નો ગુણ अर्.

कर्+तृ — આ સૂત્રથી ङी પ્રત્યય.

कर्तृ+ङी — इवर्णादे... १—२—२१ થી ऋ નો र्.

कर्त्री.

स्त्रियामिति किम् ? पञ्च नद्यः = પાંચ નદી.

અહીં पञ्चन् નકારાન્ત નામ હોવા છતાં संख्यायाः नान्तायाः युष्मदस्मदोरिवालिंगत्वात् — न् અન્તવાળા સંખ્યાવાચક શબ્દો અને

युष्मद् અને अस्मद् અલિંગ છે તેથી આ સૂત્રથી ङी નથી થયો. તેમજ आत् ૨–૪–૧૮ થી आप् પણ નથી થતો.

**अस्वस्रादेरिति किम्** ? स्वसा – स्वसृ = બહેન दुहिता – दुहितृ = પુત્રી. આસૂત્રમાં स्वसृ વગેરે શબ્દોનું વર્જન કરેલ છે તેથી ङी પ્રત્યય લાગ્યો નથી.

- स्वस्रादि – स्वसृ, दुहितृ, ननान्दृ, यातृ, भातृ, तिसृ અને चतसृ આટલા શબ્દોનુ સૂત્રમાં વર્જન થાય છે.

**પ્રશ્ન** :- स्वस्रादि ગણપાઠમાં આવતાં तिसृ–चतसृ નું વર્જન શા માટે કર્યું ? કારણ કે અંહી વર્જન ન કરેતો પણ "सन्निपात लक्षणविधिरनिमित्तं तद् विघातस्य" જેના નિમિત્તે વિધિ થઈ હોય તે તેના નાશનું કારણ બનતી નથી. આ ન્યાયથી સ્યાદિ પ્રત્યય પર છતાં त्रिचतुर.. ૨–૧–૧ થી तिसृ – चतसृ આદેશ થયેલાં હોવાથી તે આદેશો સ્યાદિ વિભક્તિનો નાશ કરનાર થાય નહીં તેથી ङी થવાનો જ નથી છતાં પણ तिसृ – चतसृ નું વર્જન કેમ કર્યું ?

**જવાબ** :- सन्निपातन्यायस्यानित्यत्त्वज्ञापनार्थं – સન્નિપાત ન્યાયની અનિત્યતાને જણાવવા માટે तिसृ – चतसृ શબ્દને स्वस्रादि માં ગ્રહણ કર્યા છે.

લિંગાનુશાસન જણાવે છે કે "नन्तासंख्याऽतिर्युष्मदस्मच्चस्युरलिंगकाः"– न् અન્તવાળા સંખ્યાવાચક શબ્દો, डति પ્રત્યયાન્ત શબ્દો, युष्मद् અને अस्मद् શબ્દો અલિંગ છે.

## अधातूदृदित २–४–२

**અર્થ** :– ધાતુને વર્જીને उ ઇત્ અને ऋ ઇત્ છે અન્તે જેને એવાં સ્ત્રીલિંગમાં વર્તતાં નામથી ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ** :– उत् च ऋत् च एतयोः समाहारः – उदृत्. (સમા. દ્વ.) उदृदित्. (अनुबन्धः) यस्य सः – उदृदित्. (બહુ.) न धातुः – अधातुः (नञ्. त.) अधातुश्चासौ उदृदित् च अधातूदृदित्, तस्मात्. (કર્મ.)

**વિવેચન** :– भवती = આપ. भा + डवतु – डित्यन्त्य... ૨–૧–૧૧૪થી અન્ત્ય સ્વરાદિનો લોપ થવાથી भवत्. આ સૂત્રથી ङी પ્રત્યય થવાથી भवती. डवतु પ્રત્યય ઉદિત્ હોવાથી ङी પ્રત્યય થયો.

- अतिमहती =-મહાનને ઓળંગી ગયેલી.

  महान्तं अतिक्रान्ता – अतिमहती. अतिमह् ने शत्रानशा... ૫–૨–૨૦ થી शतृ પ્રત્યય થવાથી अतिमह्+अत् = अतिमहत्. ऋ ઈત્વાળો શબ્દ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો તેથી अतिमहती થયું.

- पचन्ती = રાંધનારી. पच्+शव्+शतृ – पचत्.

  श्य शवः ૨–૧–૧૧૬ થી अत् નો अन्त् થવાથી पचन्त्. ऋઈત્વાળો શબ્દ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો તેથી पचन्ती થયું.

  **अधात्विति किम् ?** सुकन् स्त्री = સારી રીતે ચાલનારી સ્ત્રી. "कसुकि गतिशातनयोः" (૧૧૨૦) कस् ધાતુ ઉદિત્ છે. सुष्ठु कंसते इति क्विप् - सुकन्स् + क्विप्. उदितः... ૪–૪–૯૮ થી न् નો આગમ થયો છે. सि પ્રત્યય લાગે છે તેનો दीर्घ–ङ्याब्... ૧–૪–૪૫ થી લોપ થાય છે. તેથી सुकन्स्. पदस्य ૨–૧–૮૯ થી स् નો લોપ થવાથી सुकन् થયું. क्विबन्ताः धातुत्वं नोज्झन्ति એ ન્યાયથી सुकन्स् ધાતુ જ મનાય છે આ સૂત્રમાં ધાતુનું વર્જન કરેલું છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

  આ સૂત્ર મૂળધાતુમાં उ ઈત્ કે ऋ ઈત્ હોય તો ન લાગે પણ પ્રત્યય વિગેરેમાં उदित् કે ऋदित् હોય તો લાગે છે.

## अञ्चः २–४–३

**અર્થ :–** अञ्च् અન્તવાળાને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** प्राञ्चति इति क्विप् – प्राची = પૂર્વદિશા.

प्र+अञ्च्+क्विप् આ સૂત્રથી ङी પ્રત્યય.

प्र+अञ्च्+ङी – अञ्चो... ૪–૨–૪૬ થી न् નો લોપ.

प्र+अच्+ङी – अच्च्... ૨–૧–૧૦૪ થી अच् નો च् અને પૂર્વનો સ્વર દીર્ઘ. प्राची.

- उदञ्चति इति क्विप् – उदीची = ઉત્તરદિશા.

  उद्+अञ्च्+क्विप् – આ સૂત્રથી ङी પ્રત્યય.

  उद्+अञ्च्+ङी – अञ्चो... ૪–૨–૪૬ થી न् નો લોપ.

उदच्+ङी – उदच... ૨–૧–૧૦૩ થી उदीच् આદેશ.

उदीची.

## णस्वराऽघोषाद्वनो रश्च ૨–૪–૪

**અર્થ :–** ણકારાન્ત, સ્વરાન્ત અને અઘોષ વ્યંજનાન્ત ધાતુથી વિહિત वन् પ્રત્યયાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે અને તેનાં યોગમાં वन् નાં અન્ત્ય न् નો र् થાય છે.

**સૂત્રસમાસ :–** णश्च स्वरश्च अघोषश्च एतेषां समाहारः – णस्वराघोषम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** अवावरी = ચોરનારી, ખસેડનારી. "ओणृ अपनयने"

ओण् – मन्–वन्... ૫–૧–૧૪૭ થી वन् પ્રત્યય.

ओण्+वन् – આ સૂત્રથી ङी અને वन् નાં न् નો र्.

ओण्+वर्+ङी – वन्याङ्... ૪–૨–૬૫ થી ण् નો आ.

ओआ+वर्+ङी – ओदौतो... ૧–૨–૨૪ થી ओ નો अव्.

अव्आ+वर्+ङी – अवावरी. (આ ण् અન્તવાળાં નું ઉદાહરણ છે.)

- धीवरी = માછીમારની સ્ત્રી. (दधाति मत्स्यान् या सा)

धा – मन्–वन्... ૫–૧–૧૪૭ થી वन् પ્રત્યય.

धावन् આ સૂત્રથી ङी અને वन् ના न् નો र्.

धावर्+ङी – ईव्यञ्जने... ૪–૩–૯૭ થી धा ના आ નો ई.

धीवरी. (આ સ્વર અન્તવાળા શબ્દનું ઉદાહરણ છે.)

- मेरुदृश्वरी = મેરુ પર્વતને જોનારી (मेरुं दृष्टवती इति)

मेरु+दृश् – दृशः... ૫–૧–૧૬૬ થી क्वनिप् પ્રત્યય.

मेरुदृश्+क्वनिप् – આ સૂત્રથી ङी અને वन् ના न् નો र्.

मेरुदृश्वर्+ङी = मेरुदृश्वरी. (આ અઘોષ વ્યંજનાન્ત શબ્દનું ઉદાહરણ છે.)

**णस्वराघोषादिति किम् ?** सहयुध्वा स्त्री = સાથે લડેલી સ્ત્રી.

सहयुध् – सह–राजभ्यां... ૫–૧–૧૬૭ થી क्वनिप् પ્રત્યય.

सहयुध्+क्वनिप्+सि – निदीर्घः ૧–૪–૮૫ થી न् ની પૂર્વનો સ્વરદીર્ઘ.

सहयुध्वान्+सि – दीर्घङ्याब्... १–४–४५ થી सि નો લોપ.

स्रहयुध्वान् – नाम्नो नो... ૨–૧–૯૧ થી न् નો લોપ.

सहयुध्वा. અહીં ણકારાન્ત, સ્વરાન્ત કે અઘોષવ્યંજનાન્ત શબ્દ નથી પણ ઘોષવાન્ હોવાથી આ સૂત્ર લાગ્યું નથી.

**विहित विशेषणं किम् ?** शर्वरी = રાત્રિ.

शृ – मन्–वन्... ૫–૧–૧૪૭ થી वन् પ્રત્યય.

शृवन् – नामिनो... ૪–૩–૧ થી ऋ નો ગુણ अर्.

शर्वन् – આ સૂત્રથી ङी અને वन् નાં न् નો र्.

शर्वर्+ङी – शर्वरी. અહીં વિહિત વિશેષણનાં કારણે शृ ધાતુથી પર वन् પ્રત્યય કહેવાએલો છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગી શકે છે.

ऋ નો ગુણ अर् વિગેરે કાર્ય થવા દ્વારા ઘોષવાન વ્યંજન र् થી પર वन् પ્રત્યય દેખાતો હોવા છતાં પણ આ સૂત્રથી ङी પ્રત્યય લાગી શકે માટે વિહિત વિશેષણ મૂકેલ છે.

આ સૂત્ર નિયમસૂત્ર અને વિધિ સૂત્ર છે.

ण – સ્વરાન્ત અને અઘોષાન્ત ધાતુથી જ વિહિત वन् હોય તો ङी કરવો એ નિયમ કર્યો અને પૂર્વસૂત્રથી ङी ની પ્રાપ્તિ હતી છતાં સૂત્રની રચના કરીને न् નો र् કરવો એ વિધિ કરી.

## वा बहुव्रीहेः २–४–५

**અર્થ :–** ણકારાન્ત, સ્વરાન્ત અને અઘોષાન્ત થી વિહિત वन् અન્તવાળા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં વિકલ્પે ङी પ્રત્યય થાય છે. અને તેના યોગમાં वन् ના न् નો र् થાય છે.

**વિવેચન :–** प्रियः अवावा यस्यां सा – प्रियावावरी. સાધનિકા પૂર્વવત્ થશે. વિકલ્પ પક્ષે જ્યારે ङी ન લાગે ત્યારે તેના યોગમાં वन् ના न् જે र् થતો હતો તે પણ નહીં થાય તેથી प्रियावावा થશે. आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

- बहवः धीवानः यस्यां सा – बहुधीवरी, बहुधीवा.
- बहवः मेरुदृश्वानः यस्यां सा – बहुमेरुदृश्वरी, बहुमेरुदृश्वा. પૂર્વના ૨–૪–

૪ સૂત્રથી ङी ની નિત્ય પ્રાપ્તિ હતી. પણ બહુવ્રીહિ સમાસમાં ङी વિકલ્પે કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## वा पादः २–४–६

**અર્થ :–** બહુવ્રીહિ સમાસને કારણે (पाद नो) पाद् આદેશ અન્તે છે જેને તેવા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी વિકલ્પે થાય છે.

**વિવેચન :–** द्वौ पादौ यस्याः सा – द्विपदी, द्विपात् = બે પગવાળી.

द्विपाद – सुसंख्यात् ૭–૩–૧૫૦ થી पाद नो पाद् આદેશ.

द्विपाद् – આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે.

द्विपाद्+ङी – य–स्वरे... २–१–१०२ થી पाद નો पद् આદેશ.

द्विपदी. અને જ્યારે ङी ન લાગે ત્યારે द्विपात्.

બહુવ્રીહિનાં નિમિત્તે થયેલો पाद् આદેશ એ પ્રમાણે વિશેષણ હોવાથી पादम् आचष्टे क्विपि – पाद्. અહીં ङी નહીં થાય. કારણ કે णि નાં નિમિત્તે पाद नो पाद् આદેશ થયેલો છે.

पादम् आचष्टे – पादयति

पाद – णिज्... ૩–૪–૪૨ થી णिच् પ્રત્યય.

पाद+णिच् – त्रन्त्य... ૭–૪–૪૩ થી અન્ત્ય સ્વર अ નો લોપ.

पादि. पादयति इति क्विप्.

पादि+क्विप् - णेरनिटि ૪–૩–૮૩ થી णिच् નો લોપ.

पाद्. એજ પ્રમાણે त्रयः पादः अस्याः – त्रिपात्.

## ऊध्नः २–४–७

**અર્થ :–** ऊधन् અંતવાળા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** कुण्डम् इव ऊधः यस्याः सा – कुण्डोध्नी = કુંડા જેવા આંચળવાળી.

कुण्डोधस् – स्त्रियामू... ૭–૩–૧૬૯ થી स् નો न् આદેશ.

कुण्डोधन् – આ સૂત્રથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય.

कुण्डोधन्+ङी – अनोऽस्य २–१–१०८ થી अन् નાં अ નો લોપ.

कुण्डोध्न्+ङी = कुण्डोध्नी.

અનો वा ૨–૪–૧૧ થી ङी ની વિકલ્પે પ્રાપ્તિ હતી તેને નિત્ય કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## अशिशोः २–४–८

**અર્થ :–** अशिश्वी એ પ્રમાણે બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** अविद्यमानः शिशुः यस्याः सा – अशिश्वी = બાળક વગરની.

अशिशु ને ङी ની પ્રાપ્તિ ન હતી તેને ङी કરવા માટે જ આ સૂત્રની રચના છે.

**પ્રશ્ન :–** उधन् અને अशिशु બંને શબ્દોને બહુવ્રીહિ સમાસથી જ ङी પ્રત્યય કરવાનો હતો તો પછી બંને સૂત્રો ભેગા જ કરવાના હતાં જુદા શા માટે કર્યા ?

**જવાબ :–** બંનેનો બહુવ્રીહિ સમાસમાં જ ङी કરવાનો હોવા છતાં પણ ऊध्नः સૂત્રમાં ऊधन् અંતવાળા શબ્દોથી ङी થતો હતો જયારે આ સૂત્રમાં अशिशु શબ્દને જ ङी પ્રત્યય કરવો છે પણ अशिशु અંતવાળાને નહીં માટે બંને સૂત્રોની રચના અલગ કરી છે.

## संख्यादेर्हायनाद् वयसि २–४–९

**અર્થ :–** વય અર્થ ગમ્યમાન હોય તો સંખ્યાવાચક શબ્દ આદિમાં હોય અને हायन શબ્દ અન્તે હોય તેવા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** संख्या आदिः यस्य सः – संख्यादिः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** त्रीणि हायनानि त्रयः हायना वा यस्याः सा – त्रिहायणी = ત્રણ વર્ષની ઘોડી.

- चत्वारि हायनानि चत्वारः हायना वा यस्याः सा– चतुर्हायणी = ચાર વર્ષની ઘોડી.

त्रिहायन – चतुर्हायन – આ સૂત્રથી ङी પ્રત્યય.

त्रिहायन – चतुर्हायन+ङी – अस्य... ૨–૪–૮૬ થી અંત્ય अ નો લોપ.

त्रिहायनी – चतुर्हायनी – चतुस्त्रे... ૨–૩–૭૪ થી न् નો ण्.

त्रिहायणी – चतुर्हायणी.

**वयसीति किम् ?** चतुर्हायना शाला = ચાર વર્ષની શાળા.

અહીં વય અર્થ ગમ્યમાન નથી માટે આ સૂત્ર લાગતું નથી. आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

વય – પ્રાણીની કાલકૃત શરીરની અવસ્થા.

## दाम्नः २–४–१०

**અર્થ :–** સંખ્યાવાચક શબ્દ આદિમાં હોય અને दामन् શબ્દ અન્તે હોય તેવાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** द्वे दाम्नी यस्याः सा – द्विदाम्नी = બે દોરડાના બંધનથી બાંધવા યોગ્ય. (ગાય.)

**संख्यादेरित्येव** – उद्गतं दाम यस्याः सा – उद्दामा, ताम् – उद्दामानं पश्य = બંધન રહિત (સ્વતંત્ર) ને તું જો.

उद्दामा – અહિં બે વિકલ્પે ત્રણ રુપો થાય છે. અને તે બરાબર સમજાય માટે દ્વિતીયા વિભક્તિના રુપ મૂક્યા છે. જ્યારે ङी લાગે ત્યારે.....

- उद्दामन्+ङी+अम् – अनोऽस्य २–१–१०८ થી अन् નાં अ નો લોપ.

  उद्दाम्नी+अम् – समाना... १–४–४६ થી अम् નાં अ નો લોપ.

  उद्दाम्नीम्. વિકલ્પપક્ષે જ્યારે डाप् લાગે ત્યારે.....

- उद्दामन्+आ+अम् – डित्यन्त्य... २–१–११४ થી अन् નો લોપ.

  उद्दामा+अम् – समानानां... १–२–१ થી आ+अ = आ.

  उद्दामाम्. જ્યારે ङी કે डाप् ન થાય ત્યારે.....

- उद्दामन्+अम् – निदीर्घः १–४–८५ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

  उद्दामानम्. અહીં પૂર્વપદમાં સંખ્યાવાચક શબ્દ નથી માટે આ સૂત્ર ન લાગ્યું. પરંતુ अनो वा २–४–११ થી વિકલ્પે ङी પ્રત્યય થયો અને વિકલ્પપક્ષે ताभ्यां... २–४–१५ થી डित् એવો आप् પ્રત્યય વિકલ્પે લાગ્યો છે. તેથી બે વિકલ્પે ત્રણ રુપ થયા.

  अनो वा २–४–११ થી વિકલ્પે ङी થતો હતો તેને નિત્ય કરવા માટે આ સૂત્રની રચના છે.

## अनो वा २–४–११

**અર્થ :–** अन् અન્તવાળા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :–** बहवः राजानः ययोः ते – बहुराज्ञ्यौ, बहुराजे, बहुराजानौ = ઘણાં રાજાવાળી બે નગરી.

- बहुराजन् – આ સૂત્રથી ङी પ્રત્યય.

  बहुराजन्+ङी+औ – अनोऽस्य २–१–१०८ થી अन् નાં अ નો લોપ.

  बहुराज्ञी+औ – इवर्णादे... १–२–२१ થી ई નો य्.

  बहुराज्ञ्यौ. વિકલ્પપક્ષે डाप् પ્રત્યય લાગે છે.

- बहुराजन् – ताभ्यां... २–४–१५ થી डाप् પ્રત્યય.

  बहुराजन्+डाप्+औ – डित्यन्त्य... २–१–११४ થી अन् નો લોપ.

  बहुराजा+औ – औता १–४–२० થી आ+औ = ए

  बहुराजे. અને જ્યારે ङी કે डाप् ન થાય ત્યારે बहुराजानौ.

## नाम्नि २–४–१२

**અર્થ :–** સંજ્ઞાના વિષયમાં अन् અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** अधिको राजा यस्यां सा – अधिराज्ञी नाम ग्रामः = સંજ્ઞા વિશેષ.

शोभनो राजा यस्यां सा – सुराज्ञी नाम ग्रामः = સંજ્ઞા વિશેષ.

अधिराजन्, सुराजन् - આ સૂત્રથી ङी પ્રત્યય.

अधिराजन्, सुराजन्+ङी – अनोऽस्य २–१–१०८ થી अन् નાં अ નો લોપ.

अधिराज्न्, सुराज्न्+ङी – तवर्गस्य... १–३–६० થી ज् નાં યોગમાં न् નો ञ्.

अधिराज्ञ्, सुराज्ञ्+ङी = अधिराज्ञी, सुराज्ञी.

अनो वा २–४–११ થી ङी સિદ્ધ હોવા છતાં સૂત્ર જુદુ બનાવ્યું તેથી वा ની નિવૃત્તિ થઈ છે.

## नोपान्त्यवतः २–४–१३

**અર્થ :–** જેના ઉપાન્ત્યનો લોપ થતો નથી તેવા अन् અન્તવાળા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થતો નથી.

**સૂત્રસમાસ :–** अन्तस्य समीपम् - उपान्तम्. उपान्ते भवः – उपान्त्यः. उपान्त्यः अस्ति अस्य सः – उपान्त्यवान्, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** शोभनम् पर्व यस्याः सा – सुपर्वा = દેવ, બાણ.

शोभनम् शर्म यस्याः सा – सुशर्मा = ઉત્તમ સુખ છે જેને તે.

अनो वा ૨–૪–૧૧ થી ङी ની પ્રાપ્તિ હતી. પણ नवमन्त... ૨–૧–૧૧૧ થી ઉપાન્ત્ય अનાં લોપનો નિષેધ કરેલો છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યયનો નિષેધ થયો છે.

**उपान्त्यवत इति किम् ?** बहुराज्ञी. અહીં अन् નાં अ નો (ઉપાન્ત્યનો) લોપ થયો છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય નિષેધ ન થવાથી अनो वा ૨–૪–૧૧ થી ङी પ્રત્યય થયો છે.

આ સૂત્ર ૨–૪-૧ તેમજ ૨–૪–૧૧ સૂત્રનું બાધક સૂત્ર છે. ૨–૪–૧ થી થતાં ङी પ્રત્યયનો આ સૂત્રે નિષેધ કર્યો અને अनो वा. ૨–૪–૧૧ થી થતાં વિકલ્પે ङी પ્રત્યયમાં આ સૂત્રે ભેદ પાડ્યો કે જે શબ્દમાં ઉપાન્ત્યનો લોપ ન થાય તેને ङी પ્રત્યય નહીં થાય અને જે શબ્દમાં ઉપાન્ત્યનો લોપ થાય તેને ङी પ્રત્યય થશે.

## मनः २–४–१४

**અર્થ :–** मन् અન્તવાળા શબ્દોથી સ્ત્રીલંગમાં ङी પ્રત્યય થતો નથી.

**વિવેચન :–** सीमानौ – सीमन् = મર્યાદા, સીમાડો.

स्त्रियां... ૨–૪–૧ થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો છે.

**પ્રશ્ન :–** આ સૂત્રની રચના શા માટે કરી ? ઉપરનાં સૂત્રથી ङी નો નિષેધ થતો જ હતો.

**જવાબ :–** ઉપરના સૂત્રે બહુવ્રીહિ સમાસમાં થતાં ङी નો નિષેધ કર્યો છે. જયારે मन् અન્તવાળા શબ્દો તો બહુવ્રીહિ સમાસમાં ન હોય તો પણ નિષેધ

કરવો છે તેથી સૂત્ર જુદુ બનાવ્યું.

આ સૂત્રની ભિન્ન રચના કરવાથી બહુવ્રીહિનો અધિકાર અટકી ગયો. अतिमहिमा અહીં इमन् પ્રત્યય લાગવાથી अतिमहिमन् થયું અને તે પણ मन् અન્તવાળો છે. તેથી આ સૂત્રથી ङी નો નિષેધ થવો જોઈએ પણ ङी થાય છે કેમ કે अनिनस्मन्... એ ન્યાયથી સાર્થક मन् અન્તવાળાનું ગ્રહણ થાય પણ અનર્થક मन् અન્તવાળાનું ગ્રહણ ન થાય. सीमन् શબ્દમાં ङी નો તો નિષેધ થયો પણ आप् નો પણ નિષેધ થાય છે તે જણાવવા માટે જ सीमानौ એ પ્રમાણે ઉદાહરણ મૂક્યું છે.

## ताभ्यां वाऽऽप् डित् २–४–१५

**અર્થ :–** मन् અન્તવાળા શબ્દોથી તેમજ બહુવ્રીહિ એવા अन् અન્તવાળા શબ્દોથી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય વિકલ્પે થાય છે અને डित् થાય છે.

**સૂત્રસમાસ :–** तद् च तद् च – ताभ्यां (એકશેષ. દ્વ.)

**વિવેચન :–** सीमे, सुपर्वे. शोभनम् पर्व ययोः ते – सुपर्वे.

सीमन्, सुपर्वन् – આ સૂત્રથી डाप् (आप्) પ્રત્યય.

सीमन्, सुपर्वन्+आप्+औ – 'डित्य... ૨–૧–૧૧૪ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

सीम्, सपर्व्+आप्+औ – औता ૧–૪–૨૦ થી आ+औ = ए.

सीमे, सुपर्वे વિકલ્પ પક્ષે આ સૂત્રથી डाप् પ્રત્યય ન લાગે ત્યારે सीमन् અને सुपर्वन् શબ્દને અનુક્રમે मनः ૨–૪–૧૪ અને नोपान्त्यवतः ૨–૪–૧૩ થી ङी પ્રત્યયનો નિષેધ કરેલો હોવાથી सीमानौ અને सुपर्वाणौ થશે.

आप् डित् કર્યો તે અન્ત્ય સ્વરાદિનો લોપ કરવા માટે જ કર્યો છે. સૂત્રમાં डाप् ને બદલે आप् डित् લખ્યુ છે તેથી માત્ર आप् ની અનુવૃત્તિ નીચે જશે डित्ની નહીં જાય.डाप् લખે તો બંનેની અનુવૃત્તિ નીચેના સૂત્રમાં આવી જાય માટે आप् અને डित् બંને શબ્દો જુદા લખ્યા છે.

अनो वा ૨–૪–૧૧ અને मनः ૨–૪–૧૪ એ બે સૂત્રને અનુસારે બહુવ્રીહિનો સંબંધ अन्नन्त નામોની સાથે છે પણ मन्नन्त નામોની સાથે નથી.

## अजादेः २–४–१६

**અર્થ :–** अजादि જે જાતિવાચક છે તેને જ સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** अजः आदिः यस्य सः – अजादिः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** अजा = બકરી.

बाला = બાલિકા, ज्येष्ठा = મોટી બહેન, क्रुञ्चा = હંસલી.

આ બધા શબ્દોને ङी ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રથી आप् પ્રત્યય કર્યો છે.

"बाधक बाधनार्थं अनकारार्थं च वचनम्" આ સૂત્ર બાધકના બાધ માટે છે. અકારાન્ત નામોને आत् २–४–१८ થી आप् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને जाते... २–४–५४ વિગેરેથી ङी ની પ્રાપ્તિ કરી અને તે ङी નો પણ બાધ કરીને આ સૂત્રથી आप् કર્યો. એટલે બાધકનો પણ બાધ થયો. અને आत् २–४–१८ સૂત્ર માત્ર અકારાન્ત નામોથી જ आप् પ્રત્યય કરે છે. જ્યારે આ સૂત્ર અકારાન્ત અને વ્યંજનાન્ત બન્ને નામોથી आप् પ્રત્યય કરે છે.

अज શબ્દ અકારાન્ત હોવાથી आत् २–४–१८ થી आप् પ્રત્યયની પ્રાપ્તિ હોવા છતાં अज શબ્દનું આ સૂત્રમાં પુનર્ગ્રહણ अज સંબંધી જ સ્ત્રીલિંગ કરવું હોય તો જ आप् થાય. તેથી पञ्चानाम् अजानाम् समाहारः – पञ्चाजी. આ ઉદાહરણમાં સમાસનો અર્થ સમાહાર નિષ્ઠ સમુદાયવાચક અન્યાર્થ છે. પણ अजा શબ્દાર્થ વાચ્ય નથી તેથી आप् પ્રત્યય થશે નહીં.

नामग्रहणे न तदन्तविधिः એ ન્યાયથી अज અન્તવાળા पञ्चाजी શબ્દથી आप् પ્રત્યય નહીં થાય તો अजादेः માં अज શબ્દનું પુનર્ગ્રહણ નિરર્થક થશે ? ના, નહીં થાય કેમકે આ સૂત્ર જ્ઞાપક હોવાથી સ્ત્રી પ્રકરણમાં તદન્ત શબ્દોથી પણ વિધિ થશે. તેથી महान् चासौ अजश्च महाजा, परमाजा માં आप् થયો છે.

- अजादि गण – अजा, एडका, अश्वा, चटका, मुषिका અને कोकिला શબ્દોને जाते... २–४–५४ થી ङी ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને आप् પ્રત્યય કર્યો.
- बाला, पाका, वत्सा, मन्दा, विलाता, कन्या, मध्या અને मुग्धा આ શબ્દોને

वयस्य... ૨–૪–૨૧ થી ङी ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને आप् પ્રત્યય કર્યો.

- ज्येष्ठा, कनिष्ठा, मध्यमा. આ શબ્દોને धवाद्... ૨–૪–૫૯ થી ङी ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને आप् પ્રત્યય કર્યો.
- पूर्वापहाणा, अपरापहाणा, सम्प्रहाणा અને परप्रहाणा આ શબ્દોને अणञे... ૨–૪–૨૦ થી ङी ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને आप् પ્રત્યય કર્યો.
- त्रीणि फलानि समाहारः – त्रिफला. द्विगो... ૨–૪–૨૨ થી ङी ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને आप् પ્રત્યય કર્યો.
- क्रुञ्चा, देवविशा, उष्णिहा. આ શબ્દો વ્યંજનાન્ત હોવાથી आप् કે ङी પ્રત્યયની પ્રાપ્તિ જ ન હતી તે શબ્દોને आप् પ્રત્યય કર્યો.

## ऋचि पादः पात्पदे २–४–१७

**અર્થ :–** ઋચા અર્થમાં पाद શબ્દનો पाद् આદેશ થાય છે. તેના સ્થાને पात् અને पदा એ પ્રમાણે નિપાતન કરાય છે.

**સૂત્રસમાસ :–** पात् च पदा च – पात्पदे. (ઈત. દ્વ.)

**વિવેચન :–** त्रयः पादाः यस्याः सा – त्रिपदा, त्रिपात् वा गायत्री = વેદનો ગાયત્રી મંત્ર. सुसंख्यात् ૭–૩–૧૫૦ થી पाद નો पाद् આદેશ થયો. તેનો आप् પ્રત્યય સહિત આ સૂત્રથી पदा અને पात् આદેશ નિપાતન થયો છે.

**ऋचीति किम् ?** द्विपात्, द्विपदी અહીં ઋચા અર્થ ગમ્યમાન નથી માટે આ સૂત્રથી નિપાતન ન થતાં वा पादः ૨–૪–૬ થી ङी પ્રત્યય વિકલ્પે થયો છે.

આ સૂત્ર वा पादः ૨–૪–૬ નું બાધકસૂત્ર છે.

## आत् २–४–१८

**અર્થ :–** અકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય થાય છે.

**વિવેચન :-** खट्वा = ખાટલો. खट्यते शयालुभिः – खट्वा. खट् कांक्षे. खट् ધાતુને व પ્રત્યય લાગીને खट्व અકારાન્ત નામ બન્યું તેને આ સૂત્રથી आप् પ્રત્યય લાગ્યો છે.

● या = જેણી.

यद्+सि – आद्वेरः २–१–४१ थी द् नो अ.

यअ+सि – लुगस्या... २–१–११३ थी य नां अ नो લોપ.

य्+अ+सि – આ સૂત્રથી आप् પ્રત્યય.

य+आ+सि – समानानां... १–२–१ थी अ+आ = आ.

या+सि – दीर्घ... १–४–४५ थी सि नो લોપ.

या. એજ પ્રમાણે सा = તેણી. तद् નાં त् નો तः सौ सः २–१–४२ થી स् થયો. બાકીની સાધનિકા या પ્રમાણે થશે.

खट्वा શબ્દ અકારાન્ત હોવાથી આ સૂત્રથી आप् લાગ્યો છે. જો તે અકારાન્ત ન હોતતો अतिखट्वः, प्रियखट्वः વિગેરે પ્રયોગોમાં खट्वा શબ્દનો જે અકાર કર્યો છે તે गोश्चान्ते... २–४–९६ થી હ્રસ્વ ન થાત.

आत् નો અધિકાર ઉત્તર સૂત્રોમાં યથાસંભવ સમજવો.

## गौरादिभ्यो मुख्यान्ङीः २–४–१९

**અર્થ :–** गौरादि ગણપાઠમાંના गौर વિગેરે મુખ્ય સ્ત્રીલિંગ નામથી ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** गौरः आदिः येषाम् ते – गौरादयः, तेभ्यः (બહુ.)

**વિવેચન :–** गौरी = ગૌર વર્ણવાળી સ્ત્રી, शबली = કાબરચીતરાં વર્ણવાળી.

गौर, शबल – આ સૂત્રથી ङी પ્રત્યય

गौर, शबल + ङी – अस्यङ्यां... २–४–८६ થી ङी પ્રત્યય પર છતાં अ નો લોપ.

गौर्+ङी – गौरी, शबल्+ङी – शबली.

**मुख्यादिति किम् ?** बहवः नदाः यस्यां सा – बहुनदा भूमिः = ઘણી નદીવાળી જમીન. અહીં नद શબ્દ એ गौरादि ગણનો હોવા છતાં અન્યપદ પ્રધાન છે. મુખ્ય નથી માટે આ સૂત્રથી ङी પ્રત્યય થયો નથી.

અહીંથી હવે नुर्जातेः २–४–७२ સુધી મુખ્ય નામથી ङी નો અધિકાર ચાલશે.

बहुवचनमाकृतिगणार्थम् ।

## अणञेयेकणनञ्स्नञ्टिताम् २–४–२०

**અર્થ :–** अण्, अञ्, एय, इकण्, नञ्, स्नञ् અને ट् ઈત્ પ્રત્યયાન્ત અકારાન્ત નામોને જ ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** ट् इत् यस्य सः – टित्. (બહુ.) अण् च अञ् च एयश्च इकण् च नञ् च स्नञ् च टित् च – अणञेयेकण्नञ्स्नञ्टितः, तेषाम्. (ઈત. દ્વ.)

**વિવેચન :–** अण् પ્રત્યયાન્ત - उपगोः अपत्यं स्त्री – औपगवी = ગોવાલણ.

उपगु – ङसोऽपत्ये ६–१–२८ થી अण् પ્રત્યય.

उपगु+अण् – अस्वय... ७–४–७० થી उ નો अव्.

उपगव्+अण् – वृद्धिः... ७–४–१ થી આદિ उ ની વૃદ્ધિ औ.

औपगव - આ સૂત્રથી ङी પ્રત્યય.

औपगव+ङी – अस्य... २–४–८६ થી ङी ની પૂર્વનાં अ નો લોપ.

औपगव्+ङी – औपगवी.

- अञ् પ્રત્યયાન્ત – बिदस्य अपत्यं स्त्री – बैदी = બિદઋષિનું સ્ત્રી સંતાન.

बिद – बिदादे... ६–१–४१ થી अञ् પ્રત્યય.

बिद+अञ् – अवर्णे... ७–४–६८ થી अञ् પર છતાં પૂર્વનાં अ નો લોપ.

बिद्+अञ् – वृद्धिः... ७–४–१ થી આદિ સ્વર इ ની વૃદ્ધિ ऐ.

बैद – આ સૂત્રથી ङी પ્રત્યય.

बैद+ङी – अस्य... २–४–८६ થી ङी ની પૂર્વનાં अ નો લોપ.

बैद्+ङी – बैदी.

- एयण् પ્રત્યયાન્ત - सुपर्ण्याः अपत्यं स्त्री – सौपर्णेयी = ગરુડની સ્ત્રી.

सुपर्णी – ङ्याप्... ६–१–७० થી एयण् પ્રત્યય.

सुपर्णी+एयण् – अवर्णे... ७–४–६८ થી एयण् પર છતાં પૂર્વનાં इ નો લોપ.

सुपर्ण्+एयण् – वृद्धिः... ७–४–१ થી આદિ સ્વર उ ની વૃદ્ધિ औ.

सौपर्णेय. – આ સૂત્રથી ङी પ્રત્યય.

सौपर्णेय+ङी – अस्य... ૨–૪–૮૬ થી ङी ની પૂર્વનાં अ નો લોપ.

सौपर्णेय्+ङी – सौपर्णेयी.

- इकण् प्रत्ययान्त – अक्षैः दीव्यति – आक्षिकी = પાસાવડે રમનારી સ્ત્રી.

  अक्ष – तेनजित... ૬–૪–૨ થી इकण् પ્રત્યય. બાકીની સાધનિકા सौपर्णेयी પ્રમાણે થશે.

- नञ् પ્રત્યયાન્ત - स्त्रीयाः अपत्यं स्त्री – स्त्रैणी = સ્ત્રીનું સંતાન.

- स्नञ् પ્રત્યયાન્ત - पुंसः अपत्यं स्त्री – पौंस्नी = પુરુષનું સંતાન.

  स्त्री+नञ्, पुम्स्+स्नञ् આ બંનેમાં प्राग्वतः... ૬–૧–૨૫ થી અનુક્રમે नञ् અને स्नञ् પ્રત્યય થયો. બાકીની સાધનિકા सौपर्णेयी પ્રમાણે થશે.

- टित् પ્રત્યયાન્ત–जानु उर्ध्वं प्रमाणं यस्याः सा – जानुदघ्नी = ઢીંચણ પ્રમાણ ઊંચાઈ વાળી સ્ત્રી.

  जानु – वोर्ध्वं... ૭–૧–૧૪૨ दघ्नट् પ્રત્યય.

  जानु+दघ्नट् – આ સૂત્રથી ङी પ્રત્યય.

  जानुदघ्न+ङी – अस्य... ૨–૪–૮૬ થી ङी ની પૂર્વના अ નો લોપ.

  जानुदघ्न्+ङी = जानुदघ्नी. અહીં ट् ઈત્‌વાળો પ્રત્યય છે.

  સૂત્રમાં 'एय' એ પ્રમાણે જણાવેલ હોવાથી "निरनुबन्धग्रहणे सामान्यस्यग्रहणम्" એ ન્યાયથી एयण्, एयच् અને एयञ् નું ગ્રહણ કરાય છે.

## वयस्यनन्त्ये २–४–२१

**અર્થ :–** કાલકૃત શરીરની અવસ્થા તે વય. વયની અચરમ અવસ્થામાં વર્તતાં અકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** न अन्त्यम् – अनन्त्यम्, तस्मिन्. (નञ्. ત.)

**વિવેચન :–** कुमारी = કુંવારી કન્યા. कुमार અકારાન્ત શબ્દને આ સૂત્રથી ङी પ્રત્યય થયો. અને अस्य... ૨–૪–૮૬ થી अ નો લોપ થવાથી कुमारी થયું.

- किशोरी = દસથી પંદર વર્ષની દિકરી. किशोर અકારાન્ત શબ્દને આ સૂત્રથી ङी પ્રત્યય થયો અને अस्य... ૨–૪–૮૬ થી अ નો લોપ થવાથી किशोरी થયું.

- वधूटी = જુવાન સ્ત્રી. वधूट અકારાન્ત શબ્દને આ સૂત્રથી ङी પ્રત્યય થયો. અને अस्य... ૨–૪–૮૬થી अ નો લોપ થવાથી वधूटी થયું.

  **अनन्त्य इति किम् ?** वृद्धा – वृद्ध નામ અકારાન્ત હોવા છતાં ચરમ વયમાં વર્તમાન નામ હોવાથી આ સૂત્રથી ङी ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

  कुत्सितः मारः कामः यस्यां सा – कुमारी અને किशोरी બંને શબ્દ પ્રથમ વયવાચી છે. અને वधूटी શબ્દ યૌવનવાચી છે. વય ચાર પ્રકારે છે. બાલ, કુમાર, યૌવન અને વૃદ્ધ. તેમાં બાલ અને વત્સ નામનો તો अजादि માં પાઠ હોવાથી अजादेः સૂત્રથી आप् પ્રત્યય થાય છે.

## द्विगोः समाहारात् २–४–२२

**અર્થ :–** અકારાન્ત સમાહાર દ્વિગુ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** द्वौ गावौ यस्मिन् सः – द्विगुः, तस्मात्. (બહુ.)

सम्यग् आहरणम् (एकीभावः) – समाहारः, तस्मात्.

**વિવેચન :–** पञ्चानाम् मूलानां समाहारः –पञ्चमूली = શાલપર્ણી વિગેરે પાંચ વનસ્પતિના મૂળ. पञ्चमूल એ અકારાન્ત સમાહાર દ્વિગુ સમાસને આ સૂત્રથી ङी પ્રત્યય લાગે છે. તેથી पञ्चमूल+ङी. अस्य... ૨–૪–૮૬ થી ङी ની પૂર્વના अ નો લોપ થવાથી पञ्चमूली થયું.

- दशानाम् राज्ञाम् समाहारः – दशराजी = દશરેખા, પંક્તિ.

  दशराजन् – संख्या... ૩–૧–૯૯ થી દ્વિગુસમાસ અને राजन्... ૭–૩–૧૦૬ થી अट् સમાસાન્ત.

  दशराजन्+अट् – नो पदस्य... ૭–૪–૬૧ થી अन् નો લોપ.

  दशराज्+अट् – આ સૂત્રથી ङी પ્રત્યય.

  दशराज+ङी – अस्य... ૨–૪–૮૬ થી ङी ની પૂર્વના अ નો લોપ.

  दशराजी. સમાહાર દ્વિગુ સમાસ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો.

## परिमाणात्तद्धितलुक्यबिस्ताऽऽचितकम्बल्यात् २–४–२३

**અર્થ :–** તદ્ધિતનો લોપ થયે છતે बिस्त, आचित અને कम्बल्य શબ્દને વર્જીને

પરિમાણ વાચક અકારાન્ત દ્વિગુ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** तद्धितस्य लुक् – तद्धितलुक्, तस्मिन्. (ષ. ત.) बिस्तश्च आचितश्च कम्बल्यश्च एतेषां समाहारः – बिस्ताचितकम्बल्यम्. (સમા. દ્વ.) न बिस्ताचितकम्बल्यम् – अबिस्ताचितकम्बल्यम्. तस्मात्. (નञ्. ત.)

**વિવેચન :–** द्वाभ्यां कुडवाभ्यां क्रीता – द्विकुडवी = બે કુડવી વડે ખરીદાયેલ.

द्विकुडव – मूल्यैः... ६–४–१५० થી इकण् પ્રત્યય.

द्विकुडव+इकण् – अनाम्न्य... ६–४–१४१ થી इकण् નો લોપ.

द्विकुडव – આ સૂત્રથી ङी પ્રત્યય.

द्विकुडव+ङी – अस्य... २–४–८६ થી अ નો લોપ.

द्विकुडव्+ङी – द्विकुडवी. અહીં તદ્ધિતનો લોપ થયેલો છે. તેથી દ્વિગુ સમાસને આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો છે.

**परिमाणादिति किम् ?** पञ्चभिः अश्वैः क्रीता – पञ्चाश्वा = પાંચ અશ્વવડે ખરીદાયેલ. અહીં अश्व એ પરિમાણવાચક નામ નથી માટે આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् २–४–१८ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**तद्धितलुकीति किम् ?** द्वाभ्यां पणाभ्यां क्रीता – द्विपण्या = બે પણ વડે (નાણાં વડે) ખરીદાયેલ.

द्विपण – पण–पाद... ६–४–१४८ થી य પ્રત્યય.

द्विपण+य – आत् २–४–१८ થી आप् પ્રત્યય.

द्विपण+य+आप् – अवर्णे... ७–४–६८ થી य પર છતાં अ નો લોપ.

द्विपण्+य+आप् – समानानां... १–२–१ થી अ+आ = आ.

द्विपण्या. અહીં તદ્ધિત પ્રત્યય જે य લાગ્યો છે તેનો લોપ નથી થયો માટે આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आप् પ્રત્યય લાગ્યો છે.

**बिस्तादिवर्जनं किम् ?** द्वाभ्यां बिस्ताभ्यां क्रिता – द्विबिस्ता,
द्वाभ्यां आचिताभ्यां क्रीता – द्व्याचिता,
द्वाभ्यां कम्बल्याभ्यां क्रीता – द्विकम्बल्या.

बिस्त, आचित અને कम्बल्य શબ્દ પરિમાણ વાચક છે પણ સૂત્રમાં તેઓનું

વર્જન હોવાથી આ સૂત્રથી ङी ન લાગતા आप् પ્રત્યય લાગ્યો છે.

ખરેખર बिस्त વિગેરે ત્રણે શબ્દો ઉન્માનવાચક છે. बिस्त = ૧૬૦ પલ, आचित = દશભાર અને कम्बल्य = ૧૮૦ પલ કહેવાય છે. વળી કોઈક कम्बल्य = ૧૬૬ પલ પણ કહે છે. તેથી આ શબ્દો અપરિમાણ વાચક હોવાથી ङी થતો જ નથી તો સૂત્રમાં નિષેધ શા માટે કર્યો ? આવું જો તમે કહેતા હો તો ન કહેવું કેમકે દેશવિશેષમાં बिस्त વિગેરેને પણ પરિમાણવાચક કહ્યા છે.

बिस्तादि ના વર્જનથી આ સૂત્રમાં પરિમાણવાચક અને ઉન્માનવાચક બંન્નેનું ગ્રહણ થશે. बिस्तादि ના વર્જનથી નિયમ થયો કે જો ઉન્માનવાચક નામોને ङी ન થાય તો बिस्तादि ને જ ન થાય. તે સિવાયના શબ્દો ઉન્માનવાચક હોય તો પણ આ સૂત્રથી ङी પ્રત્યય થાય. દા.ત. द्विनिष्की.

## काण्डात् प्रमाणादक्षेत्रे २–४–२४

**અર્થ :–** તદ્ધિતનો લોપ થયે છતે પ્રમાણવાચક काण्ड અન્તવાળાં, અક્ષેત્રવિષયવાળા દ્વિગુ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** न क्षेत्रम् – अक्षेत्रम्, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** द्वे काण्डे प्रमाणम् अस्याः – द्विकाण्डी रज्जुः = બે કાંડ પ્રમાણવાળી દોરી.

द्विकाण्ड – प्रमाणात्... ૭–૧–૧૪૦ થી मात्रट् પ્રત્યય.

द्विकाण्ड+मात्रट् – द्विगोः... ૭–૧–૧૪૪ થી मात्रट् પ્રત્યયનો લોપ.

द्विकाण्ड – આ સૂત્રથી ङी પ્રત્યય.

द्विकाण्ड+ङी – अस्य... ૨–૪–૮૬ થી ङी ની પૂર્વનાં अ નો લોપ.

द्विकाण्ड्+ङी – द्विकाण्डी.

**प्रमाणादिति किम् ?** द्वाभ्यां काण्डाभ्यां क्रीता – द्विकाण्डा शाटी = બે કાણ્ડ વડે ખરીદાયેલી સાડી. અહીં પ્રમાણવાચી काण्ड શબ્દ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आप् પ્રત્યય લાગ્યો છે.

**अक्षेत्र इति किम् ?** द्वे काण्डे प्रमाणम् अस्याः सा – द्विकाण्डा क्षेत्रभक्तिः

= બે કાણ્ડ પ્રમાણ ક્ષેત્રભક્તિ. અહીં ક્ષેત્રનો વિષય હોવાથી આ સૂત્રથી ડી પ્રત્યય ન થતાં आप् પ્રત્યય લાગ્યો છે.

क्षेत्र = વાવેલાં બીજો વૃદ્ધિ પામે છે જેમાં તે ક્ષેત્ર.

"क्षियन्ति निवसन्ति (उप्तानि) बिजानि वृद्धि वा गच्छन्ति अस्मिन् क्षेत्रम्।"

आयामः - प्रमाणम् = લંબાઈ.

## पुरुषाद् वा २-४-२५

**અર્થ :–** તદ્ધિતનો લોપ થયે છતે પ્રમાણવાચક पुरुष અન્તવાળાં દ્વિગુસમાસથી સ્ત્રીલિંગમાં ડી પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :–** द्वौ पुरुषौ प्रमाणम् यस्याः सा – द्विपुरुषी, द्विपुरुषा परिखा = બે પુરુષનાં પ્રમાણવાળી ખાઈ. हस्ति... ૭–૧–૧૪૧ થી अण् પ્રત્યય. અન્ય સાધનિકા ૨–૪–૨૪ સૂત્રમાં આપેલ द्विकाण्डी પ્રમાણે થશે.

**तद्धितलुकीत्येव** – पञ्च पुरुषाः समाहृताः – पञ्चपुरुषी = પાંચપુરુષોનો સમૂહ. અહીં તદ્ધિત પ્રત્યય જ લાગ્યો નથી. તેથી આ સૂત્રથી વિકલ્પે ડી પ્રત્યય ન થતાં द्विगोः... ૨–૪–૨૨ થી નિત્ય ડી થયો છે.

## रेवतरोहिणाद् भे २-४-२६

**અર્થ :–** નક્ષત્ર અર્થમાં વર્તતાં रेवत અને रोहिण શબ્દથી સ્ત્રીલિંગમાં ડી પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** रेवतश्च रोहिणश्च एतयोः समाहारः – रेवतरोहिणम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** रेवत्यां (रेवतीनक्षत्रयुक्ते काले) जाता – रेवती = રેવતી નક્ષત્રમાં જન્મેલી.

- रोहिण्यां (रोहिणीनक्षत्रयुक्ते काले) जाता – रोहिणी = રોહિણી નક્ષત્રમાં જન્મેલી.

रेवत, रोहिण – भर्तु... ૬–૩–૮૯ થી अण् પ્રત્યય.

रेवत, रोहिण+अण् – अवर्णे... ૭–૪–૬૮ થી अण् ની પૂર્વના अ નો લોપ.

रेवत्, रोहिण्+अण् – अणजे.... ૨–૪–૨૦ થી ડી પ્રત્યય.

रेवत्, रोहिण्+अण्+डी – चित्रा... ૬–૩–૧૦૮ થી अण् નો લોપ.

रेवत्, रोहिण्+ङी – ङ्यादे... ૨–૪–૯૫ થી ङी નો લોપ.

रेवत्, रोहिण् – નક્ષત્રવાચક હોવાથી આ સૂત્રથી ફરી ङी પ્રત્યય.

रेवत्, रोहिण्+ङी – रेवती, रोहिणी.

**भ इति किम्** ? रेवता = રેવતી નામની કોઈ સ્ત્રી. અહીં નક્ષત્રવાચક શબ્દ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

## नीलात् प्राण्यौषध्योः ૨–૪–૨૭

**અર્થ :–** પ્રાણી અને ઔષધિવાચક नील શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** प्राणी च औषधिश्च – प्राण्यौषधी, तयोः (ઈત. દ્વ.)

**વિવેચન :–** नीली गौः = નીલી ગાય. અહીં પ્રાણીવાચક गो શબ્દ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે.

- नीली औषधिः = નીલી ઔષધિ. અહીં ઔષધિવાચક नील શબ્દ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે.
- नीला अन्या = નીલી સાડી. અહીં પ્રાણી કે ઔષધિવાચક नील શબ્દ નથી તેથી આ સૂત્રથી ङी ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો. નીલી આ શબ્દ જાતિવાચક છે તેથી जाते... ૨–૪–૫૪ થી ङी પ્રાપ્ત હતો પણ આ શબ્દ નિત્ય સ્ત્રીલિંગ હોવાથી जाते... ૨–૪–૫૪ થી ङी ન થાત તેની આ સૂત્રે પ્રાપ્તિ કરી છે.

## क्ताच्च नाम्नि वा ૨–૪–૨૮

**અર્થ :–** સંજ્ઞાના વિષયમાં नील શબ્દથી અને क्त પ્રત્યયાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :–** नीली, नीला = નીલા નામની વ્યક્તિ. અહીં સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો. વિકલ્પપક્ષે आत् ૨–૪–૧૮થી आप् પ્રત્યય થયો.

- प्रवृद्धाश्चासौ विलूना च – प्रवृद्धविलूनी, प्रवृद्धविलूना.

  प्रवृद्ध+वि+लू+त – ऋल्वा... ૪–૨–૬૮ થી त નો न.

प्रवृद्ध+वि+लू+न – આ સૂત્રથી ङी વિકલ્પે.

प्रवृद्ध+विलून+ङी – अस्य... ૨–૪–૮૬ થી પૂર્વનાં अ નો લોપ.

प्रवृद्धविलून्+ङी – प्रवृद्धविलूनी. વિકલ્પપક્ષે आत् ૨–૪–૧૮ થી आप्.

प्रवृद्धविलून+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ.

प्रवृद्धविलूना. અહીં क्त પ્રત્યયાન્ત શબ્દ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો. વિકલ્પપક્ષે आप् પ્રત્યય થયો.

## केवलमामकभागधेयपापाऽपर समानाऽऽर्यकृत सुमङ्गलभेषजात् ૨–૪–૨૯

**અર્થ :–** સંજ્ઞાના વિષયમાં केवल, मामक, भागधेय, पाप, अपर, समान, आर्यकृत, सुमङ्गल અને भेषज શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** केवलश्च मामकश्च भागधेयश्च पापश्च अपरश्च समानश्च आर्यकृतश्च सुमङ्गलश्च भेषजश्च एतेषां समाहारः – केवलमामकभागधेयपापाऽपर समानाऽऽर्यकृतसुमङ्गलभेषजम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** केवली = જ્યોતિ, मामकी = મામી, भागधेयी = બલિ, पापी – अपरी = ઔષધિવિશેષ, समानी = છન્દ, आर्यकृती = ક્રિયાવિશેષ, सुमङ्गली = છન્દ અથવા ઔષધિ, भेषजी = ઔષધિ. આ બધા શબ્દોને આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો અને ङी પ્રત્યય પર છતાં પૂર્વનાં अ નો अस्य... ૨–૪–૮૬ થી લોપ થયો છે.

**नाम्नीत्येव** – केवला = નિશ્ચયપૂર્વક, ખરેખર. અહીં સંજ્ઞાનો વિષય નથી માટે આ સૂત્રથી ङी પ્રત્યય ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

**પ્રશ્ન :–** मामक શબ્દ अञ् અન્તવાળો હોવાથી अणञे... ૨–૪–૨૦ થી ङी પ્રત્યય સિદ્ધ જ હતો. છતાં આ સૂત્રમાં શા માટે ફરી ગ્રહણ કર્યો ?

**જવાબ :-** સિદ્ધ હોવા છતાં અહીં ગ્રહણ કરવાથી નિયમ થયો કે સંજ્ઞાનાં વિષયમાં જ ङी પ્રત્યય થશે. અસંજ્ઞાના વિષયમાં હવે अणञे... ૨–૪–૨૦ થી अञ् પ્રત્યયાન્ત શબ્દને ङी ની પ્રાપ્તિ હોવા છતાં પણ નહીં થાય. દા. ત. मामिका बुद्धिः અહીં સંજ્ઞાનો વિષય નથી તેથી

આસૂત્રથી કે अणञे... ૨–૪–૨૦ થી પણ ङी ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

## भाज–गोण–नाग–स्थल–कुण्ड–काल–कुश–कामुक–कट–कबरात् पक्वा–ऽऽवपन–स्थूला–ऽकृत्रिमा–ऽमत्र–कृष्णाऽऽयसी–रिरंसु–श्रोणि–केशपाशे २–४–३०

**અર્થ :–** સંજ્ઞાના વિષયમાં भाज, गोण, नाग, स्थल, कुण्ड, काल, कुश, कामुक, कट અને कबर શબ્દો અનુક્રમે पक्व, आवपन, स्थूल, अकृत्रिम, अमत्र, कृष्ण, आयसी, रिरंसु, श्रोणि અને केशपाश અર્થમાં વર્તતાં હોય તો સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** भाजश्च गोणश्च नागश्च स्थलं च कुण्डं च कालश्च कुशश्च कामुकश्च कटश्च कबरश्च एतेषां समाहारः – भाजगोणनागस्थलकुण्डकालकुशकामुककट-कबरम्, तस्मात्, (સમા. દ્વ.) पक्वश्च आवपनश्च स्थूलंच अकृत्रिमं च अमत्रंच कृष्णश्च आयसी च रिरंसुश्च श्रोणिश्च केशपाशश्च एतेषां समाहारः – पक्वावपनस्थूलाकृत्रिमामत्रकृष्णायसीरिरंसुश्रोणिकेशपाशम्, तस्मिन्, (સમા. દ્વ.)

**વિવેચન :–** भाजी पक्वा चेत् = શેકેલ અથવા પકાવેલ કોઈ પદાર્થ.

भाजा = નહીં પકાવેલ શાક વિગેરે પદાર્થ.

- गोणी आवपनम् चेत् = બીજ રાખવાનું પાત્ર, અનાજની ગુણી.
  गोणा = અન્ય અર્થમાં.
- नागी स्थूला चेत् = નાગની પત્નિ અથવા સર્પિણી.
  नागा = અન્ય અર્થમાં.
- स्थली अकृत्रिमा चेत् = અકૃત્રિમ જમીન અથવા વનભૂમિ.
  स्थला = અન્ય અર્થમાં.
- कुण्डी अमत्रम् चेत् = પાત્ર વિશેષ, સ્થાલી.
  कुण्डा = અન્ય અર્થમાં.
- काली कृष्णा चेत् = શિવની પત્નિ પાર્વતી.
  काला = અન્ય અર્થમાં.

- कुशी आयसी चेत् = લોખંડની બનાવેલી કોશ.
  कुशा = અન્ય અર્થમાં
- कामुकी रिंसुः चेत् = મૈથુનની ઇચ્છાવાળી સ્ત્રી.
  कामुका = અન્ય અર્થમાં.
- कटी श्रोणिः चेत् = કેડનો ભાગ.
  कटा = અન્ય અર્થમાં.
- कबरी केशपाशः चेत् = વેણી.
  कबरा = અન્ય અર્થમાં.

## नवा शोणादेः २–४–३१

**અર્થ :–** शोण વિગેરે શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** शोणः आदिः यस्य सः – शोणादिः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** शोणी, शोणा – "शोणृ वर्णे" शोण = ઉજ્વલવર્ણ, નિર્દોષ રક્ત વર્ણ.

- चण्डी = દુર્ગાદેવી, પાર્વતી, ઉગ્રકોપવાળી સ્ત્રી.

  चण्डा = ચણ્ડા નામની પાર્વતીની સહચરી એક દેવી.

  આ સૂત્રથી ङी વિકલ્પે લાગ્યો. ङी ન લાગે ત્યારે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

  शोणादि गण - शोण, चण्ड, अराल, कमल, कृपण, विकट, विशाल, विशङ्कट, भरुज, ध्वज, कल्याण, उदार, पुराण, बहु, बहुस्, बह्वी વિગેરે.

## इतोऽक्त्यर्थात् २–४–३२

**અર્થ :–** क्ति અર્થક પ્રત્યયાન્ત શબ્દોને વર્જીને इકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** क्तेः अर्थः – क्त्यर्थः, तस्मात्. (ષ. ત.)

**વિવેચન :–** भवति सर्वम् अस्याम् – भूमिः = જમીન.

- धूयते वायुना – धूलिः = ધૂળ.

  भूमि, धूलि+ङी - समानानां... ૧–૨–૧ થી દીર્ઘ.

भूमी, धूली. વિકલ્પપક્ષે આ સૂત્રથી ङी ન લાગે ત્યારે भूमि, धूलि થશે.

**अक्त्यर्थादिति किम्?** करणं – कृति = પ્રયત્ન, વ્યાપાર. स्त्रियां... ૫–૩–૯૧ થી कृ ધાતુને क्ति પ્રત્યય લાગ્યો છે.

- न करणं – अकरणिः = શાપ. नञो... ૫–૩–૧૧૭ થી कृ ધાતુને अनि પ્રત્યય લાગ્યો છે.
- हीनं – हानिः = નુકશાન. ग्ला–हा... ૫–૩–૧૧૮ થી हा ધાતુને अनि પ્રત્યય લાગ્યો છે.

આ ત્રણે ઉદાહરણ इकारान्त હોવા છતાં તે क्ति અને क्ति નાં અર્થમાં પ્રત્યય લાગેલા હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો નથી.

## पद्धतेः २–४–३३

**અર્થ :–** पद्धति શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :–** पादाभ्यां हन्यते – पद्धतिः અથવા हननम् – हतिः,

पादस्य हतिः – पद्धतिः માર્ગ, પંક્તિ.

पादहन् – श्वादिभ्यः ૫–૩–૯૨ થી क्ति પ્રત્યય.

पादहन्+ति – यमि–रमि... ૪–૨–૫૫ થી न् નો લોપ.

पादहति – हिमहति... ૩–૨–૯૬ થી पाद નો पद् આદેશ.

पद्हति – ततो... ૧–૩–૩ થી ह् નો ध्.

पद्धतिः આ સૂત્રથી ङी વિકલ્પે पद्धती.

क्ति પ્રત્યયાન્ત पद्धति શબ્દ હોવાથી इतो... ૨–૪–૩૨ સૂત્રથી ङी પ્રત્યયનો નિષેધ થતો હતો. આ સૂત્રની રચના કરી તેથી पद्धति શબ્દને ङी પ્રત્યય થઈ શક્યો.

## शक्तेः शस्त्रे २–४–३४

**અર્થ :–** शस्त्र અર્થમાં शक्ति શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :–** शक्यते (हिंस्यते) परः अनया – शक्तिः = તે નામનું શસ્ત્ર.

शक् – श्वादिभ्यः ૫–૩–૯૨ થી क्ति પ્રત્યય.

शक्+ति – આ સૂત્રથી વિકલ્પે ङी પ્રત્યય.

शक्ति + ङी – शक्ती. વિકલ્પપક્ષે शक्ति.

**शस्त्र इति किम्** ? शक्तिः सामर्थ्यम् = શક્તિ. અહીં शक्ति શબ્દ સામર્થ્ય – ક્ષમતા અર્થમાં છે. શસ્ત્ર અર્થમાં નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગ્યો.

## स्वरादुतो गुणादखरोः २–४–३५.

**અર્થ :–** સ્વરથી પર રહેલાં खरु વર્જીને ઉકારાન્ત ગુણવાચક નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** न खरुः – अखरुः, तस्मात्. (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** पट्वी – पटुः, विभ्वी – विभुः – આ સૂત્રથી ઉકારાન્ત ગુણવાચક पटु અને विभु નામથી વિકલ્પે ङी પ્રત્યય થયો છે. ङी લાગતાં इवर्णादे... ૧–૨–૨૧ થી પૂર્વના उ નો व् થયો છે.

**स्वरादिति किम्** ? पाण्डु भूमिः – અહીં पाण्डु શબ્દ खरु સિવાયનો ઉકારાન્ત ગુણવાચક છે પણ સ્વરથી પરમાં उ નથી વચ્ચે ण् નું વ્યવધાન છે. તેથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

**गुणादिति किम्** ? आखुः स्त्री = ઊંદરડી. અહીં आखु શબ્દ ગુણવાચક નથી. જાતિવાચક છે. તેથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

**अखरोरिति किम्** ? खरुः इयम् = પતિને વરવા ઇચ્છતી આ. (કન્યા.) સૂત્રમાં खरु શબ્દનું વર્જન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

**પ્રશ્ન :–** पटु વિગેરેમાં સ્વર અને ઉકારની વચમાં એક વ્યંજનનું વ્યવધાન તો છે જ તો પછી તેને આ સૂત્રથી ङी પ્રત્યય કેમ થયો ?

**જવાબ :–** येन नाव्यवधानं तेन व्यवहिते अपि स्यात् – સ્વરથી પરમાં તરતજ ઉકારનો અસંભવ હોવાથી આ ન્યાયથી વ્યંજનના વ્યવધાન વિના પ્રયોગ સિદ્ધ જ નથી તેટલાં પૂરતું સ્વર અને ઉકારની વચ્ચે એક વ્યંજનનું વ્યવધાન હોય તો આ સૂત્રથી ङी પ્રત્યય થાય પણ બે કે બેથી વધારે વ્યંજનનું વ્યવધાન હોય તો ङी પ્રત્યય ન થાય.

## श्येतैत–हरित–भरत–रोहितात् वर्णात् तो नश्च २–४–३६

**અર્થ :–** श्येत, एत, हरित, भरत, रोहित આ વર્ણવાચક શબ્દોથી સ્ત્રીલિંગમાં

ङी પ્રત્યય વિકલ્પે થાય છે અને તેના યોગમાં श्येत વિગેરે ના त् નો न् થાય છે.

**સૂત્રસમાસ :–** श्येतश्च एतश्च हरितश्च भरतश्च रोहितश्च एतेषां समाहारः – श्येतैत–हरितभरतरोहितम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** श्येनी – श्येता = સફેદવર્ણવાળી, एनी–एता = સફેદવર્ણવાળી અથવા કાબરચીતરા વર્ણવાળી, हरिणी – हरिता = લીલાવર્ણવાળી, भरणी – भरता = ઘીનાં જેવા વર્ણવાળી, रोहिणी – रोहिता = લાલવર્ણવાળી.

**वर्णादिति किम् ?** श्येता, एता અહીં વર્ણવાચક નામ ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

સૂત્રમાં ચકાર કર્યો છે તેનાથી જણાવ્યું કે જ્યારે श्येत વિગેરે નામને ङी પ્રત્યય થાય ત્યારે જ તેના त् નો न् થાય પરંતુ ङी ના વિકલ્પપક્ષમાં आप् પ્રત્યય થાય ત્યારે त् નો न् ન થાય.

## क्नः पलिताऽसितात् २–४–३७

**અર્થ :–** ઉપરના સૂત્રમાંથી त અને च ની અનુવૃત્તિ આ સૂત્રમાં વર્તે છે. पलित અને असित નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે અને તેનાં યોગમાં त् નો क्न થાય છે.

**સૂત્રસમાસ :–** पलितश्च असितश्च एतयोः समाहारः – पलितासितम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** पलिक्नी – पलिता = સફેદ વાળવાળી સ્ત્રી.

- असिक्नी – असिता = અસિત (કાળાવર્ણવાળી.) ક્યારેક બીજા અર્થમાં પણ વપરાય છે.

पलिक्नी = વૃદ્ધા અને असिक्नी = અંતઃપૂરની દાસી. આવું અમરકોષમાં જોવા મળે છે.

## असह – नञ् – विद्यमानपूर्वपदात् स्वाङ्गादक्रोडादिभ्यः २–४–३८.

**અર્થ :–** सह, नञ् અને विद्यमान શબ્દને વર્જીને કોઈપણ પૂર્વપદથી પર રહેલાં

क्रोडादि સિવાયના અકારાન્ત સ્વાંગવાચી નામ છે જેને અન્તે એવા નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** सहश्च नञ् च विद्यमानश्च एतेषां समाहारः – सहनञ्विद्यमानम्. (સમા.દ્વ.) न सहनञ्विद्यमानम् – असहनञ्विद्यमानम्. (નઞ્. તત્પુ.) असहनञ्विद्यमानम् पूर्वपदम् यस्य तत् – असहनञ्विद्यमानपूर्वपदम्. तस्मात्. (બહુ.) स्वम् च तद् अङ्गम् च एतयोः समाहारः - स्वाङ्गम्, तस्मात्. (સમા. દ્વ.) क्रोडः आदिः येषाम् ते – क्रोडादयः (બહુ.)

न क्रोडादयः – अक्रोडादयः, तेभ्यः (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** पीनौ स्तनौ यस्याः सा – पीनस्तनी – पीनस्तना = પુષ્ટ સ્તનવાળી સ્ત્રી.

- केशान् अतिक्रान्ता – अतिकेशी – अतिकेशा (माला) = વાળને ઓળંગીગયેલી માળા. અહીં सह – नञ् અને विद्यमान સિવાયના पीन અને अति એ પૂર્વપદથી પર क्रोडादि શબ્દો સિવાયના અકારાન્ત સ્વાંગવાચક स्तन અને केश શબ્દો અન્તે છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો. વિકલ્પ પક્ષે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

**सहादिवर्जनम् किम् ?** केशैः सह वर्तते या सा – सहकेशा = વાળવાળી સ્ત્રી, न विद्यन्ते केशाः यस्याः सा – अकेशा = વાળ વિનાની સ્ત્રી અને विद्यमानः केशाः यस्याः सा – विद्यमानकेशा = વાળવાળી સ્ત્રી. અહીં सह, नञ् અને विद्यमान નું વર્જન હોવાથી અન્તે સ્વાંગવાચક શબ્દ હોવા છતાં આ સૂત્રથી ङी વિકલ્પે ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

**क्रोडादिवर्जनम् किम् ?** कल्याणी क्रोडा यस्याः सा – कल्याणक्रोडा – કલ્યાણકારી ગોદવાળી. અહીં પૂર્વપદ कल्याणी શબ્દ છે અને અન્તે क्रोड શબ્દ સ્વાંગવાચક હોવા છતાં સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮થી आप् પ્રત્યય લાગ્યો છે. એજ પ્રમાણે...

- पीनो गुदः यस्याः सा – पीनगुदा = પુષ્ટ ગુદાવાળી.
- दीर्घा बाला यस्याः सा – दीर्घबाला = લાંબા વાળવાળી.

ગુદા અને काला એ क्रोडादि છે તેથી તેનું વર્જન થયું છે.

**स्वाङ्गादिति किम् ?** बहवः शोफा यस्याः सा – बहुशोफा = ઘણાં સોજાવાળી. સોજા એ શરીરનો વિકાર છે સ્વાંગવાચક નથી.

- बहु ज्ञानं यस्याः सा – बहुज्ञाना = ઘણાં જ્ઞાનવાળી. જ્ઞાન એ અમૂર્ત છે.
- बहवः यवाः यस्याः सा – बहुयवा = ઘણાં જવવાળી. જવ એ પ્રાણિસ્થ નથી. આ ત્રણેમાં સ્વાંગવાચક શબ્દો નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**"अविकारोऽद्रवं मूर्तं, प्राणिस्थं स्वाङ्गमुच्यते ।**
**च्युतं च प्राणिनस्तद्, तन्निभं च प्रतिमादिषु ॥"**

જે વિકારરુપે નથી, દ્રવરુપે નથી, મૂર્તરુપે નથી, પ્રાણીમાં રહેલું છે તે સ્વાંગ કહેવાય છે. તે સ્વાંગ પ્રાણીમાંથી છુટું પડેલું હોય તો તેને અને તેના સમાન પ્રતિમા વિગેરેમાં પણ સ્વાંગ કહેવાય છે.

## नासिकोदरोष्ठ–जङ्घा–दन्त–कर्ण–शृङ्गाऽङ्ग –गात्र–कण्ठात् ૨–૪–૩૯

**અર્થ :–** सह – नञ् અને विद्यमान શબ્દને વર્જીને કોઈપણ પૂર્વપદથી પર રહેલાં नासिका, उदर, ओष्ठ, जङ्घा, दन्त, कर्ण, शृङ्ग, अङ्ग, गात्र અને कण्ठ એવા સ્વાંગ વાચક શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** नासिका च उदरं च ओष्ठश्च जङ्घा च दन्तश्च कर्णश्च शृङ्गं च अङ्गं च गात्रं च कण्ठश्च एतेषां समाहारः – नासिकोदरोष्ठजङ्घादन्त-कर्णशृङ्गाङ्गगात्रकण्ठम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** तुङ्गा नासिका यस्याः सा – तुङ्गनासिकी, तुङ्गनासिका = ઊંચી નાસિકાવાળી.

- कृशम् उदरं यस्याः सा – कृशोदरी, कृशोदरा = કૃશ ઉદરવાળી.
- बिम्ब इव ओष्ठौ यस्याः सा – बिम्बोष्ठी, बिम्बोष्ठा = બિંબના ફળ જેવા હોઠવાળી.
- दीर्घे जङ्घे यस्याः सा – दीर्घजङ्घी, दीर्घजङ्घा = લાંબી સાથળવાળી.
- समाः दन्ताः यस्याः सा – समदन्ती, समदन्ता = સમાન દાંતવાળી.

- चारू कर्णौ यस्याः सा – चारुकर्णी, चारुकर्णा = મનોહર કાનવાળી.
- तीक्ष्णे शृङ्गे यस्याः सा – तीक्ष्णशृङ्गी, तीक्ष्णशृङ्गा = તીક્ષ્ણ શિંગડાવાળી.
- मृदुनि अङ्गानि यस्याः सा – मृद्वङ्गी, मृद्वङ्गा = કોમળ અંગવાળી.
- शोभनं गात्रं यस्याः सा – सुगात्री, सुगात्रा = સારાં ગાત્રવાળી.
- शोभनः कण्ठः यस्याः सा – सुकण्ठी, सुकण्ठा = સારાં કંઠવાળી.

અહીં બધા નામોને આ સૂત્રથી વિકલ્પે ङी થયો અને વિકલ્પપક્ષે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

પૂર્વનાં સૂત્રથી સિદ્ધ જ હતું છતાં આ સૂત્ર કર્યું તે નિયમને માટે છે. નિયમ એ થયો કે ઘણાં સ્વરવાળાં તથા ઉપાન્ત્યમાં સંયોગ હોય તેવા અન્ય સ્વાંગવાચક શબ્દોથી ङी વિકલ્પે ન થાય દા. ત.–

- शोभनं ललाटं यस्याः सा – सुललाटा = સારા કપાળવાળી. સૂત્રમાં બતાવેલાં नासिका વિગેરે સિવાયનો ઘણાં સ્વરવાળો ललाट શબ્દ સ્વાંગવાચક હોવા છતાં નિયમને કારણે આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.
- शोभनौ पार्श्वौ यस्याः सा – सुपार्श्वा = સારા પડખાવાળી. સૂત્રમાં બતાવેલાં ओष्ठ વિગેરે સિવાયનો ઉપાન્ત્ય સંયોગવાળો पार्श्व શબ્દ સ્વાંગવાચક હોવા છતાં નિયમને કારણે આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

## नख – मुखादनाम्नि २–४–४०

**અર્થ :–** सह, नञ् અને विद्यमान શબ્દને વર્જીને કોઈપણ પૂર્વપદથી પર રહેલાં नख અને मुख એ સ્વાંગવાચક શબ્દથી સંજ્ઞા સિવાયના વિષયમાં જ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** नखश्च मुखम् च एतयोः समाहारः – नखमुखम्, तस्मात्. (સમા. દ્વ.)

न नाम – अनाम, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** शूर्पाकारा नखा यस्याः सा – शूर्पनखी, शूर्पनखा = સૂંપડા જેવા નખવાળી.

- चन्द्र इव मुखम् यस्याः सा – चन्द्रमुखी, चन्द्रमुखा = ચંદ્ર જેવા

મુખવાળી.

સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો વિકલ્પપક્ષે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો. અને પૂર્વપદ... ૨–૩–૬૪ થી न् નો ण् થઈ શકે પણ સંજ્ઞાનો વિષય ન હોવાથી ન થયો.

**अनाम्नीति किम् ?** **शूर्पणखा** = રાવણની બહેનનું નામ, સંજ્ઞાનો વિષય છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થયો. પણ आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો. અને પૂર્વપદ... ૨–૩–૬૪ થી न् નો ण् થયો છે.

- **कालमुखा** = યમની બહેનનું નામ. સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

## पुच्छात् २–४–४१

**અર્થ :–** સહ, नञ् અને વિદ્યમાન શબ્દને વર્જીને કોઈપણ પૂર્વપદથી પર રહેલાં સ્વાંગવાચક पुच्छ શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :–** दीर्घं पुच्छं यस्याः सा – दीर्घपुच्छी, दीर्घपुच्छा = લાંબા પુંછડાવાળી. ૨–૪–૩૯ સૂત્રના નિયમને કારણે ઉપાન્ત્ય સંયોગવાળા અન્ય શબ્દને ङी પ્રત્યયનો નિષેધ થતો હતો તેને પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## कबर–मणि–विष–शरादेः २–४–४२

**અર્થ :–** कबर, मणि, विष અને शर આ પૂર્વપદથી પર રહેલાં पुच्छ શબ્દથી સ્ત્રીલિંગમાં નિત્ય ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** कबरश्च मणिश्च विषं च शरश्च – कबरमणिविषशराः (ઇત. દ્વ.)

कबरमणिविषशराः आदयः यस्य सः – कबरमणिविषशरादिः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** कबरं पुच्छं यस्याः सा – कबरपुच्छी = કાબરચીતરુ પુંછડું છે જેને તે.

- मणिः पुच्छे यस्याः सा – मणिपुच्छी = પુંછડામાં મણી છે જેને તે. (મોરલી)
- विषं पुच्छे यस्याः सा – विषपुच्छी = પુંછડામાં વિષ છે જેને તે.

(વિંછણ.)

● शरः पुच्छे यस्याः सा – शरपुच्छी = બાણ જેવા પુંછડાવાળી (તીક્ષ્ણ પુંછડાવાળી) સિહોરી (સાહૂડી) નાં પીંછા સોય જેવા અણીદાર હોય છે કે જેના પર પીંછા ફેંકે તેને લોહી નીકળે.

પૂર્વસૂત્ર पुच्छात् ૨–૪–૪૧ થી ङी સિદ્ધ હોવા છતાં આ સૂત્ર પૃથગ્ બનાવ્યું તે આટલા શબ્દો પૂર્વપદમાં હોય તો નિત્ય ङी પ્રત્યય કરવા માટે જ અલગ રચના કરી.

## पक्षाच्चोपमानादेः २–४–४३

**અર્થ :–** ઉપમાનવાચક પૂર્વપદથી પર રહેલાં पक्ष અને पुच्छ શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** उपमीयते अनेन – उपमा, उपमा एव – उपमानं.

उपमानं आदिः यस्य सः – उपमानादिः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** उलूकस्य पक्षौ इव पक्षौ यस्याः सा – उलूकपक्षी शाला = ઘુવડનાં પાંખો જેવી પાંખોવાળી શાળા.

● उलूकस्य पुच्छं इव पुच्छं यस्याः सा – उलूकपुच्छी सेना = ઘુવડનાં પુંછડા જેવા પુંછડાવાળી સેના. (ઘુવડના આકારે પથરાયેલી સેના.) પૂર્વસૂત્રથી આ સૂત્રની રચના અલગ કરી તેથી "स्वाङ्गात्" ની નિવૃત્તિ થઈ છે.

## क्रीतात् करणादेः २–४–४४

**અર્થ :–** કરણવાચકનામ આદિમાં હોય અને क्रीत શબ્દ અન્તે હોય એવા અકારાન્ત શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** करणम् आदिः यस्य सः – करणादिः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** अश्वेन क्रीयते स्म – अश्वक्रीती = ઘોડાવડે ખરીદાયેલી.

● मनसा क्रीयते स्म – मनसाक्रीती = તે નામની કન્યા.

કરણવાચક તૃતીયાન્ત એવાં अश्व અને मनस् નામનો क्रीत નામની સાથે कारकं... ૩–૧–૬૮ થી તત્પુરુષ સમાસ થયો અને આ સૂત્રથી ङी

પ્રત્યય થયો. **मनसाक्रीती** માં **नाम्नि** ૩–૨–૧૬ થી **टा** નો (તૃતીયા વિભક્તિનો) લોપ થતો નથી.

**आदेरिति किम् ? अश्वेन क्रीता** – અહીં સમાસ નથી એટલે **क्रीत** શબ્દ અન્તે નથી એટલે સમાસ નહીં હોવાથી કરણવાચક **अश्व** નામ **क्रीतान्त** નામનો આદિ અવયવ થતો નથી તેથી આ સૂત્રથી **ङी** નથી લાગ્યો.

પ્રશ્ન :– આ સૂત્રથી પૂર્વપદમાં કરણવાચક નામ હોય અને **क्रीत** અન્તે હોય એવા અકારાન્ત નામથી વિધિ કરવાની કહી છે. પણ કરણવાચક નામનું આદિ અવયવપણું સમાસ વિના સંભવતુ નથી અને વિભક્ત્યન્ત એવાં **क्रीत** નામનો સમાસ જ્યારે કરાય ત્યારે **क्रीत**નું અકારાન્તપણું સંભવતું નથી કેમકે આપ્ એ અંતરંગ હોવાથી વિભક્તિની ઉત્પત્તિ પૂર્વે જ આપ્ થઈ જાય છે. તેથી અકારાન્ત થી પર એ ઉક્તિ જ વ્યર્થ થાય છે.

જવાબ :– સાચી વાત છે પરંતુ "**गतिकारकङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समासः**" વિભક્ત્યન્ત એવા ગતિકારક અને **ङसि** થી ઉક્ત થયેલાં નામોનો કૃદન્તનામોની સાથે વિભક્તિની ઉત્પત્તિ પૂર્વેજ સમાસ થાય છે. આવો ન્યાય હોવાથી અહીં કારકવાચક નામનો કૃદન્ત નામની સાથે વિભક્તિની ઉત્પત્તિ પૂર્વેજ સમાસ થયો છે માટે અકારાન્ત નામથી પર એ ઉક્તિ સાર્થક છે.

## क्तादल्पे ૨–૪–૪૫

અર્થ :– અલ્પ અર્થમાં વતતું કરણવાચક નામ આદિમાં હોય અને **क्त** પ્રત્યયાન્ત નામ અન્તે હોય તો સ્ત્રીલિંગમાં **ङी** પ્રત્યય થાય છે.

વિવેચન :– **अल्पेन अभ्रेण विलिप्यते स्म – अभ्रविलिप्ती द्यौः** = થોડાં વાદળ વડે લેપાયેલું આકાશ. અહીં કરણવાચક તૃતીયાન્ત એવાં **अभ्र** શબ્દનો **क्त** પ્રત્યયાન્ત **लिप्त** નામની સાથે **कारकं...** ૩–૧–૬૮ થી તત્પુરુષ સમાસ થયો અને આ સૂત્રથી **ङी** પ્રત્યય થયો છે.

**अल्प इति किम् ? चन्दनानुलिप्ता स्त्री** = ચંદનવડે લેપાયેલી સ્ત્રી. અહીં અલ્પ અર્થ નથી તેથી આ સૂત્રથી **ङी** પ્રત્યય ન લાગતાં **आत्** ૨–૪–૧૮ થી **आप्** પ્રત્યય થયો છે.

## स्वाङ्गादेरकृत–मित–जात–प्रतिपन्नाद् बहुव्रीहेः ૨–૪–૪૬

**અર્થ :–** સ્વાંગવાચક શબ્દ આદિમાં હોય અને कृत, मित, जात અને प्रतिपन्न શબ્દને વર્જીને क्त પ્રત્યયાન્ત નામ અન્તે હોય એવા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** स्वस्य अङ्गम् – स्वाङ्गम् (ષ. ત.) स्वाङ्गम् आदिः यस्य सः – स्वाङ्गादिः, तस्मात्. (બહુ.) कृतश्च मितश्च जातश्च प्रतिपन्नश्चएतेषां समाहारः – कृतमितजातप्रतिपन्नम्, (સમા. દ્વ.) न कृतमितजातप्रतिपन्नम् – अकृतमितजातप्रतिपन्नम्, तस्मात्. (નञ्. તત્પુ.)

**વિવેચન :–** शङ्खौ भिन्नौ यस्याः सा – शङ्खभिन्नी = ભેદાયેલું છે લાલટનું હાડકું જેનું એવી સ્ત્રી.

- ऊरू भिन्नौ यस्याः सा – ऊरूभिन्नी = ભેદાયેલી છે સાથળ જેની એવી સ્ત્રી. અહીં शङ्ख અને ऊरू બન્ને સ્વાંગવાચક નામ છે અને भिन्न એ कृतादि વર્જીને क्त પ્રત્યયાન્ત નામ છે. બહુવ્રીહિ સમાસ છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે.

**कृतादिवर्जनं किम् ?**

- दन्ताः कृताः यस्याः सा – दन्तकृता = કરાયેલા છે દાંત જેણીના તે.
- दन्ताः मिताः यस्याः सा – दन्तमिता = પ્રમાણસર છે દાંત જેણીના તે.
- दन्ताः जाताः यस्याः सा – दन्तजाता = ઉત્પન્ન થયા છે દાંત જેણીના તે.
- दन्ताः प्रतिपन्नाः यस्याः सा – दन्तप्रतिपन्ना = પ્રાપ્ત થયા છે દાંત જેણીના તે.

અહીં સૂત્રમાં कृतादि નું વર્જન કરેલું હોવાથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

## अनाच्छादजात्यादेर्नवा ૨–૪–૪૭

**અર્થ :–** આચ્છાદવાચક (ઢાંકવું અર્થવાળા) સિવાયના જાતિવાચક નામ આદિમાં હોય અને कृतादि વર્જીને क्त પ્રત્યયાન્ત નામ અન્તે હોય તેવાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** न आच्छदः – अनाच्छदः (નञ्. ત.)

अनाच्छदश्चासौ जातिश्च – अनाच्छदजातिः (કર્મ.)

अनाच्छादजातिः आदिः यस्य सः – अनाच्छादजात्यादिः, तस्मात् (બહુ.)

**વિવેચન :–** शाङ्गरस्य वृक्षस्य विकारः फलम् इति – शाङ्गरम्.

दोरप्राणिनः ६–२–४९ થી मयट् પ્રત્યય.

फले ६–२–५८ થી मयट् પ્રત્યયનો લોપ.

शाङ्गरम् जग्धं भक्षितम् अनया – शाङ्गरजग्धी, जग्धशाङ्गरा = શાંગરીનું શાક ખવાયું છે જેણી વડે તે સ્ત્રી. जाति... ૩–૧–૧૫૨ થી क्त પ્રત્યયાન્ત નામ બહુવ્રીહિ સમાસમાં પૂર્વપદમાં વિકલ્પે આવે છે. जग्ध નો પૂર્વ નિપાત ન થાય અન્તે હોય ત્યારે આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થાય. જ્યારે ङी ન થાય ત્યારે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થવાથી शाङ्गरजग्धा પ્રયોગ પણ થશે.

यपिचा... ૪–૪–૧૬ થી अद् નો जग्ध આદેશ થયો છે.

**आच्छादवर्जनम् किम् ?** वस्त्रम् छन्नम् यया सा – वस्त्रछन्ना = વસ્ત્ર ઢંકાયું છે જેણી વડે એવી સ્ત્રી. અહીં આચ્છાદવાચક वस्त्र નામ પૂર્વપદમાં હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય થયો છે.

**जात्यादेरिति किम् ?** मासः यातः यस्याः सा – मासयाता = મહિનો થયો છે જેણીને એવી સ્ત્રી. અહીં જાતિવાચક નામ પૂર્વપદમાં નથી પરંતુ કાળવાચક मास નામ પૂર્વપદમાં છે. તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**अकृताद्यन्तादित्येव** – कुण्डं कृतं यया सा – कुण्डकृता = કુંડ કરાયો છે જેણી વડે એવી સ્ત્રી. અહીં कृतादि શબ્દોનું વર્જન કરેલ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

## पत्युर्नः ૨–૪–૪૮

**અર્થ :–** पति શબ્દ અન્તે છે જેને એવા બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે અને તેના યોગમાં અન્ત્યનો न् થાય છે.

**વિવેચન :–** दृढः पतिः यस्याः सा – दृढपत्नी, दृढपतिः = દૃઢ સ્વામી છે જેણીને એવી સ્ત્રી. અહીં બહુવ્રીહિ સમાસ છે અને पति શબ્દ અન્તે છે તેથી આ

સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો. અને ङी ના યોગમાં पति ના અન્ત્ય इ નો न् આદેશ થયો. અને વિકલ્પપક્ષે ङी ન થાય ત્યારે दृढपतिः જ રહેશે. ત્યારે न् પણ નહીં થાય.

**मुख्यादित्येव** – स्थूलाः पतयः यासां ताः – स्थूलपतयः, बह्व्यः स्थूलपतयः यस्यां सा – बहुस्थूलपतिः पुरी = સ્થૂલ સ્વામીવાળી ઘણી સ્ત્રીઓ છે જેમાં એવી નગરી.

**स्थूलपतयः** – અહીં આ સૂત્રથી ङी ના વિકલ્પપક્ષમાં ङी ન થવાથી અન્ત્ય इ નો પણ न् આદેશ ન થયો. તે स्थूलपतयः શબ્દનો बहु શબ્દની સાથે ફરીથી બહુવ્રીહિ સમાસ કરવાથી पत्यन्त બહુવ્રીહિ મુખ્ય નથી પણ स्थूलपत्यन्त મુખ્ય છે તેથી पत्यन्त બહુવ્રીહિ મુખ્ય ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થયો. गौरादिभ्यो... ૨–૪–૧૯ થી મુખ્યનો અધિકાર ચાલ્યો આવે છે.

## सादेः २–४–४९

**અર્થ :–** પૂર્વપદ સહિત હોય તેવા पति અન્તવાળા શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी વિકલ્પે થાય છે અને તેના યોગમાં અન્ત્યનો न् થાય છે.

**સૂત્રસમાસ :–** आदिना सहितः – सादिः, तस्मात्. (સહ બહુ.)

**વિવેચન :–** ग्रामस्य पतिः – ग्रामपत्नी, ग्रामपतिः=ગામની સ્વામિની.

અહીં ग्राम એ પૂર્વપદમાં છે અને पति શબ્દ અન્તે છે તેથી પૂર્વપદ સહિત એવા पति અંતવાળા શબ્દને સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો છે અને ङी ના યોગમાં पति ના અન્ત્ય इ નો न् આદેશ થયો છે.

**सादेरिति किम् ?** पतिः इयम् – અહીં કોઈ પૂર્વપદ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો નથી.

- ग्रामस्य पतिरियम् – અહીં સમાસ ન હોવાથી પૂર્વપદ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો નથી.

પૂર્વનાં સૂત્રથી સિદ્ધ હોવા છતાં આ સૂત્ર બનાવ્યું તેથી બહુવ્રીહિ સમાસની નિવૃત્તિ થઈ છે.

## सपत्न्यादौ २–४–५०

**અર્થ :–** सपत्नी વિગેરે શબ્દોમાં पति શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે

અને અન્ત્યનો न् થાય છે.

**સૂત્રસમાસ :–** सपत्नी आदिः यस्य सः – सपत्न्यादिः, तस्मिन्. (બહુ.)

**વિવેચન :–** समानः पतिः यस्याः सा - सपत्नी = સમાન પતિ છે જેણીને એવી સ્ત્રી.

- एकः एव पतिः यस्याः सा - एकपत्नी = એક જ પતિ છે જેણીને એવી સ્ત્રી.

નિપાતનથી समान શબ્દનો स થયો છે. અને પુંવદ્ભાવનાં નિષેધ માટે આ સૂત્રની રચના છે. समानस्य... ૩–૨–૧૪૯ થી धर्म વિગેરે શબ્દો ઉત્તરપદમાં હોય તો समान નો स થાય છે. પણ धर्म વગેરે શબ્દોમાં पत्नी શબ્દ છે જ નહીં તેથી અહીં समान નો स નિપાતન કર્યો છે.

पत्युर्नः ૨-૪-૪૮ થી આ સૂત્ર જુદુ બનાવ્યું. તેથી नवा ની નિવૃત્તિ થઈ.

## ऊढायाम् ૨–૪–૫૧

**અર્થ :–** પરિણીત અર્થ ગમ્યમાન હોય તો पति શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. અને અન્ત્યનો न् થાય છે.

**વિવેચન :–** पत्युः भार्या – पत्नी. वृषलस्य पत्नी. = પરણેલી સ્ત્રી. (પત્ની.)

આ બંને ઉદાહરણમાં પરણેલી સ્ત્રી અર્થ નીકળે છે માટે આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો અને ङी ના યોગમાં અન્ત્ય इ નો न् આદેશ થયો છે.

- અગ્નિની સાક્ષિવડે જે પરણાઈ હોય તે અહીં ગ્રહણ કરાય છે.
- "नामग्रहणे तदन्तविधिः" એ ન્યાયનો અહીં આશ્રય નથી તેથી કેવલ पति શબ્દને પરણેલી સ્ત્રી અર્થમાં જ ङी પ્રત્યય થાય છે.

## पाणिगृहीतीति ૨–૪–૫૨

**અર્થ :–** પરિણીત અર્થમાં पाणिगृहीती એ પ્રકારનાં શબ્દો સ્ત્રીલિંગમાં ङी અન્તવાળા નિપાતન કરાય છે.

**વિવેચન :–** पाणिः गृहीतः अस्याः सा, पाणौ गृह्यते स्म वा – पाणिगृहीती = પરણેલી સ્ત્રી.

- करः गृहीतः यस्याः सा – करगृहीती = પરણેલી સ્ત્રી.

**ऊढायामित्येव** – पाणिगृहीता अन्या – અહીં માત્ર હાથ ગ્રહણ કર્યો છે. પણ પરણાયેલી સ્ત્રી નથી. માટે આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

## पतिवत्न्यन्तर्वत्न्यौ भार्या गर्भिण्योः २–४–५३

**અર્થ :–** ભાર્યા–અવિધવા સ્ત્રી અને ગર્ભિણી સ્ત્રી એ અર્થમાં અનુક્રમે पतिवत्नी અને अन्तर्वत्नी શબ્દ નિપાતન કરાય છે.

**સૂત્રસમાસ :–** पतिवत्नी च अन्तर्वत्नी च – पतिवत्न्यन्तर्वत्न्यौ. (ઇત. દ્વ.) भार्या च गर्भिणी च – भार्यागर्भिण्यौ, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** पतिः अस्याः अस्ति सा – पतिवत्नी = સધવા સ્ત્રી. (જેનો પતિ જીવતો છે તેવી સ્ત્રી.)

अन्तः अस्याः अस्ति सा – अन्तर्वत्नी = ગર્ભવતી સ્ત્રી.

- पतिमत् અને अन्तर्वत् શબ્દને આ સૂત્રથી ङी પ્રત્યય અને અન્ત્યનો न् નિપાતનથી થયો છે.
- पतिवत्नी માં तदस्यास्ति... ૭–૨–૧ થી मतु પ્રત્યય લાગ્યો છે અને मतु ના म નો व નિપાતન થયો છે.
- अन्तर्वत्नी માં अन्तर् શબ્દ અધિકરણ અર્થમાં છે તેથી ૭–૨–૧ થી मतु પ્રત્યય લાગી શકતો ન હોવાથી આ સૂત્રથી मतु અર્થમાં वत् નિપાતન કર્યો છે.

ભાર્યા અને ગર્ભિણી અર્થ ન હોય તો पतिमती = પૃથ્વી અને अन्तः अस्यां शालायां घटः-अन्तर्वती = શાલા અર્થ થાય છે.

## जातेरयान्तनित्यस्त्रीशूद्रात् २–४–५४

**અર્થ :–** य અન્તવાળા શબ્દો, નિત્ય સ્ત્રીલિંગ શબ્દો અને शूद्र શબ્દને વર્જીને જાતિવાચક અકારાન્ત શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** यः अन्ते यस्य सः – यान्तः (બહુ.) नित्या चासौ स्त्री च – नित्यस्त्री. (કર્મ.) यान्तश्च नित्यस्त्री च शूद्रश्च एतेषां समाहारः–यान्त-नित्यस्त्रीशूद्रम् (સમા.દ્વ.) न यान्तनित्यस्त्रीशूद्रम् – अयान्तनित्यस्त्रीशूद्रम्, तस्मात्. (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** કુક્કુટી = કુકડી. અહી કુક્કુટ જાતિવાચક અકારાન્ત નામ છે તેથી સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો અને ङी લાગતાં अस्य... ૨–૪–૮૬ થી અંત્ય अ નો લોપ થયો છે.

- वृषली = ચંડાલની સ્ત્રી. અહીં वृषल એ શૂદ્ર જાતિવાચક અકારાન્ત નામ છે તેથી સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी લાગ્યો અને ङी લાગતાં अस्य... ૨–૪–૮૬ થી અંત્ય अ નો લોપ થયો છે.

- नाडायनी = નડ ઋષિનું સ્ત્રી સંતાન. ગોત્ર પ્રત્યયાન્ત નામ પણ જાતિવાચક મનાય છે તેથી नडस्य अपत्यं स्त्री આ અર્થમાં नडादि... ૬–૧–૫૩ થી नड નામને आयनण् પ્રત્યય લાગી नाडायन ગોત્ર પ્રત્યયાન્ત નામ બન્યું છે. नाडायन અકારાન્ત જાતિવાચક નામ હોવાથી આ સૂત્રથી ङी લાગ્યો. અને ङी લાગતાં अस्य... ૨–૪–૮૬ થી અન્ત્ય अ નો લોપ થયો છે.

- कठी = કઠે કહેલ વેદને ભણનારી સ્ત્રી. ચરણ પ્રત્યયાન્ત નામ પણ જાતિવાચક મનાય છે તેથી कठेन प्रोक्तः वेदः – कठः, तेन... ૬–૩–૧૮૧ થી अण् પ્રત્યય. कठप्रोक्तं वेदं वेत्ति अधीते वा – तद्वेत्त्य... ૬–૨–૧૧૭ થી ફરી अण् પ્રત્યય લાગવાથી कठ+अ+अ. कठादिभ्यो... ૬–૩–૧૮૩ થી પ્રથમ अण् નો લોપ થવાથી कठ+अ. प्रोक्तात् ૬–૨–૧૨૯ થી બીજા अण् નો પણ લોપ થવાથી कठ એ अण् પ્રત્યયં લાગવાથી ચરણ પ્રત્યયાન્ત જાતિવાચક નામ બન્યું તેથી અકારાન્ત જાતિવાચક कठ નામને આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો અને अस्य... ૨–૪–૮૬ થી અન્ત્ય अ નો લોપ થયો છે.

**जातेरिति किम् ?** मुण्डा = માથું મુંડાવેલી સ્ત્રી. અહીં मुण्ड એ દ્રવ્યવાચક નામ છે જાતિવાચક નામ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**यान्तवर्जनं किम् ?** क्षत्रिया = ક્ષત્રિયાણી. અહીં क्षत्रिय એ જાતિવાચક નામ છે પણ य અન્તવાળુ હોવાથી આ સૂત્રમાં તેનું વર્જન છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**नित्यस्त्रीवर्जनमिति किम् ?** **खट्वा** = ખાટલો. અહીં **खट्वा** શબ્દ જાતિ વાચક હોવા છતાં નિત્ય સ્ત્રીલિંગનું વર્જન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગેલો જ છે.

**शूद्रवर्जनं किम् ?** **शूद्रा** = શુદ્ર જાતિની સ્ત્રી. અહીં **शूद्र** નામ જાતિવાચક હોવા છતાં પણ સૂત્રમાં शूद्र નું વર્જન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**आदित्येव** – आखुः = ઉંદરડી. અહીં आखु એ જાતિવાચક નામ છે પણ अકારાન્ત નથી उકારાન્ત છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

## पाक–कर्ण–पर्णवालान्तात् २–४–५५

**અર્થ :–** पाक, कर्ण, पर्ण અને वाल અન્તવાળા જાતિવાચક નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** पाकश्च कर्णश्च पर्णश्च वालश्च एतेषां समाहारः – पाककर्णपर्णवालम्. (સમા. દ્વ.) पाककर्णपर्णवालम् अन्ते यस्य सः – पाककर्णपर्णवालान्तः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** ओदनस्य इव पाकः यस्याः सा – ओदनपाकी = ઔષધિનું નામ.

- आखोः कर्णौ इव कर्णौ यस्याः सा – आखुकर्णी = ઔષધિનું નામ.
- मुद्गस्य इव पर्णानि यस्याः सा – मुद्गपर्णी = ઔષધિનું નામ.
- गोः इव वालाः यस्याः सा – गोवाली = ઔષધિનું નામ.

**जातेरित्येव** – बहुपाका यवागूः = બહુ રંધાયેલી રાબડી. અહીં यवागू જાતિવાચક નામ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થયો.

**પ્રશ્ન :–** સૂત્રમાં આપેલા બધા શબ્દોને ઉપરના સૂત્રથી ङी પ્રત્યય સિદ્ધ જ હતો તો પછી આ સૂત્રની રચના શા માટે કરી ?

**જવાબ :–** ઉપરના સૂત્રથી સિદ્ધ હોવા છતાં ઔષધિવાચક નામો નિત્ય સ્ત્રીલિંગમાં જ વપરાય છે અને ઉપરના સૂત્રમાં તેનું વર્જન કરેલુ હતું માટે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગી જાત. તે ન થાય તે માટે આ સૂત્રની રચના કરીને ङी પ્રત્યય કર્યો છે.

## असत्काण्डप्रान्तशतैकाञ्चः पुष्पात् २–४–५६

**અર્થ :–** सत्, काण्ड, प्रान्त, शत, एक અને अञ्च् ધાતુ અન્તવાળા શબ્દોને વર્જીને पुष्प અન્તવાળા જાતિવાચક શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** सत् च काण्डश्च प्रान्तश्च शतम् च एकश्च अञ्च् च एतेषां समाहारः – सत्काण्डप्रान्तशतैकाञ्च्. (સમા. દ્વ.) न सत्काण्डप्रान्तशतैकाञ्च् – असत्काण्डप्रान्तशतैकाञ्च्. तस्मात्. (નञ्.તત્પુ.)

**વિવેચન :–** शङ्खवर्णं पुष्पं यस्याः सा – शङ्खपुष्पी = ઔષધિનું નામ.

અહીં शङ्ख શબ્દ सदादि થી ભિન્ન છે અને पुष्प શબ્દ અન્તે છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે. એજ પ્રમાણે सुवर्णपुष्पी થશે.

सदादिवर्जनं किम् ?

- सन्ति पुष्पाणि यस्याः सा – सत्पुष्पा = ઔષધિનું નામ.
- काण्डे पुष्पं यस्याः सा –काण्डपुष्पा = ઔષધિનું નામ.
- प्रान्ते पुष्पं यस्याः सा – प्रान्तपुष्पा = ઔષધિનું નામ.
- शतं पुष्पाणि यस्याः सा – शतपुष्पा = ઔષધિનું નામ.
- एकं पुष्पं यस्याः सा – एकपुष्पा = ઔષધિનું નામ.
- प्राक् पुष्पं यस्याः सा – प्राक्पुष्पा = ઔષધિનું નામ.

સૂત્રમાં सत् વિગેરે શબ્દોનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् २–४–१८ થી आप् પ્રત્યય લાગ્યો છે.

નિત્ય સ્ત્રીલિંગ હોવાથી ૨–૪–૫૪ થી ङी પ્રત્યયની પ્રાપ્તિ ન હતી તેની પ્રાપ્તિ કરવા માટે જ આ સૂત્રની રચના કરી છે.

## असम्भस्त्राऽजिनैकशणपिण्डात् फलात् २–४–५७

**અર્થ :–** सम्, भस्त्रा, अजिन, एक, शण અને पिण्ड શબ્દોને વર્જીને फल અન્તવાળા જાતિવાચક શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** सम् च भस्त्रा च अजिनं च एकश्च शणश्च पिण्डम् च एतेषां समाहारः – सम्भस्त्राजिनैकशणपिण्डम्. (સમા. દ્વ.) न सम्भस्त्राजिनैक-

शणपिण्डम् – असम्भस्त्राजिनैकशणपिण्डम्, तस्मात्. (नञ्. तत्पु.)

**વિવેચન :–** दासी इव फलं यस्याः सा – दासीफली = તે નામની ઔષધિ.

અહીં समादि વર્જીને दासी શબ્દ પૂર્વમાં છે અને फल શબ્દ અન્તે છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે એજ પ્રમાણે वासीफली, पूगफली. થશે.

**समादिप्रतिषेधः किम् ?**

- संगतम् फलम् यस्याः सा – संफला = તે નામની ઔષધિ.
- भस्त्रा इव फलम् यस्याः सा – भ्रस्त्राफला = તે નામની ઔષધિ.
- अजिनः इव फलम् यस्याः सा – अजिनफला = તે નામની ઔષધિ.
- एकम् फलम् यस्याः सा – एकफला = તે નામની ઔષધિ.
- शणस्य इव फलम् यस्याः सा – शणफला = તે નામની ઔષધિ.
- पिण्डः आकाराणि फलानि यस्याः सा – पिण्डफला = તે નામની ઔષધિ. અહીં सम् વિગેરે શબ્દોનું આ સૂત્રમાં વર્જન કરેલુ હોવથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

બધાં ઔષધિવાચક શબ્દો નિત્ય સ્ત્રીલિંગ હોવાથી ૨–૪–૫૪ સૂત્રમાં તેનું વર્જન થતું હોવાથી ङी પ્રત્યયની પ્રાપ્તિ કરવા માટે જ આ સૂત્રનું પ્રણયન છે.

## अनञो मूलात् २–४–५८

**અર્થ :–** नञ् વર્જીને કોઈપણ શબ્દથી પરમાં मूल શબ્દ અન્તે હોય તેવાં જાતિવાચક નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** न नञ् – अनञ्, तस्मात्. (नञ्. तत्पु.)

**વિવેચન :–** दर्भस्य इव मूलम् यस्याः सा – दर्भमूली = તે નામની ઔષધિ.

- शीर्षे मूलम् यस्याः सा – शीर्षमूली = તે નામની ઔષધિ.

नञ् શબ્દને વર્જીને दर्भ અને शीर्ष નામ પૂર્વપદમાં છે અને मूल શબ્દ અન્તે હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો છે.

**अनञ इति किम् ?** नास्ति मूलम् यस्याः सा – अमूला = મૂળ વિનાની

ઔષધિ. અહીં સૂત્રમાં नञ् નું વર્જન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

ઔષધિવાચક નામ નિત્યસ્ત્રીલિંગ હોવાથી ૨–૪–૫૪ થી ङी પ્રત્યયનો નિષેધ થતો હતો તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનું પ્રણયન છે.

## धवाद् योगादपालकान्तात् २–४–५९

**અર્થ :–** धव = સ્વામી. पालक અન્તવાળા શબ્દોને વર્જીને धव વાચક સંબંધી સ્ત્રીલિંગમાં વર્તતાં અકારાન્ત શબ્દોથી ङी પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** पालकः अन्ते अस्य सः – पालकान्तः, तस्मात्. (બહુ.)

**વિવેચન :–** प्रष्ठस्य भार्या – प्रष्ठी = અગ્રેસરની સ્ત્રી.

गणकस्य भार्या – गणकी = જ્યોતિષની સ્ત્રી.

पालक અન્તવાળા સિવાયનો धव વાચક સંબંધી प्रष्ठ અને गणक નામને સ્ત્રીલિંગમાં આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો છે.

**धवादिति किम् ?** प्रसूता = જન્મ આપનારી સ્ત્રી. અહીં સ્વામીનાં સંબંધના કારણે प्रसूता શબ્દ બનેલ નથી. તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**योगादिति किम् ?** देवदत्तः धवः, देवदत्ता स्त्री स्वतः = દેવદત્ત સ્વામી અને દેવદત્તા સ્ત્રી. અહીં દેવદત્ત સ્વામિવાચક છે પણ દેવદત્તા જે સ્ત્રી છે તે દેવદત્તની પત્નિ હોવાના કારણે દેવદત્તા નામ પડેલ નથી પણ સ્વતઃ દેવદત્તા જ નામ છે. એટલે અહીં ધવવાચક શબ્દનો યોગ ન હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**अपालकान्तादिति किम् ?** गोपालकस्य स्त्री –गोपालिका = ગોવાળની સ્ત્રી. (ગોવાલણ) આ સૂત્રમાં पालक અન્તવાળા ધવવાચક શબ્દનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય ન લાગતાં आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**आदित्येव – सहिष्णोः स्त्री – सहिष्णुः** = સહન કરનારની સ્ત્રી. અહીં ધવવાચક સંબંધી सहिष्णु સ્ત્રીલિંગ નામ છે પણ અકારાન્ત નથી. ઉકારાન્ત છે. તેથી આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

સૂત્રમાં योग શબ્દ મૂક્યો છે તેથી જન્યજનકભાવ અથવા દમ્પતિભાવ લેવાશે.

## पूतक्रतुवृषाकप्यग्निकुसितकुसीदादै च २–४–६०

**અર્થ :–** ધવવાચક સંબંધી સ્ત્રીલિંગમાં વર્તતાં पूतक्रतु – वृषाकपि – अग्नि – कुसित અને कुसीद શબ્દોથી ङी પ્રત્યય થાય છે અને તેના યોગમાં पूतक्रतु વિગેરે શબ્દનાં અન્ત્યનો ऐ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :–** पूतक्रतुश्च वृषाकपिश्च अग्निश्च कुसितश्च कुसीदश्च एतेषां समाहारः – पूतक्रतुवृषाकप्यग्निकुसितकुसीदम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** पूतक्रतोः भार्या – पूतक्रतायी = ઇન્દ્રની પત્ની. (ઇન્દ્રાણી.)

- वृषाकपेः भार्या – वृषाकपायी = શંકરની પત્ની. (પાર્વતી.) શતાવરી વનસ્પતિ.
- अग्नेः भार्या – अग्नायी = સ્વાહા નામની અગ્નિની પત્ની.
- कुसितस्य भार्या – कुसितायी = વ્યાજ ઉપર જીવનાર પુરુષની પત્ની.
- कुसीदस्य भार्या – कुसीदायी = વ્યાજ ઉપર જીવનાર પુરુષની પત્ની.

અહીં पूतक्रतु વિગેરે શબ્દોને આ સૂત્રથી ङी પ્રત્યય થયો અને ङी ના યોગમાં તે શબ્દોના અન્ત્ય સ્વરનો ऐ થવાથી पूतक्रतु+ङी, पूतक्रतै+ङी. एदैतो... ૧–૨–૨૩ થી आय् થવાથી पूतक्रतायी વિગેરે શબ્દો બન્યા.

धवाद्... ૨–૪–૫૯ થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી પણ આટલા શબ્દોમાં અન્ત્ય સ્વરનો ऐ આદેશ કરવો છે માટે આ સૂત્રનું પ્રણયન કર્યું.

ખરેખર कुसिदादै માં પંચમીથી નિર્દેશ કરાયેલો ऐકાર હોવાથી તે ऐકાર પ્રત્યય જ ગણાય તેથી ङी અને ऐ એમ બે પ્રત્યયો સૂત્રમાં કહેલાં पूतक्रतु વિગેરે શબ્દોને થશે. સૂત્રનો આવો અર્થ નીકળશે. તો પછી ऐકાર એ અન્ત્યનો આદેશ છે એમ કેવી રીતે કહેવાય ? કહેવાશે. અમે અન્ત્યનો ऐ આદેશ કર્યો તેમાં કોઈ દોષ નથી કેમકે एयेऽग्नायी ૩–૨–૫૨ એ પ્રમાણે સૂત્ર છે. તેમાં अग्नायी નો પ્રયોગ કર્યો છે. તેજ જણાવે છે કે ऐ એ પ્રત્યય નથી પણ અન્ત્યનો ऐ આદેશ જ છે: કારણ કે अग्नायी શબ્દનો एय પ્રત્યય પર છતાં પુંવદ્ભાવ થાય છે.

## मनोरौ च वा २–४–६१

**અર્થ :–** ધવવાચક સંબંધી સ્ત્રીલિંગમાં વર્તતાં मनु શબ્દથી ङी પ્રત્યય વિકલ્પે થાય છે અને ङी નાં યોગમાં मनु ના અન્ત્ય उनो औ અને ऐ આદેશ થાય છે.

**વિવેચન :–** मनोः भार्या – मनावी, मनायी, मनुः = મનુની પત્ની.

मनु+ङी, मनौ+ङी, मनाव्+ङी = मनावी.

मनु+ङी, मनै+ङी, मनाय्+ङी = मनायी.

આ સૂત્રથી मनु નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થયો અને ङी થાય ત્યારે એકવાર અન્ત્ય સ્વર उनो औ અને એકવાર ऐ આદેશ થવાથી मनावी અને मनायी બે રુપ થયાં અને જ્યારે વિકલ્પપક્ષે ङी ન થાય ત્યારે मनुः રહેશે એમ ત્રણ રુપો થશે. ऐ થાય ત્યારે ऐदैतो... ૧–૨–૨૩ થી आय् થશે અને જ્યારે औ થાય ત્યારે ओदौतो... ૧–૨–૨૪ થી आव् થશે.

સૂત્રમાં वा શબ્દ છે તે અનુવૃત્તિથી આવેલાં ङी પ્રત્યયની સાથે સંબંધ ધરાવે છે. પણ નવા આવેલા औકાર સાથે સંબંધ ધરાવતો નથી. જો औકાર સાથે वा નો સંબંધ હોત તો ङी નિત્ય થવાથી આપત્તિ આવત અને मनायी, मनावी એમ બે રુપ થયા પછી પણ मनु+ङी – मन्वी એમ ત્રીજુ અનિષ્ટ રુપ થઈ જાત. માટે ङी પ્રત્યય વિકલ્પે થાય છે એ પ્રમાણે સૂત્રનો અર્થ કરવો.

## वरुणेद्र–रुद्र–भव–शर्व–मृडादान् चान्तः २–४–६२

**અર્થ :–** ધવવાચક સંબંધી સ્ત્રીલિંગમાં વર્તતાં वरुण, इन्द्र, रुद्र, भव, शर्व અને मृड શબ્દથી ङी પ્રત્યય થાય છે અને ङी ના યોગમાં અન્તે आन् આગમ થાય છે.

**સૂત્રસમાસ :–** वरुणश्च इन्द्रश्च रुद्रश्च भवश्च शर्वश्च मृडश्च एतेषां समाहारः – वरुणेन्द्ररुद्रभवशर्वमृडम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** वरुणस्य भार्या – वरुणानी = વરુણની પત્ની.

- इन्द्रस्य भार्या – इन्द्राणी = ઇન્દ્રની પત્ની.
- रुद्रस्य भार्या – रुद्राणी = દુર્ગાદેવી, ભવાની.

- भवस्य भार्या – भवानी = શિવની પત્ની, પાર્વતી.
- शर्वस्य भार्या – शर्वाणी = દુર્ગાદેવી, ભવાની, પાર્વતી.
- मृडस्य भार्या – मृडानी = દુર્ગાદેવી, પાર્વતી.

અહીં આ શબ્દોને આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે અને ङी ના યોગમાં અન્તે आन् આગમ થયો છે.

સૂત્રમાં अन्त નું ગ્રહણ કરેલ છે તેથી आन् આગમભૂત થાય છે. अन्त નું ગ્રહણ સૂત્રમાં ન કર્યું હોત તો आन् પ્રત્યય મનાત અને "अनेकवर्णः सर्वस्य" થી અનેકવર્ણી આદેશ સર્વનો થાય તેથી શબ્દ રહેત જ નહીં આખા શબ્દનો आन् આદેશ થઈ જાત આવું ન થાય તેથી સૂત્રમાં आन् અન્તે થાય એમ કહીને आन् ને આગમભૂત બનાવ્યો.

धवाद्... ૨–૪–૫૯ થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી જ પરંતુ અન્તે आन् આગમ કરવા માટેજ આ સૂત્રની રચના કરી છે.

## मातुलाऽऽचार्योपाध्यायाद् वा २–४–६३

**અર્થ :–** ધવવાચક સંબંધી સ્ત્રીલિંગમાં વર્તતાં मातुल, आचार्य અને उपाध्याय શબ્દોથી ङी પ્રત્યય થાય છે અને ङी પ્રત્યયના યોગમાં અન્તે आन् આગમ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** मातुलश्च आचार्यश्च उपाध्यायश्च एतेषां समाहारः – मातुलाचार्योपाध्यायम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** मातुलस्य भार्या – मातुलानी, मातुली = મામી.

- आचार्यस्य भार्या – आचार्याणी, आचार्यी = આચાર્યની પત્ની.
- उपाध्यायस्य भार्या – उपाध्यायानी, उपाध्यायी = ઉપાધ્યાયની પત્ની.

અહીં આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે. અને ङी ના યોગમાં ત્રણે શબ્દને અન્તે आन् આગમ થયો છે. आन् આગમ વિકલ્પે થતો હોવાથી એકવાર आन् આગમ વિના ङी પ્રત્યય થયો છે.

क्षुभ्नादीनाम् ૨–૩–૯૬ થી आचार्यानी માં न् નાં ण् નો નિષેધ કરેલો છે. क्षुभ्नादि ગણપાઠમાં आचार्य શબ્દ છે. કોઈક न् નો ण् માને પણ છે.

પાણિની માં आचार्यी એ પ્રમાણે ઇચ્છતાં નથી.

કેટલાંક ધવયોગમાં आचार्या, मातुला અને उपाध्याया પણ ઇચ્છે છે તેથી ङी પ્રત્યય પણ વિકલ્પે થાય છે એમ માને છે.

## सूर्याद् देवतायां वा २–४–६४

**અર્થ :–** ધવવાચક સંબંધી સ્ત્રીલિંગમાં વર્તતાં દેવતાવાચક सूर्य શબ્દથી ङी પ્રત્યય વિકલ્પે થાય છે અને ङी નાં યોગમાં અન્તે आन् આગમ થાય છે.

**વિવેચન :–** सूर्यस्य भार्या – सूर्याणी, सूर्या = સૂર્ય દેવ જાતિની સ્ત્રી.

અહીં દેવતાવાચક, ધવવાચક એવા सूर्य નામને આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે લાગ્યો. જ્યારે ङी પ્રત્યય લાગ્યો ત્યારે તેના યોગમાં અન્તે आन् આગમ થયો અને ङी ના વિકલ્પપક્ષમાં आत् २–४–१८ થી आप् પ્રત્યય લાગ્યો છે.

**देवतायामिति किम् ?** मानुषी सूरी = સૂર્યની મનુષ્ય જાતિની સ્ત્રી. (કુંતી.) सूर्यस्य भार्या – सूरी. અહીં सूर्य શબ્દ દેવતાવાચક નથી. પણ ધવવાચક છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થતાં **धवाद्...** २–४–५९ થી ङी પ્રત્યય થયો. सूर्या... २–४–८९ થી सूर्य ના य् નો લોપ થયો અને ङी લાગતાં अस्य... २–४–८६ થી अ નો લોપ થવાથી सूर्+ङी – सूरी શબ્દ બન્યો છે.

## यव–यवना–ऽरण्य–हिमाद् दोष लिप्युरु महत्त्वे २–४–६५

**અર્થ :–** दोष, लिपि, ऊरु અને महत्त्व અર્થમાં વર્તતાં અનુક્રમે यव, यवन, अरण्य અને हिम શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે અને ङी નાં યોગમાં અન્તે आन् આગમ થાય છે.

**સૂત્રસમાસ :–** यवश्च यवनश्च अरण्यश्च हिमश्च एतेषां समाहारः – यवयवनारण्यहिमम्, तस्मात्. (સમા. દ્વ.) **दोषश्च लिपिश्च ऊरुश्च महत्त्वश्च** एतेषां समाहारः – दोषलिप्युरुमहत्त्वम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન :–** दुष्टः यवः – यवानी = યવોના દોષરુપ રાલક નામનું દ્રવ્ય.

- यवनानां इयम् – यवनानी = યવન દેશનાં યવનોની લિપિ.

- महत् (ऊरु) अरण्यम् – अरण्यानी = મોટું જંગલ.
- महत् हिमम् – हिमानी = બરફનો સમૂહ.

આ ચારે શબ્દોને અનુક્રમે તે પ્રમાણેના અર્થમાં આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે અને ङी ના યોગમાં आन् આગમ થયો છે.

यव વિગેરે શબ્દોનો दोष વિગેરે અર્થના અભાવમાં સ્ત્રીલિંગપણું નથી હોતું તેથી સૂત્રમાં પ્રતિઉદાહરણ બતાવ્યા નથી. પરંતુ જ્યાં સંજ્ઞાની વિવક્ષા કરીએ ત્યાં यवा, यवना, अरण्या અને हिमा એમ કોઈક વ્યક્તિના (સ્ત્રીનાં) નામ રુપે સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય થાય છે.

## आर्य–क्षत्रियाद् वा २–४–६६

**અર્થ :–** आर्य અને क्षत्रिय શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે. અને ङी ના યોગમાં અન્તે आन् આગમ થાય છે.

**સૂત્રસમાસ :–** आर्यश्च क्षत्रियश्च एतयोः समाहारः – आर्यक्षत्रियम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** आर्याणी, आर्या = સાસુ અને क्षत्रियाणी, क्षत्रिया = ક્ષત્રિયાણી.

આ બંને શબ્દોને આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો છે અને ङी ના યોગમાં અન્તે आन् આગમ થયો છે. જ્યારે ङी પ્રત્યય ન થાય ત્યારે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

य અન્તવાલા જાતિવાચક શબ્દોનું जाते... ૨–૪–૫૪ થી વર્જન થતુ હતું. તેના અપવાદમાં धवाद्... ૨–૪–૫૯ થી નિત્ય ङी પ્રત્યય થાય છે પણ અન્તે आन् આગમ નથી થતો દા.ત. आर्यी, क्षत्रियी. તેના અપવાદરુપે અધવ નાં યોગમાં પણ ङी પ્રત્યય કરવો છે માટે આ સૂત્રનું પૃથક્ કથન કર્યું છે.

## यञो डायन् च वा २–४–६७

**અર્થ :–** यञ् પ્રત્યયાન્ત શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે અને ङी નાં યોગમાં અન્તે વિકલ્પે डायन् આગમ થાય છે.

**વિવેચન :–** गर्गस्य वृद्धापत्यम् स्त्री – गार्गी, गार्ग्यायणी = ગર્ગઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

गर्ग – गर्गादे:.. ६–१–४२ थी यञ् પ્રત્યય.

गर्ग+यञ् – वृद्धि:... ७–४–१ थी આદિસ્વરની વૃદ્ધિ.

गार्ग+यञ् – अवर्णे... ७–४–६८ थी गार्ग ના અન્ત્ય अ નો લોપ.

गार्ग्य – આ સૂત્રથી ङी પ્રત્યય અને અન્તે डायन् આગમ.

गार्ग्य+डायन्+ङी – ङित्य... २–१–११४ थी અન્ત્ય સ્વરાદિનો લોપ.

गार्ग्य्+डायन्+ङी – गार्ग्यायनी – रषृवर्णा... २–३–६३ थी न् નો ण्.

गार्ग्यायणी. વિકલ્પપક્ષે જ્યારે डायन् આગમ ન થાય ત્યારે...

● गार्ग्य+ङी – अस्य... २–४–८६ थी अ નો લોપ.

गार्ग्य्+ङी – व्यञ्जनात्... २–४–८८ थी य् નો લોપ.

गार्ग्+ङी – गार्गी.

वा શબ્દ સાથે डायन् નો જ સંબંધ છે.

गर्ग એ જાતિવાચક નામ છે પણ અપત્ય અર્થમાં यञ् પ્રત્યય લાગ્યા પછી જાતિવાચક રહેતું નથી માટે यञ् અન્તવાળા શબ્દને आत् २–४–१८ થી आप् પ્રત્યય લાગવાનો હતો પણ यञ् અન્તવાળા શબ્દને ङी પ્રત્યય કરવો છે માટે આ સૂત્રની રચના કરી છે.

डायन् માં ङित् ન કર્યુ હોત તો પણ અહીં તો પ્રયોગ સિદ્ધ જ હતો કેમકે વ્યંજનથી પર રહેલાં તદ્ધિતનાં य् નો ङी પર છતાં લોપ થાય છે તેથી आयन् આગમ કરે તો પણ ચાલે. છતાં પણ आयन् આગમ ન કરતાં डायन् કર્યો છે તે આ સૂત્ર માટે નહીં પણ कौरव्य... २–४–७० સૂત્ર માટે કરેલ છે.

## लोहितादिशकलान्तात् २–४–६८

**अर्थ :–** लोहित વિગેરે શબ્દોથી शकल શબ્દ સુધીના यञ् પ્રત્યયાન્ત શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે અને ङीનાં યોગમાં અન્તે डायन् આગમ થાય છે.

**सूत्रसमास :–** लोहित: आदि: यस्य स: – लोहितादि: (બહુ.) शकल: अन्त: यस्य स: – शकलान्त: (બહુ.) लोहितादिश्च शकलान्तश्च एतयो: समाहार: – लोहितादिशकलान्तम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** लोहितस्य वृद्धापत्यम् स्त्री = लौहित्यायनी.

- शकलस्य वृद्धापत्यम् स्त्री – शाकल्यायनी.

આ બંનેની સાધનિકા ૨–૪–૬૭ સૂત્રમાં આપેલા गार्ग्यायणी પ્રમાણે થશે.

गर्गादि ગણપાઠમાં लोहित થી शकल સુધીના શબ્દો છે જ. અને गर्गादे... ૬–૧–૪૨ થી બધા શબ્દોને यञ् પ્રત્યયની પ્રાપ્તિ પણ છે તેથી यञो... ૨–૪–૬૭ થી ङी અને डायन् બંને થતાં હતાં પણ डायन् વિકલ્પે થતો હતો. लोहित થી शकल સુધીના શબ્દોને डायन् નિત્ય કરવો છે તેથી આ સૂત્રનો પ્રારંભ કર્યો છે.

## षाऽवटाद् वा ૨–૪–૬૯

**અર્થ :–** यञ् પ્રત્યયાન્ત એવાં ष् અન્તવાળા શબ્દોથી અને अवट શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે અને ङी નાં યોગમાં અન્તે डायन् આગમ થાય છે.

**સૂત્રસમાસ :–** षश्च अवटश्च एतयो: समाहार: – षावटम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** पूतिमाषस्य वृद्धापत्यम् स्त्री – पौतिमाष्यायणी, पौतिमाष्या = પૂતિમાષ ઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી સંતાન.

- अवटस्य वृद्धापत्यम् स्त्री – आवट्यायनी, आवट्या = અવટ ઋષિનું ગોત્ર સ્ત્રી સંતાન.

આ બંનેમાં આ સૂત્રથી ङी પ્રત્યય વિકલ્પે થયો અને ङीના યોગમાં डायन् આગમ થયો છે વિકલ્પપક્ષે ङी પ્રત્યય ન લાગે ત્યારે आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે. સાધનિકા ૨–૪–૬૭ માં આપેલા गार्ग्यायणी પ્રમાણે થશે.

અહીં वा નો સંબંધ ङी પ્રત્યય સાથે છે પણ ङीનાં યોગમાં થતાં डायन् પ્રત્યય સાથે નથી.

## कौरव्य–माण्डूकाऽऽसूरे: ૨–૪–૭૦

**અર્થ :–** कौरव्य, माण्डूक અને आसुरि શબ્દોથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે અને ङीનાં યોગમાં અન્તે डायन् આગમ થાય છે.

**સૂત્રસમાસ :–** कौरव्यश्च माण्डूकश्च आसुरिश्च एतेषां समाहारः – कौरव्यमाण्डूकासूरि, तस्मात्. (સમા. દ્વ.) સૂત્રમાં નપું. પંચમી એ. વ. ને બદલે પુલિંગ પંચમી એ. વ. નું રુપ કરેલ છે તે લાઘવ માટે છે.

**વિવેચન :–** कुरूणाम् अपत्यम् स्त्री – कौरव्यायणी = કુરુવંશીય સ્ત્રી.

कुरु – दु–नादि... ૬–૧–૧૧૮ થી ञ्य પ્રત્યય.

कुरू + ञ्य – वृद्धिः... ૭–૪–૧ થી આદિ સ્વરની વૃદ્ધિ.

कौरू + ञ्य – अस्वय... ૭–૪–૭૦ થી उ નો अव्.

कौरव्+ ञ्य – कौरव्य – આ સૂત્રથી ङी પ્રત્યય અને डायन् આગમ.

कौरव्य+डायन्+ङी – ङित्य... ૨–૧–૧૧૪ થી અન્ત્યસ્વરાદિનો લોપ.

कौरव्यायनी – रषृवर्णा... ૨–૩–૬૩ થી न् નો ण्.

कौरव्यायणी.

- मण्डूकस्य अपत्यम् स्त्री – माण्डूकायनी = ઢોલ વગાડનારનું સ્ત્રી સંતાન.

मण्डूक – पीला... ૬–૧–૬૮ થી अण् પ્રત્યય.

मण्डूक+अण् – वृद्धिः... ૭–૪–૧ થી આદિ સ્વરની વૃદ્ધિ.

माण्डूक+अण् – अवर्णे... ૭–૪–૬૮ થી અન્ત્યસ્વરનો લોપ.

माण्डूक्+अण् – આ સૂત્રથી ङी પ્રત્યય અને डायन् આગમ.

माण्डूक+डायन्+ङी – ङित्यन्त्य... ૨–૧–૧૧૪ થી અન્ત્યસ્વરાદિનો લોપ.

माण्डूकायनी ।

- असुरस्य अपत्यंम् स्त्री – आसुरायणी = આસુરિનું સ્ત્રી સંતાન.

असुर – बाह्वा... ૬–૧–૩૨ થી इञ् પ્રત્યય.

असुर+इञ् – वृद्धिः... ૭–૪–૧ થી આદિસ્વરની વૃદ્ધિ.

आसुर+इञ् – अवर्णे... ૭–૪–૬૮ થી અન્ત્યસ્વરનો લોપ.

आसुर्+इञ् – आसुरि – આ સૂત્રથી ङी પ્રત્યય અને અન્તે डायन् આગમ.

आसुरि+डायन्+ङी – ङित्य... ૨–૧–૧૧૪ થી અન્ત્યસ્વરાદિનો લોપ.

आसुर्+डायन्+ङी – आसुरायनी – रषृवर्णा... २–३–६३ થી न् નો ण्.

आसुरायणी ।

माण्डूकायनी માં अण् પ્રત્યય લાગેલો છે તેથી अणञे... २–४–२० થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી પણ डायन् આગમ અન્તે કરવા માટે જ આ સૂત્ર બનાવ્યું છે.

आसुरि શબ્દ इञ् પ્રત્યયાન્ત છે તેને નીચેનાં इञ इतः २–४–७१ થી ङी પ્રત્યય લાગવાની પ્રાપ્તિ હતી પણ डायन् ની અનુવૃત્તિ નથી ચાલવાની અને आसुरि શબ્દને અન્તે डायन् આગમ કરવો છે તેથી आसुरि શબ્દને આ સૂત્રમાં ગ્રહણ કર્યો છે.

## इञ इतः २–४–७१

**અર્થ :–** इञ् પ્રત્યયાન્ત इकारान्त નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** सुतङ्गमेन निर्वृत्ता – सौतङ्गमी

सुतङ्गम – सुतङ्गमा... ६–२–८५ થી इञ् પ્રત્યય.

सुतङ्गम+इञ् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

सौतङ्गम+इञ् – अवर्णे... ७–४–६८ થી અન્ત્ય સ્વરનો લોપ.

सौतङ्गम्+इञ् – सौतङ्गमि – આ સૂત્રથી ङी પ્રત્યય.

सौतङ्गमि+ङी – समानानां... १–२–१ થી इ+ई = ई.

सौतङ्गमी ।

**इत इति किम् ?** करीषस्य इव गन्धः यस्य सः – करीषगन्धिः. वोपमानात् ७–४–१४७ થી इ સમાસાન્ત થયો છે.

करीषगन्धेः वृद्धापत्यम् स्त्री – कारीषगन्ध्या = કરીષગન્ધિ ઋષિનું સંતાન.

करीषगन्ध – अत इञ् ६–१–३१ થી इञ् પ્રત્યય.

करीषगन्ध+इञ् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

कारीषगन्ध+इञ् – अवर्णे... ७–४–६८ થી અન્ત્ય સ્વરનો લોપ.

कारीषगन्धि – अनार्षे... २–४–७८ થી અન્ત્ય इ નો ष्य આદેશ.

कारीषगन्ध्य – आत् २–४–१८ થી आप् પ્રત્યય.

कारीषगन्ध्या.

અહીં इञ् પ્રત્યયાન્ત શબ્દ હોવા છતાં इ નો ष्य (य) આદેશ થઈ જવાથી इકારાન્ત નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય ન થયો. इञ् પ્રત્યય લાગ્યા પછી જે इકારાન્ત જ રહેતું હોય તેને આ સૂત્રથી ङी પ્રત્યય થાય છે.

## नुर्जातेः २–४–७२

**અર્થ :–** મનુષ્યની જાતિવાચક इકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

**વિવેચન :–** कुन्तेः राज्ञः अपत्यम् – कुन्ती = કુંતિરાજાનું અપત્ય સ્ત્રી.

कुन्ति – दुनादि... ६–१–११८ થી ञ्य પ્રત્યય.

कुन्ति+ञ्य – कुन्त्य... ६–१–१२१ થી ञ्य નો લોપ.

कुन्ति - આ સૂત્રથી ङी પ્રત્યય.

कुन्ति+ङी - समानानां... १–२–१ થી इ+ई = ई દીર્ઘ.

कुन्ती ।

● दक्षस्य अपत्यम् स्त्री – दाक्षी = દક્ષની પુત્રી, પાણિની મુનિની માતા.

दक्ष – अत इञ् ६–१–३१ થી इञ् પ્રત્યય.

दक्ष+इञ् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

दाक्ष+इञ् – अवर्णे... ७–४–६८ થી અન્ત્યસ્વરનો લોપ.

दाक्षि – આ સૂત્રથી ङी પ્રત્યય.

दाक्षि+ङी – समानानां... १–२–१ થી इ+ई = ई દીર્ઘ.

दाक्षी. આ બંને મનુષ્યની જાતિવાચક इકારાન્ત નામ હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો છે.

**इत इत्येव** – दरदः अपत्यम् स्त्री – दरत् = દરતનું અપત્ય સ્ત્રી.

અહીં इકારાન્ત નામ નથી दरद् વ્યંજનાન્ત નામ છે તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો નથી.

**नुरिति किम् ?** तित्तिरिः = તેતર પક્ષી. આ પક્ષીવાચક નામ છે મનુષ્યની જાતિવાચક નથી માટે આ સૂત્રથી ङी પ્રત્યય લાગ્યો નથી.

**जातेरिति किम् ?** कौशाम्ब्यात् निर्गता – निष्कौशाम्बिः कन्या =

કૌશામ્બીથી નીકળેલી કન્યા. કન્યા શબ્દ મનુષ્યવાચક છે પણ મનુષ્યની જાતિવાચક નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યય થયો નથી.

दाक्षी – અહીં इञ् પ્રત્યય લાગેલો હોવાથી इञ् इतः ૨–૪–૭૧ થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી પણ ગુરુઉપાન્ત્ય હોવાથી अनार्षे... ૨–૪–૭૮ થી અન્ત્યનો ष्य આદેશ થવાની પ્રાપ્તિ આવે તેથી ૨–૪–૭૧ થી ङी પ્રત્યય ન થાત. માટે મનુષ્યની જાતિ તરીકે ગણીને इકારાન્ત નામથી ङी પ્રત્યય કર્યો છે.

## उतोऽप्राणिनश्चायुरज्वादिभ्यः ऊङ् २–४–७३

**અર્થ :–** यु અન્તવાળા અને रज्वादि શબ્દોને વર્જીને उકારાન્ત મનુષ્યની જાતિવાચક અને અપ્રાણીવાચક નામથી સ્ત્રીલિંગમાં ऊङ् પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** न प्राणी – अप्राणी, तस्मात्. (નઞ્. ત.) रज्जुः आदिः येषाम् ते – रज्वादयः (બહુ.) युश्च रज्वादयश्च – युरज्वादयः (ઇત. દ્વ.) न युरज्वादयः – अयुरज्वादयः, तेभ्यः (નઞ્. ત.)

**વિવેચન :–** મનુષ્યજાતિવાચક – कुरोः अपत्यम् स्त्री – कुरूः = કુરુવંશીય સ્ત્રી.

कुरु – दुनादि... ૬–૧–૧૧૮ થી ञ्य પ્રત્યય.

कुरु+ञ्य – कुरोर्वा ૬–૧–૧૨૨ થી ञ्य નો લોપ.

कुरु – આ સૂત્રથી ऊङ् પ્રત્યય.

कुरु+ऊङ् – समानानां... ૧–૨–૧ થી उ+ऊ = ऊ દીર્ઘ.

कुरू ।

- ब्रह्मा बन्धुः यस्याः सा – ब्रह्मबन्धूः = બ્રાહ્મણના આચારથી ભ્રષ્ટ થયેલી સ્ત્રી.
- અપ્રાણિવાચક – अलाबु = તુંબડું. આ સૂત્રથી ऊङ् પ્રત્યય લાગવાથી अलाबूः = તુંબડી.
- कर्कन्धुः આ સૂત્રથી ऊङ् લાગવાથી कर्कन्धूः = ફળવિશેષ.

**उत इति किम् ?** वधूः = વહુ. આ હ્રસ્વ उકારાન્ત નામ નથી તેથી આ

સૂત્રથી ऊङ् પ્રત્યય લાગ્યો નથી.

**अप्राणिनश्चेति किम् ?** आखुः = ઉંદરડી. અપ્રાણિવાચક ઉકારાન્ત નામ નથી તેથી આ સૂત્રથી ऊङ् પ્રત્યય લાગ્યો નથી.

**जातेरित्येव – पटुः स्त्री** = હોંશિયાર સ્ત્રી. અહીં पटु શબ્દ ઉકારાન્ત છે પણ જાતિવાચક નથી ગુણવાચક છે તેથી આ સૂત્રથી ऊङ् પ્રત્યય લાગ્યો નથી.

**युरज्वादिवर्जनं किम् ?** अध्वर्युः स्त्री = ગોર મહારાજની સ્ત્રી. અહીં યુ અન્તવાળા શબ્દોનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી ऊङ्પ્રત્યય થયો નથી.

रज्जुः = દોરી, हनु = હડપચી. સૂત્રમાં रज्वादि શબ્દોનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી ऊङ् પ્રત્યય લાગ્યો નથી.

સૂત્ર બ. વ. માં છે તે **बहुवचनम् आकृतिगणार्थम्.**

## बाह्वन्त कद्रु–कमण्डलोर्नाम्नि २–४–७४

**અર્થ :–** સંજ્ઞાના વિષયમાં बाहु અન્તવાળા શબ્દો તેમજ कद्रु અને कमण्डलु નામથી સ્ત્રીલિંગમાં ऊङ् પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** बाहुः अन्ते यस्य सः – बाह्वन्तः (બહુ.) बाह्वन्तश्च कद्रुश्च कमण्डलुश्च एतेषां समाहारः – बाह्वन्तकद्रुकमण्डलु, तस्मात्. (સમા. દ્વ.) લાઘવ માટે પુલિંગ પંચમી એ. વ. નું રુપ કરેલ છે.

**વિવેચન :–** भद्रौ बाहू यस्याः सा – भद्रबाहूः, कद्रूः, कमण्डलूः = સંજ્ઞાવાચક શબ્દો છે. આ ઉકારાન્ત શબ્દોને આ સૂત્રથી સ્ત્રીલિંગમાં ऊङ् પ્રત્યય લાગ્યો છે.

**नाम्नीति किम् ?** वृत्तौ बाहू यस्याः सा – वृत्तबाहुः = ગોળ ભુજાવાળી સ્ત્રી. અહીં સંજ્ઞાવાચક શબ્દ નથી તેથી આ સૂત્રથી ऊङ् પ્રત્યય લાગ્યો નથી.

उतो... ૨–૪–૭૩ થી ઉકારાન્ત નામોને ऊङ् પ્રત્યયની પ્રાપ્તિ હતી જ છતાં સૂત્ર જુદુ બનાવ્યું તેથી સંજ્ઞા સિવાયના અન્ય અર્થમાં बाहु અન્તવાળા, कद्रु અને कमण्डलु નામથી હવે ऊङ् પ્રત્યય નહીં થાય.

## उपमान–सहित–संहित–सह–शफ–वाम–लक्ष्मणाद्यूरोः २–४–७५

**અર્થ :–** ઉપમાનવાચક નામ તેમજ सहित, संहित, सह, शफ, वाम અને लक्ष्मण એ પૂર્વપદથી પર રહેલાં ऊरू શબ્દથી સ્ત્રીલિંગમાં ऊङ् પ્રત્યય થાય છે.

**સૂત્રસમાસ :–** उपमानम् च सहितश्च संहितश्च सहश्च शफश्च वामश्च लक्ष्मणश्च एतेषां समाहारः – उपमानसहितसंहितसहशफवामलक्ष्मणम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** करभः इव ऊरूः यस्याः सा – करभोरूः = હાથીના બચ્ચાની સાથળ જેવી સાથળવાળી સ્ત્રી.

- सहितौ संहितौ वा ऊरूः यस्याः सा – सहितोरूः, संहितोरूः = હિતકારી સાથળવાળી સ્ત્રી.
- विद्यमानौ ऊरूः यस्याः सा અથવા ऊरूभ्याम् वर्तेते या सा – सहोरूः = વિદ્યમાન સાથળવાળી સ્ત્રી.
- शफौ ऊरूः यस्याः सा – शफोरूः = ગાયની ખુરી જેવાં સાથળવાળી સ્ત્રી.
- वामौ ऊरूः यस्याः सा – वामोरूः = સુંદર સાથળવાળી સ્ત્રી.
- लक्ष्मणे ऊरूः यस्याः सा – लक्ष्मणोरूः = મનોહર સાથળવાળી સ્ત્રી.

**उपमानाद्यादेरिति किम् ?** पीनौ ऊरूः यस्याः सा – पीनोरूः = પુષ્ટ સાથળવાળી સ્ત્રી. અહીં ઉપમાનવાચક કે सहित વગેરે શબ્દ પૂર્વપદમાં નથી તેથી આ સૂત્રથી ऊङ् પ્રત્યય લાગ્યો નથી.

"सिद्धे सति आरम्भो नियमार्थः" સિદ્ધ હોવા છતાં નિયમ કર્યો કે ऊरू શબ્દની પૂર્વમાં આટલાં શબ્દો હોય તો જ ऊङ् પ્રત્યય થાય અન્યથા ન થાય.

ઉપમાનવાચિપદથી ઉપમાવાચક શબ્દ ગ્રહણ થાય છે.

## नारी–सखी–पङ्गू–श्वश्रू २–४–७६

**અર્થ :–** नारी, सखी એ બે ङी અન્તવાળા અને पङ्गू, श्वश्रू એ બે ऊङ् અન્તવાળા નિપાતન કરાય છે.

**સૂત્રસમાસ :–** नारी च सखी च पङ्गू च श्वश्रू च – नारीसखीपङ्गूश्वश्रू. (ઇ. દ્વ.) અહીં બ. વ. ના जस् પ્રત્યયનો સૂત્રત્વાત્ લોપ થયો છે.

**વિવેચન :–** नारी–नृ અથવા नर શબ્દને ङी પ્રત્યય અને नार् આદેશ નિપાતન થયો છે.

- सखी – सख અથવા सखि શબ્દને ङी પ્રત્યય નિપાતન થયો છે.

  ख = આકાશ, નવરાશ. खेन सह वर्तते या सा – सखी = નવરાશના સમયે સાથે રહે તે. इतो... ૨–૪–૩૨ થી વિકલ્પે ङी ની પ્રાપ્તિ હતી. બન્નેને આ સૂત્રથી નિપાતનથી નિત્ય ङी પ્રત્યય થયો છે.

- पङ्गू – पङ्गु+ऊङ् આ શબ્દ જાતિવાચક નથી પણ ગુણવાચક છે અને ઉપાન્ત્યમાં સંયોગ છે. સ્વરથી પર જે उ છે તે એક વર્ણથી પર નથી પણ બે વ્યંજનથી પર છે માટે स्वरादुतो... ૨–૪–૩૫ થી ङी ની પ્રાપ્તિનો અભાવ હતો. મનુષ્યજાતિત્ત્વ અને અપ્રાણિ જાતિત્ત્વનો પણ અભાવ છે તેથી उतो... ૨–૪–૭૩ થી પણ ऊङ् ની પ્રાપ્તિ નહતી તેથી આ સૂત્રથી અપ્રાપ્ત એવા पङ्गू શબ્દને ऊङ् ની પ્રાપ્તિ થઈ

- श्वश्रूः – श्वशुरस्य भार्या અહીં श्वशुर શબ્દને धवाद्... ૨–૪–૫૯ થી ङी ની પ્રાપ્તિ હતી અને જાતિવાચકની અપેક્ષાએ जाते... ૨–૪–૫૪ થી ङी ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને આ સૂત્રથી ऊङ् પ્રત્યય કર્યો છે. शु ના उ નો અને र માં રહેલાં अ નો લોપ નિપાતનથી થયો છે.

## यूनस्ति ૨–૪–૭૭

**અર્થ :–** युवन् શબ્દથી સ્ત્રીલિંગમાં ति પ્રત્યય થાય છે.

**વિવેચન :–** युनः भार्या – युवतिः = યુવાન સ્ત્રી.

युवन् – આ સૂત્રથી ति પ્રત્યય.

युवन्+ति – नाम्नो... ૨–૧–૯૧ થી न् નો લોપ.

युवति ।

**मुख्यादित्येव** – युनां मध्यात् निर्गता या सा – निर्यूनी = યુવાનીની મધ્યમાંથી નીકળી ગયેલી સ્ત્રી.

निर्युवन् – स्त्रियां... ૨–૪–૧ થી ङी પ્રત્યય.

निर्युवन्+ङी – श्वन्–युवन्... ૨–૧–૧૦૬ થી व નો उ.

निर्युउन्+ङी – समानानां... ૧–૨–૧ થી उ+उ = ऊ દીર્ઘ.

निर्यूनी ।

युवन् શબ્દ नૃકારાન્ત હોવાથી स्त्रियां... ૨–૪–૧ થી ङी પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનાં અપવાદ રુપે આ સૂત્રથી ति પ્રત્યય કર્યો છે. તેથી ति પ્રત્યય કરવા વડે સ્ત્રીત્ત્વના અભિધાનથી इतोक्त्यर्थात् ૨–૪–૩૨ થી હવે વિકલ્પે ङी નહીં થાય.

**પ્રશ્ન :–** તો પછી સ્ત્રીલિંગમાં युवती એમ ङी અંતવાળુ નામ કેમ થાય છે?

**જવાબ :– यौतेः औणादिक किद् अति प्रत्ययान्तात् ङी भविष्यति – यौतेः इति** युवती એમ ઉણાદિથી कित् अति પ્રત્યય થવાથી ङी પ્રત્યય થાય છે.

युक् मिश्रणे – यु योः कित् ६५८ ઊણાદિથી कित् अति પ્રત્યય.

यु+अति – धातो... ૨–૧–૫૦ થી उ નો उव्.

युव्+अति = युवति – इतो... ૨–૪–૩૨ થી ङी પ્રત્યય.

युवति+ङी – समानानां... ૧–૨–૧ થી इ+ई = ई दीर्घ.

युवती. આ રીતે ઊણાદિથી युवती સિદ્ધ થાય છે.

## अनार्षे वृद्धेऽणिञो बहुस्वर – गुरूपान्त्यस्याऽन्तस्यष्यः २–४–७८

**અર્થ :–** ऋषि અર્થવાળાને વર્જીને અન્ય વૃદ્ધાપત્યમાં વિધાન કરાએલો अण् અને इञ् પ્રત્યય અન્તે હોતે છતે બહુસ્વરવાળા અને ઉપાન્ત્યમાં ગુરુવર્ણવાળાં નામનાં અન્ત્યનો સ્ત્રીલિંગમાં ष्य આદેશ થાય છે.

**સૂત્રસમાસ :–** ऋषीणाम् इदम् ऋषौ भवं वा – आर्षम्. न आर्षम् – अनार्षम्, तस्मिन्. (નઞ્. ત.) अण् च इञ् च एतयोः समाहारः-अणिञ्, तस्य (સમા.દ્વ.) बहवः स्वराः यस्मिन् तद् – बहुस्वरम् (બહુ.) गुरूः उपान्त्यः यस्मिन् तद् – गुरूपान्त्यम् (બહુ.) बहुस्वरं च तद् गुरूपान्त्यम् च – बहुस्वरगुरूपान्त्यम्, तस्य. (કર્મ.)

**વિવેચન :–** कारीषगन्ध्या – સાધનિકા ૨–૪–૭૧ સૂત્રમાં લખ્યા પ્રમાણે થશે.

- बलाकस्य वृद्धापत्यम् स्त्री – बालाक्या ૨–૪–૭૧ સૂત્રમાં આપેલાં कारीषगन्ध्या પ્રમાણે થશે.

  **अनार्ष इति किम् ? वसिष्ठस्य वृद्धापत्यं स्त्री –** वासिष्ठी = વસિષ્ઠ ઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

वसिष्ठ – ऋषि... ६–१–६१ થી अण् પ્રત્યય.

वसिष्ठ+अण् – अणञे... २–४–२० થી ङी પ્રત્યય.

वसिष्ठ+अण्+ङी – अवर्णे... ७–४–६८ થી अ નો લોપ.

वसिष्ठ्+अण्+ङी – वृद्धिः... ७–४–१ થી વૃદ્ધિ.

वासिष्ठ+ङी – अस्य... २–४–८६ થી ङी પૂર્વનાં अ નો લોપ.

वासिष्ठी. અહીં ઋષિનું વૃદ્ધાપત્ય છે તેનું સૂત્રમાં વર્જન કરેલું છે માટે આ સૂત્રથી અંત્યનો ष्य આદેશ ન થયો.

**वृद्ध इति किम् ?** अहिच्छत्रस्य युवापत्यं स्त्री – आहिच्छत्री = અહિચ્છત્ર દેશવાસી યુવાપત્ય સ્ત્રી. અહીં अण् પ્રત્યય લાગેલો છે તે યુવાપત્ય અર્થમાં લાગેલો છે વૃદ્ધાપત્ય અર્થમાં લાગેલો નથી માટે આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ ન થયો.

**अणिञ इति किम् ?** ऋतुभागस्यवृद्धापत्यं स्त्री – आर्त्तभागी. અહીં बिदादे... ६–१–४१ થી વૃદ્ધાપત્યમાં अञ् પ્રત્યય લાગ્યો છે. अण् કે इञ् પ્રત્યય નથી લાગ્યો માટે આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો નથી પણ अणञे... २–४–२० થી ङी પ્રત્યય થયો છે.

**बहुस्वरेति किम् ?** दक्षस्य वृद्धापत्यं स्त्री – दाक्षी. સાધનિકા ૨–૪–૭૨ સૂત્રમાં આપેલ પ્રમાણે થશે. બહુસ્વરવાળો શબ્દ નથી માટે આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો નથી.

**गुरूपान्त्यस्येति किम् ?** उपगोः वृद्धापत्यं स्त्री – औपगवी. સાધનિકા ૨–૪–૨૦ સૂત્રમાં આપેલ પ્રમાણે થશે. ઉપાન્ત્યમાં ગુરુવર્ણ નથી માટે આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો નથી.

**अणिञन्तस्य सतो बहुस्वरादिविशेषणं किम् ?** द्वारस्य वृद्धापत्यं स्त्री – दौवार्या = દ્વારદેશનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

द्वार – अत इञ् ६–१–३१ થી इञ् પ્રત્યય.

द्वार+इञ् – अवर्णे... ७–४–६८ થી અન્ત્ય अ નો લોપ.

द्वार्+इञ् – द्वारादेः ७–४–६ થી द्वार् ના व् ની પૂર્વે औ નો આગમ.

द् औ व् आ र्+इञ् – दौवारि – આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ.

दौवार्य – आत् २–४–१८ થી आप् પ્રત્યય.

दौवार्य+आप् – समानानां... १–२–१ थी अ+आ = आ दीर्घ

दौवार्या.

द्वार શબ્દ એ ગુરુ ઉપાન્ત્યવર્ણવાળો છે પરંતુ इञ् પ્રત્યય લાગતી વખતે બહુસ્વરવાળો નથી છતાં इञ् પ્રત્યય લાગીને दौवारि થયાં પછી બહુસ્વરવાળો શબ્દ બન્યો તેથી अणिञन्तस्य... સૂત્રમાં આપેલાં વિશેષણને કારણે આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો છે.

- उडुलोम्नः वृद्धापत्यं स्त्री – औडुलोम्या = ઉડુલોમનું વૃદ્ધાપત્ય સ્ત્રી.

उडुलोमन् – बाह्वादिभ्यो... ६–१–३२ થી इञ् પ્રત્યય.

उडुलोमन्+इञ् – नोपदस्य... ७–४–६१ થી અન્ત્ય अन् નો લોપ.

उडुलोम्+इञ् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

औडुलोमि – આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ.

औडुलोम्य – आत् २–४–१८ થી आप् પ્રત્યય.

औडुलोम्य+आप् – समानानां... १–२–१ થી अ+आ = आ दीर्घ.

औडुलोम्या. અહીં उडुलोमन् બહુસ્વરવાળો શબ્દ છે પરંતુ इञ् પ્રત્યય લાગતી વખતે ગુરૂ ઉપાન્ત્યવાળો શબ્દ નથી છતાં इञ् પ્રત્યય લાગ્યા પછી औडुलोमि એ ગુરુઉપાન્ત્યવર્ણવાળો શબ્દ છે તેથી अणिञन्तस्य... સૂત્રમાં આપેલાં વિશેષણને કારણે આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો છે.

બહુસ્વર – બેથી વધારે સ્વરવાળો શબ્દ.

ગુરુઉપાન્ત્ય – દીર્ઘ અથવા સંયુક્તાક્ષર ઉપાન્ત્યમાં હોય તેવો શબ્દ.

અહીં ष्य માં य પ્રત્યય છે ष् ઈત્ છે ष् ઈત્ નું કોઈ ફળ નથી અન્ય य થી જુદો પાડવા માટે ष्य આદેશ કર્યો છે.

## कुलाख्यानाम् २–४–७९

**અર્થ :–** જેના વડે કુલની પ્રસિદ્ધિ થાય તેવાં ઋષિ અર્થવાળા શબ્દને વર્જીને અન્ય વૃદ્ધાપત્યમાં વિધાન કરાયેલાં अण् અને इञ् પ્રત્યયાન્ત નામનાં અન્ત્યવર્ણનો સ્ત્રીલિંગમાં ष्य આદેશ થાય છે.

**સૂત્રસમાસ :–** कुलम् आख्यायते याभिः ताः – कुलाख्याः, तासाम्. (બહુ.)

**વિવેચન :–** पुणिकस्य- वृद्धापत्यं स्त्री – पौणिक्या = પુણ ગોત્રની વૃદ્ધાપત્ય સ્ત્રી. शिवादे... ૬–૧–૬૦ થી अण् પ્રત્યય લાગેલો છે.

- गुप्तस्य वृद्धापत्यं स्त्री – गौप्त्या = વૈશ્યની વૃદ્ધાપત્ય સ્ત્રી. અહીં अत इञ् ૬-૧-૩૧ થી इञ् પ્રત્યય લાગેલો છે.

અહીં બંને શબ્દોથી કુલની પ્રસિદ્ધિ થાય છે તેથી આ સૂત્રથી અન્ત્યવર્ણનો ष्य આદેશ થયો છે.

**अनार्ष इत्येव** – गौतमस्य वृद्धापत्यं स्त्री – गौतमी = ગૌતમઋષિનું વૃદ્ધાપત્ય સ્ત્રી. સાધનિકા ૨–૪–૭૮ માં આપેલા वासिष्ठी પ્રમાણે થશે. ઋષિ અર્થવાળો શબ્દ હોવાથી આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો નથી.

સૂત્ર બ. વ. માં છે તેથીં કુલવાચક શબ્દો આવે. એ. વ. માં કર્યુ હોતતો કુલ શબ્દ જ આવત. બહુસ્વરવાળો અને ગુરુઉપાન્ત્ય સ્વરવાળો શબ્દ ન હોય તો પણ અન્ત્યનો ष्य આદેશ કરવા માટેજ આ સૂત્રનો પ્રારંભ છે નહીં તો ૨–૪–૭૮ થી ष्य આદેશ થાત.

## क्रौड्यादीनाम् २–४–८०

**અર્થ :–** अण् અને इञ् પ્રત્યયાન્ત क्रौडि વિગેરે નામનાં અન્ત્યવર્ણનો સ્ત્રીલિંગમાં ष्य આદેશ થાય છે.

**સૂત્રસમાસ :–** क्रौडिः आदिः येषाम् ते – क्रौड्यादयः, तेषाम्. (બહુ.)

**વિવેચન :–** क्रोडस्य अपत्यं स्त्री – क्रौड्या.

लडस्य अपत्यं स्त्री – लाड्या.

અબહુસ્વર અને અગુરુઉપાન્ત્યવાળા માટે તેમજ અનન્તર અપત્ય અર્થવાળાને अनार्षे... ૨–૪–૭૮ થી પ્રાપ્તિ ન હતી તેની પ્રાપ્તિ માટે આ સૂત્રની રચના કરી છે.

बहुवचनमाकृतिगणार्थम् ।

## भोज–सूतयोः क्षत्रिया–युवत्योः २–४–८१

**અર્થ :–** ક્ષત્રિયા અને યુવતિ અર્થમાં અનુક્રમે ભોજ અને સૂત શબ્દનાં

અન્ત્યવર્ણનો સ્ત્રીલિંગમાં ष्य આદેશ થાય છે.

**સૂત્રસમાસ :–** भोजश्च सूतश्च – भोजसूतौ, तयोः (ઇત. દ્વ.)

क्षत्रिया च युवति च – क्षत्रियायुवती, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** भोज्या क्षत्रिया = ભોજવંશમાં ઉત્પન્ન થયેલી.

- सूत्या युवतिः = યૌવનપણાને પામેલી.

  અન્ય અર્થમાં આ સૂત્રથી ष्य આદેશ થતો નથી તેથી भोजा અને सूता થાય.

  जाते... ૨–૪–૫૪ થી जाति અર્થમાં ङी પ્રત્યય ની પ્રાપ્તિ હતી તેનાં અપવાદરુપે આ સૂત્રથી ष्य આદેશ કર્યો છે.

## दैवयज्ञि–शौचिवृक्षि–सात्यमुग्रि–काण्ठेविद्धेर्वा ૨–૪–૮૨

**અર્થ :–** दैवयज्ञि, शौचिवृक्षि, सात्यमुग्रि અને काण्ठेविद्धि આ इञ् પ્રત્યયાન્ત નામનાં અન્ત્યવર્ણનો સ્ત્રીલિંગમાં વિકલ્પે ष्य આદેશ થાય છે.

**સૂત્રસમાસ :–** दैवयज्ञिश्च शौचिवृक्षिश्च सात्यमुग्रिश्च काण्ठेविद्धिश्च एतेषां समाहारः – दैवयज्ञिशौचिवृक्षिसात्यमुग्रिकाण्ठेविद्धि, तस्य.(સમા. દ્વ.)

**વિવેચન :–** देव एव यज्ञः यस्य सः – देवयज्ञः, देवयज्ञस्य अपत्यं स्त्री – दैवयज्ञ्या. अत इञ् ૬–૧–૩૧ થી इञ् પ્રત્યય અને આ સૂત્રથી અન્ત્યનો ष्य આદેશ થયો છે વિકલ્પપક્ષે ष्य ન થાય ત્યારે नुर्जातेः ૨–૪–૭૨ થી ङी થવાથી दैवयज्ञी = દેવયજ્ઞની પુત્રી થયું.

*એજ પ્રમાણે....*

- शुचिर्वृक्षः यस्य सः – शुचिवृक्षः, शुचिवृक्षस्य अपत्यम् स्त्री – शौचिवृक्ष्या, शौचिवृक्षी.
- सत्यम् उग्रम् यस्य सः – सत्यमुग्रः, सत्यमुग्रस्य अपत्यं स्त्री – सात्यमुग्र्या, सात्यमुग्री.
- कण्ठे विद्धं यस्य सः – कण्ठेविद्धः, कण्ठेविद्धस्य अपत्यं स्त्री – काण्ठेविद्ध्या, काण्ठेविद्धी = કણ્ઠેવિદ્ધઋષિનું અપત્ય સ્ત્રી. तत्पुरुषे... ૩–૨–૨૦ થી અથવા अमूर्द्ध... ૩–૨–૨૨ થી અલુપ સમાસ થયો છે.

  अनार्षे... ૨–૪–૭૮ થી વૃદ્ધાપત્યમાં શબ્દના અન્ત્યવર્ણનો ष्य નિત્ય થતો હતો પણ વૃદ્ધ સિવાયના અર્થમાં અપ્રાપ્તિ હતી તેની વિકલ્પે પ્રાપ્તિ

કરવા માટે જ આં સૂત્રની રચના કરી છે. એટલે "प्राप्ताप्राप्त विभाषा" થશે.

## ष्या पुत्र–पत्योः केवलयोरीच् तत्पुरुषे २–४–८३

**અર્થ :–** કેવલ पुत्र અને पति શબ્દ પર છતાં પૂર્વે રહેલાં મુખ્ય आप् પ્રત્યયાન્તનાં ष्य આદેશનો તત્પુરુષ સમાસમાં ईच् થાય છે.

**સૂત્રસમાસ :–** पुत्रश्च पतिश्च – पुत्रपती, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** करीषस्य गन्धः इव गन्धः यस्याः सा – करीषगन्धि, वोपमानात् ७–૩–१४७ થી इत् સમાસાન્ત પ્રત્યય થવાથી करीषगन्धि થયું છે. करीषगन्धेः अपत्यं स्त्री – कारीषगन्धः, ङसोऽपत्ये ६–१–२८ થી अण् પ્રત્યય, अनार्षे... ૨–४–७८ થી અન્ત્યનો ष्य આદેશ અને आत् ૨–४–१८ થી आप् પ્રત્યય થવાથી **कारीषगन्ध्या** થયું.

कारीषगन्ध्यायाः पुत्रः पति र्वा – कारीषगन्धीपुत्रः અને कारीषगन्धीपतिः. અહીં पुत्र અને पति શબ્દ અન્તે હોવાથી આ સૂત્રથી ष्य નો ईच् આદેશ થયો છે.

**ष्येति किम् ?** इभ्यायाः पुत्रः – इभ्यापुत्रः = શેઠાણીનો પુત્ર.

इभम् अर्हति – इभ्यः માં दण्डादेर्यः ६–४–१७८ થી य પ્રત્યય લાગ્યો છે. પણ ष्य સંબંધી य નથી માટે આ સૂત્રથી ईच् આદેશ થયો નથી.

**केवलयोरिति किम् ?** पुत्रस्य कुलम् – पुत्रकुलम्, कारीषगन्ध्यायाः पुत्रकुलम् – कारीषगन्ध्यापुत्रकुलम्. અહીં માત્ર पुत्र શબ્દ અન્તે નથી પણ पुत्रकुल શબ્દ અન્તે છે. તેથી આ સૂત્રથી ईच् આદેશ થયો નથી.

અહીં ईच् માં चકાર છે તેથી वेदूतो... ૨–४–९८ વિગેરે સૂત્રોમાં ईच् નો નિષેધ કરેલો છે તેથી હ્રસ્વાદિ કાર્ય નહીં થાય.

## बन्धौ बहुव्रीहौ २–४–८४

**અર્થ :–** કેવલ बन्धु શબ્દ પર છતાં પૂર્વે રહેલાં મુખ્ય आप् પ્રત્યયાન્તનાં ष्य આદેશનો બહુવ્રીહિ સમાસમાં ईच् થાય છે.

**વિવેચન :–** कारीषगन्ध्या बन्धुः यस्य सः – कारीषगन्धीबन्धुः = કારીષગન્ધી વૃદ્ધાપત્ય સ્ત્રી છે બન્ધુ જેને તે. અહીં બહુવ્રીહિ સમાસમાં बन्धु શબ્દ પરમાં છે તેથી પૂર્વે રહેલાં आप् પ્રત્યય સંબંધી ष्य આદેશનો આ સૂત્રથી

ઈચ્ થયો છે.

**केवल इत्येव** – बन्धोः कुलम् – बन्धुकुलम्, कारीषगन्ध्यायाः बन्धुकुलम् – कारीषगन्ध्याबन्धुकुलम्. અહીં માત્ર बन्धु શબ્દ અન્તે નથી પણ बन्धुकुल શબ્દ અન્તે છે તેથી પૂર્વે રહેલાં आप् પ્રત્યય સંબંધી ष्य આદેશનો આ સૂત્રથી ઈચ્ થયો નથી.

**मुख्यइत्येव** – कारीषगन्ध्याम् अतिक्रान्ता – अतिकारीषगन्ध्या, अतिकारीषगन्ध्या बन्धुः यस्य सः – अतिकारीषगन्ध्याबन्धुः. અહીં कारीषगन्ध्या શબ્દ अतिक्रान्त શબ્દનું વિશેષણ બનવાથી ગૌણ બને છે તેથી આ સૂત્રથી ष्य આદેશનો ઈચ્ ન થયો.

## मात–मातृ–मातृके वा २–४–८५

**અર્થ :–** કેવલ मात, मातृ અને मातृक નામ પર છતાં પૂર્વે રહેલાં મુખ્ય आप् પ્રત્યયાન્તનાં ष्य આદેશનો બહુવ્રીહિ સમાસમાં ઈચ્ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** मातश्च माता च मातृकश्च एतेषां समाहारः – मातमातृमातृकम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન :–** कारीषगन्ध्या माता यस्य सः – कारीषगन्धीमातः, कारीषगन्ध्यामातः

कारीषगन्धीमाता, कारीषगन्ध्यामाता

कारीषगन्धीमातृकः, कारीषगन्ध्यामातृक =

કારીષગન્ધી માતા છે જેને તે. मातुर्मातः... ૧–૪–૪૦ થી આમન્ત્ર્યવાચી मातृ શબ્દનો मातः આદેશ થતો હતો પણ અહીં સૂત્ર સામર્થ્યથી આમન્ત્ર્ય વિના પણ मातः આદેશ થાય છે તેમજ ऋन्नित्यदितः ૭–૩–૧૭૧ થી ऋકારાન્ત નામોને कच् પ્રત્યય નિત્ય થાય છે. પરંતુ સૂત્રમાં मातृ અને मातृक શબ્દનું પૃથક્ ઉપાદાન કરેલું હોવાથી વિકલ્પે कच् પ્રત્યય થયો છે તેથી मात, मातृ અને मातृक પર છતાં આ સૂત્રથી ઈચ્ વિકલ્પે થતો હોવાથી કુલ છ પ્રયોગો થયા છે.

## अस्य ङ्यां लुक् २–४–८६

**અર્થ :–** ङी પ્રત્યય પર છતાં પૂર્વનાં अ નો લોપ થાય છે.

**વિવેચન :–** मद्रेषु चरति सा – मद्रचरी = મદ્રદેશમાં ફરનારી.

मद्रचर् – चरेष्टः ૫–૧–૧૩૮ થી ट પ્રત્યય.

मद्रचर्+ट (अ)– अणञे... ૨–૪–૨૦ થી ङी પ્રત્યય.

मद्रचर्+अ+ङी – આ સૂત્રથી ङी ની પૂર્વના अ નો લોપ.

मद्रचर्+ङी – मद्रचरी.

ङी પર છતાં अ નોજ લોપ થાય છે તેથી दण्डिनी, कर्त्री વિગેરેમાં પૂર્વનાં न् અને ऋ નો ङी પર છતાં લોપ થતો નથી.

## मत्स्यस्य यः २–४–८७

**અર્થ :–** ङी પર છતાં मत्स्य ના य નો લોપ થાય છે.

**વિવેચન :–** मत्स्यस्य स्त्री – मत्सी = માછલી

मत्स्य – गौरादिभ्यो... ૨–૪–૧૯ થી ङी પ્રત્યય.

मत्स्य+ङी – अस्य... ૨–૪–૮૬ થી अ નો લોપ.

मत्स्य्+ङी – આ સૂત્રથી य् નો લોપ.

मत्सी ।

## व्यञ्जनात् तद्धितस्य २–४–८८

**અર્થ :–** વ્યંજનથી પર રહેલાં તદ્ધિતનાં य् નો ङी પ્રત્યય પર છતાં લુક્ થાય છે.

**વિવેચન :–** मनोः अपत्यम् स्त्री – मनुषी = મનુષ્યનું અપત્ય સ્ત્રી.

मनु – मनोर्याणौ... ૬–૧–૯૪ થી य પ્રત્યય અને અન્તે ष् આગમ.

मनु+ष्+य – गौरादि... ૨–૪–૧૯ થી ङी પ્રત્યય.

मनुष्य+ङी – अस्य... ૨–૪–૮૬ થી अ નો લોપ.

मनुष्य्+ङी – આ સૂત્રથી વ્યંજનથી પર રહેલાં તદ્ધિતનાં य् નો લોપ.

मनुष्+ङी – मनुषी.

**व्यञ्जनादिति किम् ?** कारिकायाः अपत्यम् – कारिकेयी = નટીનું અપત્ય સ્ત્રી, ઊંટડી અથવા સાંઢણીનું સ્ત્રી સંતાન.

कारिका – ङ्याप्त्यूङः ૬–૧–૭૦ થી एयण् પ્રત્યય.

कारिका+एयण् – अवर्णे... ૭–૪–૬૮ થી आ નો લોપ.

कारिक्+एयण् – कारिकेय – अणञे... २–४–२० थी ङी प्रत्यय.

कारिकेय+ङी – अस्य... २–४–८६ थी अ नो લોપ.

कारिकेय्+ङी – कारिकेयी. અહીં આ સૂત્રથી य નો લોપ થતો નથી કેમ કે વ્યંજનથી પરમાં तद्धितनो य् નથી પણ સ્વરથી પરમાં य् છે.

**तद्धितस्येति किम् ?** वैश्यस्य भार्या – वैश्यी = વાણીયણ.

धवाद्... २–४–५९ થી ङी પ્રત્યય લાગ્યો છે. અહીં वैश्य માં य् એ तद्धितनो નથી ઉણાદિનો છે માટે આ સૂત્રથી य् નો લોપ થતો નથી.

## सूर्याऽऽगस्त्ययोरीये च २–४–८९

**અર્થ :–** सूर्य અને अगस्त्य નાં य् નો ङी અને ईय પ્રત્યય પર છતાં લોપ થાય છે.

**સૂત્રસમાસ :–** सूर्यश्च अगस्त्यश्च – सूर्यागस्त्यौ, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** सूर्यस्य भार्या – सूरी = સૂર્યની પત્નિ.

सूर्य – धवाद्... २–४–५९ થી ङी પ્રત્યય.

सूर्य+ङी – अस्य... २–४–८६ થી अ નો લોપ.

सूर्य्+ङी – આ સૂત્રથી य् નો લોપ.

सूर्+ङी – सूरी.

● अगस्त्यस्य इयम् – आगस्ती = દક્ષિણદિશા.

अगस्त्य – तस्येदम् ६–३–१६० થી अण् પ્રત્યય.

अगस्त्य+अण् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

आगस्त्य+अण् – अवर्णे... ७–४–६८ થી अ નો લોપ.

आगस्त्य्+अण् – अणञे... २–४–२० થી ङी પ્રત્યય.

आगस्त्य्+अण्+ङी – अस्य... २–४–८६ થી अ નો લોપ.

आगस्त्य्+ङी – આ સૂત્રથી य् નો લોપ.

आगस्त्+ङी – आगस्ती.

આ બંનેમાં ङी પર છતાં य् નો લોપ આ સૂત્રથી થયો છે.

● सूर्यः देवता अस्य – सौर्यः, सौर्यस्य अयम् – सौरीयः = સૂર્ય દેવતા

સંબંધી આ.

सूर्य – देवता ६–२–१०१ थी अण् પ્રત્યય.

सूर्य+अण् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

सौर्य+अण् – अवर्णे... ૭–૪–૬૮ થી अ નો લોપ.

सौर्य्+अण् – सौर्य – दोरीयः ६–૩–૩૨ થી ईय પ્રત્યય.

सौर्य+ईय – अवर्णे... ૭–૪–૬૮ થી अ નો લોપ.

सौर्य्+ईय – આ સૂત્રથી य् નો લોપ.

सौर्+ईय – सौरीयः

- अगस्त्यः देवता अस्य – आगस्त्यः, आगस्त्यस्य अयम् – आगस्तीयः = અગસ્ત્યને હિતકારક.

સાધનિકા सौरीयः પ્રમાણે થશે.

આ બંનેમાં ईय પર છતાં य् નો લોપ આ સૂત્રથી થયો છે. આ બંનેમાં ईय એ તદ્ધિતનો પ્રત્યય પર છતાં य् નો લોપ થયો છે પણ તદ્ધિતનાં य् નો લોપ થયો નથી. તે જણાવવા માટેજ આ ઉદાહરણ આપ્યા છે.

ઉપરનાં સૂત્રથી તદ્ધિતનાં य् નો લોપ થતો હતો અને અહીં શબ્દનાં (પ્રકૃતિનાં) य् નો લોપ થાય છે.

## तिष्य–पुष्ययोर्भाणि २–४–९०

**અર્થ :–** भ = નક્ષત્ર. નક્ષત્ર સંબંધી अण् પ્રત્યય પર છતાં પૂર્વે રહેલાં तिष्य અને पुष्य નામનાં य् નો લોપ થાય છે.

**સૂત્રસમાસ :–** तिष्यश्च पुष्यश्च – तिष्यपुष्यौ, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** तिष्येण चन्द्रयुक्तेन युक्ता रात्रिः – तैषी रात्रिः = તિષ્ય નક્ષત્રમાં રહેલ ચંદ્રથી યુક્ત રાત્રિ.

तिष्य – चन्द्र... ६–२–६ ની સહાયથી भर्तु... ६–૩–૮૯ થી अण् પ્રત્યય.

तिष्य+अण् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

तैष्य+अण् – अवर्णे... ૭–૪–૬૮ થી अ નો લોપ.

तैष्य्+अण् – अणञे... २–४–२० थी ङी પ્રત્યય.

तैष्य्+अण्+ङी – अस्य... २–४–८६ थी अ नो લોપ.

तैष्य्+ङी – આ સૂત્રથી य् નો લોપ.

तैष्+ङी – तैषी.

- पुष्येण चन्द्रयुक्तेन युक्तम् अहः – पौषम् अहः = પુષ્ય નક્ષત્રમાં રહેલ ચંદ્રથી યુક્ત દિવસ. સાધનિકા तैषी પ્રમાણે થશે.

**भाणीति किम् ?** तिष्यः देवता यस्य सः – तैष्यः चरुः = તિષ્ય દેવતા જેને છે તે ચરુ.

तिष्य – देवता ६–२–१०१ થી अण् પ્રત્યય.

तिष्य+अण् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

तैष्य+अण् – अवर्णे... ७–४–६८ થી अ नो લોપ.

तैष्य्+अण् – तैष्यः અહીં નક્ષત્ર સંબંધી अण् પરમાં નથી તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

## आपत्यस्यक्यच्व्योः २–४–९१

**અર્થ :–** क्य અને च्वि પ્રત્યય પર છતાં વ્યંજનથી પર રહેલાં અપત્ય અર્થમાં થયેલાં य् નો લુક્ થાય છે.

**સૂત્રસમાસ :–** अपत्ये भवः – आपत्यः, तस्य.

क्यश्च च्विश्च – क्यच्वी, तयोः (ઇ. દ્વ.)

**વિવેચન :–** गर्गस्य अपत्यम् – गार्ग्यः = ગર્ગનું અપત્ય. (ગાર્ગ્ય)

गर्ग – गर्गादेर्यञ् ६–१–४२ થી यञ् પ્રત્યય.

गर्ग+यञ् – वृद्धिः... ७–४–१ થી આદિસ્વરની વૃદ્ધિ.

गार्ग+यञ् – अवर्णे... ७–४–६८ થી अ नो લોપ.

गार्ग्+यञ् – गार्ग्यः.

गार्ग्यम् इच्छति – गार्गीयति = તે ગાર્ગ્યને ઇચ્છે છે.

गार्ग्य – अमाव्ययात्... ३–४–२३ થી क्यन् પ્રત્યય.

गार्ग्य+क्यन् – क्यनि ४–३–११२ થી अ नो ई.

गार्ग्य्+ई+क्यन् – આ સૂત્રથી य् નો લોપ.

गार्ग्+ई+य – गार्गीय – कर्त्तर्य... ૩–૪–૭૧ થી शव् પ્રત્યય.

गार्गीय+शव्+ति – लुगस्या... ૨–૧–૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

गार्गीय्+अ+ति – गार्गीयति.

- गार्ग्यः ઉપર પ્રમાણે થશે.

गार्ग्यः इव आचरति – गार्गायते = તે ગાર્ગ્ય જેવું આચરણ કરે છે.

गार्ग्य – क्यङ् ૩–૪–૨૬ થી क्यङ् પ્રત્યય.

गार्ग्य+क्यङ् – दीर्घश्च्वि... ૪–૩–૧૦૮ થી अ નો आ.

गार्ग्या+क्यङ् – આ સૂત્રથી य् નો લોપ.

गार्गा+क्यङ्+ते – कर्त्तर्य... ૩–૪–૭૧ થી शव् પ્રત્યય.

गार्गाय+शव्+ते – लुगस्या... ૨–૧–૧૧૩ થી પૂર્વના अ નો લોપ.

गार्गाय्+अ+ते – गार्गायते.

- अगार्ग्यः गार्ग्यः भूतः – गार्गीभूतः = ગાર્ગ્ય ન હતો તે ગાર્ગ્ય રુપે થયો.

गार्ग्य – कृभ्वस्ति... ૭–૨–૧૨૬ થી च्वि પ્રત્યય.

गार्ग्य+च्वि+भूत – ईश्च्वा... ૪–૩–૧૧૧ થી अ નો ई.

गार्ग्यी+भूत – આ સૂત્રથી य् નો લોપ.

गार्गीभूत ।

અહીં બંને ઉદાહરણમાં વ્યંજન અને क्य ની વચ્ચે ई અને आ નું વ્યવધાન છે છતાં "येन नाव्यवधानं तेन व्यवहितेऽपि स्यात्" એ ન્યાયથી ઈકારાદિનું વ્યવધાન હોવા છતાં પણ આ સૂત્રથી य् નો લોપ થયો છે.

**आपत्यस्येति किम् ?** सङ्काशेन निवृत्तं – साङ्काश्यम्.

सङ्काश – सुपन्थ्यादे... ૬–૨–૮૪ થી ञ्य પ્રત્યય.

सङ्काश+ञ्य – वृद्धिः... ૭–૪–૧ થી આદિસ્વરની વૃદ્ધિ.

साङ्काश+ञ्य – अवर्णे... ૭–૪–૬૮ થી अ નો લોપ.

साङ्काश्+ञ्य – साङ्काश्य.

साङ्काश्यम् इच्छति – साङ्काश्यीयति = તે સાંકાશ્ય નગરને ઇચ્છે છે.

साङ्काश्य – अमाव्ययात्... ३–४–२३ थी क्यन् પ્રત્યય.

साङ्काश्य+क्यन् – क्यनि ४–३–११२ थी अ नो ई.

साङ्काश्यी+य+ति – कर्त्तर्य... ३–४–७१ थी शव् પ્રત્યય.

साङ्काश्यी+य+अ+ति – लुगस्या... २–१–११३ थी પૂર્વનાં अ નો લોપ.

साङ्काश्यीय्+अ+ति – साङ्काश्यीयति.

અહીં અપત્ય અર્થમાં य् નથી પણ નિવૃત્ત અર્થમાં य् પ્રત્યય લાગેલો છે. માટે આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

**व्यञ्जनादित्येव** – कारिकायाः अपत्यम् – कारिकेयी. સાધનિકા ૨–૪–૮૮ સૂત્રમાં કરેલી છે.

कारिकेयीम् इच्छति – कारिकेयीयति = તે નટીના અપત્યને ઇચ્છે છે. અહીં અપત્ય અર્થમાં एयण् પ્રત્યય લાગેલો છે તેમાં य् છે પરંતુ તે વ્યંજનથી પરમાં નથી પણ ए એવાં સ્વરથી પરમાં છે માટે આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

## तद्धितय–स्वरेऽनाति २–४–९२

**અર્થ :–** વ્યંજનથી પર રહેલાં અપત્ય અર્થમાં થયેલાં य् નો યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં અને આકારાદિ વર્જીને સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં લોપ થાય છે.

**સૂત્રસમાસ :–** यश्च स्वरश्च एतयोः समाहारः – यस्वरम्. (સમા. દ્વ.)

तद्धितस्य यस्वरम् – तद्धितयस्वरम्, तस्मिन्. (ષ. ત.)

न आत् – अनात्, तस्मिन्. (નઞ્. ત.)

**વિવેચન :–** गार्ग्ये साधुः – गार्ग्यः = ગાર્ગ્યમાં સારો.

गार्ग्य – तत्र साधौ ७–१–१५ थी य પ્રત્યય.

गार्ग्य+य – अवर्णे... ७–४–६८ थी अ નો લોપ.

गार्ग्य्+य – આ સૂત્રથી य् નો લોપ.

गार्ग्+य – गार्ग्यः

● गर्गस्य अपत्यानि – गर्गाः, गर्गाणाम् समूहः – गार्गकम् = ગર્ગનાં

અપત્યોનો સમૂહ.

गार्ग्य – गोत्रोक्ष... ૬–૨–૧૨ થી अकञ् પ્રત્યય.

गार्ग्य+अकञ् – अवर्णे... ૭–૪–૬૮ થી अ નો લોપ.

गार्ग्य्+अकञ् – આ સૂત્રથી य् નો લોપ.

गार्ग्+अकञ् – गार्गकम्.

**आपत्यस्येत्येव** – कम्पनम् – कम्पः, कम्पः अस्य अस्ति – कम्पी, कम्पिनम् इलति – कम्पीलः, कम्पीलेन निवृत्तं-काम्पील्यकः = તે નામનો એક દેશ. અથવા काम्पील्ये भवः – काम्पील्यकः = કમ્પીલે બનાવેલ કામ્પીલ્ય નગરમાં થયેલ.

कम्पील – सुपन्थ्यादे... ૬–૨–૮૪ થી ञ्य પ્રત્યય.

कम्पील+ञ्य – वृद्धिः... ૭–૪–૧ થી આદિસ્વરની વૃદ્ધિ.

काम्पील+ञ्य – अवर्णे... ૭–૪–૬૮ થી પૂર્વનાં अ નો લોપ.

काम्पील्+ञ्य – प्रस्थ... ૬–૩–૪૩ થી अकञ् પ્રત્યય.

काम्पील्य+अकञ् – अवर्णे... ૭–૪–૬૮ થી પૂર્વનાં अ નો લોપ.

काम्पील्य्+अकञ् – काम्पील्यकः અહીં અપત્ય અર્થમાં થયેલો યકારાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

**तद्धितेति किम् ?** वत्सस्य वृद्धापत्यम् – वात्स्यः, तेन – वात्स्येन = વત્સના વૃદ્ધાપત્ય વડે. અહીં इन પ્રત્યય आકારાદિ વર્જીને સ્વરાદિ પ્રત્યય છે પણ તે સ્યાદિનો છે તદ્ધિતનો નથી તેથી પૂર્વનાં य् નો આ સૂત્રથી લોપ થયો નથી.

**अनातीति किम् ?** गार्ग्यस्य युवापत्यम् – गार्ग्यायणः = ગર્ગનું યુવાપત્ય. यञिञः ૬–૧–૫૪ થી आयनण् પ્રત્યય લાગેલો છે. આ સૂત્રથી आકારાદિ સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં य् નો લોપ થતો નથી. તેથી गर्गादे... ૬–૧–૪૨ થી લાગેલાં यञ् પ્રત્યયનો લોપ થયો નથી.

- गर्गाणां समूहः – गार्गकम् આ ઉદાહરણમાં गर्ग શબ્દને અપત્ય અર્થમાં गर्गादे... ૬–૧–૪૨ થી यञ् પ્રત્યય લાગ્યો છે. તે यञ् પ્રત્યયનો બહુવચનમાં यञञो... ૬–૧–૧૨૬ થી લુપ પ્રાપ્ત હતો પરંતુ न प्राग्...

૬–૧–૧૩૫ થી લુપ્ નો નિષેધ થયો છે તેથી સમૂહ અર્થમાં गोत्रोक्ष... ૬–૨–૧૨ થી अकञ् પ્રત્યય પર છતાં આ (ચાલુ) સૂત્રથી य् નો લોપ થયો છે.

બહુવચનમાં यञ् પ્રત્યયનો यञञो... ૬–૧–૧૨૬ થી લોપ થયો છે તેથી વિગ્રહમાં गर्गाणाम् રુપ થયું છે.

## बिल्वकीयादेरीयस्य २–४–९३

**અર્થ :–** नडादि માં રહેલાં कीय પ્રત્યયાન્ત એવાં बिल्व વિગેરે શબ્દોનાં ईय નો તદ્ધિતનાં યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

**સૂત્રસમાસ :–** बिल्वकीयः आदिः यस्य सः – बिल्वकीयादिः, तस्य. (બહુ.)

**વિવેચન :–** बिल्वाः सन्ति यस्यां सा – बिल्वकीया, बिल्वकीयायाम् भवाः – बैल्वकाः = બિલ્વકીયા નદીમાં થયેલાં.

बिल्व – नडादेः... ૬–૨–૯૨ થી कीय પ્રત્યય.

बिल्वकीय – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

बिल्वकीय+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

बिल्वकीया – भवे ૬–૩–૧૨૩ થી अण् પ્રત્યય.

बिल्वकीया+अण् – अवर्णे... ૭–૪–૬૮ થી પૂર્વનાં आ નો લોપ.

बिल्वकीय्+अण् – वृद्धिः... ૭–૪–૧ થી આદિસ્વરની વૃદ્ધિ.

बैल्वकीय – આ સૂત્રથી कीय ના ईय નો લોપ.

बैल्वक બ. વ. માં હોવાથી बैल्वकाः

- वेणवः सन्ति यस्यां सा – वेणुकीया, वेणुकीयायाम् भवाः – वैणुकाः = વેણુકીયા નદીમાં થયેલી. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**बिल्वकीयादेरिति किम् ?** नडकीयायाम् भवः – नाडकीयः = નડવૃક્ષનાં સ્થાનમાં થયેલાં. नड નામ बिल्वादि ન હોવાથી આ સૂત્રથી कीय ના ईय નો લોપ થયો નથી.

बिल्वकीयादि નામો બે પ્રકારે છે.

- કેટલાક नडादि થી कीय પ્રત્યય થયે છતે બનેલાં નામો અને બીજા કુત્સિતાદિ અર્થમાં कप् પ્રત્યય લાગ્યા પછી ईय પ્રત્યય થયે છતે બનેલાં

નામો એમ બે પ્રકારે છે તેમાંથી અહીં नडादि માં રહેલાં જ વિવક્ષિત છે.

- बिल्वादिगण – बिल्व, वेणु, वेत्र, वेतस, त्रि, तक्षन्, इक्षु, काष्ट, कपोत અને कुञ्च આ દશ શબ્દો बिल्वादि ગણના છે.

## न राजन्य–मनुष्योरके २–४–९४

**અર્થ :–** राजन्य અને मनुष्य નામનાં य् નો अक् પ્રત્યય પર છતાં લોપ થતો નથી.

**સૂત્રસમાસ :–** राजन्यश्च मनुष्यश्च – राजन्यमनुष्यौ, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** राज्ञः अपत्यम् – राजन्यः = ક્ષત્રિય, રાજપુત્ર.

राजन् – जातौ... ६–१–९२ થી य પ્રત્યય.

राजन्+य – राजन्यः અહીં अनोट्ये... ७–४–५१ થી अन् નાં લોપનો નિષેધ થયેલો છે.

राजन्यानाम् समूहः – राजन्यकम् = રાજપુત્રોનો સમૂહ.

राजन्य – गोत्रोक्ष... ६–२–१२ થી अकञ् પ્રત્યય.

राजन्य+अकञ् – अवर्णे... ७–४–६८ થી પૂર્વનાં अ નો લોપ.

राजन्य्+अकञ् – राजन्यकम्.

तद्धित... २–४–९२ થી य् નાં લોપની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

- मनोः अपत्यम् – मनुष्यः = મનુનો પુત્ર

  मनु – मनोर्याणौ ६–१–९४થી य् પ્રત્યય અને ष् અંતે આગમ.

  मनु+ष्+य – मनुष्य.

  मनुष्याणां समूहः – मानुष्यकम् = મનુષ્યપૂત્રોનો સમૂહ. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

## ङ्यादेर्गौणस्याक्विपस्तद्धितलुक्यगोणीसूच्योः २–४–९५

**અર્થ :–** તદ્ધિતનાં પ્રત્યયનો લોપ થયે છતે गोणी અને सूची નામને વર્જીને અક્વિબન્ત એવાં ગૌણ નામનાં ङी વિગેરે પ્રત્યોયોનો લોપ થાય છે.

**સૂત્રસમાસ :–** ङीः आदिः यस्य सः – ङ्यादिः, तस्य. (બહુ.)

न विद्यते क्विप् यस्मिन् सः – अक्विप्, तस्य (નञ्. બહુ.)

तद्धितस्य लुक् – तद्धितलुक्, तस्मिन्. (ષષ્ઠી. તત્પુ.)

गोणी च सूची च – गोणीसूच्यौ (ઇ. ત.)

न गोणीसूच्यौ – अगोणीसूच्यौ, तयोः (નञ्. તત્પુ.)

**વિવેચન :–** सप्त कुमार्यः देवता यस्य सः – सप्तकुमारः = સાત કુમારી દેવી છે જેને તે.

कुमार – वयस्य... ૨–૪–૨૧ થી ङी પ્રત્યય.

कुमार+ङी – अस्य... ૨–૪–૮૬ થી अ નો લોપ.

कुमार्+ङी – कुमारी. कुमारी નામ બન્યા પછી सप्त નામની સાથે સમાસ થયેલો છે.

सप्तकुमारी – देवता ૬–૨–૧૦૧ થી अण् પ્રત્યય.

सप्तकुमारी+अण् – द्विगो... ૬–૧–૨૪ થી अण् નો લોપ.

सप्तकुमारी – આ સૂત્રથી ङी પ્રત્યયનો લોપ.

सप्तकुमारः

- पञ्च इन्द्राण्यः देवता यस्य सः – पञ्चेन्द्रः = પાંચ ઇન્દ્રાણી જેને છે તે.

  इन्द्रस्य भार्या – इन्द्राणी. वरूणेन्द्र... ૨–૪–૬૨ થી ङी પ્રત્યય અને आन् અન્તે થવાથી इन्द्राणी શબ્દ થયો પછી पञ्च નામની સાથે સમાસ થયેલો છે.

  पञ्चेन्द्राणी – देवता ૬–૨–૧૦૧ થી अण् પ્રત્યય.

  पञ्चेन्द्राणी+अण् – द्विगो... ૬–૧–૨૪ થી अण् નો લોપ.

  पञ्चेन्द्राणी – આ સૂત્રથી ङी પ્રત્યયનો લોપ.

  पञ्चेन्द्रः

  "सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरस्याप्यपायः" એ ન્યાયથી ङी નાં યોગમાં થયેલાં आन् આગમની પણ નિવૃત્તિ થઇ છે.

- पञ्चभिः युवतिभिः क्रीतः – पञ्चयुवा = પાંચ યુવતિથી ખરીદાયેલો.

  युवन् – यूनस्तिः ૨–૪–૭૭ થી ति પ્રત્યય.

युवन्+ति – नाम्नो... ૨–૧–૯૧ થી न् નો લોપ.

युवति. આ શબ્દ બન્યા પછી पञ्च નામની સાથે સમાસ થયો છે.

पञ्चयुवति – मूल्यैः... ૬–૪–૧૫૦ થી इकण् પ્રત્યય.

पञ्चयुवति+इकण् – अनाम्न्य... ૬–૪–૧૪૧ થી इकण् નો લોપ.

पञ्चयुवति – આ સૂત્રથી ति નો લોપ.

पञ्चयुवा. સ્ત્રીલિંગમાં થયેલા ति પ્રત્યયનો લોપ થવાથી युवन् શબ્દ જ રહે છે તેથી પુલિંગમાં पञ्चयुवा થયું છે.

• द्वाभ्यां पङ्गूभ्यां क्रीतः – द्विपङ्गु = બે પાંગળી સ્ત્રીઓ વડે ખરીદાયેલ. नारी... ૨–૪–૭૬ થી ऊङ् પ્રત્યય લાગેલો હતો. इकण् નો લોપ થયેલો હોવાથી આ સૂત્રથી ऊङ् નો લોપ થયો છે. સાધનિકા पञ्चयुवा પ્રમાણે થશે.

**गौणस्येति किम् ?** अवन्तेः राज्ञः अपत्यं स्त्री – अवन्ती = અવન્તીનું સ્ત્રી સંતાન. સાધનિકા ૨–૪–૭૨ માં આપેલ कुन्ती પ્રમાણે થશે. અહીં अवन्ती નામ મુખ્ય છે ગૌણ નથી તેથી આ સૂત્રથી ङी પ્રત્યયનો લોપ થયો નથી.

**अक्विप इति किम् ?** पञ्चकुमारी = કુમારીને ઇચ્છનાર પાંચ દેવતા છે જેને તે.

कुमारीम् इच्छति – कुमारीयति.

कुमारी – अमाव्ययात्... ૩–૪–૨૩ થી क्यन् પ્રત્યય.

कुमारी+क्यन् – कुमारीयति इति क्विप् – कुमारीय – क्विप् ૫–૧–૧૪૮ થી क्विप् પ્રત્યય.

कुमारीय+क्विप् – अतः ૪–૩–૮૨ થી અન્ત્ય अ નો લોપ.

कुमारीय् – य्वोः... ૪–૪–૧૨૧ થી य् નો લોપ.

कुमारी = કુમારીને ઇચ્છનાર.

पञ्च कुमार्यः देवता यस्य सः – पञ्चकुमारी. देवता ૬–૨–૧૦૧ થી अण् પ્રત્યય લાગ્યો તેનો द्विगो... ૬–૧–૨૪ થી લોપ થયો છે. અહીં तद्धित પ્રત્યયનો લોપ થયેલો હોવા છતાં ગૌણ બનેલું ङी પ્રત્યયાન્ત कुमारी

નામ ક્વિબન્ત હોવાથી આ સૂત્રથી ङी પ્રત્યયનો લોપ થયો નથી.

**अगोणीसूच्योरिति किम् ?** पञ्चभिः गोणीभिः क्रीतः – पञ्चगोणिः = પાંચ ગોણીથી ખરીદાયેલ. दशभिः सूचीभिः क्रीतः – दशसूचिः = દશ સૂચીપત્ર વડે ખરીદાયેલ. સૂત્રમાં गोणि અને सूची વર્જન કરેલું હોવાથી ગૌણ નામો હોવા છતાં આ સૂત્રથી ङी પ્રત્યયનો લોપ થતો નથી પણ गोश्चान्ते... ૨–૪–૯૬ થી ङी હ્રસ્વ થયો છે.

## गोश्चान्ते ह्रस्वोऽनंशिसमासेयोबहुव्रीहौ २–४–९६

**અર્થ :–** અંશિ સમાસાન્ત અને ईयसु પ્રત્યયાન્ત એવાં બહુવ્રીહિ અન્તવાળા ને વર્જીને ગૌણ અને અક્વિબન્ત એવાં गो તેમજ ङी વિગેરે પ્રત્યયાન્ત શબ્દો અન્તે વર્તતાં હોય તો તેનો અન્ત્યસ્વર હ્રસ્વ થાય છે.

**સૂત્રસમાસ :–** अंशः अस्ति अस्य – अंशी, अंशिना समासः – अंशि समासः (તૃ. ત.) ईयसा बहुव्रीहिः –, इयोबहुव्रीहिः (તૃ. ત.) अंशिसमासश्च इयोबहुव्रीहिश्च एतयोः समाहारः – अंशिसमासेयोबहुव्रीहिः (સમા. દ્વ.) न अंशिसमासेयोबहुव्रीहिः – अनंशिसमासेयोबहुव्रीहिः, तस्मिन्. (નઞ્. તત્પુ.) લાઘવ માટે પુલિંગ એ. વ. માં રુપ કર્યું છે.

**વિવેચન :–** चित्रा गावः यस्य सः – चित्रगुः = કાબરચીતરી ગાયવાળો.

અહીં ओ નું હ્રસ્વ उ આ સૂત્રથી થયું છે.

- कौशाम्ब्याः निर्गतः – निष्कौशाम्बिः = કૌશાંબીમાંથી નીકળેલો.

  અહીં ई નું હ્રસ્વ इ આ સૂત્રથી થયું છે.

- खट्वाम् अतिक्रान्तः – अतिखट्वः = ખાટલાને ઓળંગી ગયેલો.

  અહીં आ નો હ્રસ્વ अ આ સૂત્રથી થયો છે.

- ब्रह्मा बन्धुः यस्याः सा – ब्रह्मबन्धूः, ब्रह्मबन्धूम् अतिक्रान्तः – अतिब्रह्मबन्धुः = બ્રહ્મબન્ધુને જીતનારી.

  અહીં ऊ નું હ્રસ્વ उ આ સૂત્રથી થયું છે.

**गौणस्येत्येव –** शोभना गौः – सुगौः = સારી ગાય.

राज्ञः कुमारी – राजकुमारी = રાજકુમારી.

અહીં કર્મધારય અને ષષ્ઠી તત્પુરુષ સમાસ છે તેમાં બન્ને નામોની મુખ્યતા રહે છે. અન્યસંબંધી બને ત્યારે જ કોઈપણ નામ ગૌણ બને છે

માટે મુખ્ય એવા गो અને कुमारी નામનો અન્ત્ય સ્વર આ સૂત્રથી હ્રસ્વ થયો નથી.

**अक्विप इत्येव** – प्रियगौः = પ્રિય છે ગાયને ઇચ્છનાર જેને તે.

गावम् इच्छति – गव्यति, गव्यति इति क्विप् – गौः

प्रिया गौः यस्य सः – प्रियगौः સાધનિકા ૨–૪–૯૫ માં બતાવેલ पञ्चकुमारी પ્રમાણે થશે.

- प्रियकुमारी चैत्र = પ્રિય છે કુમારીને ઇચ્છનાર એવો તે ચૈત્ર.

कुमारीम् इच्छति – कुमारीयति, कुमारीयति इति क्विप् – कुमारी.

प्रियश्चासौ कुमारी च – प्रियकुमारी. અહીં બંને ઉદાહરણમાં क्विप् પ્રત્યયાન્ત નામો છે તેથી આ સૂત્રથી અન્ત્યસ્વર હ્રસ્વ થયો નથી.

**गोश्चेति किम् ?** तन्त्रीम् अतिक्रान्तः – अतितन्त्रीः = વીણાને જીતનાર. અહીં तन्त्री શબ્દ ङी પ્રત્યયાન્ત નથી પણ મૂળથી જ દીર્ઘ ઈકારાન્ત છે તેથી આ સૂત્રથી અન્ત્ય સ્વર હ્રસ્વ થયો નથી.

**अन्त इति किम् ?** गवां कुलम् – गोकुलम् = ગોકુળ.

कुमार्याः प्रियः – कुमारीप्रियः = કુમારીનો પ્રિય.

कन्यायाः पुरम् – कन्यापुरम् = કન્યાનું નગર.

અહીં गो, कुमारी અને कन्या આ ત્રણે શબ્દો અન્તે નથી પણ આદિમાં છે તેથી અન્ત્ય સ્વર ओ, ङी કે आ નથી માટે આ સૂત્રથી હ્રસ્વ થયો નથી.

**अंशिसमासादिवर्जनं किम् ?** पिप्पल्याः अर्द्धम् – अर्द्धपिप्पली = પીપળાનો અડધો ભાગ. અહીં समेंशे... ૩–૧–૫૪ થી અંશિતત્પુરુષ સમાસ થયેલો છે તેથી આ સૂત્રથી અન્ત્ય સ્વર હ્રસ્વ થયો નથી.

- बह्व्यः श्रेयस्यः यस्य सः – बहुश्रेयसी = ઘણી કલ્યાણકારી જેને છે તે. અહીં ईयसु પ્રત્યયાન્ત બહુવ્રીહિ સમાસ છે તેથી આ સૂત્રથી અન્ત્યસ્વર હ્રસ્વ થયો નથી.

- ચકારથી "ङ्यादेर्गौणस्याक्विप" એ પ્રમાણે પૂર્વનાં સૂત્રાંશનું અનુકર્ષણ આ સૂત્રમાં થયું છે.

- प्रत्ययमात्रग्रहणे तदन्तग्रहणम् – એ ન્યાયથી ङी વિગેરેના ગ્રહણથી ङी વિગેરે અન્તવાળા નામ જ ગ્રહણ થાય છે.

## क्लीबे ૨–૪–૧૭

**અર્થ :–** નપુંસકલિંગમાં વર્તતાં સ્વરાન્ત નામનો અન્ત્યસ્વર હ્રસ્વ થાય છે.

**વિવેચન :–** कीलालं पिबति यत् कुलं तत् – कीलालपम् = પાણી (મદિરા) પીવાવાળું કુલ. मन्वन्... ૫–૧–૧૪૭ થી विच् પ્રત્યય થયો છે कीलालपा આકારાન્ત શબ્દનું નપુંસકલિંગમાં હ્રસ્વ થવાથી कीलालप શબ્દ બન્યો છે.

- नावम् अतिक्रान्तम् कुलम् – अतिनुकुलम् = નાવને ઓળંગી જનારું કુલ. औ નું હ્રસ્વ उ થાય તેથી અહીં अतिनौ નું હ્રસ્વ अतिनु થયું છે.

## वेदूतोऽनव्यय–य्वृदीच्ङीयुवः पदे ૨–૪–૧૮

**અર્થ :–** ઉત્તરપદ પરમાં હોતે છતે ई અને ऊ વિકલ્પે હ્રસ્વ થાય છે પણ તે ई અને ऊ અવ્યય, य्वृत्, ईच्, ङी અને इय्–उव् નાં સ્થાન સંબંધી ન હોય તો વિકલ્પે હ્રસ્વ થાય છે.

**સૂત્રસમાસ :–** ईच्च ऊच्च एतयोः समाहारः – ईदूत्, तस्य. (સમા. દ્વ.)

अव्ययम् च य्वृत् च ईच् च ङीश्च इय् च उव् च एतेषां समाहारः – अव्ययय्वृदीच्ङीयुव् (સમા. દ્વ.)

न अव्ययय्वृदीच्ङीयुव् – अनव्ययय्वृदीच्ङीयुव्, तस्य. (નઞ્. તત્પુ.)

**વિવેચન :–** लक्ष्म्याः पुत्रः – लक्ष्मीपुत्रः, लक्ष्मिपुत्रः = લક્ષ્મીનો પુત્ર.

- खलप्वः पुत्रः – खलपूपुत्रः, खलपुपुत्रः = ખળાને સાફ કરનારનો પુત્ર. અહીં पुत्र શબ્દ ઉત્તરપદમાં હોવાથી પૂર્વનો ईકાર અને ऊકાર આ સૂત્રથી હ્રસ્વ થયો છે.

**अव्ययादिवर्जनं किम् ?** अकाण्डं काण्डं इव भूतम् – काण्डीभूतम्.

काण्ड – कृभ्वस्ति... ૭–૨–૧૨૬ થી च्वि પ્રત્યય.

काण्ड+च्वि (भूत) – ईश्च्वा... ૪–૩–૧૧૧ થી अ નો ई.

काण्डीभूत. ऊर्याद्य... ૩–૧–૨ થી च्वि પ્રત્યયાન્ત નામને ગતિસંજ્ઞા થઈ

અને गतिः ૧–૧–૩૬ થી ગતિસંજ્ઞક નામને અવ્યયસંજ્ઞા થઈ છે. અવ્યય હોવાથી આ સૂત્રથી ભૂત ઉત્તરપદ હોવા છતાં ई વિકલ્પે હ્રસ્વ થયો નથી.

- इन्द्रम् ह्वयति इति क्विप् – इन्द्रहुः

  इन्द्रह्वे – क्विप् ૫–૧–૧૪૮ થી क्विप् પ્રત્યય.

  इन्द्रह्वे+क्विप् – यजादि... ૪–૧–૭૯ થી वे નું ય્વૃત્ उ

  इन्द्रहु – दीर्घ... ૪–૧–૧૦૩ થી उ નો દીર્ઘ ऊ.

  इन्द्रहू.

  इन्द्रहवः पुत्रः – इन्द्रहूपुत्रः = ઇન્દ્રને બોલાવનારનો પુત્ર.

  અહીં य्वृत् નો વિષય છે તેથી पुत्र શબ્દ ઉત્તરપદમાં હોવા છતાં પૂર્વનો ऊ આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયો નથી.

- कारीषगन्धीपुत्रः = કારીષગન્ધ્યાનો પુત્ર.

  અહીં ईच् સંબંધી ई છે માટે पुत्र શબ્દઉત્તરપદમાં હોવા છતાં પૂર્વનો ई આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયો નથીઃ

- गार्ग्याः पुत्रः – गार्गीपुत्रः = ગાર્ગ્યનો પુત્ર.

  અહીં ङी સંબંધી ई છે તેથી पुत्र શબ્દ ઉત્તરપદમાં હોવા છતાં પૂર્વનો ई આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયો નથી.

- श्रियाः कुलम् – श्रीकुलम् = લક્ષ્મીનું કુળ.

  અહીં संयोगात् ૨–૧–૫૨ થી ई નો इय् થયો છે તેથી इय् નાં સ્થાનભૂત ई પૂર્વમાં છે તેથી कुल શબ્દ ઉત્તરપદમાં હોવા છતાં પૂર્વનો ई આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયો નથી.

- भ्रुवः कुलम् – भ्रूकुलम् = ભ્રમરોનો સમુદાય.

  અહીં भ्रूश्नोः ૨–૧–૫૩ થી ऊ નો उव् થયો છે. તેથી उव् નાં સ્થાનભૂત ऊ પૂર્વમાં છે તેથી कुल શબ્દ ઉત્તરપદમાં હોવા છતાં પૂર્વનો ऊ આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયો નથી.

## ङ्यापो बहुलं नाम्नि २–४–९९

**અર્થ :–** ङी પ્રત્યયાન્ત અને आप् પ્રત્યયાન્ત નામનો (અન્ત્યસ્વર) ઉત્તરપદ પરમાં હોતે છતે સંજ્ઞાના વિષયમાં બહુલતાએ હ્રસ્વ થાય છે.

**સૂત્રસમાસ :–** ङीश्च आप् च एतयोः समाहारः – ङ्याप्, तस्य. (સમા. દ્વ.)

**વિવેચન :–** भरणिगुप्तः = સંજ્ઞાવિશેષ

भरणी નામને अणजे... २–४–२० થી ङी પ્રત્યય થયો છે તેથી गुप्त ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી પૂર્વનો ई હ્રસ્વ થયો છે

- रेवतिमित्रः, रेवतीमित्रः = સંજ્ઞાવિશેષ.

  रेवती નામને रेवत... २–४–२६ થી ङी પ્રત્યય થયો છે તેથી मित्र ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી પૂર્વનો ई વિકલ્પે હ્રસ્વ થયો છે.

- शिलवहम् = સંજ્ઞા વિશેષ.

  અહીં आत् २–४–१८ થી आप् પ્રત્યય લાગ્યો છે તેથી वहम् ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી પૂર્વનો आ હ્રસ્વ થયો છે.

- गङ्गमहः, गङ्गामहः = સંજ્ઞા વિશેષ.

  અહીં आत् २–४–१८ થી आप् પ્રત્યય લાગ્યો છે તેથી मह ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી પૂર્વનો आ વિકલ્પે હ્રસ્વ થયો છે.

*સૂત્રમાં બહુલતા લખ્યું છે તેથી...*

***"क्वचित् प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः, क्वचिद्विभाषा क्वचिदन्यदेव ।***
***विधेर्विधानं बहुधा समीक्ष्य, चतुर्विधं बाहुलकं वदन्ति ॥"***

ક્યારેક પ્રવૃત્તિ થાય, ક્યારેક પ્રવૃત્તિ ન થાય, ક્યારેક વિકલ્પે પ્રવૃત્તિ થાય અને ક્યારેક વળી અન્ય જ થાય. (જુદુ જ થાય.) આ રીતે અનેક પ્રકારે વિધિના કથનને જોઈને ચાર પ્રકારે "बहुलं" કહ્યું છે.

## त्वे २–४–१००

**અર્થ :–** त्व પ્રત્યય પર છતાં ङी પ્રત્યયાન્ત અને आप् પ્રત્યયાન્ત નામનો (અન્ત્યસ્વર) બહુલતાએ હ્રસ્વ થાય છે.

**વિવેચન :–** रोहिण्याः भावः – रोहिणित्वम्, रोहिणीत्वम्.

अजायाः भावः – अजत्वम्, अजात्वम्.

બહુલતા હોવાથી આ સૂત્રથી त्व પ્રત્યય પર છતાં પૂર્વનો ઈ અને આ વિકલ્પે હ્રસ્વ થાય છે.

આ સૂત્ર ઉપરનાં સૂત્રની સાથે "ङ्यापो बहुलम् त्वे नाम्नि" એ પ્રમાણે ભેગુ કેમ ન કર્યુ ? જો ભેગુ કર્યુ હોત તો त्व પ્રત્યય પર છતાં અને સંજ્ઞામાં હ્રસ્વ થઈ જાત. પણ એવું ન થાય કેમકે ઉપરના સૂત્રમાં ઉત્તરપદ પર છતાં એ અર્થ છે તેથી સૂત્ર ભેગુ કરવાથી त्व પ્રત્યય પર છતાં અને સંજ્ઞામાં ઉત્તરપદ પર છતાં હ્રસ્વ થાય એવો અર્થ નિકળે તેથી रोहिणित्वफलम्, अजत्वफलम् એ પ્રયોગો સિદ્ધ થાત પણ रोहिणित्वम् કે अजत्वम् પ્રયોગો સિદ્ધ ન થઈ શકત. તેથી સૂત્ર જુદુ બનાવ્યું છે.

ઉપરના સૂત્રથી આ સૂત્ર જુદુ બનાવ્યું તેથી "पदे" શબ્દની નિવૃત્તિ થઈ.

## भ्रुवोऽच्च कुंसकुट्योः २–४–१०१

**અર્થ :–** कुंस અને कुटि શબ્દ પરમાં હોતે છતે भ्रू ના ऊ નો હ્રસ્વ અને अ થાય છે.

**સૂત્રસમાસ :–** कुंसश्च कुटिश्च – कुंसकुटी, तयोः (ઇત. દ્વ.)

**વિવેચન :–** भ्रुवौ कुंसयति – भ्रुकुंसः, भ्रकुंसः = બે ભવાંને શોભાવે તે.

भ्रू+कुंस् – कर्मणो... ૫–૧–૭૨ થી अण् પ્રત્યય.

भ्रू+कुंस्+अ – આ સૂત્રથી भ्रू નો સ્વર હ્રસ્વ અને अ.

भ्रु+कुंस्+अण् – भ्रुकुंसः, भ्र+कुंस्+अण् – भ्रकुंसः

● भ्रुवः कुटिः – भ्रुकुटिः, भ्रकुटिः = ભ્રુકુટિ, ભવાં

આ સૂત્રથી એકવાર અન્ત્યસ્વર ऊ નો હ્રસ્વ उ થવાથી भ्रुकुटिः અને એકવાર અન્ત્યસ્વર ऊ નો अ થવાથી भ्रकुटिः થાય છે.

કોઈક વળી भृकुंसः, भृकुटिः શબ્દો પણ માને છે. અને કોઈક भ्रूकुंसः, भ्रूकुटि પણ માને છે.

ચકારથી "ह्रस्वः" નો સમુચ્ચય કર્યો છે.

## मालेषीकेष्टकस्यान्तेऽपि भारि–तूल–चिते २–४–१०२

**અર્થ :–** કેવલ माला, इषीका અને इष्टका નો સ્વર અને કોઈપણ શબ્દને અન્તે રહેલાં माला, इषीका અને इष्टका નો સ્વર અનુક્રમે भारि, तूल અને चित

શબ્દ પર છતાં હ્રસ્વ થાય છે.

**સૂત્રસમાસ :–** माला च इषीका च इष्टका च एतेषां समाहारः – मालेषीकेष्टकम् तस्य. (સમા. દ્વ.)

भारी च तूलश्च चितश्च एतेषां समाहारः – भारीतूलचितम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન :–** मालाम् बिभर्ति इत्येवं शीलः – मालभारी = માળાને ધારણ કરનાર.

माला+भृ – अजातेः... ૫–૧–૧૫૪ થી णिन् પ્રત્યય.

माला+भृ+णिन् – नामिनो... ૪–૩–૫૧ થી વૃદ્ધિ.

माला+भारिन् – स्यौ... ૧–૧–૧૮ થી सि પ્રત્યય.

मालाभारिन्+सि – इन्-हन्... ૧–૪–૮૭ થી इन् અન્તવાળાનો સ્વર દીર્ઘ.

मालाभारीन्+सि – दीर्घ... ૧–૪–૪૫ થી सि નો લોપ.

मालाभारीन् – नाम्नो... ૨–૧–૯૧ થી न् નો લોપ.

मालाभारी – આ સૂત્રથી भारि પર છતાં અન્ત્ય સ્વર आ હ્રસ્વ.

मालभारी. અહીં કેવલ माला શબ્દનો સ્વર હ્રસ્વ થયો.

- उत्पलानाम् माला – उत्पलमाला, उत्पलमालां बिभर्ति इत्येवं शीलः – उप्पलमालभारी = કમળની માલાને ધારણ કરનાર.

  સાધનિકા ઉપર પ્રમાણે થશે અહીં उत्पल શબ્દને અન્તે વર્તતાં माला શબ્દનો અન્ત્ય સ્વર भारि પર છતાં હ્રસ્વ થયો છે.

- इषीकायाः तूलम् – इषीकतूलम् = ઇષીકાનું રુ.

  અહીં કેવલ इषीका શબ્દનો અન્ત્ય સ્વર तूल શબ્દ પર છતાં આ સૂત્રથી હ્રસ્વ થયો છે.

- मुञ्जानाम् इषीका – मुञ्जेषीका, मुञ्जेषीकाम् तूलम् इत्येवं शीलः- मुञ्जेषीकतूलम् = મુંજની ઇષીકાનું રુ.

  અહીં मुञ्ज શબ્દને અન્તે રહેલાં इषीका શબ્દનો અન્ત્ય સ્વર तूल પર છતાં આ સૂત્રથી થયો છે.

- इष्टकाभिः चितम् – इष्टकचितम् = ઇંટો વડે ઢંકાયેલ.

અહીં કેવલ इष्टका શબ્દનો અન્ત્યસ્વર चित શબ્દ પર છતાં આ સૂત્રથી હ્રસ્વ થયો છે.

- पक्वानाम् इष्टका – पक्वेष्टका, पक्वेष्टकाम् चितम् इत्येवं शीलः – पक्वेष्टकचितम् = પકાવેલી ઈંટોવડે ઢંકાયેલ.

અહીં पक्व શબ્દને અન્તે રહેલાં इष्टका શબ્દનો અન્ત્યસ્વર चित પર છતાં આ સૂત્રથી હ્રસ્વ થયો છે.

"ग्रहणवता नाम्ना न तदन्तविधिः" એ ન્યાયથી સાક્ષાત્ નામનાં ગ્રહણથી જેને જે કાર્યનું વિધાન કર્યું હોય તે કાર્ય તે જ નામને થાય પણ સમાસાદિ વડે સમુદાયને અન્તે તે નામ હોય તો કાર્ય ન થાય માટે સૂત્રમાં "अन्तेऽपि" એ પ્રમાણે પદ મૂક્યું છે તેથી અહીં उप्पलमालभारी વિગેરે પ્રયોગો સિદ્ધ થયા.

## गोण्या मेये २–४–१०३

**અર્થ :–** માન (પ્રમાણ) વાચક ગોણી નામનો (ઉપચારથી માપવા યોગ્યઅર્થમાં વર્તતુ હોય ત્યારે) અન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.

**વિવેચન :–** गोण्या मितः – गोणिः = ગોણીવડે મપાયેલો રાશિ તે ગોણિ. ગોણી વડે મપાયેલો ચોખા વિગેરેનો ઢગલો હોય તો તે ઢગલાને જ એક "ગોણી ચોખા" છે તેવું ઉપચારથી કહેવાય છે. વિગ્રહમાં ગોણી દીર્ઘ ઈકારાન્ત છે. ઉપચાર થી જે માપવા યોગ્ય વસ્તુ છે તેને જ્યારે "गोणि" તરીકે શબ્દ પ્રયોગ થાય છે ત્યારે તે શબ્દનો અન્ત્યસ્વર હ્રસ્વ થાય છે.

## ङ्यादीदूतः के २–४–१०४

**અર્થ :–** क પ્રત્યય પર છતાં ङी, आत्, ई કે ऊ અન્તવાળા શબ્દોનો અન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.

**સૂત્રસમાસ :–** ङीश्च आत् च ईत् च ऊत् च एतेषां समाहारः – ङ्यादीदूत्, तस्य. (સમા. દ્વ.)

**વિવેચન :–** कुत्सिता अल्पा अज्ञाता वा पट्वी – पट्विका = નિન્દિત, અજ્ઞાત એવી હોંશિયાર સ્ત્રી. અહીં ङी હ્રસ્વ આ સૂત્રથી થયો છે.

- कुत्सिता अल्पा अज्ञाता वा सोमपा – सोमपकः = ખરાબ, થોડો, અજ્ઞાત

સોમરસ પીનારી. અહીં आ હ્રસ્વ આ સૂત્રથી થયો છે.

- कुत्सिता अल्पा अज्ञाता वा लक्ष्मी – लक्ष्मिका = ખરાબ, થોડી, અજ્ઞાત લક્ષ્મી. અહીં ई હ્રસ્વ આ સૂત્રથી થયો છે.
- कुत्सिता अल्पा अज्ञाता वा वधू – वधूका = નિન્દિત, અજ્ઞાત વહુ. અહીં ऊ હ્રસ્વ આ સૂત્રથી થયો છે.

**પ્રશ્ન :–** સૂત્રમાં ङी પ્રત્યય જુદો ગ્રહણ ન કર્યો હોત અને "आदीदूत के" એટલું જ સૂત્ર બનાવ્યું હોત તો ચાલત કારણ કે દીર્ઘ ई નો क પ્રત્યય પર છતાં હ્રસ્વ આદેશ થાય છે તે ई ની સાથે ङी પ્રત્યય પણ હ્રસ્વ થઈ જાત તો પછી સૂત્રમાં જુદો શા માટે ગ્રહણ કર્યો?

**જવાબ :–** ई ની સાથે ङी પણ દીર્ઘ હોવાથી આ સૂત્રથી હ્રસ્વ થઈ જ જાત છતાં પણ જુદો ગ્રહણ કર્યો છે તે પુંવદ્ભાવનાં બાધ માટે છે. જો ङी નું ગ્રહણ જુદુ ન કર્યું હોત તો **पट्विका** પ્રયોગ સિદ્ધ ન થાત. કેમકે **क्यङ्...** ૩–૨–૫૦ થી પુંવદ્ભાવ થવાની પ્રાપ્તિ હતી જો **पट्विका** નો પુંવદ્ભાવ થાય તો पटु થઈ જાય માટે ङी નું ગ્રહણ જુદુ કરેલ છે.

"प्रत्ययाऽप्रत्ययोः प्रत्ययस्यैव ग्रहणम्" એ ન્યાયથી સૂત્રમાં ગ્રહણ કરેલ **के** થી कप् પ્રત્યય જ ગ્રહણ કરવો. તેથી काकः, पाकः વિગેરેમાં હ્રસ્વ નહીં થાય કેમકે काकः માં શબ્દનો क છે અને पाकः માં च નો क થયેલો છે.

"निरनुबन्धग्रहणे सामान्यस्य ग्रहणम्" એ ન્યાયથી સૂત્રમાં સામાન્યથી के ગ્રહણ કરેલું હોવાથી બધા જ क વાળા પ્રત્યયો જ ગ્રહણ કરવા. क માત્ર ન લેવો એટલે શબ્દ સંબંધી क હોય તો હ્રસ્વ ન થાય.

## न कचि २–४–१०५

**અર્થ :–** कच् પ્રત્યય પર છતાં ङी, आत्, ई અને ऊ અન્તવાળા શબ્દોનો અન્ત્યસ્વર હ્રસ્વ થતો નથી.

**વિવેચન :–** बह्व्यः कुमार्यः यस्मिन् सः – बहुकुमारीकः = ઘણી કુમારીઓ છે જેમાં તે. અહીં **ऋन्नित्य...** ૭–૩–૧૭૧ થી **कच्** પ્રત્યય લાગ્યો અને આ સૂત્રથી **कच्** પ્રત્યય પર છતાં પૂર્વનો ङी હ્રસ્વ ન થયો.

- बहवः कीलालपः यस्मिन् सः – बहुकीलालपाकः = ઘણી મદિરા

પીવાવાળાં છે જેમાં તે. शेषाद् वा ૭–૩–૧૭૫ થી कच् પ્રત્યય લાગ્યો અને આ સૂત્રથી कच् પ્રત્યય પર છતાં પૂર્વનો आप् હ્રસ્વ ન થયો.

- बह्वी लक्ष्मीः यस्य सः – बहुलक्ष्मीकः = ઘણી લક્ષ્મી છે જેને તે. पुमनडुन्नौ... ૭–૩–૧૭૩ થી कच् પ્રત્યય લાગ્યો અને આ સૂત્રથી कच् પ્રત્યય પર છતાં પૂર્વનો ઈ હ્રસ્વ ન થયો.
- बह्व्यः ब्रह्मबन्ध्वः यस्मिन् सः – बहुबन्धूकः = ઘણી બ્રહ્મબન્ધૂ જાતિની સ્ત્રીઓ છે જેમાં તે. ऋन्नित्य... ૭–૩–૧૭૧ થી कच् પ્રત્યય લાગ્યો અને આ સૂત્રથી कच् પ્રત્યય પર છતાં પૂર્વનો ऊ હ્રસ્વ ન થયો.

પૂર્વના ૨–૪–૧૦૪ સૂત્રથી હ્રસ્વની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

પ્રશ્ન :– પૂર્વસૂત્રમાં તો માત્ર સામાન્યથી 'के' એ પ્રમાણે ગ્રહણ કરેલ છે તો "निरनुबन्धग्रहणे न सानुबन्धस्य" એ ન્યાયથી અનુબંધવાળા कच् પ્રત્યય પર છતાં હ્રસ્વની પ્રાપ્તિ છે જ નહીં તો પછી આ સૂત્રે હ્રસ્વનો નિષેધ શા માટે કર્યો ?

જવાબ :– સાચી વાત છે. છતાં પણ આ સૂત્રે નિષેધ કર્યો છે તેજ જણાવે છે કે આ ન્યાયની પ્રવૃત્તિનો પૂર્વસૂત્રમાં (૨–૪–૧૦૪માં) અભાવ છે.

## नवाऽऽपः ૨–૪–૧૦૬

અર્થ :– कच् પ્રત્યય પર છતાં आप् અન્તવાળા શબ્દોનો અન્ત્યસ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે.

વિવેચન :– प्रिया खट्वा यस्य सः – प्रियखट्वकः, प्रियखट्वाकः = પ્રિય છે ખાટલો જેને તે. અહીં शेषाद् वा ૭–૩–૧૭૫ થી વિકલ્પે कच् પ્રત્યય થયો છે અને આ સૂત્રથી कच् પ્રત્યય પર છતાં પૂર્વનો आप् વિકલ્પે હ્રસ્વ થયો છે. પૂર્વ સૂત્રથી कच् પ્રત્યય પર છતાં હ્રસ્વનો નિષેધ થતો હતો પણ आप् નો વિકલ્પે હ્રસ્વ કરવા માટે આ સૂત્રની રચના છે.

## इच्चापुंसोऽनित्क्याप्परे ૨–૪–૧૦૭

અર્થ :– आप् પ્રત્યય છે જેનાથી પરમાં પરન્તુ વિભક્તિ નથી તેવા પ્રત્યય સંબંધી अनित् क પરમાં હોતે છતે તેની પૂર્વનાં પુંલિંગ સિવાયનાં અર્થથી વિહિત એવાં आप् નાં સ્થાને इ અને હ્રસ્વ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** न पुमान् – अपुमान्, तस्मात्. (નञ्. ત.) न इत् (अनुबन्धः) यस्य सः – नित्. (બહુ.) न नित् – अनित्. (નञ्. ત.) अनित् सम्बन्धि क् - अनित्क्, तस्मिन्, आप् एव परः यस्मात् सः – आप्परः, तस्मिन्. (બહુ.)

**વિવેચન :–** कुत्सिता खट्वा – खट्विका, खट्वका, खट्वाका = કુત્સિત ખાટલો. અહીં कुत्सिता... ૭–૩–૩૩ થી कप् પ્રત્યય લાગ્યો અને આ સૂત્રથી अनित् कप् પ્રત્યય પર છતાં પૂર્વના आप् નાં સ્થાને इ અને હ્રસ્વ વિકલ્પે થયું. બે વિકલ્પે ત્રણ રુપ થયાં.

**अपुंस इति किम् ?** सर्विका – सर्वा – त्यादि... ૭–૩–૨૯ થી अक् પ્રત્યય થવાથી सर्व्+अक्+आ = सर्वका, यस्या... ૨–૪–૧૧૧ થી अ નો इ થવાથી सर्विका. सर्व નાં રુપો બીજા ભાગમાં છપાવેલાં છે તેમાં सर्विका ની સાધનિકા કરેલી છે. (ભાગ–૨, પેજ–નંબર–૨૮૬)

અહીં सर्विका માં सर्वा શબ્દ પુંલિંગમાં વપરાતા सर्व શબ્દને आप् લાગીને બનેલ છે પણ મુળથી આબન્ત નથી તેથી આ સૂત્રમાં તેનો નિષેધ થયો છે. જે શબ્દો આકારાન્ત સ્ત્રીલિંગ તરીકે વપરાતા હોય તેને જ આ સૂત્ર લાગી શકે છે પણ વિશેષ્યના આધારે સ્ત્રીત્ત્વ પામ્યા હોય તેવા શબ્દોને આ સૂત્ર લાગતું નથી.

**अनिदिति किम् ?** अनुकम्पिता दुर्गादेवी – दुर्गका = દુર્ગાદેવી.

दुर्गादेवी – ते लुग्वा ૩–૨–૧૦૮ થી देवी શબ્દનો લોપ.

दुर्गा – लुक्युत्तर... ૭–૩–૩૮ થી कप्न् પ્રત્યય.

दुर्गा+कप्न् – ङ्यादि... ૨–૪–૧૦૪ થી आ નો હ્રસ્વ अ.

दुर्ग+कप्न् – दुर्गक – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

दुर्गका. અહીં कप्न् પ્રત્યય न् ઈત્ વાળો પ્રત્યય છે અનિત્ નથી માટે આ સૂત્રથી आ નાં સ્થાને इ અને હ્રસ્વ વિકલ્પે થયા નથી.

**आप्पर इति किम् ?** प्रिया खट्वा यस्य सः – प्रियखट्वाकः ना = પ્રિય છે ખાટલો જેને એવો પુરુષ. અહીં क ની પછી आप् નથી सिं પ્રત્યય છે તેથી આ સૂત્રથી इ કે હ્રસ્વ થયું નથી.

- प्रियखट्वाकम् अतिक्रान्ता – अतिप्रियखट्वाका (स्त्री.) = પ્રિય

ખાટલાવાળા પુરુષને ઓળંગી ગયેલી સ્ત્રી. અહીં अतिप्रियखट्वाक+अम्+आ માં क ની પછી आप् નથી પણ વચ્ચે अम् નું વ્યવધાન છે એટલે અહીં લુપ્ત દ્વિતીયા વિભક્તિનું વ્યવધાન હોવાથી આ સૂત્રથી आ નાં સ્થાને इ કે હ્રસ્વ વિકલ્પે થયો નથી.

**आप इत्येव** – मातुः तुल्या – मातृका = દાદી. तस्य तुल्ये... ७–१–१०८ થી क પ્રત્યય થવાથી मातृ+क – मातृक, आत् २–४–१८ થી आप् પ્રત્યય થવાથી मातृका. અહીં क થી પરમાં आप् છે પણ પૂર્વમાં आप् નથી ऋ છે તેથી આ સૂત્રથી आप् નાં સ્થાને इ અને હ્રસ્વ વિકલ્પે થયું નથી.

ચકારથી "हृस्व" શબ્દનો સમુચ્ચય કર્યો છે.

અહીં मातृ શબ્દ જનનીવાચક જ લેવાનો છે પણ ધાન્યમાપવા માટે જે मातृ શબ્દ मिमिते इति मातृ. तृच् પ્રત્યય લાગીને બને છે તે વ્યુત્પન્ન શબ્દ અહીં લેવાનો નથી.

## स्व–ज्ञा–ऽज–भस्त्राऽधातुत्ययकात् २–४–१०८

**અર્થ :–** आप् પ્રત્યય છે જેનાથી પરમાં એવાં પ્રત્યય સંબંધી अनित् क પરમાં હોતે છતે તેની પૂર્વનાં स्व, ज्ञ, अज અને भस्त्र શબ્દોથી પર રહેલાં आप् નાં સ્થાને इ વિકલ્પે થાય છે તેમજ ધાતુ અને त्य ને વર્જીને અન્ય શબ્દસંબંધી य् અને क् થી પરમાં રહેલાં आप् નાં સ્થાને इ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** धातुश्च त्यश्च – धातुत्यौ. (ઇ. દ્વ.) न धातुत्यौ – अधातुत्यौ (નञ्. ત.) यश्च कश्च एतयोः समाहारः – यकम्. (સમા. દ્વ.) अधातुत्ययोःयकम् – अधातुत्ययकम्. (ષ. ત.) स्वश्च ज्ञश्च अजश्चभस्त्रश्च अधातुत्ययकम् च एतेषां समाहारः – स्वज्ञाजभस्त्राधातुत्ययकम्, तस्मात्. (સમા. દ્વ.)

**વિવેચન :–** कुत्सिता स्वा – स्विका, स्वका = નિન્દિત જાતિવાળી.

- जानाति – ज्ञा, अल्पा ज्ञा – ज्ञिका, ज्ञका = અલ્પ જાણનાર.
- कुत्सिता अजा – अजिका, अजका = નિન્દિત બકરી.
- अल्पा भस्त्रा – भस्त्रिका, भस्त्रका = નિન્દિત ધમણવાળી.
- यकार – इभम् अर्हति – इभ्यः, अज्ञाता इभ्याः – इभ्यिका, इभ्यका =

અજ્ઞાત શ્રેષ્ઠિની સ્ત્રી.

- क કાર – कुत्सिता चटका – चटकिका, चटकका = નિન્દિત ચકલી.

અહીં છએ ઉદાહરણમાં कुत्सिता... ૭–૩–૩૩ થી कप् પ્રત્યય લાગ્યો છે અને अनित् कप् પરમાં છે જેને એવા શબ્દોથી પરમાં રહેલાં आप् નાં સ્થાને આ સૂત્રથી વિકલ્પે इ થયો છે.

**धातुत्यवर्जनं किम् ?** शोभनः नयः यस्याः सा – सुनया, अज्ञाता सुनया – सुनयिका = સારી નીતિવાળી અજ્ઞાત સ્ત્રી.

- शोभनः पाकः यस्याः सा – सुपाका, अज्ञाता सुपाका – सुपाकिका = સારી રસોઈ કરનારી અજ્ઞાત સ્ત્રી.
- इह भवा – इहत्या – क्वेहा... ૬–૩–૧૬ થી त्यच् પ્રત્યય લાગ્યો છે. अज्ञाता इहत्या – इहत्यिका = અહીં થયેલી અજ્ઞાત સ્ત્રી.

અહીં ત્રણે ઉદાહરણમાં कुत्सिता... ૭–૩–૩૩ થી कप् પ્રત્યય લાગ્યો. ङ्यादि... ૨–૪–૧૦૪ થી क ની પૂર્વનો સ્વર હ્રસ્વ થયો તેથી सुनय, सुपाक અને इहत्य થયું. પછી अस्या... ૨–૪–૧૧૧ થી તે अ નો इ થયો છે. પહેલાં બે ઉદાહરણમાં ધાતુ સંબંધી य् અને क् થી પરમાં आप् છે અને ત્રીજા ઉદાહરણમાં त्य થી પર आप् છે તેથી આ સૂત્રથી તે आप् નાં સ્થાને વિકલ્પે इ ન થતાં अस्या... ૨–૪–૧૧૧ થી નિત્ય इ થયો છે.

**आप इत्येव** – कम्पीलेन निवृत्तं – काम्पील्यम्, काम्पील्ये भवा – काम्पील्यिका = કામ્પીલ્ય નગરમાં થયેલી. प्रस्थ... ૬–૩–૪૩ થી अकञ्, आत् ૨–૪–૧૮ થી आप् અને अस्या... ૨–૪–૧૧૧ થી अ નો इ થયો છે. આ સૂત્રથી તો आप् નો જ इ વિકલ્પે થાય છે. અન્ય સ્વર હોય તો इ થતો નથી તેથી અહીં य् થી પરમાં अ હોવાથી આ સૂત્રથી इ થયો નથી. સૂત્ર પૃથક્ કરવાથી "अपुंस" ની નિવૃત્તિ થઈ છે.

## द्व्येषसूतपुत्रवृन्दारकस्य २–४–१०९

**અર્થ :–** आप् પ્રત્યય છે જેનાથી પરમાં એવાં अनित् પ્રત્યય સંબંધી क પરમાં હોતે છતે તેની પૂર્વનાં द्वि, एष, सूत, पुत्र અને वृन्दारक શબ્દોનાં અન્ત્યવર્ણનો इ વિકલ્પે થાય છે.

**સૂત્રસમાસ :–** द्विश्च एषश्च सूतश्च पुत्रश्च वृन्दारकश्च एतेषां समाहारः –

द्व्येषसूतपुत्रवृन्दारकम्, तस्य. (સમા. દ્વ.)

વિવેચન :– द्विके, द्वके = બે સ્ત્રી. एषिका, एषका = આ સ્ત્રી.

આ બંનેની સાધનિકા एतद् નાં રુપોમાં જોવી. (ભાગ–૨ પેજ નંબર–૩૦૩–૩૨૫.)

- कुत्सिता सूता – सूतिका, सूतका = નિન્દિત પ્રસૂતા સ્ત્રી.
- कृत्रिमः पुत्रः – पुत्रिका, पुत्रका = ખોળે લીધેલી દિકરી.

पुत्र – तनु... ૭–૩–૨૩ થી क પ્રત્યય.

पुत्रक – अजादेः ૨–૪–૧૬ થી आप् પ્રત્યય.

पुत्रका આ સૂત્રથી पुत्र ના अ નો इ વિકલ્પે.

पुत्रिका, पुत्रका.

- वृन्दम् अस्ति यस्याः सा – वृन्दारिका, वृन्दारका = મનોહર સ્ત્રી.

वृन्द – वृन्दादारकः ૭–૨–૧૧ થી आरक પ્રત્યય.

वृन्द+आरक – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

वृन्दारक – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

वृन्दारक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

वृन्दारका – આ સૂત્રથી क् ની પૂર્વનાં अ નો इ વિકલ્પે.

वृन्दारिका, वृन्दारका.

ઉપરના સૂત્રથી આ સૂત્ર પૃથક્ કરવાથી आप् નાં સ્થાને થતાં इ નો અધિકાર નિવૃત્ત થયો છે.

## वौ वर्तिका २–४–११०

અર્થ :– પક્ષી અર્થમાં વર્તતાં वर्तिका શબ્દનું इत्व વિકલ્પે નિપાતન થાય છે.

વિવેચન :– वर्तते इति – वर्तिका, वर्तका = પક્ષીવિશેષ.

वृत् – णकतृचौ ૫–૧–૪૮ થી णक પ્રત્યય.

वृत्+णक – लघो... ૪–૩–૪ થી ગુણ.

वर्त्+णक – वर्तक – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

वर्तक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

वर्तका – આ સૂત્રથી इ આદેશ વિકલ્પે નિપાતન.

वर्तिका, वर्तका.

**वाविति किम् ?** वर्तिका भागुरिः અહીં પક્ષી અર્થ નથી માટે આ સૂત્રથી વિકલ્પે इ નિપાતન ન થતાં अस्या... ૨–૪–૧૧૧ થી નિત્ય इ થયો છે.

भागुरिः = લોકાયત (નાસ્તિક શાસ્ત્ર) નાં કર્તા આચાર્યભાગુરિ છે. તે ગ્રન્થમાં તેને वर्तिका કહેવાય છે.

## अस्याऽयत् – तत् – क्षिपकादीनाम् २–४–१११

**અર્થ :–** आप् પ્રત્યય પરમાં છે જેનાથી એવાં પ્રત્યય સંબંધી अनित् क પરમાં હોતે છતે તેની પૂર્વનાં यत्, तत् અને क्षिपकादि સિવાયનાં શબ્દોનાં अ નો નિત્ય इ થાય છે.

**સૂત્રસમાસ :–** क्षिपकाः आदिः येषाम् ते – क्षिपकादयः (બહુ.)

यत् च तत् च क्षिपकादयश्च – यत्तत्क्षिपकादयः (ઇત. દ્વ.)

न यत्तत्क्षिपकादयः – अयत्तत्क्षिपकादयः, तेषाम्. (નઞ્. ત.)

**વિવેચન :–** पचते इति – पाचिका = રાંધનારી સ્ત્રી.

पच् – णक तृचौ ૫–૧–૪૮ થી णक પ્રત્યય.

पच्+णक – नामिनो... ૪–૩–૫૧ થી अ ની વૃદ્ધિ.

पाचक – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

पाचक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

पाचका – આ સૂત્રથી अ નો इ.

पाचिका.

● मद्रेषु भवा – मद्रिका = મદ્રદેશમાં રહેનારી સ્ત્રી.

मद्र – वृजि... ૬–૩–૩૮ થી क પ્રત્યય.

मद्रक – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

मद्रक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

मद्रका – આ સૂત્રથી अ નો इ.

मद्रिका.

**अनित्कीत्येव** – जीवतात् आशिष्यमाना या सा – जीवका = જીવો.

जीव् – आशिष्यकन् ૫–૧–૭૦ થી अकन् પ્રત્યય.

जीव्+अकन् – जीवक – आत् २–૪–૧૮ થી आप् પ્રત્યય.

जीवक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

जीवका. અહીં अनित् क પરમાં નથી પણ न् इत् વાળો अकन् પ્રત્યય પરમાં છે તેથી આ સૂત્રથી પૂર્વનાં अ નો इ થયો નથી.

**आप्पर इत्येव** – बहवः परिव्राजकाः यस्याः सा – बहुपरिव्राजकाः = ઘણી સંન્યાસીની વાળી નગરી. અહીં आप् પ્રત્યય क થી પરમાં છે પણ તેની પછી जस् પ્રત્યય પણ પરમાં છે તેથી આ સૂત્રથી પૂર્વના अ નો इ થયો નથી.

**यदादिवर्जनं किम् ?** यका = જે સ્ત્રી., सका = તે સ્ત્રી, क्षिपका = ફેંકવાની ક્રિયા, ध्रुवका = સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ ધ્રુવક. આ શબ્દોનું સૂત્રમાં વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી પૂર્વના अ નો इ થયો નથી.

## नरिका–मामिका २–४–११२

**અર્થ :–** नरिका અને मामिका માં इत्व નિંપાતન કરાય છે.

**સૂત્રસમાસ :–** नरिका च मामिका च એ પ્રમાણે વિગ્રહ.

**વિવેચન :–** नरान् कायति – नरिका = માણસોને બોલાવનારી.

नर+कै – आतो डो... ૫–૧–૭૬ થી ड પ્રત્યય.

नर+कै+ड – डित्यन्त्य... २–૧–૧૧૪ થી ऐ નો લોપ.

नरक – आत् २–૪–૧૮ થી आप् પ્રત્યય.

नरक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ=आ દીર્ઘ.

नरका – આ સૂત્રથી इत्व નિપાતન.

नरिका.

● मम इयम् इति – मामिका = મારી.

वा युष्मदस्मदो... ૬–૩–૬૭ થી अञ् પ્રત્યય અને अस्मद् નો ममक આદેશ, आप् પ્રત્યય અને इत्व નિપાતન.

नरक માં ધાતુ સંબંધી क છે પ્રત્યયના અવયવ ભૂત क નથી તેથી પૂર્વસૂત્રથી इनी પ્રાપ્તિ ન હતી અને मामक માં આદેશ સંબંધી क છે તેથી તેમાં પણ अ નાં इ ની પ્રાપ્તિ ન હતી તેમાં इत्व કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## तारका–वर्णकाऽष्टका ज्योतिस्–तान्तव–पितृदेवत्ये २–४–११३

**અર્થ :–** ज्योतिस्, तान्तव અને पितृदेवत्य અર્થમાં અનુક્રમે तारका, वर्णका અને अष्टका નામનાં अ ના इ આદેશનો અભાવ નિપાતન કરાય છે.

**સૂત્રસમાસ :–** तारका च वर्णका च अष्टका च – तारकावर्णकाष्टका, ताः (ઇત. દ્વ.) ज्योतिश्च तान्तवश्च पितृदेवत्यश्च एतेषां समाहारः – ज्योतिस्तान्तवपितृदेवत्यम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન :–** तरति – तारका (ज्योतिः) = નક્ષત્ર.

- वर्णयति – वर्णका (प्रावरण विशेष) = તન્તુમાંથી બનાવેલું વસ્ત્ર.
- अष्टका (पितृदेवत्यं कर्म) = પિતા દેવતા સંબંધી કાર્ય.

अश् – उणादि ૭૭ થી तकन् પ્રત્યય.

अश्+तकन् – यज–सृज... ૨–૧–૮૭ થી श् નો ष्.

अष्+तकन् – तवर्गस्य .. ૧–૩–૬૦ થી ष् નાં યોગમાં त् નો ट्.

अष्टक – आत् ૨–૪–૧૮ થી आप् પ્રત્યય.

अष्टक+आप् – समानानां... ૧–૨–૧ થી अ+आ = आ દીર્ઘ.

अष्टका.

સૂત્રમાં કહેલાં અર્થ સિવાયનાં અર્થમાં इ થઈ શકે છે દા. ત.

तारिका = તાડીનો દારુ., वर्णिका = ભાગુરિ, લોકાયત, કલમ, સાહી, વેશભૂષા, अष्टिका = ખારી (આઠ દ્રોણનું માપ)

*इत्याचार्यश्री हेमचन्द्र विरचितायां सिद्धहेमचन्द्राभिधान स्वोपज्ञशब्दानुशासन लघुवृत्तौ द्वितीयस्याध्यायस्य चतुर्थः पादः समाप्तः ॥ २–४ ॥*

"श्रीमूलराजक्षितिपस्य बाहुर्बिभर्ति पूर्वाचलश्रृङ्गशोभाम् ।
संकोचयन् वैरिमुखाम्बुजानि यस्मिन्नयं स्फूर्जति चन्द्रहासः ॥"

શત્રુઓનાં મુખરુપી કમળોને સંકોચ પમાડતું આ ચન્દ્રહાસ નામનું ખડ્ગ જેનાં હાથમાં સ્ફૂરાયમાન થાય છે તેવાં શ્રી મૂલરાજ રાજાનાં હાથ પૂર્વાચલ પર્વતનાં શિખરની શોભાને ધારણ કરે છે.

(ઉદયાચલ પર્વતનાં શિખર ઉપર ચન્દ્રનાં કિરણો જેમ શોભે તેમ મૂલરાજરાજાનાં હાથમાં ચન્દ્રહાસ ખડ્ગ ચમકે છે.)

॥ સમાપ્ત ॥

# ○ શુદ્ધિપત્રક ○

| પાના નં. | લીટી નં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩ | ૨૪ | ચતુષ્ટકવૃત્તિનો | ચતુષ્કવૃત્તિનો |
| ૭ | ૨૨ | विश्वलोकोपकारा | विश्वलोकोपकाराय |
| ૧૦ | ૧ | એક | અનેક |
| ૨૯ | ૨૩ | ધાતુ क्रुद्-द्रुह | क्रुद्-द्रुह ધાતુ |
| ૭૯ | ૧૩ | अने | અને |
| ૭૯ | ૨૧ | ૫-૧-૨૮ | ૫-૧-૨૮ થી |
| ૯૦ | ૧૩ | શબ્દ | શબ્દથી |
| ૧૦૯ | ૫ | ख्य्यातरि | ख्यातरि |
| ૧૨૭ | ૨૬ | અગ્નિ | अग्नि |
| ૧૫૯ | ૧૩ | ઉપસર્ગ | ઉપસર્ગથી |
| ૧૮૪ | ૧૧ | ૪-૨-૯૭ | ૪-૨-૯૭ થી |
| ૧૯૪ | ૧૬ | ૫-૩-૧૨૪ | ૫-૩-૧૨૪ થી |
| ૨૦૯ | ૨૩ | ન્ જે | ન્ નો જે |
| ૨૨૦ | ૧૨ | ૭-૧-૧૪૨ | ૭-૧-૧૪૨ થી |
| ૨૨૨ | ૨૪ | क्रिता | क्रीता |
| ૨૩૮ | ૯ | લાલટનું | લલાટનું |
| ૨૪૬ | ૧૨ | હોવથી | હોવાથી |
| ૨૮૦ | ૪ | सुची | सुचीनुं |
| ૨૮૯ | ૬ | बहुबन्धूक: | बहुब्रह्मबन्धूक: |
| ૨૯૧ | ૨૭ | अल्पा | कुत्सिता |